
દાદા ધર્માધિકારી

# અહિંસક ક્રાંતિની પ્રક્રિયા



*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# અહિંસક ક્રાન્તિની પ્રક્રિયા

( પરિસ્થિતિ; વિશ્લેષણ; પરિવર્તનની દિશા )

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

છ રૂપિયા

પહેલી આવૃત્તિ

પ્રત ૩૦૦૦   ૧૮ જૂન ૧૯૭૯

યજ્ઞ પ્રકાશન સમિતિ વતી ચુનીભાઈ વૈદ્યે
યજ્ઞ મુદ્રિકા, હુજરાતપાગા, વડોદરા–૩૯૦ ૦૦૧ થી છાપીને પ્રગટ કર્યું

# પ્ર કા શ કી ય

ભૂદાન આંદોલન દરમ્યાન પૂ. વિનોબાજીએ શાંતિમય ક્રાંતિ શબ્દનો ઉચ્ચાર કર્યો. ક્રાંતિ તો કેવળ હિંસક–લોહિયાળ જ હોઈ શકે એવી માન્યતા ધરાવનાર લોકોએ, ખાસ તો સામ્યવાદી મિત્રોએ એની મજાક ઉડાવવી શરૂ કરી. પરંતુ ત્યાર બાદ દેશ અને દુનિયામાં ઘણાં પરિવર્તનો થઈ ગયાં. ચીન-રશિયા વચ્ચેની અથડામણો અને અણબનાવોએ સ્પષ્ટ કરી દેખાડી આપ્યું કે યુદ્ધ યા હિંસા, એટલે કે હિંસક વલણ એ દરેક પ્રશ્નનો ઉકેલ ન બની શકે. અમેરિકા સાથે રશિયાની શસ્ત્ર-નિયંત્રણની વાત આની જ સાક્ષી પૂરે છે. દેશના ક્ષેત્રે જોઈએ તો પહેલાં કેરળ અને પછી બંગાળમાં મતદાન મારફતે સામ્યવાદી વર્ચસ્વવાળી સરકારો રચી શકાઈ. દુનિયાભરમાં આવો આ પહેલો બનાવ હતો. તે કાળે જે મિત્રો હસતા હતા તે અને તેવા મિત્રો આજે મળે છે ત્યારે કહે છે કે સામ્યવાદમાં હિંસા માટેનો આગ્રહ નથી જ, આગ્રહ છે કેવળ ક્રાંતિ માટેનો. પણ આ તો બહુ થોડી મજલ થઈ. માનવના ભાવિમાં લાંબું આયુષ્ય હશે તો આવા મિત્રો માટે હજી ઘણી મજલ કાપવાની બાકી છે.

આજે હવે દુનિયાભરના વિચારકો હિંસા દ્વારા લવાતા પરિવર્તન અને ક્રાંતિ એ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે જોવા અને કહેવા મંડયા છે. હિંસા દ્વારા લવાયેલું પરિવર્તન એ ક્રાંતિ નથી જ, કારણ હિંસા વિરોધી વિચારને નિર્મૂળ કરી શકતી નથી, બહુ તો એને દબાવી દે છે. પરંતુ વિચારનાં દબાયેલાં બી મનુષ્યના ચિત્તની ધરતીમાં અંકુરિત થયા વિના રહેતાં નથી. એટલે એને સતત દબાવતા રહેવાની તકેદારીની આવશ્યકતા જેમને ભાસી તેવા લોકોએ સરમુખત્યારીનો આશરો લીધો. આજે સાઠ સાઠ વર્ષની સરમુખત્યારી બાદ પણ 'વિચાર-બીજ ખતમ થઈ ગયાં, હવે વિરોધી વિચાર કે પ્રતિક્રાંતિની સંભાવના સાવ નિર્મૂળ થઈ ગઈ છે' એવો દાવો કરી શકાતો નથી, અને એમ સરમુખત્યારી સનાતનત્વ પ્રાપ્ત કરતી જઈ રહી છે. દુનિયાની અધિકાંશ જનતા ભૂખ અને દુ:ખમાં સબડી રહી છે તેને મોઢે રોટલો પહોંચતો કરવાને બદલે સમર્થ રાષ્ટ્રોની શકિત શસ્ત્રોનો ખડકલો કરવામાં વપરાઈ રહી છે. વિશ્વની અડધાથી વધારે પ્રજા સરમુખત્યારીની એડી હેઠળથી પોતાની જાતને કયારે મુક્ત કરાવી શકશે તે એક પ્રશ્ન જ છે. હિંસક

પદ્ધતિની સરિયામ નિષ્ફળતા જોનારને સૂરજ જેટલી સાફ દેખાય છે. સંસ્કારવશ કોઈ એ વાત ન સ્વીકારે તે જુદી બાબત છે.

પણ એ પદ્ધતિની નિષ્ફળતામાં આપણા સવાલનો ઉકેલ નથી. વિરોધી વિચારોને દબાવીને સિદ્ધ કરાયેલું હિંસક પરિવર્તન એ ક્રાંતિ નથી—એ તારણ 'અહિંસક ક્રાંતિ થઈ શકે ખરી ?' એ સવાલનો નકારાત્મક ઉત્તર જરૂર છે, પરંતુ એનો વિધાયક જવાબ આપવાનો તો બાકી જ રહે છે. આ જવાબ ખોળવા સવાલના મૂળમાં જવું પડે. ક્રાંતિ એટલે ધરમૂળનું પરિવર્તન. આ ધરમૂળમાંનું મૂળ ક્યાં રહેલું છે ? એ બાહ્ય પરિસ્થિતિમાં વસે છે કે માણસના મનમાં ? વારુ, મન ક્રાંતિ એટલે કે સમૂળું પરિવર્તન શા માટે ઝંખે છે ? એ આવશ્યક છે કે અનાવશ્યક ? એ હિતકારી છે કે અહિતકારી ? હિતકારી હોય તો પરિવર્તનના આગ્રહીઓને હિંસા સુધી શા માટે જવું પડે છે ? હિંસા નિવાર્ય હોય તો પછી સંઘર્ષ ક્યાંથી આવે છે ? સમાજમાં રહેલી અસમાનતાઓનાં મૂળ શામાં છે ? માનવસ્વભાવ, સંસ્કાર અને શિક્ષણ આમાં શો ભાગ ભજવે છે ? એમાં રહેલા દોષોનું નિવારણ શું ? માનવસ્વભાવમાંથી જ પેદા થતા અંતર્વિરોધો કયા ? એ શી રીતે પેદા થાય છે ?

આ બધા સવાલો આપણને વિશ્લેષણ સુધી દોરી જાય છે. પણ હજી આગળ વધવાનું રહે છે. વિશ્લેષણ બાદ વિધાયક રચનાની વાત કરવાની બાકી છે. વર્તમાન ભારતીય સમાજ-માળખામાંના દોષો દૂર કરી નવું માળખું ઊભું કરવું હોય તો તે કેવું હોવું જોઈએ ? નાગરિકોના પરસ્પર સંબંધો કેવા હશે ? હિતોના સંઘર્ષ ઊભા ન થાય તેવી રચના શી રીતે થઈ શકે ? અર્થતંત્ર, ઉદ્યોગ-તંત્ર, રાજતંત્ર, સમાજતંત્ર માનવીય શી રીતે બની શકે ? માનવને કેંદ્રમાં રાખીને એ તંત્રોની રચના કરવી હોય તો શું કરવું ઘટે ? અહિંસક સમાજમાં સંગઠનનું શું ? અહિંસક સંગઠનનાં શાં લક્ષણો ?

આ સવાલો આપણને વિધાયક રચના સુધી લાવી મૂકે છે. ત્યાર બાદ પણ સવાલો તો ઊઠવાના જ. કારણ, સવાલ એ તો જીવંતતાનું ચિહ્ન છે. વ્યક્તિ–વ્યક્તિ, સમાજ અને વ્યક્તિ, સમાજ અને સૃષ્ટિ આ બધા વચ્ચેના સંબંધો કેવા હશે ? એ બધા સંબંધોનું નિર્ણાયક તત્ત્વ શું ? હિતભેદના સવાલો ઊભા ન થાય તેની તકેદારી રાખીએ ભલે, પણ ઊભા થયા જ તો એના ઉકેલની પ્રક્રિયા શી ? પ્રતિક્રાંતિની સંભાવના અંગે શું ?

ભૂદાન-ગ્રામદાન આંદોલનના વિકાસ દરમ્યાન આ બધા સવાલો ઊભા થઈ ચૂક્યા હતા. અહિંસક ક્રાંતિના સમર્થકોએ આનો જવાબ દેવાનો હતો. બીજી

બાજુ આંદોલનના વિકાસને લઈને એક બીજી જવાબદારી પણ ઊભી થઈ હતી : સર્વોદય વિચારને દેશને ખૂણે ખૂણે પહોંચતો કરવા કાર્યકર્તાઓની બીજી હરોળ ઊભી કરવાની. આ માટે ૧૯૬૦ ના જાન્યુ૦–ફેબ્રુઆરી માસમાં દેશભરમાંથી યુવાન અને નીવડી શકે તેવા ત્રીસ જેટલા કાર્યકર્તાઓની પસંદગી કરવામાં આવી. સાધના કેન્દ્ર, કાશી મુકામે એક માસના શિબિરનું આયોજન કરવામાં આવ્યું. પ્રશિક્ષણનો ભાર સ્વાભાવિક જ પૂ. દાદા ધર્માધિકારી પર આવ્યો. ખરું પુછાવો તો દેશ-ભરમાં એ એક જ વ્યક્તિ હતા જેમને માથે આ જવાબદારી મૂકી શકાય. પૂ. દાદાએ પોતાના સમગ્ર ચિંતનનું હીર નીચોવી એ શિબિર સમક્ષ ધર્યું. લગ-ભગ એક મહિના સુધી ચાલેલા આ શિબિર સમક્ષ અપાયેલાં કુલ ૨૭ ભાષણો આપણે બે પુસ્તકોમાં વહેંચ્યાં છે. પહેલું પુસ્તક તમારા હાથમાં છે; બીજું પુસ્તક—" અહિંસક ક્રાંતિ : સંગઠન " માં પાછલાં તેર ભાષણ અને એક પરિશિષ્ટ આપ્યાં છે. આ બન્ને પુસ્તકોમાં થઈને તમને ઉપરોક્ત પ્રશ્નોના જવાબો મળી શકશે.

પૂજ્ય દાદાની ૮૧મી જન્મજયંતી પ્રસંગે ગુજરાતની જનતા સમક્ષ શું ધરવું ? એવા પ્રશ્નના જવાબમાં આ પુસ્તકના પ્રકાશનનો વિચાર આવ્યો. આની સાથે સાથે પૂ. દાદાનાં બીજાં બે પુસ્તકો ' લોકક્રાંતિ ' અને ' દાદાના ટુચકા ' એ બે પણ આપી શકાયાં તેનો મનમાં સંતોષ અને આનંદ છે. ગાંધી વિચાર પરના પૂ. દાદાના અધિકાર અંગે ગુજરાતની જનતા જોગ કંઈ પણ કહેવું એ મોરનાં ઈંડાં ચીતરવા જેવું થશે. ' હાથ કંગનકો આરસી કયા ? '—એમ કરી આ પુસ્તક ગુજરાતને ચરણે ધરીએ છીએ. ગુજરાતી જનતા એને ઊલટભેર વધાવશે એવી આશા.

# અ નુ ક્ર મ


**૧. અહિંસક ક્રાંતિની પ્રક્રિયા** ૧–૧૨

જડતા અથવા પરિપૂર્ણતા ૧, અહિંસક અનાસક્ત ચિત્ત ૨, વિનયશીલતા અથવા તટસ્થતા ૩, માનવ અપવાદ પણ છે ને વિભૂતિ પણ ૪, વશીકરણના ખોટા પ્રકારો ૫, અનાગ્રહનો માર્ગ ૬, ભૌતિક સ્તર ૮, વૈજ્ઞાનિક સ્તર ૯, ધાર્મિક સ્તર ૯, આધ્યાત્મિક સ્તર ૧૦, સામુદાયિક પુરુષાર્થ આવશ્યક ૧૧.

**૨. ક્રાંતિ પાછળની નૈતિક ભૂમિકા** ૧૩–૧૯

સમજાવટ મારફતે મત-પરિવર્તન ૧૩, મનથી ઉપર ઊઠવું ૧૪, યુગનો અંતર્વિરોધ ૧૬, સમાજવાદનો જન્મ ૧૭, કરુણા એકમાત્ર કસોટી ૧૮, ક્રાંતિઓ પાછળની નૈતિક પ્રેરણા ૧૯.

**૩. અંતર્‌વિરોધના ચાર પ્રકાર** ૨૦–૩૨

જુદા જુદા દષ્ટિકોણ ૨૦, પરકાયા પ્રવેશ ૨૧, ઈલહામનો જમાનો ૨૩, ત્રણ ભૂમિકા ૨૪, યંત્રો માટે વધારે બુદ્ધિની જરૂરત ૨૪, શોધ અને નિર્માણ ૨૬, નિર્માણ અને ઉપભોગ ૨૬, યોગી અને વૈજ્ઞાનિક ૨૭, અભિક્રમ, સ્વયંપ્રેરણા અને સ્વતંત્ર પ્રવૃત્તિ ૨૭, યંત્રશાસ્ત્રીય અંતર્વિરોધ ૨૮, સાક્ષી પ્રત્યય ૨૯, આકાશયુગ ૨૯, મૂળભૂત અંતર્વિરોધ ૩૦, ચાર પ્રકારના અંતર્વિરોધ ૩૧.

**૪. નિષ્ક્રિયતા અને યંત્રપ્રેમ** ૩૩–૪૩

અરણ્યવાદ અને વૈરાગ્ય ૩૩, લોકાભિમુખતા અને પ્રપંચવિમુખતા ૩૪, અંગઅંગી સિદ્ધાંત ૩૫, સામ્યીકરણ ૩૬, વિશિષ્ટીકરણ ૩૬, માનવની નિષ્ક્રિયતા ૩૭, જૂનાં અને નવાં યંત્રો વચ્ચેનો ભેદ ૩૯, યંત્રશક્તિની કસોટી ૪૦, માનવ-વ્યક્તિત્વની સમાપ્તિ ૪૦, સુકાળની આકાંક્ષા ૪૧, એક ઐતિહાસિક પ્રશ્ન ૪૨, બે મૂળભૂત અંતર્વિરોધ ૪૨.

**૫. આધ્યાત્મિકતાની સામે વૈભવની આકાંક્ષા** ૪૪–૫૬

ધર્મ, ફોજ અને શિક્ષણમાં સામ્યીકરણ ૪૪, અદલાબદલીની બે રીત ૪૫, સામાન્યની દિશા અણઘડપણા ભણી ૪૬, અહિંસક પ્રક્રિયાનો ગુણ ૪૭, કલાત્મ-

કતાની કસોટી ૪૮, માનવતા : માનવની વિશેષતા ૫૦, મનુષ્યની સિફત કેમ ખીલવા પામતી નથી? ૫૧, કામ ટાળવાની વૃત્તિ ૫૩, ઉપકરણમાં વ્યકિતત્વ ૫૪, સામ્યીકરણ અને વિશેષત્વ ૫૫.

૬. માનસ બદલવું જરૂરી ૫૭–૬૯

વ્યકિતત્વ અને રાષ્ટ્રીયતા ૫૭, વિશેષતાનો વિકાસ ૫૮, ઉપકરણોની વ્યવસ્થા ૫૯, કલાત્મકતા અને અભિરુચિ ૬૧, વૈભવ-લોલુપતા અને આરામપ્રિયતા ૬૩, સંગ્રહ માનવનો સ્વભાવ નથી ૬૪, મૂડીવાદના બે આધાર ૬૫, પરિસ્થિતિ અને પ્રતિક્રિયા ૬૭.

૭. કર્મ-સ્વાતંત્ર્યની વિકૃતિ ૭૦–૮૨

ધર્મનાં તમામ ફળો ભૌતિક ૭૦, દુ:ખમાંથી શિક્ષણ ૭૧, ભય અને લોભની પ્રેરણા ૭૧, શરીર માટે આદર ૭૩, મૃત્યુનું કાવ્ય ૭૪, કર્મસિદ્ધાંતનો ઉદ્દેશ ૭૭, શરીર-દ્રોહનું કુપરિણામ ૭૮, કર્મ-સ્વાતંત્ર્યની વિકૃતિ ૮૦, સદ્‌-ગુણોમાં સામંજસ્ય ૮૨.

૮. માનવસંસ્કાર અને વ્યવસાય ૮૩–૯૩

ત્રણ પ્રકારનાં કામો ૮૩, પરિશ્રમ અને સંયોજન ૮૫, ક્રૂર ઉદ્યોગમાં પણ સહૃદયતા ૮૫, કસાઈનો ઉદ્યોગ ૮૬, પશુ સાથે પ્યાર ૮૯, ભંગીકાર્ય અને આત્મીયતા ૯૦, સહ-પુરુષાર્થ ૯૧, સંસ્કાર અને વ્યવસાય ૯૨.

૯. યાંત્રીકરણ અને જીવનસ્પર્શ ૯૪–૧૦૪

ઉત્પાદનનો સામાજિક આશય ૯૪, મોટાંઓનું કામ ને નાનાંઓની રમત ૯૫, જીવનમાંથી કળાનો ઉદ્‌ભવ ૯૬, કસાઈનું કામ ૯૭, અરુચિકર શ્રમ અને ઉત્પાદન ૯૮, બે આંખની શરમ ૧૦૨, જીવન-સ્પર્શની જરૂરત ૧૦૩.

૧૦. સાંસ્કૃતિક સંસ્પર્શ ૧૦૫–૧૧૫

મિસ મેયોનું ‘ મધર ઇંડિયા ’ ૧૦૫, જુદી જુદી જાતનાં અભિમાન ૧૦૬, ગોરા માણસની જવાબદારી ૧૦૭, સંસ્કૃતિનું લક્ષણ વિનયશીલતા ૧૦૮, વ્યકિત-ત્વના બે ટુકડા ૧૦૯, સાંસ્કૃતિક વિશેષતા ૧૧૦, સાંસ્કૃતિક સંદેશ ૧૧૧, આઠ કનોજિયા, નવ ચૂલા ૧૧૨, પશુના રક્ષણ માટે મનુષ્યની હત્યા ૧૧૨, અવિવેકનો ત્યાગ કરવો જરૂરી ૧૧૩, દોષોનો બચાવ ન કરશો ૧૧૪, સાંસ્કૃતિક ભૂમિકા પર એકતા ૧૧૫.

૧૧. સમાજ-રચનાનું બન્યું બનાવ્યું ચોકઠું ૧૧૬–૧૨૭

શહેરની આજુબાજુના વસવાટો ૧૧૬, તૈયાર કરી મૂકેલો જવાબ જોઈએ ૧૧૮, પ્રચાર અને જાહેરખબર ૧૧૯, વિશેષતાનો વિકાસ વાંછનીય ૧૧૯, આંતરરાષ્ટ્રીયતાની વૃદ્ધિ, ૧૨૦, આદર્શોનું યુદ્ધ ૧૨૨, આસ્થાઓ અને રુચિઓમાં ફેરફાર ૧૨૪, રાજ્યથી લોકની તરફ ૧૨૪, લોકરાજ કે પોલીસરાજ? ૧૨૫, નિયંત્રિત અર્થરચના ૧૨૬, સામુદાયિક સોદાબાજી ૧૨૭.

૧૨. કારખાનાંનો સમુદાય ૧૨૮–૧૩૫

આપણી દિશા કઈ હોવી જોઈએ ? ૧૨૮, વિશ્વસરકાર ૧૨૯, નાગરિકતા અને મનુષ્યતા ૧૨૯, નાગરિકતાનો સોગંદાવધિ ૧૩૦, આંતરરાષ્ટ્રીય રાજ્ય ૧૩૧, સમુદાય અને પરિવાર ૧૩૧, સ્વેચ્છા અને સ્નેહનો આધાર ૧૩૨, પ્રતીક્ષા-પ્રધાન પુરુષ ૧૩૩, પ્રચંડતાનું આકર્ષણ ૧૩૪, કારખાનાંનો જન્મ ૧૩૫.

૧૩. બજારનો સમુદાય ૧૩૬–૧૪૮

બજારમાં વેચાણનું શાસ્ત્ર ૧૩૬, દરેક ચીજનું પૈસામાં મૂલ્ય ૧૩૭, કુટુંબમાં બજારનો પ્રવેશ નથી ૧૩૮, કમાનારનું મહત્ત્વ ૧૩૯, વ્યક્તિત્વ પર કિંમતની કાપલી ૧૩૯, વિક્રયકલા અને વિજ્ઞાપન ૧૩૯, જીવનમાં અજાણતામાં પરિવર્તન ૧૪૦, માંગ અને આવશ્યકતા ૧૪૧, સોદાબાજીનો વિરોધ ૧૪૨, જાતિભેદ અને ગિલ્ડ ૧૪૪, ગુણ સાર્વત્રિક હોવો જોઈએ ૧૪૫, ગુણાશ્રિત વર્ગીકરણ ખોટું ૧૪૭, જીવનની સાર્વત્રિક પ્રતિષ્ઠા ૧૪૭.

૧૪. કૌટુંબિક સમુદાય ૧૪૯–૧૫૮

વર્ણવ્યવસ્થા શા સારુ ? ૧૪૯, ઓલાદનો વિચાર ૧૫૦, કુટુંબમાં પ્રેમ અને પવિત્રતા ૧૫૨, પાપનું ચિંતન અવાંછનીય ૧૫૩, પવિત્રતાનો વિકાસ જરૂરી ૧૫૪, મનુષ્યનું સંગઠન ૧૫૫, વ્યક્તિ સગુણ, સમાજ નિર્ગુણ ૧૫૭, જનતા લોકસંખ્યા કરતાં વ્યાપક ૧૫૭.

●

१

# અહિંસક ક્રાંતિની પ્રક્રિયા

સૌથી પહેલો સવાલ એ છે કે આપણે શા માટે સમાજ-પરિવર્તન ઇચ્છીએ છીએ ?

તો પહેલી વાત એ છે કે હમેશાં માણસ, એને જે કંઈ પ્રાપ્ત છે તેનાથી અસંતુષ્ટ રહે છે. ઘણા વખત સુધી એકધારી રીતે રેશમી કપડાં પહેરનારને થાય છે કે થોડા દિવસ સુતરાઉ કપડાં પહેરવા મળે તો ઠીક. સપાટ મેદાનના પ્રદેશમાં વસનાર હવાફેર અને સ્થાન-ફેર માટે પહાડોમાં જાય છે; ત્યાં જઈને કહે છે કે સૃષ્ટિ-દેવીનું સૌંદર્ય કેવું અનુપમ છે, કેવી રમણીય જગ્યા છે! પહાડમાં વસનાર વળી એમ કહે છે કે સપાટ મેદાનનો પ્રદેશ જોયો નથી, કેવો ખૂબ-સૂરત હશે! માણસનો સ્વભાવ-ધર્મ જ એવો છે કે એ પરિવર્તન ઇચ્છે છે, જે વસ્તુસ્થિતિ છે તેનાથી સંતુષ્ટ નથી રહી શકતો. આ જે અસંતુષ્ટિ છે તે નિરંતર ટકી રહેનારી વસ્તુ છે. પ્રગતિ નામની જો કોઈ વસ્તુ છે તો એનાં બીજ આમાં પડેલાં છે. આ અસંતોષ મનુષ્યની પ્રગતિનો જનક છે.

### જડતા અથવા પરિપૂર્ણતા

તો પછી અસંતોષ જ ન હોય એવી અવસ્થા કઈ હોઈ શકે? એના બે જવાબ છે: 'स वै मुक्तोऽथवा पशुः'—એવો માણસ યા તો મુક્ત હશે યા પશુ.

એથી ઊલટું, માણસ પરિવર્તનથી ગભરાય પણ છે. કૃષ્ણ-મૂર્તિએ કહ્યું છે, "માણસને વિચાર કરતાં બીક લાગે છે, સંકટ દેખાય છે. એને ડર લાગે છે રખેને ક્યાંક પોતાના સ્થાન પરથી હટી જવું પડે. માણસ પોતાની હાલતમાંથી આઘોપાછો થવા નથી માગતો, એટલે એ પરિસ્થિતિ સાથે અને પોતાની જાત સાથે adjust-ment— મેળ પાડી લે છે. નુકસાનમાં પણ ફાયદો જુએ છે. એને હાનિમાં પણ લાભ દેખાય છે, અને દુઃખને પણ સુખ માની લે છે.

પરંતુ આ તડજોડ એ માનસિક આળસનું લક્ષણ છે. માણસને ખસવું ગમતું નથી. ગમે તેમ કરીને દહાડા કાઢવા માગે છે."

એટલે જ કૃષ્ણમૂર્તિએ slithering શબ્દનો પ્રયોગ કર્યો છે. છોકરાઓ પાટિયા પર લપસે છે તેમ લપસતાં લપસતાં એને પાર થઈ જવું છે. એ સમસ્યાને સમજવા નથી માગતો.

આ જાતની જે આત્મ-તુષ્ટિ અથવા સ્વયંતુષ્ટિ છે તે માણસને જડ બનાવી દે છે. એટલે એક તો માણસ પશુ જેવો છે. જેમ પશુ પ્રકૃતિને આધીન હોવાથી એનામાં પોતાના જીવન-પરિવર્તન માટેની ખાસ આકાંક્ષા નથી હોતી તેમ આનામાં પણ નથી હોતી.

જે જ્ઞાની સિદ્ધાવસ્થામાં પહોંચી ગયો હોય તેની અવસ્થા કેવી હશે તે હું જાણતો નથી. કલ્પના કે અનુમાન પણ એક હદથી આગળ જઈ શકતાં નથી. હા, પશુની અવસ્થાનો અનુભવ છે. જેમ તેમ કરીને દિવસો કાઢવા ચાહે છે. જીવનમાં આવીને ફસાઈ ગયા — હવે જેમ તેમ કરીને દિવસો કાઢી નાખવા છે. આમ મનને વાળી લે છે. પણ આ જાતનો સંતોષ ઠીક નથી, એનાથી માણસનો વિકાસ નથી થતો.

તેવી જ રીતે નિરંતર અસંતોષ એ પણ જીવનમાં વ્યગ્રતા પેદા કરે છે. વ્યગ્રતાને કારણે પ્રાપ્ત વસ્તુ સાથે જીવન એકરસ થઈ શકતું નથી. મનુષ્યને એ આનંદથી વંચિત કરે છે, વ્યગ્ર રાખે છે. માટે નિત્ય-વ્યગ્રતા પણ નહીં હોવી જોઈએ.

### અહિંસક અનાસક્ત ચિત્ત

સાર એ કે નિત્ય-વ્યગ્રતા પણ ન હોવી જોઈએ. અને સ્વયંતુષ્ટિ પણ ન હોવી જોઈએ. ચિત્ત તટસ્થ હોવું જોઈએ. એને ગાંધીજીએ અનાસક્ત ચિત્ત કહ્યું હતું. વ્યગ્ર ચિત્તમાં વિકાર પેદા થાય છે. વ્યગ્ર ચિત્તમાં સંતુલન નથી રહેતું. જરાક ઊંડાણથી વિચારશો તો સમજાશે કે સંતુલન એ રાખવાની કે સાધવાની વસ્તુ નથી, એ તો પોતાની મેળે આવતું હોય છે, રહેતું હોય છે. સંતુલન સાધવું પડતું હોય છે ત્યાં તો માણસની તમામ શક્તિ એને સાધવામાં જ ખર્ચાઈ જતી હોય છે.

એક માણસ તાર પર ચાલે છે; હાથમાં છત્રી છે એની મદદથી સંતુલન જાળવી રહ્યો છે. એને પૂછો કે "કેમ ભાઈ, શું કરો છો?" તો કહેશે, "તાર પર ચાલું છું". વળતું તમે પૂછશો કે "શા માટે

ચાલો છો ?" તો કહેશે, "ચાલું છું માટે ચાલું છું." "ક્યાં જવા નીકળ્યા છો ? અલાહાબાદ જવા નીકળ્યા છો કે શું ?" તો એ કહેશે, "ક્યાંય જવા નથી નીકળ્યો. તાર પર ચાલવું એ જ લક્ષ્ય છે." પણ એ એમ થોડો જ કહેશે કે "હું તો સંતુલન સાધી રહ્યો છું ?" પણ સાધતો હશે એ સંતુલન જ.

સંતુલન એ સાધવાની ચીજ નથી, એ તો પોતાની મેળે આવતું હોય છે. જેટલી તટસ્થતા હશે તેટલું સંતુલન આવશે. પણ તમે જો સંતુલન સાધવા જશો તો જે બે વસ્તુ વચ્ચે સંતુલન જાળવવું હશે તે બે વસ્તુ સતત નજર સામે તરતી રહેશે. પરંતુ જ્યાં તટસ્થતા હશે ત્યાં વ્યગ્રતા નહીં હોય. નિત્ય અસંતોષ હોય છે ત્યાં વ્યગ્રતા આવે છે. જ્યાં સંતુલન માટે કોશિશ કરશો ત્યાં તમે એની જ પાછળ દોડતા થઈ જશો. આ રીતે કંઈ સંતુલનનો અભ્યાસ ન થાય.

આપણે તો સમન્વય સાધવો છે, regimentation — મનોનિયંત્રણ નથી જોઈતું. સમન્વય એટલે કે સૌની વાત સમજવાની તૈયારી.

આપણું ચિત્ત એવું મુક્ત હોવું જોઈએ કે બધાની વાત સમજવા તૈયાર રહે. કોઈની પણ વાતને દબાવે નહીં. એને આપણે ઉન્મુક્ત અથવા ખુલ્લું ચિત્ત કહી શકીએ. આમાંથી સમન્વય આપોઆપ ઊભો થાય છે. આ એક અત્યંત મહત્ત્વની ચીજ છે. જે સમજવા તૈયાર નથી તેને સમજાવવાનો અધિકાર પણ નથી. તમારે તમારી વાત સમજાવવી છે એનો શો અર્થ થયો ? બીજાની વાત સમજવાની તૈયારી હોય ત્યારે જ સમજાવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, ત્યારે જ બીજાને સમજાવવાનો દાવો કરી શકાય. તમે જેને અહિંસક ક્રાંતિ કહો છો તે સમજવા સમજાવવાની ક્રાંતિ છે. પહેલાં આપણે સમજશું અને ત્યાર બાદ સમજાવશું.

### વિનયશીલતા અથવા તટસ્થતા

આપણે આ વાતનું ધ્યાન રાખવું પડશે કે આપણું મુખ્ય સાધન સમજવું ને સમજાવવું એ છે. આપણે સમજાવવા સારુ થઈને ઉપવાસ વગેરે અવાંતર ઉપાયો કરીએ છીએ ત્યારે આપણને ખ્યાલ રહેવો ઘટે કે સામેવાળો પણ આપણને સમજાવવા માટે એ જ ઉપાયો અજમાવી શકે. તમે કહેશો કે "મેં હજાર વાર સમજાવ્યું, પણ એની સમજમાં ઊતરતું જ નથી, એટલે હવે સમજાવવા કરવાનું

કામ છોડી મારી વાત મનાવવા માટે એવો ઉપાય કરીશ કે જેથી એને કોઈ જાતની હાનિ કે કષ્ટ ન પહોંચે." પણ આમ કરતાં પહેલાં આપણે એ વિચારી લેવું જોઈએ કે સમજાવવા માટે હું આ ઉપાય અજમાવું છું તો પછી સમજવા માટે એનો ઉપયોગ કેમ નથી કરતો ? આપણે બીજાને ગળે આપણી વાત ઉતારવા માગીએ છીએ. એને સમજાવવા માટે અવાંતર ઉપાયો અજમાવીએ છીએ. મોઢેથી જરૂર કહીએ છીએ કે હું મારી આત્મશક્તિ વધારું છું. પરંતુ શા માટે ? તો કે સમજાવવવા માટે! પરંતુ અહિંસામાં આ બધાં અવાંતર સાધનોનો પ્રયોગ થાય તો પણ તે પોતાની સમજ-શક્તિ વધારવા માટે થવો જોઈએ. આપણે સારી રીતે સમજી લેવું જોઈએ કે સમજવાની શક્તિ જેટલી વધે છે, સમજાવવાનો અધિકાર પણ એટલો જ પ્રાપ્ત થાય છે.

'અધિકાર' શબ્દ સંસ્કૃતનો છે. એનો અર્થ થાય છે "પાત્રતા." હિંદીમાં અધિકારનો અર્થ 'સત્તા' અથવા 'પ્રભુતા' થાય છે, તે ક્યાંથી આવ્યો તે ભગવાન જાણે. આપણને સમજાવવાની પાત્રતા એટલા જ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે જેટલા પ્રમાણમાં આપણે સમજવાની યોગ્યતા મેળવી હોય. પણ આજે શું ચાલ્યું છે ? આપણે સમજાવવા માટે વધારે મથીએ છીએ, સમજવા માટે ઓછું. એટલે આપણા દર્શનમાં પણ અહિંસા આવી શકતી નથી.

આજે "અહિંસા" શબ્દની હાલત એવી થઈ છે કે એમાં અનેક વાતો ઘૂસી જવા પામી છે. એનું નામ લેતાં જ કેટલીયે ચીજો મનમાં ઊભી થઈ જાય છે. બુદ્ધ, મહાવીર, ગાંધી, શાકાહાર, સત્યાગ્રહ, ઉપવાસ વગેરે નજર સામે તરવા માંડે છે. એટલે એ શબ્દને આઘો રાખી આપણે 'વિનયશીલતા' અથવા 'તટસ્થતા' શબ્દ જ લઈએ. સમાજ-પરિવર્તનમાં આપણે એવા ઉપાયોથી કામ લઈએ કે જેમાં સમજાવવાની કોશિશ કમ હોય અને સમજવાની કોશિશ વધારે હોય.

### માનવ અપવાદ પણ છે ને વિભૂતિ પણ

દરેકને થાય છે કે મારા વિચાર પ્રમાણે દુનિયા અને માણસ બને. પણ ગાંધી માટે એવા માણસ એમનાં તનય (દીકરાઓ) ન બન્યા, પણ 'વિનોબા' બન્યા. આપણને થાય છે કે મારો તનય એવો ન બન્યો તો પણ મારો શિષ્ય તો એવો બને! મારો તનુજ

મારા મન પ્રમાણે નથી બનતો તો કમ સે કમ મારો આત્મજ, મારો માનસ પુત્ર તો મારા મન પ્રમાણે, મારા ચોકઠા પ્રમાણેનો બને! અહિંસક ક્રાંતિમાં એ વાતની ખાસ જરૂર છે, કે બીજો માણસ મારા ચોકઠા પ્રમાણેનો બને એવું આપણે ન ઇચ્છીએ. દરેક વ્યક્તિ પોતે અપવાદ પણ છે ને વિભૂતિ પણ છે. એટલે એને આપણે આપણા બીબામાં ઢાળીએ એવું ન થવું જોઈએ.

મારા એક મિત્ર છે. પહેલાં એ વિધાનસભામાં હતા. આમ તો મારાથી ઉમ્મરમાં નાના છે, પણ છે બહુ હોશિયાર. એક વાર મને કહે, “આજકાલ કઈ દુનિયામાં વસો છો?” મેં કહ્યું, “કેમ, તમે રહો છો તે જ દુનિયામાં રહું છું!” એમણે કહ્યું, “જાણો છો કે નહીં, હવે તો અમે વિજ્ઞાનની મદદથી માણસ પણ પેદા કરીશું. આંખને ઠેકાણે આંખ, નાકને ઠેકાણે નાક, હૃદયની જગ્યાએ હૃદય માથાને ઠેકાણે માથું—આ બધું તો થતું જ હતું, પણ હવે તો અમે આખો મનુષ્ય જ બનાવશું. બોલો, હવે તમારે શું કહેવું છે?” મેં જવાબ આપ્યો, “તો એક કામ કરજો. મને ફરીથી બનાવવાના હો તો મહેરબાની કરીને તમે તો ન બનાવશો. ભગવાને ઘડ્યો તેમાંયે મને તો ફરિયાદ છે. આવું શરીર ઘડયું? મને ભીમકાય શા માટે ન બનાવ્યો? મદન જેવું રૂપ કેમ ન દીધું? ગંધર્વ જેવો અવાજ કેમ ન આપ્યો? એ તો સર્વશક્તિમાન હતો. તેમ છતાં એણે આવો કૂબડો ઘડયો, તો તું ઘડશે કોણ જાણે કેવોયે ઘડશે! આખરે તારામાં જેટલી અક્કલ હશે તેવું જ તું ઘડી શકવાનો ને!” વિજ્ઞાનવાદીઓ સ્થૂળ ભૂમિકાથી મનુષ્યનું અને સૃષ્ટિનું નિર્માણ કરવા ચાહે છે તેમ આપણે પણ આધ્યાત્મિક ભૂમિકાથી કરવા માગશું તો અનર્થ જ થશે. આ regimentation — બીબાં ઢાળવાની રીત છે.

### વશીકરણના ખોટા પ્રકારો

ભવિષ્યની દુનિયામાં માણસ માણસને નહીં ઘડે. હું તો એટલે સુધી કહેવા માગું છું કે મનુષ્ય પોતે પણ પોતાને ન ઘડે. એક-બીજાને માણસ બનાવે એ વાત જ ખોટી. એમ તો આજકાલ બધા જ એકબીજાને ‘બનાવે’ છે. એક મુત્સદ્દી બીજા મુત્સદ્દીને બનાવે છે. મુત્સદ્દીગીરીનો અર્થ જ એ થાય છે કે હું તમને બનાવું અને તમે મને બનાવો. પરંતુ આપણે જે પ્રક્રિયાનો પ્રયોગ કરવો છે તેમાં

આ વસ્તુ નથી આવતી. કોઈ કહી શકે કે આમાં હિંસા તો નથી, કોઈને ડરાવતા ધમકાવતા પણ નથી, જોર જબરદસ્તી પણ કરતા નથી, પછી શું? પણ આપણે કોઈના ભોળપણનો ખોટો ફાયદો લઈએ તે એને છેતરવા જેવું છે. આ રીતે કોઈને શારીરિક કે માનસિક રીતે બનાવવા એ આપણી પ્રક્રિયામાં આવતું નથી.

તેવી જ રીતે આધ્યાત્મિક સ્તર પર પણ માણસ માણસને ન બનાવે. આ સ્તર પર બનાવવાનો એક પ્રકાર છે મેસ્મેરિઝમ—સમ્મોહન. કોઈ પણ મોટા રેલવે સ્ટેશન પર જાવ, ત્યાં ડેલ કાર્નેગીની ચોપડી વેચાતી હશે— "How to Influence People—લોકો પર પ્રભાવ કેવી રીતે પાડવો!" લગ્ન કરવાં હોય તો છોકરા કે છોકરીને શી રીતે પ્રભાવિત કરવાં. આ બધા વશીકરણના ઉપાયો છે. આખો અથર્વવેદ 'મંત્ર-વિદ્યા' છે. જારણ, મારણ, ઉચ્ચાટન, વશીકરણ આ બધા માટે તૈયાર તાવીજ મળે છે. વીસ પચ્ચીસ રૂપિયા મોકલો એટલે વશીકરણનું તાવીજ મળશે.

આ બધા અમાનવીયતા અને પુરુષાર્થહીનતાના પ્રકારો છે. આમાં નમ્રતા તો નથી જ, મર્દાનગી અને ઇન્સાનિયત પણ નથી. મર્દાનગી નથી એમ એટલા માટે કહું છું કે એમાં સામાવાળાને મૂર્છિત કરવાની, બેહોશ કરવાની, પરાસ્ત કરવાની વૃત્તિ રહેલી છે. આ પૌરુષ નથી. બીજાની વીરતાને ખંડિત કરવામાં વીરતા નથી. એક દીવો બીજા દીવાને બુઝાવતો નથી. એક દીવો બીજાને બુઝાવે તો સમજવું કે એમાં જ્યોતિનું, પ્રકાશનું લક્ષણ નથી. વીરતાથી તો વીરતા પેદા થવી જોઈએ. વીરતાથી સામામાં ભીરુતા પેદા થાય તો સમજવું કે વીરતાએ પોતાનો ગુણ છોડી દીધો, પોતાની અસલિયત છોડી દીધી. એટલે વીરતા એવી ન હોય જે ભય પેદા કરે. બીજાના ચિત્તને પોતાની પકડમાં લેવાની જેટલી યુક્તિઓ છે તેમાં નથી તો મર્દાનગી, નથી ઇન્સાનિયત, નથી પુરુષાર્થ કે નથી માનવતા.

આપણને સફળતા મળે યા ન મળે, આપણે આનો પ્રયોગ નથી કરવો. એવી સફળતા આપણને વ્યગ્ર બનાવી મૂકશે. વ્યગ્ર એ એકાગ્રથી ઊલટી દશા છે. પછી તો આપણું ધ્યાન સમજાવવા તરફ રહેવાને બદલે સફળતા તરફ જ રહેશે. સફળતા પર ધ્યાન ચોંટ્યું એટલે સમજાવટ પરથી ખસ્યું. સફળતાનો વિચાર મનમાં અધીરાઈ

પેદા કરે છે, પછી ચિત્ત એકાગ્ર રહી શકતું નથી; અને જ્યાં ચિત્ત એકાગ્ર નથી ત્યાં નમ્રતા અને વિનયશીલતા રહી શકતાં નથી, અને સમાજ-પરિવર્તન પણ થઈ શકતું નથી. એટલે આ રસ્તો છોડી બીજે રસ્તે જવું જ હોય તો એ રસ્તે જનારાઓની સાથે થઈ જવું સારું. પછી અલગ રહેવાનો આગ્રહ ન હોવો જોઈએ. જે રસ્તાને આપણે ઠીક માન્યો તે રસ્તે જવાની શક્તિ આપણામાં ન હોય કે ન આવે તેમ હોય, અને બીજો રસ્તો લેવો જરૂરી લાગતો હોય તો પછી એ રસ્તા પર જે લોકો 'ડબલ માર્ચ' કરતા ધસમસતા આગળ ધપતા હોય તેવાની સાથે થઈ જવું જોઈએ. અનાગ્રહની વાત અહીં આવે છે.

'આગ્રહ' નહીં રાખીએ એનો અર્થ શું છે? એનો અર્થ એ છે કે આગ્રહ પોતાનો હોય છે, કોઈ તત્ત્વનો નથી હોતો. વિનોબા વેદનું એક વચન કહે છે, "મમ સત્યમ્"—હું કહું તે જ ખરું. અસત્યનું આ બીજું લક્ષણ છે. સત્ય જ્યારે 'મારું' બની જાય ત્યારે એ અસત્ય બની જાય છે, માણસ પોતાના સંસ્કારોને વેગળા રાખી વિચારી શકે ત્યારે તટસ્થતા પ્રાપ્ત થાય છે. પોતાની વાત પકડી રાખીને બીજાની વાત સમજી ન શકાય. આગ્રહ હંમેશા અહંકાર સાથે જોડાયેલો હોય છે. જેટલો અહંકાર એટલો આગ્રહ. માણસ આજે કેવી બૌદ્ધિક અને માનસિક અવસ્થામાં પહોંચી ગયો છે? વિજ્ઞાનને લઈને આજે જીવન એટલું જટિલ બની ગયું છે કે હવે રેજિમેન્ટેશન —મનોનિયંત્રણ ચાલશે અથવા તો અનાગ્રહ, આ સિવાય ત્રીજો રસ્તો નથી.

સમય વિષે પણ આપણી ધારણા બદલાઈ રહી છે. દરેક ક્ષણ પોતામાં અનંત હોય છે. અનંત કોઈ કાળ ન હોઈ શકે. કાળ હોય તો તો એની અવધિ બંધાઈ જવાની. ક્ષિતિજની મર્યાદા બાંધો તો એ વાડો બની જશે. ક્ષિતિજ ક્યાં છે? અહીંથી ક્ષિતિજ અહીં દેખાય છે તો તે અહીં જ છે. દરેક ક્ષણ પોતામાં અનંત છે. ઈમર્સનનું એક વાક્ય છે —Eternity instructs the hour and the hour instructs eternity—ક્ષણમાં અનંત ભર્યું છે અને અનંતમાં ક્ષણ. માટે સમયની કોઈ અવધિ પણ આપણે નથી રાખતા.

એક માણસે કહ્યું, 'તમારો કાગળ આવ્યો તેથી ખૂબ આનંદ થયો.' સામું પૂછ્યું, "કેવો આનંદ થયો? પરીક્ષામાં પાસ થયા

ત્યારે થયેલો તેવો ?" પેલાએ જવાબ આપ્યો, "તે વખતે પણ આનંદ થયો હતો અને આ વખતે પણ થયો, કેવો થયો તે ન પૂછશો, તમારી મેળે સમજી લો." કેટલીક વસ્તુઓ એવી હોય છે જેને પકડી લેવી જોઈએ. અનાગ્રહનો અર્થ એ છે કે પોતાના વિચારમાં જે અહંકાર છે તેને છોડતા જઈએ. અહંકારમાં સફળતાની આકાંક્ષા રહેલી હોય છે જે ઇચ્છે છે કે આ કામ મારા હાથે થાય. કહે છે ને કે દીકરાનાં લગ્ન મારે હાથે થાય. એટલે મંડે છે, "લગ્ન કર, લગ્ન કર. નહીં તો હું મરી જઈશ." તે શું ત્યાર બાદ લગ્ન નહીં થાય ? તો કહે છે, "પણ હું તે વખતે નહીં હોઉં ને !" એટલે પછી પૂછયું, "તો પછી તમે જ પરણી નાખો ને !" તમને આના પર હસવું આવે છે કારણ કે આ બધી મૂર્ખતા છે. ક્રાંતિકારી પણ આવી જ બેવકૂફીની વાત કરે છે. કહે છે, "મારા હાથે દુનિયા બદલાવી જોઈએ." તારે હાથે જ શા સારુ ? જ્યાં સફળતાનો આગ્રહ ઘટે છે ત્યાં અનાસક્તિને કારણે કામમાં ઉત્કટતા વધે છે. કામની સાથે હૃદય એકરૂપ બને છે. એમાં એકાગ્રતા આવે છે, વ્યગ્રતા ઘટતી જાય છે.

માટે શારીરિક યા ભૌતિક સ્તર પર માણસને ઘડવાની આકાંક્ષા ન રાખીએ. બધા મળીને મનુષ્યના સ્વાસ્થ્ય અને આરોગ્યને અનુકૂળ પરિસ્થિતિનું સર્જન કરીએ. પરંતુ મનુષ્યને ઘડવાની વાત ખોટી. હું કહું છું તેને દવા, ઉપચાર, ઓપરેશન વગેરે સાથે લેવાદેવા નથી. એનો સંબંધ વિજ્ઞાન સાથે છે. લોક કહે છે કે વિજ્ઞાન માણસને ઘડશે, તો મારું કહેવું છે કે એ વાત ખોટી છે. એ વાત એક બીજા અર્થમાં પણ ખોટી છે. ધારો કે મને હૃદયની બીમારી છે. હૃદય ઠીક નથી ચાલતું, વચ્ચે વચ્ચે અટકે છે. એક ડોકટર કહે છે કે "એક માણસ હજી હમણાં જ મરી ગયો છે. એનું હૃદય કાઢીને તમને બેસાડી આપીએ." ઠીક છે, બેસાડી આપો. બીજી વાર દિમાગ બગડયું તો કહે છે, બીજાનું દિમાગ બેસાડી દઉં. 'લીડર'ના સંપાદક સી. વાય. ચિંતામણિના દીકરાને ચાંદીની ખોપરી બેસાડી આપી હતી. આમ માણસમાં બીજાનાં દિલ દિમાગ બેસાડવામાં આવે છે. પણ હું કહું છું કે દિલ જ બેસાડવું હોય તો રાણા પ્રતાપનું બેસાડો, અને દિમાગ આઈન્સ્ટાઈનનું બેસાડો. અને એમ થઈ

શકતું હોય તો પછી એ બેસાડનારાઓ પહેલાં પોતાના જ શરીરમાં એવાં દિલ ને દિમાગ કેમ નથી બેસાડતા કે જેથી એમને સંતનું હૃદય અને પ્રતિભાશાળી મનુષ્યનું મસ્તક મળી રહે ? કહેવા એ માંગું છું કે આ આકાંક્ષા અધમ આકાંક્ષા છે, ઉત્તમ નથી. કોઈની તબિયત સુધારીએ ત્યાં સુધી તો વાત ઠીક છે, પણ એના શરીર પર તો કબજો ન કરવો જોઈએ. આ થયો પહેલો સ્તર.

### વૈજ્ઞાનિક સ્તર

બીજો સ્તર છે વિજ્ઞાનનો ઉપયોગ. આનો ઉપયોગ પહેલાં સામાવાળાની વાત સમજવા માટે કરવો જોઈએ, પોતાની વાત સમજાવવા માટે પછી. આજે તો તમામ પ્રોપેગેન્ડા (પ્રચાર) પોતાની વાત સમજાવવાના પ્રયત્ન માટે થાય છે, બીજાની વાત સમજવા માટે નથી થતો. વિનોબા કહે છે, "પ્રકાશન થવું જોઈએ, પ્રસિદ્ધિ નહીં." પ્રકાશન શું કરે છે ? એ પોતાની વાતની સાથે બીજાની વાત પણ પ્રકાશિત કરે છે. એક જ્યોત બીજી જ્યોતને પ્રગટાવે છે. પરંતુ પ્રચાર તો પોતાની આગનો ભડકો કરે છે, અને બીજાની જ્યોતને ઠારી નાખે છે. આ બરોબર નથી.

ટૂંકામાં આપણે રેજિમેન્ટેશન—મનોનિયંત્રણ કરી વાત બીજા પર ઠોકી ન બેસાડીએ. અવાંતર સાધનોનો ઉપયોગ પહેલાં બીજાની વાત સમજવા માટે કરીએ, પોતાની સમજાવવા માટે પછી. નહીં તો આપણે એક અહિંસક રેજિમેન્ટેશન ઊભું કરશું જેમાં શસ્ત્ર અને સત્તા નહીં હોય. એ રાજ્ય-નિરપેક્ષ, શસ્ત્ર-નિરપેક્ષ રેજિમેન્ટેશન હશે. આ પણ આપણને નથી ખપતું. એમાં માનસિક રીતે બીજા પર કાબૂ મેળવવાની ભાવના છે. સૂક્ષ્મ દબાણ તરીકે તમે ઉપવાસ કર્યા, અથવા એવો જ કોઈ બીજો ઉપાય કર્યો તો એ અહિંસક જ દેખાય છે, પણ એ સમજાવવાનો ઉપાય નથી, વાત કબુલાવવાનો ઉપાય છે.

ત્રીજો સ્તર ધર્મનો છે. ધર્મમાં આપણે શું કરીએ છીએ ? બે પ્રકારના પ્રયોગ કરીએ છીએ. એક યોગ-વિદ્યાનો અને બીજો સંમોહન-વિદ્યાનો. બન્નેમાં ચમત્કાર છે. આધાર ચમત્કારનો જ છે. મરાઠીમાં કહેવત છે, 'चमत्कारा शिवाय नमस्कार नाहीं'—વિના ચમત્કાર, નહીં

નમસ્કાર. તમારામાં સંમોહનની યા ચમત્કારની શક્તિ નહીં હોય તો તમારું સાધુત્વ કોઈ કબૂલ કરવા તૈયાર નહીં થાય.

એક પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની સેવામાં મગ્ન હતી. એટલામાં એક તપસ્વી બ્રાહ્મણ અલખ જગાવતો ભિક્ષા સારુ આંગણે આવી ઊભો. પણ એ તો પતિસેવામાં મશગૂલ હતી એટલે ભિક્ષા આપતાં પાંચેક મિનિટ મોડું થયું. બ્રાહ્મણ તો ગુસ્સાનો માર્યો લાલ પીળો. પેલી બાઈ આવી તો બ્રાહ્મણે પોતાની આંખ મીંચી લીધી. ઝોળીમાં ભિક્ષા પડી એટલે એણે ઉપર તરફ માથું કરી આંખ ખોલી. ઝાડ પર એક પક્ષી બેઠું હતું તે બિચારું ચડડડ કરતું બળી ગયું. એણે કહ્યું, "દેવી, મેં તમારા તરફ જોયું હોત તો તમારી પણ આ જ હાલત થાત." એ તપસ્વી બ્રાહ્મણની આંખમાં એટલી શક્તિ હતી. બીજે દિવસે ફરી ભિક્ષા લેવા પહોંચ્યો. ભિક્ષા આપ્યા પછી પેલી સ્ત્રીએ આંખ ઉઠાવી સૂર્ય સામે જોયું. સૂર્ય છુપાઈ ગયો. આ જોઈને તપસ્વીએ હાથ જોડ્યા, "હું તમારી સામે હારી ગયો. તમારી પાસે મારા કરતાં મોટી શક્તિ છે." એક કહે છે, "મારી પાસે એટમ બોંબ છે." તો બીજો કહે છે, "મારી પાસે હાઈડ્રોજન બોંબ છે." વૈજ્ઞાનિક શોધનો ચમત્કાર હો, યોગ વિદ્યાનો હો, સંમોહનનો હો, અથવા જાદુ, જંતર મંતર, કામણટૂમણ કે હિપ્નોટિઝમ કે પછી ધર્મની સત્તા હો, આ બધી જ પદ્ધતિ રેજિમેન્ટેશનની છે.

છેલ્લે રહ્યો આધ્યાત્મિક સ્તર. આમાં વૈચારિક પ્રભુત્વ—ideological domination ની આકાંક્ષા છુપાયેલી હોય છે. આખી દુનિયા પર મારો વિચાર છવાઈ જાય. આખું વિશ્વ હું ઇચ્છું છું તે પ્રમાણેનું બને. આ તો મારી કલ્પના પ્રમાણેનું જ વિશ્વ બનાવવાની વાત થઈને! ભગવાન પ્રસન્ન થયા. વરદાન માગ્યું. સુંદર વિશાળ મકાન, બગીચો, મોટર ડ્રાઈવર, બે રસોઇયા, કલાકે કલાકે આવી હાથ જોડી ઊભા રહે. આ જ છે ને તમારી કલ્પનાનું જગત! પછી આપણે વિનોબાને કહીશું કે અહીં આવી અમારી સાથે રહો. વિનોબા કહેશે, "અહીં તો મને ગોઠતું નથી. મને જંગલમાં જ ગોઠે. હું તો જંગલમાં જ રહીશ." આપણે પૂછશું, "તે અમારે તમારી પાછળ જંગલમાં જવાનું?" થયું, બન્ને વચ્ચે મતભેદ શરૂ થયો. બન્નેને પોતપોતાની કલ્પનાની દુનિયા ઘડવી છે અને બીજાને

એમાં રાખવો છે. આમ આધ્યાત્મિક ક્ષેત્રમાં વૈચારિક પ્રભુત્વવાદ આવે છે.

સાધના કેન્દ્રની વાત ચાલી તો શંકરરાવજીએ કહ્યું કે શારીરિક સગવડો બધાને મળે અને સરખી મળે. એનો એવો અર્થ નથી કે ગમે કે ન ગમે બધાએ એ લેવી જ પડશે. ઉપભોગ ફરજિયાત નથી, પણ જોઈએ તેને મળી રહેવો જોઈએ. આમ જેટલી સગવડો છે તે બધાને મળશે, અને એક હદ સુધી બધા માટે એ સરખી હશે. એમાં કોઈ ખોટી બાંધછોડ નહીં હોય. રેજિમેન્ટેશન નહીં હોય અને સાથે અસમાનતા પણ નહીં હોય એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે રેજિમેન્ટેશન નહીં હોવાનો અર્થ એ છે કે આપણે બીજાના શરીરનો ઉપયોગ એની મરજી વિરુદ્ધ નહીં કરીએ. કોઈ સંસ્થા, સમાજ કે રાજ્ય પણ કોઈ પણ વ્યક્તિનો એ રીતે ઉપયોગ નહીં કરે. રેજિમેન્ટેશનની સાથે કોન્સ્ક્રિપ્શન–યુદ્ધ વખતે થતી ફરજિયાત લશ્કરી ભરતી પણ આવે છે. પણ આપણે તો કહ્યું કે કોઈના પણ શરીરનો એની ઇચ્છા વિરુદ્ધ ઉપયોગ નહીં થાય. તો આની હદ ક્યાં આંકવી ? Creature comfort–સ્વાસ્થ્ય અને શારીરિક ઉપભોગ માટે જેટલું કામ કરવું જરૂરી છે તેટલું બધા માટે સરખું હશે. એથી આગળ જઈને કોન્સ્ક્રિપ્શન–ફરજિયાત ભરતી નહીં હોય.

### સામુદાયિક પુરુષાર્થ આવશ્યક

આપણે આ દિશામાં જવાનું છે. આપણે આ જાતનું સમાજ-પરિવર્તન લાવવું છે એનો અર્થ એ થયો કે આપણે આપણા માટે એવી સ્થિતિ, એવી ભૂમિકા ઊભી કરી લેશું. 'આપણે'માં કેવળ હું નથી, આખો સામાજિક પુરુષાર્થ એમાં સમાય છે. વિનોબા કહે છે કે સામૂહિક પુરુષાર્થ અને સામૂહિક મુક્તિ હોવાં જોઈએ. એક વ્યક્તિ પરિસ્થિતિ નિર્માણ ન કરી શકે. બધાએ મળીને એ કરવાની રહેશે. સહકર્મ, સહપુરુષાર્થ અને સહવીર્ય હોવાં જોઈશે. જે પરિસ્થિતિ ઊભી કરવી હશે તે બધા મળીને કરશું. પરિસ્થિતિ સૌને માટે હોય, એટલે એમાં સ્થૂળ કર્મ અને સ્થૂળ પુરુષાર્થ હોવાં જોઈશે. ક્લેશ અને કષ્ટ સામુદાયિક છે, સંકટ સામુદાયિક છે માટે પુરુષાર્થ પણ સામુદાયિક હોવો જોઈશે. આ વાત સમજવામાં મુશ્કેલી ન લાગવી જોઈએ. રેલ આવે છે, ધરતી[illegible] છે, શહેરમાં આગ

લાગે છે. આવાં સામુદાયિક સંકટો સામે પુરુષાર્થ પણ સામુદાયિક જોઈએ.

સામુદાયિક પુરુષાર્થ હોય, પણ રેજિમેન્ટેશન ન હોય. એ માટે એ પુરુષાર્થ સર્વસંમત હોવો જોઈએ. નહીં તો સંખ્યામાં ઓછા હશે એમણે બહુમતીની વાત માનવી પડશે. તેથી સામુદાયિક પુરુષાર્થ સર્વસંમતિથી થાય તે જરૂરી છે. લઘુમતી પર બહુમતીની સત્તા ન હોય. બહુમતીવાળા લઘુમતીવાળાને સમજાવે. સમજાવવા માટે પહેલાં શું કરશો ? બહુમતી લઘુમતીને સમજશે. જે વ્યવસ્થામાં સમજવું ને સમજાવવું વધારેમાં વધારે હોય તેનું જ નામ લોકતંત્ર. એમાં વ્યવસ્થા હશે, પણ તે વિચાર-વિનિમયથી થશે. વ્યવસ્થાના બે અર્થ છે : 'જજમેન્ટ' અને 'પ્રોવિઝન'—'નિર્ણય આપવો' અને 'ગોઠવણ કરવી.'

●

## ૨

# ક્રાંતિ પાછળની નૈતિક ભૂમિકા

સમજાવવામાં અને મનાવવામાં ફેર છે. સમજાવવામાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે મનાવવામાં પડીએ છીએ. મનાવવામાં સમજાવવાની પ્રક્રિયા છોડી દઈએ છીએ. સમજાવવામાં આપણે સામાવાળાની બુદ્ધિને જગાડીએ છીએ. પણ મનાવવામાં આપણી વૃત્તિ એ હોય છે કે સામેવાળાને આપણી વાત ખરી લાગે યા ખોટી, પણ સ્વીકારી લે. વિચાર બળજબરીથી નથી કરતો. પણ તમે તમારી બુદ્ધિના પ્રભાવથી કોઈકને વશ કરવા માગો છો ત્યારે એમાં બળજબરી આવે છે.

ગાંધીના સત્યાગ્રહમાં અહિંસક પ્રતિકારનો આરંભ થયો ત્યારે બે વાત સ્વીકારી લઈને ચાલ્યા હતા : શસ્ત્ર-શક્તિ અસમાન છે અને બુદ્ધિની શક્તિ અપર્યાપ્ત છે. ગાંધીને અહિંસાની વાત એની મેળે સૂઝી હોય અથવા આકાશમાંથી ટપકી પડી હોય એવું નહોતું. તેમ જ કોઈ પુસ્તકમાંથી એ વાત આવી હોય એમ પણ નહોતું. પહેલાં તો એ માટે પરિસ્થિતિ ઊભી થઈ. એ પરિસ્થિતિ પરથી સમજાયું કે બુદ્ધિશક્તિ અપર્યાપ્ત છે અને શસ્ત્રશક્તિ વિષમ છે. સમજાવ્યા નથી માનતા તો શક્તિનો પ્રયોગ જરૂરી છે. શક્તિનો પ્રયોગ પોતે જ એક રીતનું દબાણ છે. ૧૯૨૩માં કેસ નામના એક લેખકનું પુસ્તક બહાર પડ્યું હતું : Non-violent Coercion, A study in Methods of Social Pressure—" અહિંસક બળજબરી, સામાજિક દબાણની પદ્ધતિઓનું એક અધ્યયન."

### સમજાવટ મારફતે મત–પરિવર્તન

સમજાવટ છોડીને મનાવવાનો પ્રયોગ લીધો એટલે સમજવું કે તમે એક રીતે જબરદસ્તીને ઉત્તેજન આપ્યું. 'યંગ ઇંડિયા' અને 'હરિજન'માં ગાંધીજી વખતોવખત લખતા રહ્યા કે આપણે સમજાવટમાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે મનાવવાનો પ્રયોગ કરવો પડે

છે. આજે હવે આપણે એનાથી આગળ જવાનું છે. એ રીતે જોતાં શુદ્ધ અહિંસક પ્રક્રિયા તો એ જ ગણાશે કે તમે બીજાનું મત-પરિવર્તન કરો. મત-પરિવર્તન એટલે સામાવાળાને આપણા સંપ્રદાયમાં દાખલ કરવા એવું નથી, મત-પરિવર્તન સમજાવવાથી આવે છે.

પહેલાં તો આપણે કહીએ છીએ કે સમજશું, અને એમ સમજતાં સમજતાં સમજાવીશું. આપણે કોઈ વિચારના ચોકઠામાં નથી રહેવું. આપણે આપણી મર્યાદા સમજી લઈએ. "મારે શ્રમજીવી બનવું જોઈએ" એટલો એક વિચાર મનમાં આવ્યો એટલે મારું મત-પરિવર્તન થયું. એટલા માત્રથી હું શ્રમજીવી નથી થઈ જતો. હા, એક અંતર્વિરોધ ઊભો થઈ ગયો. શ્રમજીવી નથી, પણ શ્રમજીવી થવું જોઈએ—આમ એક અંતર્વિરોધ જીવનમાં ઊભો થઈ ગયો. ધારો કે છોકરું રમતે રમતે બળતી સગડી પાસે પહોંચી ગયું. એને રોકવા તમે ઝડપથી દોડી પહોંચી ગયા. તો ત્યાં તમે બાળક પર તમારી વાત લાદો છો એમ નહીં કહેવાય. તમારા મનમાં પ્રેમ હોય તો વચ્ચે વિચારનો પડદો નથી આવતો. આ વાત આપણા સૌને માટે ઉપયોગી છે. બધા જ વિચારવાન લોકો આજે આ વાત કહે છે. વિનોબા કહે છે મનથી ઉપર ઊઠો. શ્રી અરવિંદ અતિમનસની વાત કરે છે. કૃષ્ણમૂર્તિ પણ મનને શાંત કરવાની વાત કહે છે. રમણ મહર્ષિ કહે છે કે મનથી આગળ જાવ.

### મનથી ઉપર ઊઠવું

આજે માણસના મસ્તકને કાબૂમાં લેવાની કોશિશ ચાલે છે. એ માટે કેટલીયે પ્રકારના ઉપાય છે. આપણે ફોસલાવવા પ્રયત્ન કરીએ છીએ. આપણે કહીએ છીએ ને કે અમુકને ઊઠાં ભણાવી દીધાં. તેવી જ રીતે ગુરુ પ્રત્યેની શ્રદ્ધામાંથી પણ રેજિમેન્ટેશન થાય છે. એક માણસ બીજાના દિમાગ પર કબજો જમાવવા ઇચ્છે છે. આવી હાલતમાં માણસ મસ્તિષ્કના સ્તર પર રહેશે તો બચવા નહીં પામે. વિજ્ઞાને જે પરિસ્થિતિ ઊભી કરી છે તે જોતાં માણસે પોતાની સ્વતંત્રતા જાળવવી હશે તો મસ્તિષ્ક-નિયંત્રણથી બહાર નીકળી જવું જોઈશે. એક માણસ બીજાના મનનો વિધાતા બનવા માગે છે, એના મસ્તિષ્કનું નિયંત્રણ કરવા માગે છે. આમાંથી શી રીતે બચવું એ સવાલ છે. તેથી મનુષ્યે મનના સ્તરથી ઉપર જવું પડશે.

બીજો એક દાખલો લઈએ. છેલ્લાં કેટલાંક વરસો થયાં વિચારકો અને સાહિત્યકારોના મન પર જેનો પ્રભાવ રહ્યો છે તેવા માનસશાસ્ત્રીઓમાંના એક ફ્રોઈડ છે. એનો મુખ્ય સિદ્ધાંત એ છે કે માણસ જે કાંઈ કરે છે, એની જે કાંઈ પ્રતિક્રિયાઓ હોય છે તે બધાંમાં કામવાસના જ મુખ્ય હોય છે. મનુષ્યના ઘણાખરા વહેવારોમાં લિબિડો–કામભાવના મુખ્ય હોય છે. એમાં એ તો એટલે સુધી આગળ વધીને કહે છે કે બાળક જન્મતાંની સાથે માને ધાવે છે તે પણ વાસનાનો જ એક પ્રકાર હોય છે. તેવી જ રીતે દરેક દીકરામાં બાપ માટે એક દ્વેષની ભાવના હોય છે, એનું કારણ એ કે મા એક સ્ત્રી છે. આવો એક વિચાર એણે ચલાવ્યો. એવા માણસને કોઈ કહે કે ઈસા મસીહ પર, હનુમાન પર, સ્વામી રામદાસ પર, ટૂંકમાં દુનિયાના બ્રહ્મચર્ય-નિષ્ઠ લોકો પર પુસ્તક લખો, તો આ બધાનું psycho-analysis– માનસવિશ્લેષણ કરવા બેસશે.

પછી તો સવાલ એ રહે છે કે ફ્રોઈડના પોતાના મનનું વિશ્લેષણ થઈ શકે કે નહીં ? મનુષ્યના મનનું શાસ્ત્ર અધૂરું શાસ્ત્ર છે. છેવટે તો માણસ જ માણસનું વિશ્લેષણ કરશે ને ! આપણે આ અગાઉ કહી ગયા કે દરેક માણસ પોતામાં એક વિભૂતિ છે. વિભૂતિ એટલે કે જેનો પાર ન પામી શકાય તેવું. એટલે માણસને તોળવો નહીં, એને તોળવો કે પારખવો એ બરાબર નથી. એને સમજો, સમજવાની કોશિશ કરો.

ફ્રોઈડ પછી જે વિચારકો આવ્યા તે પૈકીનો એક છે એલેક્સિસ કેરેલ. એણે પુસ્તક લખ્યું "Man the Unknown—**અજ્ઞાત માનવ.**" આજ સુધી માનવ કળાયો નથી, અજ્ઞાત છે. આજકાલ એરિક ફ્રોમનાં પુસ્તકો ચાલે છે. એનું એક પુસ્તક છે "Sane Society–શાણો સમાજ," એમાં એણે બતાવવા પ્રયત્ન કર્યો છે કે ફ્રોઈડ ક્યાં ક્યાં ખોટો છે, એણે ક્યાં ક્યાં ભૂલ કરી છે.

તો સવાલ એ રહ્યો કે વિજ્ઞાનના યુગમાં માણસે મનથી ઉપર ઊઠવું જોઈએ એમ શા માટે કહીએ છીએ ? ઈશ્વરદર્શન માટે, આત્મસાક્ષાત્કાર માટે ? ના, આ કોઈ આધ્યાત્મિક જરૂરતની વાત નથી. વિજ્ઞાનના આ જમાનામાં માણસ બીજા માણસ પર પોતાનો કાબૂ જમાવવા માગે છે. દરેક વાતનું પોતાનું એક માનસ હોય છે, જેમ

કે યુદ્ધનું માનસ, શસ્ત્રનું માનસ, સંપત્તિ અથવા વૈભવનું માનસ. આજે હવે એમ પણ કહેવાય છે કે આજનાં યંત્રો, ઉપકરણો અને તક્નિકી જેને "ઓટોમેશન" કહે છે તેણે પણ એક જાતનું માનસ ઘડચું છે. એવાં યંત્રો પણ છે જે મનુષ્યનાં પર્યાયી બનવા મથી રહ્યાં છે જેવાં કે કોમ્પ્યુટર, રોબો વગેરે. એનાથી એક પ્રકારનું માનસ ઘડાય છે. આમ બધી બાજુથી માણસના માનસને ઘડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. તેવા સંજોગોમાં માણસની સ્વતંત્રતા શી રીતે જળવાશે? એ મનથી ઉપર ઊઠે, મનોવ્યાપારથી ઉપર ઊઠે તો એ સ્વતંત્રતા જળવાય.

મનને માટે એમ કહેવાય છે કે એ Feeling અને Willing (લાગવું અને સંકલ્પ-વિકલ્પ કરવા)નું કામ કરે છે, અને બુદ્ધિ Knowing—જાણવાનું—નિર્ણય કરવાનું કામ કરે છે. આમ મન અને બુદ્ધિને અલગ પાડચાં છે. સંકલ્પ-વિકલ્પ મન કરે છે, અને નિર્ણયશક્તિ બુદ્ધિની ગણાય છે.

આ બધી વાતનો સાર એ છે કે આજે માણસ એવે ઠેકાણે પહોંચી ગયો છે કે જ્યાંથી એણે મનથી ઉપર ઊઠચ જ છૂટકો.

### યુગનો અન્તર્વિરોધ

Conflict—સંઘર્ષ કઈ વાતનો છે? સંઘર્ષ ideology—વિચારધારાનો છે. હવે સંઘર્ષ જૂના જમાના જેવો નથી રહ્યો. અમુક દેશ પર મારું રાજ્ય ચાલે કે તમારું એ સંઘર્ષ હવે જૂનો થઈ ગયો. બીજા મહાયુદ્ધ પછી કોણ કયાં રાજ્ય કરે એને બદલે કોની વિચારધારા ચાલે, કોના મતવાદનું પ્રભુત્વ રહે એ વાત પર ભાર દેવાય છે. આ મતવાદનું પ્રભુત્વ માણસના મન પર જામતું હોય છે. મતવાદનું પ્રભુત્વ શરીર પર નથી જામતું. હવે બે બાબતો આવી છે—એક છે Mental regimentation મનોનિયંત્રણ અને બીજું 'બ્રેઈન વોશિંગ'—દિમાગ ધોઈ કાઢવાનું. તમારા દિમાગમાં આજ સુધી જે સંસ્કાર, કચરો ભર્યો હોય તે બધા ધોઈ કાઢી નાંખો. આ જાતની બે પ્રક્રિયાઓ ચાલશે. એનાથી પર જવું જરૂરી છે. ખરી વાત એમ છે કે તમે આધ્યાત્મિક ક્ષેત્રમાં આનાથી પર નથી થતા તો ભૌતિક ક્ષેત્રમાં તો એમાંથી નીકળી જ શકાશે નહીં. કારણ, સામાન્ય માન્યતા એવી છે કે ભૌતિક ક્ષેત્રમાં તો ડરાવી ધમકાવીને જ કામ

લેવાય, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં માણસને સમજાવીને કામ લેવું જોઈએ. જે ક્ષેત્રમાં મનુષ્યનું ચિત્ત મુક્ત થઈ શકે છે તે ક્ષેત્રમાં પણ મનોનિયંત્રણ થઈ શકે છે, માટે ત્યાંથી પણ મનોનિયંત્રણ સમાપ્ત થવું જોઈએ. આમ નહીં થાય તો મનુષ્યની સ્વતંત્રતા નાશ પામશે. એક એક જણની સ્વતંત્રતા માટે આ જરૂરી છે. એ આ યુગનો Contradiction—અંતર્વિરોધ છે.

### સમાજવાદનો જન્મ

સમાજવાદ મનુષ્યના હૃદયને પકડી શકે છે એનું કારણ શું છે? સમાજવાદનો આરંભ મજૂરોએ નથી કર્યો. જોવા જાવ તો સમાજવાદની જરૂરત તો મજૂરોને હતી, પણ એનો ઉદ્‌ગમ એમનામાંથી નથી થયો. સમાજવાદનો આરંભ કરનારા લોકો યુટોપીયન–ધ્યેયવાદી હતા. એમાંના કેટલાક તો માર્ક્સથી પણ વધારે વહેવારુ હતા. એમની ભાવના પ્રત્યક્ષ પ્રયોગમાં ઊતરી. ભાવનાનું જીવનમાં અનુવર્તન થયું. સાચું પુછાવો તો એ લોકો Practical Socialists—વહેવારુ સમાજવાદી હતા. એમણે પ્રયોગો કર્યા. એમના પોતાના દુઃખની વાત નહોતી, એમનાથી બીજાંનાં દુઃખ દેખ્યાં નહીં ગયાં. બાબરને હુમાયુનું દુઃખ અને રામને લક્ષ્મણનું દુઃખ જોયું જતું નથી. વિનોબાએ એને 'કરુણા' કહી.

જે નૈતિક ભાવનાઓને લઈને સમાજમાં પરિવર્તનો થયાં છે તે બધાના મૂળમાં કરુણા છે. એટલે સમાજવાદની મૂળ પ્રેરણા કરુણા છે. સમાજવાદની કોઈ પણ રચનાને પારખવાની કસોટી એ છે કે એમાં કરુણા અને સહાનુભૂતિ કેટલી છે. માર્ક્સવાદીઓએ કરુણા અને સહાનુભૂતિને ઠેકાણે દ્વેષ અને મત્સરની ભાવના મૂકી. આ કોઈ ઉદાત્ત પ્રેરણાઓ નથી. આમ ભાવનાત્મક પ્રેરણાની જગ્યાએ વિકારાત્મક પ્રેરણા ઘૂસી ગઈ. તો એ એની કસોટી થઈ. એક માણસે લેનિનને સવાલ કર્યો, "તારી સાથે તમામ લોકો હતા તો હવે તારે બળજબરી કેમ કરવી પડે છે? તારે સરમુખત્યારીની જરૂર શા માટે પડે છે? આ બધા ખેડૂતો તારી સાથે હતા તો પછી હવે તારે એમના પર બળજબરી શા માટે કરવી પડે છે?" એણે જવાબ આપ્યો, "મારી ક્રાંતિમાં જે ભળ્યા હતા તે બધા સમાજવાદી ઓછા જ હતા! એ તો પોતપોતાના સ્વાર્થને લઈને ભળ્યા હતા."

અહીં સમાજવાદનો એક બીજો પણ સિદ્ધાંત આવે છે જે બીજો અંતર્વિરોધ છે — ભૂમિકા ( role ) અને ઉદ્દેશ ( motive ) નો. ગરીબને ક્રાંતિની જરૂરત છે, અને તેથી ક્રાંતિમાં એને મુખ્ય ભૂમિકા પ્રાપ્ત થાય છે. એ ક્રાંતિમાં મજૂરોની મુખ્ય ભૂમિકા હતી. આપણે એક ફરક હમેશા કરવાનો રહેશે કે ક્રાંતિમાં ભળનારા બધા જ ક્રાંતિકારી નથી હોતા. ક્રાંતિના પ્રવર્તક ક્રાંતિકારી હોય છે. ગાંધીના બધા સાથી અહિંસક નહોતા. પ્રેરક અહિંસક હતો. અસ્પૃશ્યતા-નિવારણનું આંદોલન સ્પૃશ્યોએ—સવર્ણોએ શરૂ કર્યું. વિધવા-વિવાહનું આંદોલન પુરુષોએ શરૂ કર્યું. તેવી જ રીતે સમાજવાદનું આંદોલન પણ એ લોકોએ શરૂ કર્યું જે ખુદ મજૂર નહોતા. આમ એની મૂળ પ્રેરણા છે કરુણા અને સહાનુભૂતિ. આ કરુણા અને સહાનુભૂતિનો વિકાસ કેટલો થયો તે સમાજવાદની કસોટી હોવી જોઈએ. ઇસ્લામનું મુખ્ય લક્ષણ શું છે? ઇસ્લામ શબ્દનો અર્થ છે 'શાંતિ', પણ 'બંધુત્વ' એની વિશેષતા ગણાય છે. તો ઇસ્લામની કસોટી કરવી હોય તો શી રીતે કરશો? કે એનાથી શાંતિ અને બંધુત્વ એ બે ગુણોનો કેટલો વિકાસ થયો?

### કરુણા એકમાત્ર કસોટી

એટલે સમાજવાદ અને સામ્યવાદની કસોટી શું હોવી જોઈએ તેનો આ રીતે વિચાર કરવો જોઈએ. સમાનતા કેટલી સાધી શકાઈ એટલું જ વિચારવું પૂરતું નથી, સમાનતાની ભાવના અને પ્રેરણાનો કેટલો વિકાસ થયો તે જોવું જોઈએ. આફત પ્રસંગે અને યુદ્ધમાં જે એકતા આવે છે તે તો સાપેક્ષ હોય છે, વાસ્તવિક નથી હોતી. સંકટ અને યુદ્ધમાં એકતા આવતી જ હોય છે. કેટલાક એવા જાણીતા દાખલા છે કે પૂરમાં માણસ અને સાપ એક જ લાકડા પર ચઢી ઘસડાતા જઈ રહ્યા છે. એકમેકને મારતા નથી. કારણ, બન્નેનો જીવ બચવામાં લાગેલો છે. એટલે આફત અને યુદ્ધ એ એકતાની ભાવના પરખવાની ખરી પરિસ્થિતિ નથી. સાચી પરખ તો એમાં છે કે સામાન્ય સમયમાં એકતાની ભાવના કેટલી છે?

આ એકતાની ભાવનાના વિકાસને આપણે સમાજવાદ કહીએ છીએ. રશિયા અને ચીનમાં કમ સે કમ આપસમાં સહાનુભૂતિનો વિકાસ થવો જોઈએ. મુસલમાનોમાં આપસમાં બંધુત્વનો તો વિકાસ

થવો જ જોઈએ. પણ વાસ્તવમાં બંને ઠેકાણે શું થાય છે? રશિયા અને ચીનમાં સત્તાધારીઓને પોતાના સાથીઓની હત્યા કરવી પડે છે અને પાકિસ્તાનમાં સરમુખત્યારી લાદવી પડે છે. સામ્યવાદીઓમાં ઉપર ઉપરની એકતા દેખાય છે. ગરીબોને લાગે છે કે આ સામ્ય-વાદીઓ નિર્દય તો છે પણ અમારે માટે બધું કરી છૂટશે. એ લોકો કરુણાવાન છે એવી ભાવના એમના મનમાં નથી થતી.

### ક્રાંતિઓ પાછળ નૈતિક પ્રેરણા

આજ સુધીમાં સમાજમાં જેટલા ક્રાંતિકારી પ્રયત્નો થયા તે બધાની પાછળ માનવીય અને નૈતિક પ્રેરણા રહી છે. અને એ આપણા સૌને માટે મોટી આશાનો વિષય છે. ગુલામીની પ્રથાની નાબૂદી માટેનું જ આંદોલન લો. જેમણે એ માટે આંદોલન ઉપાડયું તે લોકો પોતે ગુલામ નહોતા. વિલીયમ પેન, જ્યોર્જ ફોક્સ, લિંકન, ગેરિસન, વિલ્બર ફોર્સ વગેરેમાંથી કોઈ કહેતાં કોઈ ખુદ ગુલામ નહોતું. એ બધાનાં હૈયાં વલોવી નાખનારું પુસ્તક જેણે લખ્યું તે સ્ત્રી–હેરિયટ સ્ટો પણ કોઈ ગુલામ નહોતી. એણે તો કરુણાથી પ્રેરાઈને પુસ્તક લખ્યું. માટે આપણે મનમાંથી એ શંકા સાવ કાઢી નાખવી જોઈએ કે સ્વાર્થ નહીં હોય ત્યાં ક્રાંતિની પ્રેરણા નહીં હોય. આજ સુધીમાં ક્રાંતિનાં જે કંઈ આંદોલન થયાં તેની પાછળ કરુણાવાન લોકો જ હતા. માનવીય સહાનુભૂતિની પ્રેરણા એમનામાં હતી. હા, એમની સાથે એવા લોકો પણ હતા જેમનો પોતાનો ક્રાંતિમાં સ્વાર્થ હતો.

માઓ સાથે જે સૈનિકો હતા તેમાંના ઘણાને ક્રાંતિમાં પોતાનો સ્વાર્થ છે તે દેખાતું હતું. પરંતુ કેવળ પેટ ભરવા માટે જે સૈનિક બન્યા હતા તે તો ચ્યાંગના લશ્કરમાં હતા. ચ્યાંગ હાર્યો ને માઓના હાથમાં સત્તા આવી. બન્નેના હાથમાં હથિયાર હતાં, પણ ફરક ક્યાં પડ્યા? માઓના સૈનિક જાણતા હતા કે એમનો સ્વાર્થ ક્રાંતિ સાથે જોડાયેલો છે, જ્યારે ચ્યાંગના સૈનિક જાણતા હતા કે એમનો સ્વાર્થ ચ્યાંગ સાથે જ છે એમ નથી. પરિણામે ચ્યાંગના સૈનિકોએ અમેરિકા પાસેથી મળેલાં હથિયાર માઓના સૈનિકોને વેચી દીધાં. અને આમ અમેરિકાનાં હથિયારથી જ અમેરિકન સૈનિકોની ગરદનો કપાઈ. કોરિયામાં માઓની સેના અમેરિકન હથિયારોથી જ લડી હતી.

૩

# અંતર્વિરોધના ચાર પ્રકાર

હવે આપણે આજના જમાનાના ચાર અંતર્વિરોધો અંગે વિચારીશું.

દ્વંદ્વ—contradiction અને સંઘર્ષ–conflict વિષે બે પ્રકારના વિચાર પ્રવર્તે છે. એક વિચાર એવો છે કે દ્વંદ્વ એક જાતની બલા જ છે. દ્વન્દ્વ પોતે જીવન-વિરોધી વસ્તુ છે. જીવનમાં દ્વન્દ્વ વિનાશકારી છે. નમ્રતાના બારામાં એવા લોકોએ એક મુદ્દો ઉઠાવ્યો છે. એમનું કહેવું છે, નમ્ર મનુષ્ય કોઈ સમસ્યાનો સામનો કરે છે ત્યારે એ સામાવાળાનો ખ્યાલ રાખીને વર્તે છે. નમ્રતામાં પડકાર નથી હોતો. પરંતુ હવે આપણે એવું કહેવા મંડ્યા છીએ કે ક્યાંય હુલ્લડ થયું તો તે અહિંસા સામેનો પડકાર છે. ચીનનું આક્રમણ થયું તો આપણે કહ્યું કે આ અહિંસા માટે પડકાર છે. દુનિયાના કોઈ પણ ખૂણે કોઈ સવાલ ઊભો થાય છે તો આપણે કહીએ છીએ કે આપણી સામે આ પડકારરૂપ છે. સવાલ માત્ર પડકાર છે. આ તો જાણે અખાડો જ થઈ ગયો. આખું જીવન જાણે સમરાંગણ જ થઈ ગયું.

### જુદા જુદા દૃષ્ટિકોણ

લોંગફેલોએ "Psalm of Life—જીવનનું સ્તોત્ર"માં કહ્યું છે કે આ સંસાર એક વિશાળ રણક્ષેત્ર છે અને જીવન એ એક છાવણી છે, એમાં ઘેટાં બકરાં બનવાનું નથી, વીર પુરુષ બનો ! જીવનને જોવાની આ એક દૃષ્ટિ છે. આને આપણે સૈનિક-દર્શન અથવા યોદ્ધાનું દર્શન કહી શકીએ. એમને મન આખું જીવન એક રણક્ષેત્ર છે. બાળક માટે જીવન ક્રીડાભૂમિ, ક્રીડાંગણ છે. શ્રીમદ્ભાગવતમાં ભગવાન કૃષ્ણની બાળલીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ગોકુળ એ ગોપાળ કૃષ્ણની ક્રીડાભૂમિ છે. સૈનિક પુરુષ માટે એ રણક્ષેત્ર છે, બાળવૃત્તિવાળા માટે

ક્રીડાભૂમિ છે અને ધાર્મિક મનુષ્ય માટે એ યજ્ઞભૂમિ છે. આ જાતની દૃષ્ટિઓ મનને એક ચોકઠામાં બાંધી દે છે, એની આડે એક મર્યાદા ઊભી કરે છે. આપણે લોકોએ જુદા જુદા દૃષ્ટિકોણરૂપી પોતપોતાની વૃત્તિઓ અનુસાર જીવનનાં પ્રવેશદ્વારો બનાવી લીધાં છે. આમ ન થવું જોઈએ. આપણી વૃત્તિ અથવા ભૂમિકા પ્રમાણે આપણે સંસારને સીમિત ન કરીએ. આપઆપણી મનોવૃત્તિ, ભૂમિકા યા આકાંક્ષા પ્રમાણે આપણે દુનિયાને પરિમિત ન કરીએ.

કોઈ વિચાર, મનોવૃત્તિ અથવા દૃષ્ટિકોણ લઈને લોક ભેગાં થાય છે. એ રીતે પક્ષ અથવા સંપ્રદાયની રચના થાય છે. આ રીતે ભેગા થવાના જે આધાર હોય છે તે સૌની પોતપોતાની ભૂમિકા અનુસારના હોય છે. આમાંથી પ્રભુત્વવાદ જન્મે છે. એનાં બે રૂપ છે. એક રૂપ આધ્યાત્મિક છે અને બીજું ભૌતિક. ભૌતિકતાનો પ્રતિનિધિ સિકંદર છે. એણે કહ્યું કે આખી દુનિયા મારા પેટમાં રહેશે. હું આખી દુનિયા સાથે એકરૂપ થઈશ ખરો, પરંતુ એમાં પદ્ધતિ એ હશે કે દુનિયા મારા પેટમાં હશે. વાઘે કહ્યું કે ઘેટું ને હું એક છીએ. ઘેટું ક્યાં છે? તો કે' મારા પેટમાં છે. હવે એની અને મારી વચ્ચે કશો ભેદ નથી રહ્યો, એકરૂપ થઈ ગયાં છીએ. આ સામ્રાજ્યવાદ છે. માણસ આખી દુનિયાને એક કરવા માગે છે, પરંતુ એનું એકત્વ એવું છે કે જેમાં એ જ રહે, અને બાકીની આખી દુનિયા એના પેટમાં હોય.

બીજું છે આધ્યાત્મિક માનસ. એ વળી કહે છે કે હું પરકાયા-પ્રવેશ કરીશ. આધ્યાત્મિકતામાં પરકાયા-પ્રવેશને occult power—અતીન્દ્રિય શક્તિ કહે છે. એની બિસાન્ટ માટે કહેવાય છે કે રાતને વખતે એ પોતાનો દેહ છોડીને મહાત્માઓને મળવા ચાલી જતાં હતાં. એ જતાં હતાં કે નહીં તે હું નથી જાણતો. અમદાવાદમાં એક સજ્જન છે. તેમનો દાવો છે કે એ પરલોકની વ્યક્તિઓને મળતા હોય છે; ઇંદોરમાં એક ભાઈ હતા તે અને 'અમૃત બજાર પત્રિકા'ના સંસ્થાપક શિશિરકુમાર ઘોષનો દાવો હતો કે એ લોકો પરલોકના વાસીઓ સાથે સંપર્ક કરી શકે છે. પરલોક વિદ્યા (spiritualism)નો એક અર્થ મૃતાત્માઓ સાથે સંબંધ સ્થાપવાની વિદ્યા. આને લગતી એક પત્રિકા નીકળતી હતી. એમાં બધાં લખાણો

મૃતાત્માઓ સાથે સંબંધ સ્થાપવા અંગેનાં આવતાં. રામદાસ ગૌડને વળી ઝાડને પાંદડે પાંદડે ભૂત દેખાતાં.

એક મિત્ર મને ઘણી વાર કહેતા કે એક સાધુ છે જેની પાસે બેસવાથી જ આપણા મનમાં શું ચાલે છે તેની એમને ખબર પડી જાય છે. મને એ એમની પાસે લઈ જવા આગ્રહ કરતા. મેં કહ્યું કે એમ જ હોય તો તો મારે એમની પાસે નથી જવું. હા, જો એમની પાસે બેસવાથી મારા વિચાર બદલાઈ જતા હોય તો તો બરાબર છે. એમ ન થાય ને એ કેવળ મારા વિચાર જાણી શકતા હોય તો મારે નથી જવું. કારણ, એની પાસે બેસીને મારા મનમાં એને માટે ખોટી ભાવના પેદા થઈ તો એ એને જાણી જશે. અને એમ થયું તો? આમ છતાં, હું જ્યારે એમની પાસે જઈને બેઠો ત્યારે અનુભવ તો એ થયો કે મારા મનમાં જે ચાલતું હતું તેની એમને કશી ખબર ન પડી.

તમારા મનમાં શું ચાલે છે તે જાણી લેવાની વિદ્યાને પરકાયા-પ્રવેશ કહે છે. એ શક્તિ પ્રાપ્ત થાય તો પછી અમેરિકામાં આઈ-ઝનહોવર અને મોસ્કોમાં ક્રુશ્ચેવ બેસી શું વિચારી રહ્યા છે તેની તપાસ કરવા કોઈ જાસૂસની જરૂરત નહીં રહે. સિકંદર, કૈસર, હિટલર યા ઇંગ્લંડના સામ્રાજ્યવાદની જેમ આ પણ એક આધ્યા-ત્મિક એકચ્છત્ર સામ્રાજ્યવાદ જ છે. એને occult power–અતીન્દ્રિય શક્તિ કહે છે. તેથી કેટલાક આજના યુગને એપોકેલિપ્ટિસિઝમ apocalypticism નો યુગ કહે છે. એનો અર્થ થાય છે ઇલહામ—હૃદયમાં ઈશ્વરની પ્રેરણા થવી, પ્રાકટ્ય થવું. અતિ-માનવીય પ્રેરણાને revelation–રહસ્યનું ખૂલવું કહે છે. આ રહસ્યો ખૂલવાનો યુગ છે. ભૌતિક રહસ્ય-ઉદ્દઘાટનને આપણે ‘વિજ્ઞાન’ કહીએ છીએ અને આધ્યાત્મિક રહસ્ય-ઉદ્દઘાટનને ‘ચમત્કાર’ કહીએ છીએ. છે તો બન્નેય ચમત્કાર જ; અને એવા ચમત્કાર કે જે સામાન્ય મનુષ્યની બુદ્ધિથી પર છે.

આજ સુધી અધ્યાત્મ સાધારણ મનુષ્યની બુદ્ધિથી પર અને વિજ્ઞાન પ્રત્યક્ષ તથા ઇંદ્રિયગમ્ય મનાતું હતું. પણ પછી ઍટમ—અણુ આવ્યો. કોઈ અણુ જોઈ શકવાનો દાવો કરી શકે છે ખરો? દેખાય તો તો એ અણુ શેનો! ઍટમમાં mass–પદાર્થ અને energy

—ઊર્જા એ બન્ને છે. પણ ઊર્જા કોઈએ જોઈ છે ખરી ? તમામ વિજ્ઞાનનું ગણિત હવે અંતમાં જઈને આનુમાનિક પદાર્થો પર વિશ્વાસ મૂકીને ચાલે છે. એટલે પહેલાં અધ્યાત્મ ઋષિના સાક્ષાત્કાર સુધી જ સીમિત હતું તેમ હવે વિજ્ઞાન વૈજ્ઞાનિકોના સાક્ષાત્કાર સુધી જ સીમિત છે. આનું પરિણામ એ આવવાનું કે યંત્રશાસ્ત્ર આગળ વધશે ત્યારે ત્યાં વિશેષજ્ઞોનો જ સહકાર લેવો પડશે, સામાન્ય માણસનો ઉપયોગ નહીં રહે. ધારો કે તમે મને કોઈ એક સંતની પાસે બેસાડી દીધો. હવે તમે મને પૂછો છો કે "કેમ લાગે છે ?" હું શું કહીશ ? કહીશ કે "પાગલખાનામાં એક માણસ જોયો હતો, એની અને આની વચ્ચે કોઈ ફરક હોય એમ લાગતું નથી." ત્યારે તમે કહેશો કે સંતને ઓળખવા માટે તો સંત જ જોઈએ. અધ્યાત્મના ક્ષેત્રમાં એક પહોંચેલ પુરુષને ઓળખવા બીજો પહોંચેલ પુરુષ જોઈએ, તેમ આગળ જતાં વિજ્ઞાનમાં કેવળ વૈજ્ઞાનિકો જ ઉપયોગી થઈ શકશે.

### ઈલહામનો જમાનો

આજનો જમાનો રહસ્યોદ્‌ઘાટનનો છે. વિજ્ઞાનનું પરિણામ સર્વ-સુલભ છે, પણ એની શોધ સર્વસુલભ નથી. આ અંતર્વિરોધ છે. વિજ્ઞાન કાંઈ સર્વસુલભ વસ્તુ નથી, પરંતુ ભ્રમ એવો છે કે વિજ્ઞાન સર્વસુલભ છે. વિજ્ઞાનનાં પરિણામો સર્વસુલભ છે એ વાત પણ એક હદ સુધી જ ખરી છે. હવાઈ જહાજ ચલાવવું એ સર્વસુલભ નથી. હવાઈ જહાજમાં બેસવું સર્વસુલભ છે. મોટર અને ટ્રેન ચલાવવાં સર્વસુલભ નથી, પરંતુ એમાં બેસવું સર્વસુલભ છે. પરંતુ હાથી, ઘોડો કે ઊંટ ચલાવવાં સર્વસુલભ છે. આ જગ્યાએ ફરક પડે છે. જીવન સાથે પ્રત્યક્ષ સંપર્ક નથી આવતો. વિજ્ઞાને ભોગ તો સર્વ-સુલભ કરી નાખ્યા, પરંતુ એણે વ્યક્તિ માટે જીવનમાં પ્રત્યક્ષ ભાગ લેવો અઘરો કરી મેલ્યો. હવે તમે દર્શક અને ઉપભોક્તા છો, જીવનના વિધાતા ન રહ્યા. જીવનમાં તમારી સક્રિય ભૂમિકા નથી રહેતી. આ વિજ્ઞાનનો અંતર્વિરોધ છે.

દર્શક કોને કહેવાય ? જે બીજા મારફતે ઉપભોગ કરે તે. આપણાં ગાત્રો બધાં શિથિલ થઈ ગયાં છે, આપણી ભોગશક્તિ ક્ષીણ થઈ ગઈ છે, છતાં આપણે ઊછળ્યા કરીએ છીએ. "કેમ ?" તો કે'

"દીકરાનાં લગ્ન છે." "દીકરાનાં લગ્ન છે તેમાં તું શેનો નાચે છે?" એટલા માટે કે બાપ દીકરા મારફત ઉપભોગ કરે છે. બ્રાહ્મણની મારફતે યજ્ઞ કરીએ છીએ તેમ બીજાની મારફતે ઉપભોગ કરીએ છીએ. રેડિયો પર કોમેન્ટરી સાંભળીએ છીએ. જસુ પટેલે સેન્ચુરી–સો રન કરી નાખ્યા તો નાચી ઊઠચા. કેમ? એની મારફતે આપણે ભોગવીએ છીએ. આ થયો બીજા મારફતે ઉપભોગ–Life at second hand, vicarious life!

### ત્રણ ભૂમિકા

આમ ત્રણ ભૂમિકા થઈ—નિર્માતા, ઉપભોક્તા અને કેવળ દર્શક. એમ તો ભગવદ્ગીતામાં આત્મા માટે શબ્દ છે ઉપદ્રષ્ટા, અનુમન્તા. ઉપદ્રષ્ટા એટલે જે તમાશો જુએ છે. પણ એ કેવળ તમાશો જ જોતો નથી, અનુમન્તા પણ છે. એની સાથે એનું દિલ જોડાયેલું છે. હજારેએ એક છ રનની બાઉન્ડરી ઠોકી, તો એમાં આ કેમ કુલાઈ રહ્યો છે? કારણ, એની સાથે એનું દિલ પણ જાય છે. આમાં સવાલ એ છે કે આ ભૂમિકાઓમાંથી મુખ્ય ભૂમિકા કઈ હોવી જોઈએ? પહેલી ભૂમિકા નિર્માતાની, બીજી ઉપભોક્તાની અને ત્રીજી દર્શકની હોવી જોઈએ. આમાં દહાડે દહાડે નિર્માતાની ભૂમિકા પરિમિત બનતી જઈ રહી છે; તેથી મેં કહ્યું કે આજના યુગનો આ અંતર્વિરોધ છે.

બીજો કહે છે કે આ તો જ્યુક બોક્સ–જાદુઈ પેટારાનો યુગ છે. જાદુગરને પૂછો કે એના પેટારામાં શું શું છે? તો કહેશે કે દુનિયાભરની વસ્તુઓ એમાં ભરી છે. "એમાં કેરી છે?"— એમ પૂછશો તો કહેશે, કેરી જ શું કામ? કહો તો આંબો આખો કાઢી આપું. આમ આ જાદુઈ પેટારાનો જમાનો છે. વિજ્ઞાન ક્યારે શું કાઢી બતાવશે તે કહેવું અઘરું છે. એક શોધ થઈ, રહસ્ય ખૂલ્યું ને વિજ્ઞાન જાદુગરની જેમ અનેક વસ્તુ કાઢીને સામી ધરી દેશે. અહીં આવીને અંતર્વિરોધ ઊભો થાય છે. જ્યુક બોક્સ શું છે? એ શું કરે છે? તમારે જોઈતી વસ્તુ તમને વગર મહેનતે મળી રહે છે. ઉપરાંત, તમે કહેશો કે મારો દીકરો મરી ગયો છે, એનો અવાજ સંભળાવો. એ એનો અવાજ સંભળાવે છે. તમારી વીંટી ખોવાઈ ગઈ. જાદુગરને પૂછશો તો કહેશે, અમુક અમુકને ઘેર એ પડી છે. બસ તમારે કશી

મહેનત નહીં કરવાની. આ થયો જાદુઈ પેટારો. તેવી રીતે આઈન્સ્ટાઈને શોધ કરી, પણ એના ઠેકેદાર થઈ બેઠા આઈઝનહોવર અને ક્રુશ્ચેવ. એમણે એમાંથી અણુશસ્ત્રો બનાવ્યાં. શોધ તો કરી આઈન્સ્ટાઈને, પણ એનો પેટારો પડાવી લીધો આઈઝનહોવર અને ક્રુશ્ચેવે. પશ્ચિમમાં વિજ્ઞાનની પ્રગતિ તો થઈ, પણ પાશ્ચમનો સામાન્ય માનવી વૈજ્ઞાનિક થઈ ગયો છે એમ નથી.

### યંત્રો માટે વધારે બુદ્ધિની જરૂરત

અગાઉ આપણે જોઈ ગયા કે લેનિનની ક્રાંતિમાં મજૂરો જોડાયા ખરા, પણ એ મજૂરો સમાજવાદી ન બન્યા. યંત્રનો ગુણ એ છે કે એને ચલાવવા માટે વધારે બુદ્ધિની જરૂર પડે છે. બળદગાડું ચલાવવા કરતાં મોટરગાડી ચલાવવામાં વધારે અક્કલ જોઈએ. એટલે બળદગાડીમાં બેસો છો ત્યારે ગાડીવાનને ‘તું’કારેથી બોલાવો છો, પણ મોટરમાં બેસો છો ત્યારે ‘ડ્રાઈવર સાહેબ’થી ચાલકને સંબોધો છો. આ ‘સાહેબ’ ક્યાંથી આવી પડ્યું? કારણ એ છે કે બળદગાડી તો તમે પણ ચલાવી શકો. ગાડીવાન નારાજ થઈ ગાડી છોડી ઊતરી જાય તો પણ ગાડી અટકી પડવાની નથી, જ્યારે બસ ડ્રાઈવર ઊતરી જાય તો પછી બસ એ તમારા વશની વાત નથી. સમાજવાદી કહે છે કે વિજ્ઞાન-યુગ સાંસ્કૃતિક પ્રગતિમાં છે. તો પછી બન્ને વસ્તુઓને છૂટી પાડીને સમજવી જોઈએ. ઉપભોગનાં સાધનો ઘણાં થઈ ગયાં એટલાથી જ પ્રગતિ થઈ એમ કહેવું ખોટું છે.

ભોગ માટેની અનેક વસ્તુઓ પ્રાપ્ત થઈ, એટલાથી સમાજની ઉન્નતિ થઈ કહેવાય ખરી? એનું કહેવું છે કે યંત્ર ચલાવવા માટે મનુષ્યની બૌદ્ધિક ભૂમિકા ઉન્નત હોવી જોઈએ. મિકેનિકની તો વાત દૂર રહી, શોફર કે ડ્રાઈવર બનવા માટે પણ બળદગાડીવાળા કરતાં વધારે જ્ઞાનની જરૂર પડે છે. ગાડીવાન, મહાવત, ઘોડેસવાર, કે સાંઢણીસવાર એ બધામાં વધારે બુદ્ધિ હોય છે, પરંતુ યંત્ર ચલાવવા માટે એથી પણ વધારે બુદ્ધિની જરૂરત છે.

હવે અંતર્વિરોધ ક્યાં આવે છે? યંત્ર જેટલું વધારે કુશળ તેટલી એને બનાવનારમાં વધારે બુદ્ધિની જરૂરત રહેવાની. પરિણામે આગળ ઉપર યંત્ર કેવળ વિશેષજ્ઞો પૂરતાં મર્યાદિત થઈને રહેવાનાં. ઓટોમેશન—સ્વતઃચાલન એક જુદી વસ્તુ છે. મનુષ્ય જે યંત્રને

ચલાવે છે તે જેમ જેમ અધિક કુશળ અને સક્ષમ બનતું જશે તેમ તેમ દુનિયા પર ટેક્નોક્સી—યંત્રવિદોની સત્તા જામતી જશે. કેવળ વ્યવસ્થાવાદ નહીં, યાંત્રિકોનું રાજ્ય થશે.

### શોધ અને નિર્માણ

વૈજ્ઞાનિકને રહસ્ય કળાય છે. એ બે પ્રકારનાં હોય છે. એકને શોધ—discovery કહે છે. બીજાને નિર્માણ—invention કહે છે. ચંદ્ર સૂર્ય વચ્ચે કેટલું અંતર છે? ગણિત ગણીને કહી દીધું. એ અંતર તમે બનાવ્યું નથી, માત્ર ખોળી કાઢ્યું. તેવી જ રીતે સૃષ્ટિના નિયમોની શોધ કરી. અણુ, ઈથર, દ્રવ્ય (mass), ઊર્જા વગેરેની શોધ; પણ રોકેટ એ નિર્માણ (invention) થયું. ચન્દ્ર સુધી પહોંચવા તમે એક સાધન બનાવ્યું. જે સાધનોથી તમે એનું નિર્માણ કરશો તે અધિક ને અધિક સૂક્ષ્મ થતાં જવાનાં. ઉપકરણ જેટલાં સૂક્ષ્મ તેટલાં ઓછાં સુલભ. એટલે કહ્યું કે આગળ જતાં યંત્રવિદો (technocrats) ની સત્તા થશે.

### નિર્માણ અને ઉપભોગ

આધ્યાત્મિક ક્ષેત્રમાં અતીન્દ્રિય-શક્તિની સત્તા થઈ અને ભૌતિક ક્ષેત્રે ટેકનોક્રેટો—યંત્રવિદોની. આમ આ યુગના જાદુઈ પેટારાનો આ અંતર્વિરોધ છે. એ ઉપભોગની વસ્તુઓ તો તમારી સામે પાથરી દે છે, પણ એ ચીજોને બનાવવાની શક્તિ કે કુશળતા આપતો નથી. ધારો કે તમે તમારા નાના ભાઈને લઈને કાશીની સાક્ષીવિનાયક ગલીમાં ગયા. ત્યાં બસ રમકડાં જ રમકડાં છે. તો એ કહેશે કે આવી ગલી દુનિયામાં ક્યાંય નથી. રમકડાં તો ત્યાં મળે છે, પણ રમકડાં બનાવવાની યુક્તિ નથી મળતી. આમ વસ્તુ નિર્માણ કરવાની શક્તિ ક્ષીણ થતી જાય છે અને ઉપભોગની સગવડો—સાધનો વધતાં ચાલ્યાં જાય છે. કોઈ સામ્યવાદી અથવા અમેરિકાનો કોઈ માણસ કહી શકે કે સાંસ્કૃતિક વિકાસ સધાયો છે, કારણ કે યંત્ર-સંચાલન માટે જરૂરી વધારે બુદ્ધિ પ્રાપ્ત થઈ છે. હા, યંત્ર-સંચાલન માટે વધારે બુદ્ધિની જરૂર છે એ તો કબૂલ, પણ શું વધારે માણસો એને ચલાવશે, ચલાવી શકશે? તો કહેશે કે ના, ચલાવનારા તો ઓછામાં ઓછા હશે. તો પછી શો ફાયદો થયો? ભોગની વસ્તુઓની વિપુલતા થતી જાય, પણ બીજી તરફથી એ વસ્તુઓ બના-

વવાની શક્તિ અને અવસર ઘટતા જાય, તો એમાંથી સાંસ્કૃતિક વિકાસ આવી ન શકે.

### યોગી અને વૈજ્ઞાનિક

આજે હવે માણસ શબ્દની ગતિથી જઈ શકે છે. પ્રકાશની ગતિથી એકબીજા સાથે સંપર્ક કરી શકે છે. આઈઝનહોવર વૉશિંગ્ટનમાં બેસીને શું કરે છે તે જોઈ શકાય છે. પહેલેના યોગીઓ આથી વધારે શું કરતા હતા? ૧૫–૨૦ વર્ષ પર મને એક મિત્ર એક મહાત્મા પાસે લઈ ગયા. મને કહે, " આ મહાત્મા બહુ પહોંચેલા છે. અહીં બેઠા બેઠા અમેરિકામાં શું ચાલે છે તે કહી શકે છે." મેં કહ્યું, " થોડા દિવસ પછી હું પણ એ તો કહી શકીશ. પછી આ મહાત્માની જરૂર નહીં રહે. એમને ટેલિવિઝનના ડાયરેક્ટર બનાવી દો, એમણે સાધુ બની રહેવાની જરૂર નથી." આમ ઇંદ્રિયોની શક્તિ અતીન્દ્રિયની નિકટ પહોંચવા માંડી છે. વિનોબા કહે છે કે બ્રહ્મજ્ઞાન વિના હવે આરો નથી. કૃષ્ણમૂર્તિ પણ કહે છે કે હવે આ બધાથી પર થવું પડશે. આનું શું કારણ? એનું કારણ એ છે કે પહેલાં જે યોગીઓ સુધી જ સીમિત હતું તે હવે સર્વસુલભ બનવા માંડયું છે, સામાન્ય માણસ ત્યાં સુધી પહોંચવા માંડ્યો છે.

### અભિક્રમ, સ્વયંપ્રેરણા અને સ્વતંત્ર પ્રવૃત્તિ

તો પછી અંતર્વિરોધ ક્યાં આવ્યો? યોગીનું સામર્થ્ય સ્વાયત્ત હતું જ્યારે આપણું છે પરાયત્ત. એ આપણને અકર્મણ્ય—Passive બનાવી દે છે. યોગી એ વસ્તુ સ્વતંત્ર રીતે પ્રાપ્ત કરતો હતો જ્યારે આપણને એ પરિસ્થિતિ-પ્રાપ્ત છે. એને કારણે આપણામાં એનો અભિક્રમ નથી રહેતો, સ્વયં-પ્રેરણા અને સ્વયં-પ્રવૃત્તિ પણ નથી રહેતી. સ્વયંપ્રેરણા, સ્વયં-પ્રવૃત્તિ અને અભિક્રમ—Inspiration, Originality and Initiative એ ત્રણે મનુષ્યના વ્યક્તિત્વનાં ઉપાદાન છે. એ ત્રણે માણસમાંથી ગાયબ થાય છે. ઉપાદાન એટલે? ઘડાનું ઉપાદાન માટી છે, કાપડનું ઉપાદાન કપાસ છે, શાલનું ઉપાદાન ઊન છે, તેમ ઉપરોક્ત ત્રણે વસ્તુ મનુષ્યનું ઉપાદાન છે. એ ત્રણ ન રહે તો માનવજીવનમાંથી ઉત્કટતા નીકળી જાય છે.

લૂઈ ફિશરે ગાંધીજીનું જીવનચરિત્ર લખ્યું છે. એમાં એક પ્રસંગ છે. લૂઈ ફિશર મહાદેવભાઈને પૂછે છે કે " આ મુઠ્ઠી હાડકાંનો

માણસ દુનિયાભરનાં કામો કરી શકે છે તેનું શું કારણ? એમને બ્લડ પ્રેશર—લોહીનું દબાણ પણ છે અને છતાં જીવે પણ છે અને કામ પણ કરે છે. એનો ભેદ શું છે?" મહાદેવભાઈએ જવાબ આપ્યો કે એમનામાં passion—ઉત્કટતા છે. પ્રેમની સાથે ઉત્કટતા—passion જોઈએ. માણસ સાવ ભિન્ન ભિન્ન વસ્તુનો બનેલો નથી. ઉત્કટતા અને પ્રેમ એ અલગ અલગ વસ્તુ નથી. આમ તો એક જ છે. પ્રેમમાં જેટલી ઉત્કટતા ભરેલી હશે તેટલો પુરુષાર્થ વધુ થઈ શકશે. અને passion શબ્દની આગળ com ઉપસર્ગ જોડી દો એટલે compassion–કરુણા બને છે. સહયોગ માટે compassion–કરુણાની જરૂર પડે છે.

## યંત્રશાસ્ત્રીય અંતર્વિરોધ

આજે એકબીજા સાથે સંપર્ક સાધવા માટે એટલાં ને એવાં સાધનો બન્યાં છે કે આપણે પ્રકાશની ગતિથી સંબંધ સ્થાપી શકીએ છીએ. પણ પછી જો આપણામાં ઉત્કટતા નહીં હોય તો એમાં સહયોગ શી રીતે આવી શકશે? બે માણસોને લાવીને જોડા-જોડ બેસાડી દઈએ એટલાથી જ એ બે વચ્ચે સંપર્ક થોડો જ થઈ જવાનો હતો! વૉશિંગ્ટન દિલ્હીની બહુ નજીક આવી જાય તેથી આઈઝનહોવર સાથે સંબંધ થોડો જ બંધાવાનો હતો? એટલું જ નહીં, જોડાજોડ બેઠેલા એકબીજાની વાતનો જવાબ પણ ન આપે એમ પણ બને. પરસ્પર-વિમુખતા હોય તો આ બધાં સાધનોનો કશો અર્થ નથી. એની જગ્યાએ પ્રાંઙમુખતા આવવી જોઈએ. પ્રાંઙમુખ એટલે સામસામે મોઢું કરીને બેસવું તે. સામસામી પીઠ ફેરવીને બેસે તેને પરાઙમુખતા કહે છે. આવનજાવન અને સંપર્ક સ્થાપવા માટેનાં સાધન આવી જાય તેટલાથી પ્રાંઙમુખતા નથી આવી જતી. આ છે એક અંતર્વિરોધ. આને સમજવાની જરૂર છે. દિલ્હી-થી પેકિંગ જેટલું છેટું તેથી વૉશિંગ્ટન ઘણું ઘણું છેટું છે. દિલ્હીનો વૉશિંગ્ટન સાથે સંપર્ક થઈ શકે છે, મૉસ્કો સાથે થઈ શકે છે, પરંતુ ત્રિવેન્દ્રમ સાથે કે જ્યાં શંકરન નંબૂદ્રીપાદ છે તેની સાથે નથી થતો. એનું કારણ એ છે કે બન્ને મોઢામોઢ થઈને બેઠા નથી, બન્નેએ એકબીજા તરફથી મોઢું ફેરવી લીધું છે. આમ માણસ આજે એકબીજા તરફ મોઢું ફેરવીને બેઠો છે એ આ યંત્રયુગનો અંતર્વિરોધ છે.

## સાક્ષિપ્રત્યક્ષ

આજના યુગનું નામ છે અવકાશ–Space યુગ અને સામાન્ય માનવી–common man નો યુગ. અવકાશ એટલે આકાશ–ખાલી જગ્યા. બે વસ્તુ વચ્ચેની ખાલી જગ્યાને આકાશ કહે છે. આકાશનો અનુભવ છે, પણ દર્શન નથી થતું. એને માટે જૂનાં શાસ્ત્રોમાં એક સુંદર શબ્દ છે–સાક્ષિપ્રત્યક્ષ. ઇંદ્રિયગોચર નથી, છતાં બે આંગળી વચ્ચેના આકાશનો આપણે અનુભવ કરી શકીએ છીએ. "હું છું" એમ માણસ બોલતો હોય છે, પણ "હું છું" એ એણે જાણ્યું શી રીતે? આમ છતાં "હું છું" એ વાત સમજાવવા માટે બીજા કોઈની જરૂર નથી પડતી. આવા જ્ઞાનને સાક્ષિપ્રત્યક્ષ કહે છે. તેવી જ રીતે બીજા સાથેની એકતાનો પ્રત્યય એ કોઈ સિદ્ધાંત નથી. પણ જ્યારે એને શબ્દોમાં મૂકી એનું તત્ત્વદર્શન બનાવીએ છીએ ત્યારે એ સિદ્ધાંત બની જાય છે.

હું ઓંકારને કહું છું કે રાતે તો મારામારી થઈ ગઈ. એ કહે છે કે મને તો કંઈ ખબર જ નથી. "તો એ વખતે તું શું કરતો હતો?" તો જવાબ મળે છે, "એ વખતે હું સૂતો હતો?" "એવું કેવું સૂતો હતો?" "સાવ બેખબર થઈને સૂતો હતો." "તે તને શી રીતે ખબર પડી કે તું બેખબર થઈને સૂતો હતો?" "હું ક્લોરોફોર્મથી બેહોશ થઈને પડ્યો હતો!" "એ તેં શી રીતે જાણ્યું?" "હું તો સુખેથી પડયો હતો, કશાનું ભાન નહોતું."—આ જેણે જાણ્યું તે સાક્ષી છે એમ વેદાન્તી કહે છે. એ વખતે જ્ઞાન નહોતું તો પછી ત્યાર બાદ પણ સ્મરણ થવું જોઈતું નહોતું. "હું જન્મ્યો ત્યારે" એમ કહીએ છીએ તે કેવળ અનુમાન છે. કોઈને પણ એનું જ્ઞાન નથી હોતું. બીજાને જનમતાં જોયો એ પ્રત્યક્ષ જ્ઞાન છે. પરંતુ બેહોશી અને નિદ્રાનું જ્ઞાન એવું નથી. "હું હોશમાં નહોતો" એની પણ એને ખબર છે અને "હું ગાઢ નિદ્રામાં હતો" એ પણ એ જાણે છે. એને માટે અનુમાનની જરૂર નથી. આ 'સાક્ષિપ્રત્યક્ષ' કહેવાય છે.

## આકાશયુગ

આજના યુગને આકાશયુગ પણ કહે છે. કેમ? કારણ, આપણે સ્થળચર–જમીન પર ચાલનારા પ્રાણી તરીકે જન્મ્યા. ત્યાર બાદ

આપણે સ્થળચરને જળચર બન્ને બન્યા. હોડીઓ આવી, વહાણો ચાલવા લાગ્યાં. હું તરવાની વાત નથી કરતો, એ તો માનવીની વ્યક્તિગત આવડતની વાત છે. આપણે તો હવે ટેક્નોલોજી—યંત્ર-વિજ્ઞાનના યુગમાં પ્રવેશી રહ્યા છીએ. એ સમયે શું હતું? જે રાષ્ટ્રનું નૌકાસૈન્ય સૌથી સારું તે પ્રભાવશાળી રાષ્ટ્ર. અંગ્રેજોના ઇતિહાસમાં નેલ્સનનું નામ ખૂબ મોટું છે. કેમ? એટલા માટે કે સ્પેનના દુર્જય મનાતા નૌકાસૈન્યને એણે હરાવી દીધું. બ્રિટાનિયા સૌથી મોટું રાષ્ટ્ર શા માટે ગણાયું? એટલા માટે કે સમુદ્રો પર એની આણ ફરતી હતી. હવે મનુષ્ય નભચર થયો છે. એટલે હવે આજના યુગને આકાશયુગ કહે છે. હવે રોકેટો મંગળ સુધી જવા મંડયાં છે. પહેલાં દુનિયાની પ્રદક્ષિણા એંસી દિવસમાં થતી હતી,હવે કહે છે કે આઠ કલાકમાં પ્રદક્ષિણા કરી શકે છે. દુનિયા આજે દડાથી પણ નાની બની ગઈ છે. વૈજ્ઞાનિકોને માટે હવે પૃથ્વી દડાથી બહુ મોટી રહી નથી. તેમ છતાં વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચે જે અંતર હતું તે વધી ગયું છે, ઘટયું નથી! બને કે આગળ ઉપર વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચેનું અંતર તો ઘટે, પણ પૂર્વ બર્લિન અને પશ્ચિમ બર્લિન વચ્ચે જે અંતર છે તે નહીં ઘટે. આકાશ પર તો કાબૂ જમાવી દીધો, પણ ધરતી પરથી પગ ઊખડી ગયા. આ અંતર્વિરોધ થયો. આને ટોચે પહોંચેલ દ્વન્દ્વ—અંતર્વિરોધનો યુગ કહે છે. દ્વન્દ્વ આ યુગમાં પહોંચીને છેડે, અણી પર, પરિસીમા પર પહોંચી ગયો છે, એ એક બિંદુમાં કેન્દ્રિત થઈ ગયો છે. આપણે પણ દ્વન્દ્વની છેક અણી પર પહોંચી ગયા છીએ.

## મૂળભૂત અંતર્વિરોધ

આપણે મૂળભૂત અંતર્વિરોધનો વિચાર કરતા હતા. આપણા જીવનમાં કેટલાક મૂળભૂત અંતર્વિરોધ આવી ગયા છે. આપણે એનો જવાબ શોધતા હતા. પણ જવાબ શોધીએ છીએ "ઓરેકલ" પાસે, અને તે 'ક્વિઝ'ની જેમ. 'ક્વિઝ' એટલે અચાનક સવાલ પૂછી પાડવો, સામેવાળો બાઘો બની જાય; આને કહે છે 'ક્વિઝ' કરવું. પહેલેથી ખબર પડવા દીધા વગર કોઈને સવાલ પૂછી પાડીએ, અને એ ઉત્તર દઈ શકયો તો એને 'ક્વિઝ' ઉત્તર કહે છે.

એક વિદ્યાર્થી સાધુ પાસે જઈને પૂછે છે "હું પાસ થઈશ?"

સાધુ ચટ્ જવાબ વાળે છે, " જા બેટા, પાસ થશે. " જૂના ગ્રીકમાં ડેલ્ફીનું મંદિર હતું. કોઈને શંકા હોય તો ઓરેકલને પૂછવા એ મંદિરે પહોંચતા. તેવી રીતે આજકાલ પણ એક વાત ચાલી છે. શું ? તો કે જવાબ યાંત્રિક મગજ ( electric brain ) આપી શકે અથવા તો સરમુખત્યાર ( dictator ) આપી શકે. હિસાબકિતાબ અને ગણિતના જવાબ યાંત્રિક મગજ આપે, અને જીવનની સમસ્યાઓના જવાબ સરમુખત્યાર આપે. આમ મનુષ્ય આજે પોતાની મનુષ્યતાનું રાજીનામું આપી રહ્યો છે.

### ચાર પ્રકારના અંતર્વિરોધ

એક તરફથી તો કહેવાય છે કે યાંત્રીકરણ જેટલું થતું જશે, મનુષ્યની બુદ્ધિનો એટલો વિકાસ વધતો જશે. પણ બીજી બાજુ, યાંત્રીકરણ જેટલું વધતું જઈ રહ્યું છે, બુદ્ધિનું કામ એટલું ઘટતું જઈ રહ્યું છે. આવો એક અંતર્વિરોધ ખડો થઈ રહ્યો છે. આજનો જમાનો ઇલહામ-રહસ્યોદ્‌ઘાટનનો છે. હૃદયમાં અંતઃપ્રેરણા યા દિવ્ય પ્રેરણા થાય છે અને કશુંક નવું નિર્માણ થાય છે. આ જાતનું રહસ્યોદ્‌ઘાટન આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકોને થાય છે. જૂના જમાનામાં જેમ ઋષિ મુનિઓને અંતઃસ્ફૂર્તિ થતી હતી તેવી જ અંતઃસ્ફૂર્તિ આજ પણ થઈ રહી છે, પણ એનો સ્તર જુદો છે. આ છે પહેલો અંતર્વિરોધ. બીજો અંતર્વિરોધ જ્યુક બોકસ—જાદુઈ પેટારાનો છે. એક ઇંદ્રિજાળ ફેલાવવામાં આવી છે, અને એ પેટારામાં રામ જાણે શું શું ભર્યું છે ! એ ઉપભોગની ચીજો આપે છે, પણ ચીજો બનાવવાની બુદ્ધિથી વંચિત રાખે છે. પરિણામ એ આવ્યું છે કે એક હાથે ઉપભોગની સુલભતા વધતી જઈ રહી છે જ્યારે બીજી બાજુ નિર્માણ કરવાની ક્ષમતા ઘટી રહી છે. આ બીજો અંતર્વિરોધ છે.

ત્રીજો અંતર્વિરોધ એ છે કે આપણે શબ્દની ગતિથી પ્રવાસ કરીએ છીએ અને પ્રકાશની ગતિથી સંપર્ક સ્થાપી શકીએ છીએ. પરંતુ એ સંબંધ સ્થાપવા માટે Passion—ઉત્કટતા અને Compassion—કરુણા જોઈએ તે માણસના જીવનમાંથી ઘટતી જઇ રહી છે.

આજનો યુગ આકાશનો અને સર્વસાધારણનો છે. પહેલાં આપણો પુરુષાર્થ ભૂમિ સુધી મર્યાદિત હતો. પછી ભૂમિ અને

જળ પર થયો. હવે આપણો પુરુષાર્થ આકાશમાં પણ ફેલાયો છે અને બીજા ગ્રહો સુધી આગળ વધ્યો છે. આમ છતાં અહીં લોકોની વચ્ચે જે હાર્દિકતા અને બંધુતા હોવી જોઈએ, જેને વિનોબા 'સખ્ય' કહે છે તે નથી. ઉત્કટતા અને કરુણા નથી, જ્યારે આકાશ-સંચાર શરૂ થઈ ગયો છે. આ થયો ચોથો અંતર્વિરોધ.

●

૪

# નિષ્ક્રિયતા અને યંત્રપ્રેમ

આજની પરિસ્થિતિમાં જે મૂળભૂત અંતર્વિરોધ છે તે એ કે મનુષ્યો એકબીજાની પાસે તો પહોંચી રહ્યા છે, પરંતુ એ એકબીજાને અભિમુખ થઈ રહ્યા નથી. થવું એમ જોઈતું હતું કે ઈન્સાનનું મોઢું ઇન્સાન તરફ હોય, ઇન્સાન ઇન્સાન તરફથી મોઢું ન ફેરવી લે.

### અરણ્યવાદ અને વૈરાગ્ય

જૂના જમાનામાં અરણ્યવાદ અને વૈરાગ્ય આધ્યાત્મિકતામાં ગણાતા. ભગવદ્ગીતામાં કહ્યું છે : अरतिः जनसंसदि—માણસ મહેફિલબાજ કે ક્લબનો કીડો નથી. અંગ્રેજ કવિ ગોલ્ડ સ્મિથે લખ્યું છે— "Far from the maddening crowd—જનસમુદાયથી દૂર રહી જીવન વિતાવવું." આનો અર્થ એ થયો કે ભીડથી દૂર રહેવું, સમુદાયવિમુખતા. કોઈને ભીડ નથી ગમતી. કુંભના મેળામાં ઘણા લોકો નહાવા જાય છે, ઘણા લોકો ભીડ જોવા જ જાય છે. પણ એ પોતે નહાવા જાય ત્યારે એમની ઇચ્છા એ હોય છે કે તે વખતે ભીડ ન હોય! અર્ધકુંભી અમાસને દિવસે પણ પુષ્કળ લોકો જાય છે, પરંતુ ઇચ્છે છે એમ કે ટ્રેનમાં ભીડ ન હોય. લોકોની જમાવટ હોય ત્યાં માણસ નથી જવા ઇચ્છતો. પરંતુ ભીડથી બચવું એ એક વસ્તુ છે અને લોક-વિમુખતા બીજી વસ્તુ છે. લોકવિમુખ ન થવું જોઈએ. નહીં તો પછી પ્રેમ માટે કોઈ અવકાશ નથી રહેતો અને પછી તો સમાજ-પરિવર્તનની વાત કરવાની પણ જરૂર નથી. દરેક જણ અલગ અલગ વ્યક્તિ છે, દરેક વ્યક્તિ પોતાનામાં એક અપવાદ છે એ વાત સાચી. પરંતુ કોઈ વ્યક્તિ વિવિક્ત નથી. વિવિક્ત એટલે Isolated—એકાન્તસેવી. માણસ એકાન્તસેવી ન બને. પહેલાં આધ્યાત્મિક મનુષ્ય વિરક્ત, એકાન્તસેવી મનાતો. "એમની શી વાત કરવી? એ તો સાધુ છે, હમેશાં પહાડો ને જંગલોમાં ફર્યા કરતા હોય છે!" ઘણુંખરું આવું

આપણે સાંભળીએ છીએ. આવાને Recluse-એકાન્તસેવી કહે છે. એટલે કે એવો વિરક્ત, વૈરાગી માણસ સમાજથી છેટો રહે છે.

આમ જૂના જમાનામાં માણસ સામે બે જ વિકલ્પ હતા : अेको वासः पत्तने वा वने वा ।—શહેરમાં રહો, નહીં તો જંગલમાં રહો. अेको देवः केशवो वा शिवो वा ।– એક જ દેવ. યા તો કૃષ્ણ, યા તો શિવ! આ છેડો કે પેલો છેડો. મિત્ર પણ તેમ જ—" भूपतिर्वा यतिर्वा "—યા તો રાજા, નહીં તો યતિ. વચલાની વાત નહીં. વિરક્ત હતા, આધ્યાત્મિક વૃતિના હતા તે પત્તનમાં એટલે કે શહેરમાં નહોતા રહેતા. 'રઘુવંશ'માં રઘુવંશના રાજાઓનું વર્ણન આવે છે. અંતે એ રાજાઓ વાનપ્રસ્થાશ્રમમાં વનમાં ચાલી જાય છે. शैशवे कृतविद्यानां, यौवने गृहमेधिनाम् ।— બાળક હોય ત્યાં સુધી વિદ્યાધ્યયન, અને તરુણ થયો એટલે ગૃહસ્થ બન્યો. અને છેલ્લે " वार्धके मुनिवृत्तीनाम् । —ઘડપણમાં મુનિવૃતિ. રાજા પોતાના કુંવરને રાજ્ય સોંપી જંગલમાં ચાલ્યો જતો. દશરથે કહ્યું, "રામને યુવરાજ બનાવો ને તમે નિવૃત્ત થઈ જાવ." અને જે સંસાર-નિવૃત્ત થતો તે લોક-નિવૃત્ત થઈ જતો.

### લોકાભિમુખતા અને પ્રપંચવિમુખતા

વિનોબા કહે છે કે હવે વાનપ્રસ્થાશ્રમને પુનર્જીવિત કરવો જોઈએ, અને એ માટે એક વયમર્યાદા નક્કી થવી જોઈએ. તમામ ગુરુકુળોમાં વાનપ્રસ્થો જઈને વસે. આ મર્યાદા દરેક મનુષ્ય માટે હતી. પરંતુ જો બન્ને માટે બે અલગ અલગ અર્થ માનીએ તો તો તે dichotomy— દ્વિભાજનકરણ થશે. આમાંથી મનુષ્યના વ્યક્તિત્વનો વિચ્છેદ થાય છે— એક આધ્યાત્મિક વ્યક્તિત્વ અને બીજું સાંસારિક વ્યક્તિત્વ. બન્ને ભૂમિકાઓ ભિન્ન ભિન્ન જીવન થઈ જાય છે. એક ગૃહસ્થધર્મ અને એક યતિધર્મ. જૈનોમાં એક ગૃહસ્થનો ધર્મ હોય છે અને બીજો ભિક્ષુઓનો. તેવી જ રીતે એક સૈનિકધર્મ અને બીજો નાગરિકનો ધર્મ. એક નાગરિક નિવાસ, બીજો સૈનિક નિવાસ. એક સૈનિક વૃત્તિ, બીજી ગૃહસ્થની વૃત્તિ. આવા ભેદ પાડવામાં આવે છે. જે સંસાર-વિમુખ થયો તે લોક-વિમુખ પણ બની જાય છે. આપણું કહેવું છે કે માનવાભિમુખ રહી સંસાર-નિવૃત્ત થાવ. લોકાભિમુખતાનો વિકાસ થવો જોઈએ.

પ્રપંચનિવૃત્તિનો અર્થ થાય છે લોક-અભિમુખતાનો અનંત વિકાસ. જે પ્રપંચ-નિવૃત્ત થયો તે લોકાભિમુખ બની ગયો. આ રીતે સામાન્ય મનુષ્યના જીવનમાં સમગ્રતા આવવી જોઈએ. ગણિતમાં એક શબ્દ છે ઇંટિજર ( Integer )–પૂર્ણાંક. ત્રણ પૂર્ણાંક ચાર પંચમાંશ— આંકડામાં ત્રણ પૂર્ણાંક છે—એને 'ઇંટિજર', 'હોલ નંબર' કહે છે. મનુષ્યનું જીવન પણ એ રીતે ઇંટેગ્રલ, હોલ—સમગ્ર, પૂર્ણ હોવું જોઈએ. દરેક મનુષ્ય પોતામાં અપવાદ હશે, અને વિભૂતિ હશે. પોતામાં એ પૂર્ણ હશે, અંશ નહીં. કોમ્યુનિટેરીયન–( સામુદાયિક ) સમાજના પક્ષપાતીઓ હવે organic theory–અંગ-અંગીના સિદ્ધાંતમાં માનવા લાગ્યા છે. સમાજની યાંત્રિક રચનામાં એ નથી માનતા, ઓર્ગેનિક થીયરીમાં માને છે. એમાં અવયવ-અવયવી ભાવ રહેલો છે. અવયવ એટલે શરીરનાં અંગ. આંખ, કાન, હાથ, આંગળી એ બધાં શરીરનાં અંગો છે. શરીરનો એનાં અંગો સાથે જે સંબંધ છે તે જ સમાજનો વ્યક્તિ સાથે સંબંધ છે. આને સમાજનો organic theory—અંગઅંગી સિદ્ધાંત કહે છે.

### અંગ–અંગી સિદ્ધાંત

પશ્ચિમના સમાજમાં એક એવો સમય હતો જ્યારે લોકો અંગ-અંગી સિદ્ધાંત માનતા હતા. એ પછી 'યાંત્રિક સિદ્ધાંત' આવ્યો કે સમાજ એક બહુ મોટું યંત્ર છે. પણ એની પ્રતિક્રિયા થઈ અને ફરી વાર અવયવ-અવયવીભાવ આવ્યો. આ અંગ-અંગી ભાવમાં શું છે? એમાં એક મોટો દોષ છે તે એ કે દરેક અંગ પોતે શરીર નથી, પોતામાં એ પૂર્ણ નથી. પણ આપણે તો કહીએ છીએ કે દરેક વ્યક્તિ પોતામાં પૂર્ણ છે. અહીં વિનોબા બે સચોટ શબ્દ આપે છે. દરેક વ્યક્તિ પોતામાં 'પૂર્ણ' છે, અને સમાજમાં 'પરિપૂર્ણ' છે. અહીં જે 'પરિ' ઉપસર્ગ છે તેનો અર્થ 'બધી બાજુએથી.' परित: એટલે બધી તરફથી. પોતાનામાં એ પૂર્ણ છે, અને જ્યારે એ બીજાઓ સાથે રહે છે ત્યારે બધી તરફથી એ પૂર્ણ બની જાય છે. સહ-જીવનનો અર્થ છે પરિપૂર્ણ જીવન.

આજે સમાજનો એક હદ સુધી વિકાસ થઈ ગયો છે તેથી હવે આપણે કહીએ કે સમાજને લાગે વળગે છે ત્યાં સુધી વ્યક્તિ મોટી કે સમાજ મોટો એવો વિવાદ નકામો છે. વિચાર આગળ

વધ્યો છે. દરેક વ્યક્તિ પોતાનામાં પૂર્ણ છે અને સમાજમાં પણ પરિપૂર્ણ છે. રાજનીતિમાં પણ બે શબ્દ ચાલે છેઃ The king—રાજા અને The king in Council—સત્તાસ્થાન પર બેઠેલો રાજા. રાજા જાય છે. એ જનારો રાજા સિંધિયા હોય, હોલકર હોય યા નિઝામ પણ હોય. પરંતુ The king in Council—સત્તાસ્થાને બેઠેલો રાજા એટલે કે જેને હુકમ કરવાનો અધિકાર છે તે. આ બે વસ્તુઓ અલગ અલગ નથી. તેવી જ રીતે મનુષ્ય અને સમાજનો સદસ્ય મનુષ્ય ( A man, અને Man in Society ), પોતામાં પૂર્ણ છે અને સમાજમાં પરિપૂર્ણ છે. આને આપણે સંવાદિત્વ કહીએ છીએ. બન્નેનો એકબીજા સાથે વિરોધ નથી.

### સામ્યીકરણ

હવે આનો અનુબંધ જુઓ. આ યાંત્રિક યુગમાં બે ચીજો એક સાથે ચાલી રહી છે, એક છે Standardisation—સ્ટાન્ડર્ડાઈઝેશન અને બીજી છે Specialisation—સ્પેશ્યલાઈઝેશન. સ્ટાન્ડર્ડાઈઝેશનનો અર્થ છે એકરૂપતા, સામ્યીકરણ. સમાજમાં સામ્યીકરણ થઈ રહ્યું છે. આપણા બધાના વાળ એક સરખા કાપેલા છે, બધાના જોડા એક સરખા છે, બધાના ચશ્મા એક સરખા છે. તમામ બાહ્ય વસ્તુઓમાં એકરૂપતા આવી રહી છે. ભોજનમાં પણ એકરૂપતા આવી રહી છે. દક્ષિણના ભોજનમાં ને ઉત્તરના ભોજનમાં પહેલાં જેટલો ફરક હતો તેટલો હવે રહ્યો નથી. વિજ્ઞાનની સાથે માણસના રહેવા કરવામાં સ્ટાન્ડર્ડાઈઝેશન–સામ્યીકરણ આવ્યું છે. કળામાં પણ એ જ વાત જોવા મળશે. હવે કાશીમાં પણ અમેરિકા ને ઓસ્ટ્રેલિયા જેવાં મકાનો બનવા માંડ્યાં છે. હજી દક્ષિણ અને ઉત્તર ભારતનાં મંદિરો અને દેવળોમાં ફેર છે, પરંતુ બન્નેની હૉસ્પિટલોમાં કોઈ ફેર નથી. એસ્પેરેન્ટો પોશાક, એસ્પેરેન્ટો ભોજન, એસ્પેરેન્ટો વાસ્તુવિદ્યા—આ સ્ટાન્ડર્ડાઈઝેશન—સામ્યીકરણ છે. એક વૈશ્વિક સમાનરૂપતા વિજ્ઞાનની સાથે આવી છે. પરંતુ વિજ્ઞાન સાથે જેટલું સ્ટાન્ડર્ડાઈઝેશન આવ્યું છે એટલું જ સ્પેશ્યલાઇઝેશન—વિશિષ્ટીકરણ પણ આવ્યું છે.

### વિશિષ્ટીકરણ

સુંદરલાલ બીમાર થઈ ગયા. ડૉક્ટર આવ્યા. સ્ટેથોસ્કોપથી છાતી તપાસી. પછી આંખ જોઈ, મોઢું જોયું. પછી કહે, "આમનાં

ઝાડો-પેશાબ તપાસ માટે મોકલી આપો." પૂછ્યું કે "તમે તપાસશો ?" તો કહે, "નહીં, નહીં. હું નથી તપાસતો, બીજા ડૉક્ટર પાસે મોકલી આપો." પછી વળી કહે, "એમના હૃદયનો કાર્ડિયોગ્રામ કરાવી લો." પૂછ્યું, "કાર્ડિયોગ્રામ તમે કરશો ?" તો કહે, "ના રે, હું તો એની લિપિ પણ જાણતો નથી. કોઈ હૃદય-રોગના નિષ્ણાત ડૉક્ટર પાસે જાવ." એમ આંખ માટે આંખના ડૉક્ટર પાસે. એ આંખ જોઈને કહે, "આની તો જમણી આંખ ખરાબ છે, અને હું ડાબી આંખનો જાણકાર છું. માટે જમણી આંખના ડૉક્ટર પાસે જાવ." આ રીતે સ્પેશ્યલાઇઝેશન–વિશિષ્ટીકરણ જીવનને ટુકડાઓમાં વહેંચી નાખે છે. અને વહેંચવાનો અર્થ છે ખંડિત કરવું. પણ એ ખંડિત શા માટે કરે છે? જ્ઞાનને માટે, વિશ્લેષણ માટે.

## માનવની નિષ્ક્રિયતા

એક તરફ તો વિશિષ્ટીકરણ અને બીજી તરફ આ સામ્યીકરણ. મારું કહેવું એ છે કે તમે આ સામ્યીકરણ અને વિશિષ્ટીકરણ કરવા જ બેઠા છો તો પછી એમ કેમ નથી કરતા કે સામાજિકતા વધે અને વ્યક્તિની વિશેષતા પણ વધે? "ટિંકર, ટેલર, સેલર અને સોલ્જર" લો. ટિંકર–કંસારાનો ગુણ એ છે કે વાસણ મરામત કરે છે. ટેલર–દરજીમાં એ ગુણ છે કે એ કપડાં સીવે છે. સેલર–નાવિકમાં હોડી ચલાવવાનો અને સોલ્જર–સૈનિકમાં લડાઈનો ગુણ છે. આમ ધંધાવાર લોકો વહેંચાયેલા હતા, અને ધંધાનું વિશિષ્ટીકરણ કરવામાં આવ્યું હતું. આને લોકો શ્રમ-વિભાજન ( division of labour ) કહે છે. હવે તક્નિકી–ટેક્નોલોજીની સાથે વિશિષ્ટીકરણ આવશે. સાધનો સૂક્ષ્મ અને કુશળ થતાં જશે એટલે એના વિશેષજ્ઞોની જરૂર પડશે. આમ વિશારદતાની જરૂર સાથે વિશેષ લોકોનો મહિમા વધવાનો. અને આપણે કહીએ છીએ કે આ જમાનો સામાન્ય માણસોનો છે. દરેકને માટે ભોગ સુલભ બને એને આપણે પૂરતું માન્યું. આપણું કહેવું છે કે ભોગ સુલભ થાય તેટલું જ પૂરતું નથી. ખેલ, મનોરંજન, સંજીવન એ બધું તમે સુલભ કર્યું, પણ સાથે તમે વ્યક્તિની ક્રિયાશીલતા— function છીનવી લો છો. વિશિષ્ટીકરણ યાંત્રીકરણની સાથે આવે ત્યારે વિજ્ઞતા જેટલી વધતી જાય છે, સામાન્ય મનુષ્ય એટલો જ ક્રિયાશીલતાવિહીન—functionless થતો

જાય છે. આમ ન થવું જોઈએ. આ તો નિર્જીવતા જ છે. આપણે મનુષ્યને નિષ્ક્રિય બનાવવા માગતા નથી.

તો અંતર્વિરોધ આવે છે ક્યાં? વૈજ્ઞાનિક આવિષ્કાર અને વૈજ્ઞાનિક શોધોએ મનુષ્યને સુખી તો બનાવ્યો, પણ એની સ્વતંત્રતા છીનવી લીધી. અહીં સ્વતંત્રતાનો અર્થ ક્રિયાશીલતા, કર્મદક્ષતા કરું છું. પગો દોડી રહ્યા છે, એ પગોની ક્રિયાશીલતા નથી. એ તો વ્યાયામ થયો. પણ માણસની આંગળીઓ સિતાર વગાડે છે તો એ થયો function–ઉદ્યોગ.

સૌની પાસે બળદગાડી હતી ત્યારે બળદગાડીમાં શું શું હોય છે તેનું યંત્ર-વિજ્ઞાન પણ દરેક માણસ જાણતો હતો. પરંતુ દરેક માણસ પાસે મોટર આવી જશે તો પણ એ એનું યંત્ર-વિજ્ઞાન જાણતો થઈ જશે એ જરૂરી નથી. દરેક માણસ પાસે ચશ્મા છે, પણ તેથી એ એના બનાવી થોડો જ જાણે છે? બાટાએ બધાને જોડા આપ્યા, પણ તેથી બધાને જોડા બનાવતાં આવડ્યું ખરું? યંત્ર જેટલું કુશળ, વાપરનાર માટે એટલું જ સુલભ અને બનાવનાર માટે એટલું જ મુશ્કેલ. પરંતુ બરુનો કિત્તો લો. વાપરનારને મુશ્કેલ પડશે, પરંતુ બનાવનાર માટે એ સહેલો છે. બનાવનારે બરુ લીધો, છોલીને આપી દીધો. અને વાપરનાર જેટલો હોશિયાર હશે તેટલા અક્ષર સુંદર નીકળશે. ટાઈપરાઈટર વાપરનાર માટે સહેલું છે, પણ બનાવનાર માટે મુશ્કેલ છે. ઓટોમેટિક અને અનબ્રેકેબલ–ચાવી વગર ચાલનારી ને ન તૂટે તેવી ઘડિયાળ સારી ગણાય છે, પરંતુ બનાવનાર માટે એ સહેલી નથી. આમ યંત્ર જેટલું કુશળ એનો ઉપભોગ એટલો જ સુલભ. યંત્રની આ જ કુશળતા છે.

માકર્સે કહ્યું હતું કે કેન્દ્રીકરણ વધતું જશે તેમ માલિક ઘટતા જશે અને માલકીયત વધતી જશે. એક જણ પાસે છ એકર જમીન છે તો તે નાનો માલિક કહેવાશે. છસો એકર હોય તો મધ્યમ પ્રકારનો માલિક, અને છ હજાર એકર હોય તો મોટો માલિક. પણ છ હજાર એકર જેટલી મોટી જમીન બહુ થોડા પાસે હોઈ શકે. આમ માલિકોની સંખ્યા ઘટતી જશે તેમ તેમ માલકીયત વધતી જશે. તેવી જ રીતે યંત્ર-વિશારદતા વધતી જશે તેમ તેમ વિશારદ

ઘટતા જશે. આ ન થવું જોઈએ. આનાથી મનુષ્યના જીવનનો આનંદ છિનવાઈ જાય છે.

### જૂનાં અને નવાં યંત્રો વચ્ચેનો ભેદ

દરેક માણસની દૃષ્ટિએ technology—યંત્રવિજ્ઞાનમાં વિરોધ ક્યાં ઊભો થાય છે? આમ તો માણસે ઓજારની શોધ કરી ત્યારથી જ યંત્ર-વિજ્ઞાન વિકસ્યું એમ કહી શકાય. પણ પહેલાંનાં ઓજારો સામાન્ય હતાં. એમાં વિશિષ્ટીકરણ ઓછું હતું અને એક જ ઓજાર અનેક કામમાં લઈ શકાતું. આજે દરેક કામ માટે જુદું જુદું ઓજાર છે. આને જ specialisation — વિશિષ્ટીકરણ કહે છે. ઓજારોનું પણ વિશિષ્ટીકરણ. પહેલાં શું હતું? નાડી તપાસી, ને કહી દીધું કે આને શરદી થઈ છે. આજનો ડૉક્ટર સ્ટેથોસ્કોપથી છાતી તપાસશે, થર્મોમિટરથી તાવ માપશે, બેટરીથી મોઢું જોશે અને ત્યાર પછી કંઈક કહેશે. એટલે જેમ જેમ વિશિષ્ટીકરણ વધતું જશે, ઓજાર પણ એને અનુરૂપ બનતાં જશે. પહેલાંનાં અને આજનાં ઓજારમાં સૌથી મોટો ફરક એ છે કે પહેલાંનું ઓજાર સાદું હતું અને તેથી ઘણા ઉપયોગમાં આવી શકતું હતું. આજનાં ઓજાર સૂક્ષ્મ બનતાં જઈ રહ્યાં છે, પરિણામે એક જ કામ આપે છે. એક ઓજારથી બીજું કામ કરવા જશો તો તે ભૂલ લેખાશે. ધારો કે તમને કોઈ અંગ્રેજે જમવા બોલાવ્યા છે. તમે જઈને બેઠા. સામે ચમચો ને કાંટો આવ્યા. હવે કાંટો પકડવાના હાથે તમે ચમચો પકડો છો ને ચમચો પકડવાના હાથે કાંટો, તોએ શું કહેશે? "કેવો ગમાર માણસ છે? કાંટો ચમચો પકડતાં પણ નથી આવડતું!"

એક યંત્રથી ઘણાં કામ લઈ શકો તો તે યંત્ર અધૂરું—અપૂર્ણ છે. એમાં accuracy—અચૂકતા તો ત્યારે જ આવે જ્યારે એક યંત્ર એક જ રોગના કીડા તપાસે, બીજા રોગના નહીં.

આપણું મન જેટલો અચૂક સંકેત આપે તેટલું જ એ પ્રમાણભૂત ગણાય છે. એક માણસ કહે છે, "એક વાત પાકી સમજી લો; મને જે વસ્તુ સારી લાગી તે સારી જ હોવી જોઈએ. કારણ કે ખરાબ વસ્તુ તરફ મારું મન જતું જ નથી. દુષ્યન્ત કહે છે કે મને શકુંતલા સાથે પ્રેમ થયો તો શકુંતલા ક્ષત્રિય-કન્યા જ હોવી જોઈએ, બીજી હોઈ શકે જ નહીં; કારણ, ક્ષત્રિય સિવાયની કન્યા સાથે મને

પ્રેમ જ ન થાય ! प्रमाणं अन्तःकरणप्रवृत्तयः । હરીશ વ્યાસ કહે છે કે મારા મોઢામાં પાણી આવી ગયું એનો અર્થ એ કે આ વસ્તુ આમલેટ ( ઈંડાંની બનેલી વસ્તુ ) હોઈ જ ન શકે, ભજિયાં જ હોવાં જોઈએ. કારણ મને આમલેટ ખાવાની ટેવ જ નથી.

### યંત્ર-શક્તિની કસોટી

યંત્રમાં જેટલી અચૂકતા આવતી જાય છે તેટલું જ યંત્ર પ્રમાણભૂત મનાય છે. એક જ યંત્ર બે ચીજ બતાવે ત્યારે નિર્ણય થઈ શકતો નથી. યંત્ર એક જ ચીજ બતાવે તો તરત નિર્ણય થઈ શકે છે. યંત્ર-શક્તિની કસોટી એ છે કે એમાં અચૂકતા ( accuracy ) હોવી જોઈએ.

યંત્ર જેટલું કુશળ થતું જશે તેટલી યંત્રવિદોની સત્તા દુનિયામાં જામતી જશે. યાંત્રીકરણ ( technology ) નો આ ધર્મ જ છે. જે માણસ મોટર ખરીદે તેણે મિકેનિક પણ બનવું પડે એમ તમે કહો તો પેલો કહેશે, 'આ શી ઝંઝટ ?' મોટર ખરીદનારને યંત્ર નથી ખપતું, એને માત્ર મોટરની સગવડ જ જોઈએ છે. તમે એને મોટર આપો, અને કોઈ વાતની ઝંઝટ ન હોય તો એને આરામ રહેશે. ટાઈપરાઈટર વારે ઘડીએ જોવું પડે તો એ ઝંઝટ લાગવાનું. પેનને સાફ કરો, શાહી ભરો ! તો તરત બોલી ઊઠશો કે આ શી ખટખટ ? એવી પેન લાવી આપો કે શાહી ખૂટે જ નહીં. ક્યાં સુધી લખશો ? તો કે' આંગળીઓ થાકે ત્યાં સુધી. આ સુલભતા થઈ. પણ આનાથી મનુષ્ય નિષ્ક્રિય — functionless બનતો જાય છે. વસ્તુ બનાવવામાં એની ભૂમિકા ક્ષીણ થતી જાય છે.

### માનવના વ્યક્તિત્વની સમાપ્તિ

આપણે જોઈએ છીએ કે સાધારણ મનુષ્યનું વ્યક્તિત્વ નષ્ટ થઈ રહ્યું છે. થવું જોઈતું હતું એવું કે સામ્યીકરણ અને વિશિષ્ટીકરણ સાથે સાથે ચાલે. સાધારણ મનુષ્યની વિશેષતાનો વિકાસ થાય. પણ એમ થઈ રહ્યું નથી. આપણને આ વાત શા માટે કબૂલ નથી ? એટલા માટે કે માણસ નિષ્ક્રિયતા અને આલસ્ય-પ્રિય નથી.

શરીરધારીનું, મનુષ્યનું જે સ્વરૂપ છે તે નિષ્ક્રિયતાનું નથી. પણ તો પછી એ આરામ શા માટે ખોળે છે ? આનું કારણ છે અભાવ અને દુકાળ. આ એક બીજો અંતર્વિરોધ છે. વિપુલતાનાં સાધનો

વધ્યે જાય છે, પરંતુ સાથે જ દુનિયામાં અભાવ અને દુકાળ છે. આ દેશના માણસને પૂછશો તો જાહેર સભામાં તો એ કહેશે, "આ અમેરિકા જુઓને! ભૌતિક સુખની પાછળ પડ્યું છે. પરંતુ અમારો દેશ આધ્યાત્મિક છે, એ ભૌતિક સુખની પાછળ નહીં જાય." પણ ઘરમાં વાત કરતી વખતે કહેશે કે "અમેરિકામાં હોય છે તેવું મકાન જોઈએ. ત્યાં તો દરેક માણસને મોટર છે, મારી પાસે એક પણ મોટર નથી. મોટર તો મારે માટે જરૂરી છે. ત્યાં બટન દબાવવાથી ભોજન હાજર થાય છે, અને અહીં તો સ્ત્રીને દબડાવવી પડે છે. આવું કેમ?" આનું કારણ છે, અહીં સુખનાં સાધન ઉપલબ્ધ નથી.

### સુકાળની આકાંક્ષા

મારી બાજુમાં એક વૃદ્ધ માણસ જમવા બેઠો છે. રબડી પિરસાઈ રહી છે. એ કહે છે, "અમે ખાધી હતી તેવી રબડી તો આજકાલ મળતી પણ નથી." પછી વળી કહે છે, "તને ખબર છે? એ વખતે રબડી ચાર આને શેર મળતી હતી." બોલો, આ છે એનું અધ્યાત્મ! જૂના જમાનાનાં વખાણ કરો છો ત્યારે તમે એ વખતે જે સુખ સગવડો હતાં તેનું જ વર્ણન કરો છો. આ છે આ દેશના આધ્યાત્મિક મનુષ્યની દશા. જરા ચકાસો કે એની આધ્યાત્મિકતા ક્યાં ઊડી ગઈ? અભાવમાં અટવાઈ ગઈ ને દુકાળમાં સુકાઈ ગઈ. સુકાળમાં આધ્યાત્મિકતા હોય અને દુકાળમાં સુકાઈ જાય એ તો બહુ મોટો અંતર્વિરોધ થયો!

કહે છે, ભારત દુનિયાને માર્ગ દેખાડશે. કયો ભારત દુનિયાને માર્ગ દેખાડવાનો હતો? જે ભારત રાત-દિવસ સુખનાં જ સપનાં સેવ્યા કરે છે, જેના રોમે રોમે અમન ચૈનનાં અરમાન છવાયેલાં છે તે ભારત? વૈભવ અને બળ માટેની આકાંક્ષા ભરી પડી હોય અને ઉપરથી માર્ગ દેખાડશે? આ જ કારણ છે કે અહીંનો સાધારણ માણસ પરિસ્થિતિમાં પ્રત્યય ઊભો કરી શકતો નથી. પ્રત્યયનો અર્થ છે — વિશ્વાસ. આ અંતર્વિરોધ છે.

સંઘર્ષ આજે આપણા વ્યક્તિત્વના ટુકડા કરી રહ્યો છે, બે ટુકડામાં વહેંચી રહ્યો છે. આપણે એનો વિચાર નથી કરતા. જેમને ક્રાંતિ કરવી છે તે પણ એનો વિચાર નથી કરતા. સાધારણ માણસ

જે દશામાં છે, તે દશામાં છે જ. પણ આપણે એ વાતનો વિચાર ન કર્યો કે જ્યાં શારીરિક જરૂરિયાતો પૂરી નથી થતી તે દેશ હમેશા વૈભવનો આકાંક્ષી રહેવાનો.

બીજી એક વાત. મનુષ્ય સ્વભાવથી સંગ્રહપ્રિય નથી. પણ આજે એના ચિત્તમાં વૈભવની આકાંક્ષા છે. આનું કારણ છે જરૂરિયાતની વસ્તુઓનો અભાવ.

## એક ઐતિહાસિક પ્રશ્ન

અહીં એક ઐતિહાસિક પ્રશ્ન ઊભો થાય છે. આ દેશમાં ક્યારેય એવો/સુકાળ હતો ખરો કે જ્યારે બધાને એમની જરૂરિયાતો મળી રહેતી હતી? વેદમાં દુકાળની વાતો આવે છે. પુરાણમાં વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્રની વાતોમાં દુકાળની વાત આવે છે. એવો એકેય યુગ નથી જેમાં દુકાળની વાત ન કહેવાઈ હોય. હવે આપણે એ સુકાળ આંખોની સામે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ અને એની આકાંક્ષા સેવીએ છીએ. આ દેશમાં દુકાળ વગરની અવસ્થા ક્યારેય નહોતી. હા, આજના જેટલો નહીં હોય કારણ કે આજકાલ તો વસ્તી વધી ગઈ છે. આજના કરતાં દુકાળ ઓછો હશે તેથી એનાં ગુણગાન કરતાં હોઈએ તો તે જુદી વાત છે. ઘી ચાર આને શેર હતું ત્યારે શું બધાને મળતું હતું ખરું? દૂધ પૈસે શેર હતું ત્યારે બધાં પીવા પામતાં હતાં ખરાં? ઘઉં દસ પૈસે પાયલી હતા ત્યારે બધાને ખાવા મળતા હતા ખરા?

ઉત્પાદનની સાથે સુલભતાનો સવાલ આવે છે. વસ્તુ પ્રાપ્ય હોય પણ સાથે સૌને ઉપલબ્ધ થાય ત્યારે ખરું. કેવળ પ્રાપ્ય હોવું તે પૂરતું નથી, ઉપલબ્ધ હોવું જરૂરી છે.

## બે મૂળભૂત અંતર્વિરોધ

આમ વૈજ્ઞાનિક યુગના અંતર્વિરોધની વાત કરતાં કરતાં આપણે આપણા દેશના અંતર્વિરોધ સુધી પહોંચી આવ્યા. બે મૂળભૂત અંતર્વિરોધો સુધી પહોંચ્યા. યાંત્રિકતા સાથે આવતો અંતર્વિરોધ, તે એ કે યંત્ર જેટલું કુશળ હોય, માણસ એટલો જ નિષ્ક્રિય બને છે. આ યંત્રની સાથે જોડાયેલી બાબત છે તેથી આ મૂળભૂત અંતર્વિરોધ છે.

બીજો અંતર્વિરોધ, આપણા દેશમાં "एको वासः पत्तने वा वने वा"–નું આધ્યાત્મિક દર્શન રહ્યું છે. આપણે માટે એ બહુ ભારે ગૌરવની વાત છે કે આવી બધી પરિસ્થિતિમાં પણ આપણું જીવન-દર્શન આધ્યાત્મિક રહ્યું. અહીંનો ચીંથરેહાલ માણસ પણ ગાય છે ને હસે છે. એનો સંતોષ અધમ ભલે હોય પણ એની પાછળ એક તત્ત્વજ્ઞાન છે. હવે આ તત્ત્વજ્ઞાન છે તે વાસ્તવિક નથી, અને તેથી આપણું વ્યક્તિત્વ છિન્ન-વિચ્છિન્ન થઈ રહ્યું છે. આજે પરિશ્રમ વગર જ વૈભવ પામવાની આકાંક્ષા છે. યંત્રયુગનો આ અંતર્વિરોધ છે. મનુષ્ય નિષ્ક્રિય બનવા નથી માગતો પછી આપણા દેશનો માનવી યંત્ર-પ્રેમી કેમ છે? એ ગ્રામોદ્યોગ કેમ નથી ચાહતો? યંત્ર જ કેમ ઇચ્છે છે? એમાં કારણ આળસુ સ્વભાવ નથી, સુકાળની-સુભિક્ષની આકાંક્ષા છે. યંત્રમાં એ આકર્ષણ છે.

●

૫

# આધ્યાત્મિકતાની સામે વૈભવની આકાંક્ષા

સ્ટાન્ડર્ડાઈઝેશન એટલે સામ્યીકરણ. બધાને એક રૂપ, અને એક રંગના કરવાના પ્રયત્નને સામ્યીકરણ કહે છે. કેટલાક ભાષાવિદો આને સમાનીકરણ પણ કહે છે. જે હોય તે, ટૂંકમાં આમાં એક માપ ને તોલની વ્યક્તિઓ હોવી જોઈએ.

### ધર્મ, ફોજ અને શિક્ષણમાં સામ્યીકરણ

આ સામ્યીકરણ ક્યાં ક્યાં દેખાય છે? એક તો ધર્મમાં, બીજું ફોજમાં અને ત્રીજું વિશ્વવિદ્યાલયોમાં. ફોજમાં દરેક સૈનિકના માપનો પોશાક નથી સિવડાવાતો. દરજી દરેક સૈનિકનું માપ નથી લેતો કારણ કે ફોજમાં લગભગ સરખા સરખા કદના માણસોને જ ભરતી કરવામાં આવે છે. સામ્યીકરણ માટે સૈનિકીકરણ—regimentationની જરૂર પડે છે. ફોજમાં સૌને માટે ગણવેશ હોય છે અને બધાને માપીને ભરતી કરે છે તેથી સૌનાં કદ અને વજન લગભગ સરખાં સરખાં હોય છે.

ધર્મમાં જરા જુદી જાતનું સામ્યીકરણ થાય છે, કારણ કે ધર્મપ્રવેશ કરનારને માપવામાં નથી આવતો. પોશાક પરથી ઓળખી શકાય કે આ મુસલમાન છે, આ શીખ છે, આ પહેલવાન છે અને આ વૈરાગી છે. આ થયું ધર્મમાં સામ્યીકરણ.

વિશ્વવિદ્યાલયમાં કાળો ઝભ્ભો (Gown) ચડાવીને એક છોકરો ઊભો છે. પૂછો કે આ કોણ છે? તો કહેશે, એ સ્નાતક–ગ્રેજ્યુએટ છે. વકીલ અને ન્યાયાધીશોના પણ ખાસ પોશાક હોય છે. વિશ્વવિદ્યાલયમાં પાસ થનાર છોકરાઓ પોતા માટે અલગ ગાઉન–ઝભ્ભા નથી બનાવતા. દસ રૂપિયાના ભાડેથી મળે છે, એ પહેરીને ડિગ્રી લઈ ફોટો પડાવી લે છે. તેવી જ રીતે જે વ્યક્તિ સમાવર્તનનું ભાષણ કરવા આવે છે તેનો ગાઉન પણ એના માપનો નથી હોતો.

જ્યાં સામ્યીકરણ હોય છે ત્યાં ઉત્પાદન પણ મોટા પાયા પર ( mass production ) કરવું પડે છે.

ઘરમાં બે કે ત્રણ સંતાન છે. હવે એમને માટે કાશીથી રમકડાં લઈ જવાં છે; એક લીલા રંગનો અને એક પીળા રંગનો પોપટ ખરીદ્યો, તો ઘેરે ઝઘડો થવાનો. બે તે બેને લીલા રંગનો જ પોપટ જોઈએ. સમજાવો તોય છોકરાં નહીં માને. એટલે એક જ રંગનાં, માપનાં અને દેખાવનાં રમકડાં લઈ જાવ તો ઝઘડો નહીં થાય.

### અદલાબદલીની બે રીત

સામ્યીકરણ આગળ વધીને interchangeable– પરિવર્તનીયમાં ફેરવાઈ જાય છે. એક વસ્તુને ઠેકાણે બીજી મૂકી શકાય છે. આને અદલાબદલી કહી શકાય. સામ્યીકરણવાળી વસ્તુઓ રૂપરંગે તો એક જ હોય છે. નીચેવાળી ઇંટ ને ઉપરવાળી ઈંટ એવો એમાં ફરક નથી હોતો. ઈંટ ઈંટ બધી સરખી. એક તૂટી ગઈ તો એની જગ્યાએ બીજી. તેવી જ રીતે સામ્યીકરણમાં એક માણસની જગ્યાએ બીજાને ગોઠવી શકાય છે.

આપણે તો કહ્યું કે દરેક વ્યક્તિ પોતામાં અદ્વિતીય અને અપવાદ છે. પરંતુ યંત્રવિજ્ઞાન-તક્નિકી કહે છે કે એકને બદલે બીજાને ગોઠવી જ શકો. એમાં કોઈ અપવાદ નથી. આ એક મૂળભૂત અંતર્વિરોધ છે. સામાન્ય માણસની આજે ગતિ શી છે ? એની સામાન્યતા અદલાબદલી ( interchangeability ) થઈ શકે તેવી બની રહી છે. એકને ઠેકાણે બીજાને ગોઠવી શકાય છે.

અદલાબદલીની બે રીત. એક અઘરી ને બીજી સહેલી. સહેલી રીત કઈ ? તો કે' જે સૌથી સામાન્ય છે તેના સ્તર પર બધાને લઈ આવો. સહેલું તો એ જ છે કે લોહિયા, જયપ્રકાશ અને જવાહરલાલ સૌને આપણા સ્તર પર ઘસડી લાવીએ. Genius—પ્રતિભાશાળીને mediocre—સામાન્ય બનાવી નાખો, વિશિષ્ટને સામાન્ય બનાવી દો. Mediocre નો અર્થ છે મધ્યમ, સર્વસાધારણ. પણ ખરી રીતે interchangeability માં શું થવું જોઈએ ? જે ઉત્કૃષ્ટ છે તેના સ્તર પર બીજાઓ પહોંચે. પણ થઈ શું રહ્યું છે ? જે સામાન્ય છે તેના સ્તર પર બીજાઓને લાવે છે.

સામાજિક પરિવર્તનની દિશા સમજી લો. એક કહે છે કે ઉત્કૃષ્ટ તરફ ધપો, બીજો કહે છે કે સામાન્ય તરફ જાવ. પહેલું છે Culturisation—સાંસ્કૃતીકરણ. એ સંસ્કૃતિની, ઉત્તમતાની દિશામાં લઈ જાય છે, બીજું vulgarisation—અણઘડપણા ભણી લઈ જાય છે. આ બરાબર નથી. પણ ઉત્કૃષ્ટને નીચે ઘસડી લાવવાની રીત સહેલી પડે છે. શુદ્ધ ઉચ્ચારણ કરનાર અશુદ્ધ ઉચ્ચારણ કરવા માંડે તો કહેશે કે એ સાધારણ મનુષ્યની દિશામાં ગયો. મહારાષ્ટ્રમાં કૃષ્ણનું 'કુશા' કર્યું. ગુજરાતમાં 'કરસન' કર્યું, હિંદીવાળાઓએ 'કિસન' અને બંગાળવાળાઓએ 'ક્રિષ્ટો' કર્યું. આ સર્વસાધારણની ભાષા છે. એકે લક્ષ્મણનું 'લખમન' કર્યું. બીજાએ 'લછમન' કર્યું, ત્રીજાએ 'લખન' કર્યું, ચોથાએ લાખન કર્યું અને પાંચમાએ 'લોખોન' કર્યું. છાપામાં 'સ્ટેનોગ્રાફર' છપાયું હોય તો બિહારવાળા 'અસ્ટેનોગ્રાફર' વાંચશે, હિંદીવાળા 'ઈસ્ટેનોગ્રાફર' વાંચશે અને પંજાબવાળા 'સટેનોગ્રાફર'. આ બધાં સામાન્ય ઉચ્ચારણો છે. પણ આ બરોબર નથી. આપણું કહેવું છે કે સામ્યીકરણ કરવાનું હોય તો excellence—ઉત્કૃષ્ટતા તરફ થવું જોઈએ. આપણા ધ્યાનમાં રહેવું જોઈએ કે અહિંસાની પ્રક્રિયા કેવળ એક પ્રક્રિયા નથી, જીવનની પદ્ધતિ છે, દિશા છે. ઘડી ભર માટે ધારો કે અદલાબદલી કરવાની જરૂર ઊભી થઈ. તો મારી જગ્યાએ જવાહરલાલ તો જરૂર આવી શકે; પરંતુ 'જવાહરલાલ પછી કોણ?' એવો સવાલ ઊઠે છે ત્યારે બધા માથું ખંજવાળવા લાગે છે. તો શિખર પર હમેશાં અપવાદ સ્વરૂપ કેટલાક લોકો રહેવાના. મારા દીકરાએ વકીલાત શરૂ કરી તો મેં એને કહ્યું, "વકીલાત શા માટે કરે છે? એમાં તો ઘણા હશે. ભારે ભીડ હશે!" એણે જવાબ આપ્યો, "દાદા, શિખર પર હમેશાં મોકળાશ હોય છે!" શિખર પર મોકળાશ હોય છે, કારણ કે ત્યાં એક જ જણો બેસી શકે છે. નીચે જ જગ્યાની મારામારી હોય છે. આમ છતાં ઉપરવાળો નીચેવાળાની જગ્યા લઈ શકે છે, પણ નીચેવાળો ઉપરવાળાની જગ્યા લઈ શકતો નથી. કારણ, ત્યાં જગ્યા પણ એક જ હોય છે. વિનોબા કહે છે કે આ આપણું 'આરોહણ' છે. આ આરોહણ એમ જ વાપરી કાઢેલો શબ્દ નથી; એમાં દિશાનો

સંકેત છે કે સામ્યીકરણ થવાનું જ હોય તો ઉત્કૃષ્ટતાની તરફ થવું જોઈએ.

નાનો હતો ત્યારે મેં સમાજ-વિરોધી એક પુસ્તક વાંચ્યું હતું. એ વખતે સમાજવાદની ખૂબ બોલબાલા હતી એટલે સમાજવાદ વિષે અનેક પુસ્તકો બહાર પડ્યાં હતાં. મેં જે પુસ્તક વાંચ્યું તેમાં લખ્યું હતું કે મકાનો સૈનિકોની બરાકો જેવાં હોવાં જોઈએ. પ્રશ્ન હતો કે એક સરખાં મકાન બનશે કે શું? આજકાલ જો કે એમ જ થાય છે, બધા 'ફ્લેટ' જ 'ફ્લેટ' બંધાય છે. કહે છે કે ઓરડા પણ એક જ માપના હોવા જોઈએ. મુંબઈમાં છોકરાઓ ઓરડા રાખીને રહે છે. એમાં જે ખૂણા પરનો ઓરડો હોય છે તેનું ભાડું વધારે હોય છે, કારણ કે એમાં હવા ને ઉજાસ વધારે આવે છે. છાત્રા-વાસમાં ખૂણા પરનો ઓરડો જે વિદ્યાર્થી ભણવામાં બહુ હોશિયાર હોય તેને આપે છે. ઓરડા બધા જ સરખા હોય છે છતાં ખૂણા પરના ઓરડા માટે ખેંચાતાણી ચાલે છે. છોકરાનાં નામ પાડે છે; એકનું નામ અવિનાશચન્દ્ર અને બીજાનું નામ નથ્થુ. તો નથ્થુ કહેશે, "આ બરાબર નથી, પેલો તો થયો અવિનાશ, અને હું નથ્થુ—નાથિયો જ રહ્યો". તો શું કરવું? તો કે' બધાને નામ નહીં, નંબર આપો. ત્યાં વળી ફરી ઝઘડો પડચો, "એને પહેલો નંબર તો મારો બીજો કેમ?" આમ એમાં સમાજવાદની ઠેકડી ઉડાવવામાં આવી હતી.

ખૂણા પરના ઓરડાને લઈને ઝઘડો પડચો કે એ કોના ભાગે જાય? ધારો કે ઝઘડનારા બન્ને જણાને એ જ ઓરડામાં રાખ્યા તો વળી ઝઘડો ઊઠશે કે સડક તરફની બારી કોણ લે? એક જણાની આંખ નબળી છે માટે ચશ્મા આપવા પડચા, તો બીજા કહેશે બધાને જ ચશ્મા આપો, ને એ જ નંબરના આપો! આને નીચેના સ્તર પર સરખું સપાટ કરવું—levelling down કહે છે.

### અહિંસક પ્રક્રિયાનો ગુણ

એક સ્તર કરવો છે. સ્તર સમાન કરવો છે. સમાનીકરણ થાય ભલે, પણ કયા સ્તર પર? ઉપરના સ્તર પર થવું જોઈએ, નીચેના સ્તર પર નહીં. લેવલિંગ થાય ભલે, પણ ઉપરના સ્તર પર થવું જોઈએ, નીચેના સ્તર પર નહીં. અહિંસક પ્રક્રિયામાં આ વિવેક

સચવાય છે, પરંતુ હિંસક પ્રક્રિયામાં તો જે તરફ સંખ્યા વધારે તેના જેવા બનવું પડશે. હિંસક પ્રક્રિયાનું એ લક્ષણ છે.

સંખ્યાની શક્તિ હિંસક શક્તિ છે. એને Brute majority—હેવાની બહુમતી કહે છે. બહુમતી છે, પણ કેવી છે?—પાશવિક! પાશવિક બહુમતી ઇન્સાનિયતવાળી નથી હોતી. સંખ્યાની શક્તિ જડ શક્તિ છે. રખે ભરમાતા કે સંખ્યાની શક્તિ અહિંસક છે. હા, એ શસ્ત્ર-શક્તિની તુલનામાં અહિંસક છે, પરંતુ આમ એ પશુ-બળ છે. ગુણ એટલો જ છે કે શસ્ત્ર-બળ કરતાં ઓછું હિંસક છે. એટલે જો સમાનીકરણ નીચેના સ્તર પર કરવાનું ઠરાવશો તો જેમની સંખ્યા અધિક છે તેમના જેવા બનવું પડશે. પરંતુ જો પ્રક્રિયા અહિંસક હશે તો સમાજ સંખ્યા તરફ નહીં, ગુણ તરફ આગળ વધશે.

આ બંને પ્રક્રિયાઓને સમજી લઈ ખ્યાલમાં રાખવી જોઈએ. બંને વચ્ચે મૂળગામી અને દૂરગામી ભેદ છે. એક પ્રક્રિયા સંખ્યા પર આધાર રાખે છે, પછી નામ ભલે ને અહિંસાનું જ રહ્યું! એ અહિંસક એટલા માટે છે કે એ નિઃશસ્ત્ર છે. છતાં એને કારણે બધાને બહુમતી તરફ વળવું પડશે. માટે સ્ટાન્ડર્ડાઇઝેશન—સામ્યી-કરણમાં એક મર્યાદા હોવી જોઈએ. તમારા સૌના ઝભ્ભા આમ તો સરખા દેખાય છે, છતાં એ સરખાપણામાં એક મર્યાદા એ છે કે ઝભ્ભા સૌ સૌના માપના છે. એમાં તમારું માપ અને રુચિ બન્ને રહેલાં છે. આમ, એમાં બે ચીજ છે. એક તો તમારા વ્યક્તિત્વનું પરિમાણ તમારું માપ છે. બીજું, તમારી પોતાની રુચિ— taste. આ રુચિ પરથી માણસના સંસ્કાર પરખાઈ આવે છે.

### કલાત્મકતાની કસોટી

રુચિની સાથે સાથે એક રીત પણ હોય છે. એને 'તહજીબ' કહે છે. તહજીબનો અર્થ થાય છે સભ્યતા, શિષ્ટાચાર. તમારી બાજુમાં બેઠેલો એક આદમી ખીર પીએ છે. પીતી વખતે જોર જોરથી સબડકા બોલાવે છે, રોટલી ખાય છે ત્યારે બચ-બચ અવાજ કરે છે ને ચા પીએ છે તો સૂસૂ સિસકારા બોલાવે છે. તમને લાગે છે કે આના ઢંગમાં કંઈક ગરબડ છે. એની કેળવણીમાં કશીક ખામી રહી ગઈ લાગે છે. તેવી જ રીતે માણસના ઉદ્યોગમાં પણ એની રીતભાત પ્રકટ થાય છે.

ઉદ્યોગમાં કલાત્મકતા અને કૌશલ રહેલાં હોય છે. એક છોકરી-ની આંગળી દરવાજામાં ચગદાઈ ગઈ. કહ્યું, 'લાવ પટ્ટી બાંધી આપું.' પણ પટ્ટી બાંધતાં એટલું દબાવ્યું કે એનાથી ચીસ નીકળી ગઈ. કહેવા લાગી, "આ માટે તો દરવાજો જ પૂરતો હતો, તારી જરૂર નહોતી." પછી બીજો જણ પટ્ટી બાંધી આપે છે. છોકરી કહે છે, 'કેવી સફાઈપૂર્વક સરસ પટ્ટી બાંધી!' સામાન્ય કામમાં પણ કળા રહેલી હોય છે.

સમાનીકરણનો અર્થ આપણે સમજી લેવો જોઈએ. આપણે ઉત્કૃષ્ટતા તરફ વધવું છે. નાના હતા ત્યારે દાદા અમારી પાસે પતરાળાં ને દડિયા બનાવરાવતા. છેક વેદના વારામાં બનતા તેવા દડિયા અમારા બનતા. મૂકયો કે દડી જ ગયો છે! પાંચ હજાર વરસોમાં એવો કોઈ માઈનો લાલ ન નીકળ્યો કે દડી ન પડે એવો દડિયો બનાવે. એકવાર દાદાએ કહ્યું, 'દડી ન પડે એવા દડિયા બનાવો!' અમે કહ્યું, 'એવા દડિયા બને જ નહીં ને!' ત્યારે એમણે પોતે બનાવીને દેખાડ્યો. આને કળા કહે છે.

મામૂલી કામમાં પણ કળા ને કુશળતા હોઈ શકે. ઉદ્યોગમાં ઉત્કૃષ્ટતા તરફ વધવું એને જ પ્રગતિ કહે છે. એટલે ઉદ્યોગમાં જેટલી કળા આવે તેટલી સાંસ્કૃતિક પ્રગતિ થાય છે, અને એટલી જ ઉત્પાદનની ક્ષમતા પણ વધે છે. ઉત્પાદનની ક્ષમતા અને ખરી પ્રગતિ વચ્ચે ભેદ છે, છાત્રાવાસમાં પચ્ચીસ છોકરા જમે છે; બધાને ચાલે એટલી રોટલીઓ બને છે, પરંતુ એમાં કલાત્મકતા અને સાંસ્કૃતિક પ્રગતિ આવે જ એ જરૂરી નથી. આપણે ઉત્પાદનના પ્રમાણ અને ગુણને નજીક લાવવા છે. પ્રમાણની સાથે સાથે વસ્તુનો ગુણ પણ વધતો જવો જોઈએ.

આ શી રીતે પારખવું? એમાં જે કલાત્મકતા હોય તે જ એની પારખ. દાખલા તરીકે બે બૅટ્સમૅન છે. એક ઝૂડિયો છે, બોલ આવતાંની સાથે ઝૂડવા માંડે છે. બીજો સાચવીને કલાત્મક રીતે રમે છે. પહેલાના રન વધારે થશે તોય બીજાની કળા વખણાશે. દરેક કામમાં કળા આવવી જોઈએ.

કિંગકોંગની કુસ્તી થવાની હતી. મને કોઈકે જોવા જવા કહ્યું. મેં કહ્યું કે તમે જોઈ આવીને મને કહેજો. એ જોઈ આવ્યા

પછી કહે છે, 'સારું થયું તે તમે ન ગયા!' 'કેમ?' તો કે' "ત્યાં કુસ્તી જેવું કંઈ હતું જ નહીં, ત્યાં તો મારામારી ને મારઠોક જેવું જ હતું." કુસ્તીમાં દાવની સફાઈ હોય છે. પણ આ લોકોની કુસ્તીમાં નહોતી સફાઈ કે નહોતી કળા. ઘેટાંઓની ટક્કરથીય ભૂંડી હતી. ટૂંકામાં, આપણા કામમાં, ઉદ્યોગમાં જેમ જેમ કલાત્મકતા આવતી જશે તેમ તેમ સાંસ્કૃતિક પ્રગતિ પણ થતી જશે.

મોટર ચલાવવામાં વધારે કુશળતા જોઈએ. ઘડિયાળ રાખવામાં ઘડો રાખવા કરતાં વધારે કુશળતા જોઈએ. યંત્ર માટે અધિક કુશળતા જોઈએ. પણ આ મર્યાદા જ્યાં સમાપ્ત થાય છે ત્યાં યંત્રની સાંસ્કૃતિક ભૂમિકા પણ સમાપ્ત થાય છે. પછી યંત્રની સાથે સાથે કુશળતા નથી આવતી.

### માનવતા : માનવની વિશેષતા

આપણા વિચારના કેન્દ્રમાં મનુષ્ય છે. મનુષ્ય એટલે એની માનવતા. માનવતા એ એની વિશેષતા છે. એટલે યંત્રવિજ્ઞાન—તક્નિકીમાં સામ્યીકરણ તો આવવાનું, પરંતુ એની મર્યાદા એ હોવી જોઈએ કે મનુષ્યની જે વિશિષ્ટ ભૂમિકા, એની અદ્વિતીયતા છે તેને એ ખતમ ન કરે.

દરેક વ્યક્તિ પોતામાં અદ્વિતીય હોય છે. મારા ચાર દીકરાઓ માટે એક જ ભાવનું અને એક રંગનું કાપડ ખરીદું છું. એક બેટો કહે છે કે હું એમાંથી હંટિંગ કોટ બનાવીશ, બીજો કહે છે કે ગોલ્ફ કોટ બનાવીશ, ત્રીજો કહે છે લોંગ કોટ બનાવીશ તો ચોથો બુશકોટ બનાવવા કહે છે. આમ સૌની પોતપોતાની અભિરુચિ હોય છે. એ અભિરુચિ એની વૃત્તિની સૂચક હોય છે. અભિરુચિમાંથી માણસનું વલણ પ્રકટ થાય છે. વાળ કપાવવાની કે કપડાં સિવડાવવાની રીતમાં પણ માણસની વૃત્તિ રહેલી હોય છે.

તો બે વાતો થઈ. કામ કરવાની રીતમાં માણસની મનોવૃત્તિ અને સભ્યતા રહેલી હોય છે. આમ અભિરુચિમાં બે વસ્તુ આવી— સંસ્કૃતિ અને મનોવૃત્તિ. આના પરથી તમને સમજાશે કે તાલીમને ઉદ્યોગ સાથે શા માટે ભેળવવા માગીએ છીએ. ઉદ્યોગમાં કલાત્મકતા હશે તો સંસ્કૃતિ અને અભિરુચિ પ્રગટ થશે; અભિરુચિમાં મનોવૃત્તિ અને સભ્યતા રહેલી છે.

હવે આપણે ઇચ્છીએ છીએ કે સામ્યીકરણ કરવાનું હોય તો ઉત્કૃષ્ટતા તરફ થવું જોઈએ. એમ થશે તો એમાં વ્યક્તિત્વ હશે; વ્યક્તિમત્વ અને વ્યક્તિત્વ વચ્ચે ભેદ છે. બીજાથી ભિન્ન મારું અસ્તિત્વ, પૃથક અસ્તિત્વ એ એક વસ્તુ છે અને વ્યક્તિમત્વ બીજી વસ્તુ છે. દરેક ઈંટ અલગ અલગ હોય છે, પરંતુ એ દરેકનું અલગ અલગ વ્યક્તિમત્વ છે એમ ન કહેવાય.

તમારું વ્યક્તિમત્વ એ તમારી વિશેષતા છે. કેવળ બીજાથી જુદાપણું, ભિન્નતા એ તમારું વ્યક્તિમત્વ નથી, તમારી વિશેષતા તમારો વિશિષ્ટ સ્વભાવગુણ ( distinctive characteristic ) છે. ઈંટની જગ્યાએ ઈંટ ચાલી શકે; પણ લાકડાની જગ્યાએ લોઢું ન ચાલી શકે અને કાચની જગ્યાએ સ્લેટ ન ચાલી શકે. દરેકની પોતપોતાની વિશેષતા હોય છે. એક મનુષ્ય બીજા મનુષ્યની જગ્યા એક હદ સુધી લઈ શકે. મનુષ્યની individuality—વ્યક્તિત્વ સુધી તો સામાન્યતા પહોંચે છે, પરંતુ personality—વ્યક્તિમત્વમાં દરેક મનુષ્ય અસામાન્ય અને અસાધારણ હોય છે.

આપણું કહેવું એ છે કે ઉપક્રમ એવા હોવા જોઈએ કે જેથી મનુષ્યની અસાધારણતા છે તે બચે અને સાધારણતા છે તેનો વિકાસ થાય.

### મનુષ્યની સિફત કેમ ખીલવા પામતી નથી ?

દરેક માણસની તેમ જ રાષ્ટ્રની પોતપોતાની એક સિફત હોય છે. તે ખીલવી જોઈએ. પણ આપણે ત્યાં એ નથી થતું. કેમ ?

૨૬ મી જાન્યુઆરીના દિવસે સર્વોદયનો નેતા હો, કોંગ્રેસનો નેતા હો, કે પી.એસ.પી. નો નેતા હો, ભાષણ કરવા ઊભો થશે તો કહેશે કે આપણો દેશ તો અનોખો દેશ છે. અહીંની પરંપરામાં જેટલો આધ્યાત્મિક વિકાસ થયો છે એટલો ક્યાંય નથી થયો. અને ભાષણને અંતે શું કહેશે ? કહેશે કે આપણા દેશનાં મહાલયો અને પ્રાસાદોમાં તો હીરા જડાતા. કન્યાકુમારીનાં દર્શન કરવા જાવ તો એ સંભળાવશે કે કન્યાકુમારીના નાકની જડમાં એવો હીરો જડેલો હતો કે એનો પ્રકાશ દીવાલની આરપાર પ્રકાશતો હતો. એ પ્રકાશ જોઈને પરદેશી વહાણો અહીં આવ્યાં ને હીરો લઈ ગયાં. આપણે ત્યાં કોહીનૂર હીરો હતો, એ વિક્ટોરિયા રાણીના મુગટમાં જઈને

બેઠો. તુલસીદાસે રામચરિતમાનસમાં લખ્યું છે કે રામરાજ્યમાં અયોધ્યાની સડકો પર ચંદન અને ગુલાબજળનો છંટકાવ થતો. રામચન્દ્રજી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં બધી ઋતુઓ ભેગી થઈ જતી, ફૂલ ખીલવા માંડતા ને સૂર્ય શીતળ થઈ જતો. આ બધું આધ્યાત્મિકતાનું વર્ણન નથી. આપણા કહેવાનો અર્થ એ થાય છે કે પહેલાં તો આ દેશ ભૌતિક સંપત્તિથી સમૃદ્ધ હતો, પણ આજે હવે આપણી પાસે કંઈ નથી. પહેલાં ઘણું ઘણું હતું, આજે ફૂટી ઢીકરી પણ નથી. પહેલા હીરા હતા, પણ પરદેશીઓ ચડાઈ કરી આવી લઈ ગયા.

આજે આ આકાંક્ષા મનુષ્યને ટેકનોલોજી—યાંત્રીકરણ સાથે બાંધે છે. ચિત્તમાં બળતરા હોવાનું આ લક્ષણ છે. કેવળ પૂર્વજોની વાત પર છાતી ફુલાવ્યા કરવી એ મિથ્યાભિમાન છે. બીજાઓની મહત્તાની પાછળ પોતાની હીનતા છુપાવવા માગીએ છીએ. આ પૂર્વજોની, આપણી પરંપરાની અને આપણા ઇતિહાસની વાત આપણે બીજાઓ સમક્ષ શા માટે મૂકીએ છીએ? આપણે કહીએ છીએ કે "તમારો સ્પુતનિક ઉપગ્રહ તો આજે થયો, અમારા પૂર્વજો તો ચંદ્ર પર જ રહેતા હતા." "તું તો હજી આજે વિમાનમાં ઊડતા શીખ્યો, અમારા તો રામ એ જમાનામાં પુષ્પક વિમાનમાં ઊડતા હતા." અને કોઈ પૂછે કે "વારુ, તું ક્યાં છે?" તો કહેશે, "હું તો સંતાવા માટે ખૂણાની શોધમાં છું." આ ઈર્ષ્યા છે, એમાંથી યાંત્રીકરણ માટે આકર્ષણ જન્મે છે. આ ચીજ અભાવમાંથી પેદા થાય છે. વૈભવ નથી, પણ વૈભવની લાલસા ભરી પડી છે. આમાં વધારે લોભ હોય છે. આશા અને પ્રતીક્ષામાં જેટલો લોભ હોય છે એટલો પ્રાપ્તિમાં નથી રહેતો. પ્રાપ્ત થયેલી ચીજ માટે લોભ નથી થતો. પણ જે ચીજ મળી નથી તેને માટે મન તરસ્યા કરે છે.

આજે આપણે આવી હાલતમાં છીએ. ભાષણ શરૂ તો થાય છે કે આપણા દેશની સંસ્કૃતિમાં અહિંસા છે, આધ્યાત્મિકતા છે. અહિંસાના દાખલા પણ આપે છે. પણ ભાષણને અંતે કહેશે કે આપણે ત્યાં તો શબ્દવેધી બાણાવાળીઓ હતા. એક ડિંગ આમ હાંકી ને બીજી ડિંગ તેમ હાંકી. વૈભવનું જેટલું વર્ણન કરશે એટલું જ આધ્યાત્મિકતાનું પણ કરશે. આ બધું પ્રભાવ પાડવા માટે કહેતા હોય છે. કહે છે કે અરે, તમારો એટમ બોંબ તો આજે આવ્યો,

અમારો મેઘનાદ તો પાશુપતાસ્ત્ર, વાય્વસ્ત્ર, અગ્ન્યસ્ત્ર વગેરે ચલાવતો હતો. અમારા બાપદાદાઓએ કર્યું એ કરવાની તાકાત કોઈની નથી. પણ હવે ? તો કે હવે તો સ્મશાન વાટ વિના બીજું ઠેકાણું નથી !

અહીંની જનતાના હૃદયમાં, સુવિદ્ય પંડિતના હૃદયમાં પણ આ અંતર્વિરોધ છે. આ વિચ્છિન્ન વ્યક્તિત્વ છે. કોઈ નવામાં નવું યંત્ર શોધાયું તો ચટ્ લઈને કહેશે કે આ શોધ તો અમારા બાપદાદાઓ ક્યારના કરી ચૂક્યા હતા, આ કોઈ નવી વસ્તુ નથી. પરિણામ એ આવે છે કે પાછું વાળીને જોવા જોવામાં રસ્તો જ ભુલાઈ જવાય છે. ઇતિહાસ અને પરંપરામાં આપણી ગતિ પાછળની બાજુએ થાય છે, આગળ નથી થતી, થવી જોઈએ તે તરફ નથી થતી.

### કામ ટાળવાની વૃત્તિ

આવું આકર્ષણ થવાનું બીજું પણ એક કારણ છે. મૂડીવાદી અને સામંતશાહી યુગ પછી માણસમાં એક કુસંસ્કાર પ્રવેશી ગયો છે. એનું ઘણું ખરું કામ એનો ગુલામ કરી આપે એવી એક ઇચ્છા એની રહે છે. વાસણ માજવાનો વારો મારો છે. લોકેન્દ્ર આવીને કહે છે, "તમે રહેવા દો, હું કરી નાખીશ." હું વિચારું છું કે ક્યારનો ઝંખતો હતો કે તું બોલે, છેક અત્યારે બોલ્યો ! હું તો તારી આંખના ઇશારાની જ રાહ જોતો હતો ! મીટ માંડીને જ બેઠો હતો !

યુનાન અને બીજા દેશોમાં બે જાતની નાગરિકતા ચાલતી— એક માલિકની ને બીજી ગુલામની. હવે એવો જ આરોપ સામ્યવાદીઓ વગેરે પર થાય છે—સામ્યવાદી, બિનસામ્યવાદી, મુસ્લિમ, બિનમુસ્લિમ. હિંદુઓની નાગરિકતા તો બેવડી પણ નથી, એ તો બહુરંગી ને બહુરૂપી છે. છતાં ભાગ જ પાડવા હોય તો સવર્ણ અને અવર્ણ નાગરિક એમ પાડી શકાય. તેમાંય સવર્ણ નાગરિક હતા, અવર્ણ તો નાગરિક જ નહોતા. એ બધા બહિષ્કૃત હતા.

પહેલાં ઘસરડો બધો ગુલામો પાસે કરાવાતો. પછી પશુઓ પાસે કરાવવા મંડ્યા. અને પશુઓથી ન બનતું તે સ્ત્રીઓ પાસે કરાવતા. શંકરાચાર્યે સ્ત્રી પશુ અને શૂદ્રને એક જ કોટિમાં મૂક્યાં, ઘસરડાનું કામ પશુ અથવા સ્ત્રી પાસે કરાવી શકો. પશુ, ગુલામ અને સ્ત્રી પાસે ક્યાં કામ કરાવવાનાં ? તો કે' જેમાં દિમાગની જરૂર ન પડે અને જેની પ્રતિષ્ઠા ન હોય તેવાં કામ. અપ્રતિષ્ઠિત અને અકુશળ કામો

સ્ત્રી અને પશુઓ પાસે કરાવવાનાં. હવે એ બધાં કામો યંત્રો પાસે કરાવવાનું આકર્ષણ લાગ્યું છે. બીજું આકર્ષણ છે માથાઝીકથી બચવાનું !

મહિનોભર શિબિરમાં રહીને લોકેન્દ્ર ઘેર જાય છે. મોટાભાઈ કહે છે, 'સારું થયું તું આવી ગયો તે. તારા માટે કેટલુંક કામ કાઢી મૂક્યું છે.' લોકેન્દ્ર કહે છે, 'શિબિરમાં તો માથું ફૂટીને આવ્યો જ છું, હવે વધારે લમણાઝીક નથી કરવાનો. જરા આરામ કરવા દો !" લોકેન્દ્ર પણ ન કરે, અને મોટાભાઈ પણ ન કરે, તો કોણ કરે ? તો કે' યંત્ર પાસે કરાવો. આમ માણસને દિમાગના કામમાં પણ કોઈ પ્રતિહસ્તક–એજન્ટ જોઈતો હોય છે. દિમાગ ઓછામાં ઓછું ખરચવું પડે, કોઈ એને બદલે દિમાગી કામ પણ કરી લે એમ એ ઇચ્છે છે. અડધું દિમાગ યંત્રને હવાલે કરે છે ને અડધું વિશેષજ્ઞને હવાલે કરે છે. બે એજન્ટ મળી ગયા, એટલે એના દિમાગને છુટ્ટી મળી ગઈ !

સંકલ્પ શું હતો ? કે યંત્રની સક્ષમતા જેમ જેમ વધતી જાય તેમ તેમ માણસની કુશળતા પણ વધતી જવી જોઈએ. પણ થાય છે ઊલટું. વિચાર કરવાનું અડધું કામ યંત્રને સોંપ્યું ને અડધું વિશેષજ્ઞોને. પછી દિમાગની જરૂરત જ ન રહી. Relegation of function—કામ બીજાને ભળાવી દેવાનું ચાલે છે.

મેં કહ્યું હતું કે મનુષ્યની અદ્વિતીયતા સચવાઈ રહેવી જોઈએ. કેવળ શરીરની જ અદ્વિતીયતા નહીં, દિમાગની પણ. હવે આમાં સમન્વય ક્યાં આવ્યો ? ઘસરડો છોડી દો ભલે, કષ્ટ પણ ભલે છોડો, પણ શ્રમ–વ્યાયામની તો જરૂરત રહેવાની. આંખો જોવાનું ને કાનો સાંભળવાનું છોડે તો પછી એની શક્તિનો વિકાસ નહીં થાય. એમની શક્તિનો વિકાસ થવો જોઈએ. મનુષ્યના દિમાગને પણ વ્યાયામની જરૂરત હોય છે.

### ઉપકરણમાં વ્યક્તિત્વ

મનુષ્યનાં ખાનપાન, પોષાક, ઉદ્યોગ વગેરેમાં એની અભિરુચિ પ્રગટ થાય છે તેમ એના ઉપકરણમાં પણ અભિરુચિ વ્યક્ત થાય છે. બધાની ફાઉન્ટન પેન ટેબલ પર પડી છે. એક કહે છે કે અમુક પેન લોકેન્દ્રની છે. કેમ ? તો કે' એ ગંદી ગોબરી છે ! તો આ સુંદર

પેન કોની છે? તો કે' 'હશે કોઈ બીજાની.' ઉપકરણની પસંદગીમાં અને એની માવજતમાં મનુષ્યનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. આપણી ઇન્દ્રિયો આપણા શરીરનો હિસ્સો છે તેમ આપણાં ઉપકરણો પણ આપણા શરીરના વિસ્તાર જેવાં હોવાં જોઈએ. ત્યારે સહજતા આવે. આ છે મનુષ્યનો ઉપકરણ સાથેનો અનુબંધ.

માણસ પટાબાજી દેખાડે છે. એટલી કુશળતાથી તલવાર ફરે છે કે જાણે હાથ જ ફરી રહ્યો છે. ફાઉન્ટનપેન સરકતી ચાલે છે જાણે છઠ્ઠી આંગળી જ ચાલતી હોય. કરણ એટલે ઇંદ્રિય. તો ઉપકરણ કરણનું અંગ બનવું જોઈએ. એમ થાય તો એ એના વ્યક્તિત્વની સાથે ભળી જઈ શકશે.

કોઈ તમારી પેન માગે છે. તમે કહો છો, "તમારી વાપરવાની રીત એવી છે કે મારી પેન ખતમ થઈ જશે." ભાઈજીને પૂછું છું કે "આ ઘડિયાળ ક્યારની છે?" તો કહે છે, "દાદાના જમાનાની છે." "આટલો બધો વખત ચાલી?" તો કહે છે, "કોઈને હાથ અડાડવા નથી દેતો!" ઉપકરણમાં મનુષ્યના વ્યક્તિત્વનો પ્રકાશ, એની આભા પ્રકટ થાય છે. મનુષ્યના ઉપકરણ સાથે એના શરીરનું સાધર્મ્ય હોવું જોઈએ. તો જ વ્યક્તિત્વનો વિકાસ થશે, નહીં તો નહીં થાય.

### સામ્યીકરણ અને વિશેષત્વ

ઉપકરણ ઉપકરણ રહે અને હું હું રહું તો બે વસ્તુ અલગ અલગ રહી ગણાશે. એક તરફ સામ્યીકરણ—સ્ટેન્ડર્ડાઇઝેશન છે. ઉપભોગના સ્તર પર સામ્યીકરણ વધતું જઈ રહ્યું છે જ્યારે 'સર્વિસ' અને ઉત્પાદનના સ્તર પર વિશિષ્ટીકરણ વધતું જઈ રહ્યું છે. 'સર્વિસ' એટલે વ્યવસ્થા. વ્યવસ્થા અને ઉત્પાદનના સ્તર પર વિશેષજ્ઞતા વધતી જાય છે અને ઉપભોગના સ્તર પર સામ્યીકરણ વધતું જાય છે. આનાથી મનુષ્યનું વ્યક્તિત્વ લોપ પામતું જશે.

એક છે વ્યક્તિમત્વ અને બીજું છે વ્યક્તિત્વ. Individualityને આપણે 'વ્યક્તિત્વ' કહીશું અને personalityને 'વ્યક્તિમત્વ.' દરેક વ્યક્તિ પોતામાં અદ્વિતીય અને વિભૂતિ છે. દરેકની પોતાની એક વિશિષ્ટ પ્રતિભા છે, એને હું genius કહું છું. સામ્યીકરણ આ સ્તર પર ન થવું જોઈએ.

સામ્યીકરણનું આકર્ષણ હોવાનું શું કારણ? પહેલું કારણ એ કે દુર્ભિક્ષ છે, અભાવ છે. વૈભવની, પ્રચુરતાની આકાંક્ષા છે. માણસનો પરિશ્રમ નિરર્થક પરિશ્રમ છે તેથી આરામની આકાંક્ષા છે. આજના કિસાનને પશુની જેમ, ગુલામની જેમ, યંત્રની જેમ ઢસરડો કરવો પડે છે, તેથી એ કામથી છુટકારો ઝંખે છે, આને જ લઈને આપણા દેશમાં સુવિદ્ય પંડિતોનું તેમ જ સામાન્ય મનુષ્યનું પણ બેવડું વ્યક્તિત્વ છે. આપણું કહેવું છે કે મનુષ્યની સામાન્યતાનું સામાન્યી-કરણ થાય અને મનુષ્યની વિશેષતાઓનું વિશિષ્ટીકરણ થાય.

ઉત્પાદનમાં ઉપકરણોનું સંયોજન મનુષ્યના વ્યક્તિત્વને અનુરૂપ હોવું જોઈએ. સંખ્યાની જરૂર હોય તો પણ સામાન્યીકરણ એક હદ સુધી જ, અભાવની પૂર્તિ સુધી અને દુર્ભિક્ષના નિવારણ સુધી જ થવું જોઈએ. આગળ વધીને તમે વિપુલતા તરફ જાવ છો તો અમારો વિપુલતાનો વિરોધ નથી. અમારી એક જ વાત છે, મનુષ્યની વિશેષતાઓનો પરિપોષ થવો જોઈએ. ઉપકરણ અને એની ઇંદ્રિયો એ બેમાં સાધર્મ્ય હોવું જોઈએ. આ મર્યાદા પોતાની મેળે આવી ઊભે છે.

આપણું કહેવું છે કે ઉત્પાદનની પદ્ધતિમાં મનુષ્યની અભિરુચિ વ્યક્ત થવી જોઈએ. ઉપકરણોમાં પણ અભિરુચિ વ્યક્ત થવી જોઈએ. અભિરુચિમાં એની વૃત્તિ અને સભ્યતા પ્રકટ થશે. ત્યાર બાદ આપણું કહેવું છે કે, જોઈએ તો કષ્ટ ભલે કાઢી નાખો, પરંતુ પરિશ્રમ તો હોવો જોઈએ, વ્યાયામ હોવો જોઈએ. એમ નહીં થાય તો મનુષ્યની ઇંદ્રિયો ક્ષીણ થઈ જશે. આંખ જોવાનું છોડી દે તો કોડી બની જશે. આખરે કોડી અને આંખમાં શો ફરક છે? આંખ જુએ છે, કોડી જોઈ શકતી નથી.

આપણા દેશના મનુષ્યના વ્યક્તિત્વમાં આધ્યાત્મિકતાનો ગર્વ અને વૈભવની આકાંક્ષા છે. અભિમાન તો આધ્યાત્મિકતાનું છે, જ્યારે આખી પરિસ્થિતિમાં આકાંક્ષા વૈભવની છે. એક તરફ ઈશ્વર છે અને બીજી તરફ ધન—કુબેર. પણ ઈસુએ કહ્યું છે કે "ભગવાન અને કુબેર બન્નેની ઉપાસના એક સાથે ન થઈ શકે." આ અંતર્વિરોધને કારણે આજે આપણા દેશમાં મનુષ્યનું વ્યક્તિત્વ દ્વિધા-વ્યક્તિત્વ બની ગયું છે.

*   *

૬

# માનસ બદલવું જરૂરી

અત્યારે આપણા વિચારનું મુખ્ય કેન્દ્ર છે: સંઘર્ષ અને અંતર્વિરોધ. આ સંઘર્ષ અને અંતર્વિરોધ દૂર કરવા, મિટાવવા, એમનું નિવારણ કરવું એ ક્રાંતિનું મુખ્ય ક્રિયાત્મક અંગ છે. આપણે એની પ્રક્રિયાનો વિચાર કરી રહ્યા છીએ. પ્રક્રિયા એટલે પદ્ધતિ યા માર્ગ.

આપણે વિચારતા હતા કે સહજીવનમાં મનુષ્યના વ્યક્તિત્વનું રક્ષણ શી રીતે થાય? એક તરફથી તો આકાંક્ષા એવી છે કે ટંકશાળના સિક્કાની જેમ સૌની રહેણીકરણી એક સરખી હોય, અને બીજી તરફ જરૂરત એ વાતની છે કે દરેકના પોતપોતાના વિશેષ ગુણ અને કૌશલનો વિકાસ થાય. સૌ પ્રથમ આપણે ઇચ્છીએ છીએ કે સૌને એક સરખું જીવન પ્રાપ્ત થાય, સૌનું જીવનધોરણ સરખું હોય. આપણે સૌને જીવનનું એક સ્ટેન્ડર્ડ—ધોરણ આપવા માગીએ છીએ. માનવની સામાન્ય સ્તરની પ્રાથમિક જરૂરતો સૌની પૂરી થાય. બધા એક સ્તર પર આવે. પણ એ જીવન સ્થિર નહીં, ગતિશીલ હોય. એની પ્રગતિ સામાન્ય રીતે ઉત્કૃષ્ટતા તરફની હોય. આપણે સૌને સમાન બનાવવા છે. પણ સમાન તે માણસના જેવા જે ઉત્કૃષ્ટ માનવ છે. આપણે ઉપરની બાજુ ગતિ કરવી છે, નીચેની બાજુ નહીં.

બીજી ચીજ એ છે કે દરેક વ્યક્તિ પોતાનામાં અદ્વિતીય છે, અને દરેક વ્યક્તિમાં વિશેષતા છે. એ એની વિશેષ પ્રતિભા (Genius) છે. રાષ્ટ્રવાદી કહેશે કે માનવોના સમુદાયનું પણ એક વ્યક્તિત્વ હોય છે, એને રાષ્ટ્રીય-વિશેષતા, રાષ્ટ્રીય-સ્વત્વ (nationality) કહે છે.

### વ્યક્તિત્વ અને રાષ્ટ્રીયતા

ઇટલીમાં મેઝીની રાષ્ટ્રધર્મનો પ્રવર્તક ગણાય છે. એણે "Duties of Men"—માનવોનું કર્તવ્ય નામે એક પુસ્તક લખ્યું છે. એના પહેલાં એ જ વિષય પર ટોમસ પેનનું પુસ્તક "The Rights

of Men "— માનવ અધિકાર બહાર પડયું હતું. એણે સૌ પહેલાં 'Common Sense'– વિવેક બુદ્ધિ નામનું પુસ્તક લખ્યું હતું. અમેરિકાનું આ ક્રાંતિપ્રેરક પુસ્તક છે. એની સાથે સાથે એણે 'ધી રાઈટ્સ ઓફ મેન' અને 'ધી એજ ઓફ રીઝન' એ બે પુસ્તકો લખ્યાં. આ પુસ્તકોમાં સમાજવાદથી જરા જુદો પ્રવાહ છે. સમાજવાદમાં તો સાધારણ મનુષ્યના અધિકારની વાત ચાલતી જ હતી, રાજનૈતિક ક્ષેત્રમાં પણ સામાન્ય મનુષ્યના અધિકારની વાત શરૂ થઈ. આ પ્રવાહોને લઈને ટોમસ પેન એ સમયનો ક્રાંતિકારી પ્રવકતા બન્યો.

ઈટલીમાં મેઝીની રાષ્ટ્રીયતાનો મંત્રદષ્ટા બન્યો. એનું એક સૂત્ર હતું : Nationality is the individuality of a People —રાષ્ટ્રનું વ્યક્તિત્વ એની રાષ્ટ્રીયતા છે. આ individuality નો અર્થ છે separate existence—પૃથક્ અસ્તિત્વ. શ્રી અરવિંદના પહેલાં આપણા દેશમાં રાષ્ટ્રીયતાના દાર્શનિક પ્રવક્તાઓમાં બે જણ મુખ્ય હતા—બિપિન પાલ અને બ્રહ્મબાંધવ ઉપાધ્યાય. બિપિન પાલે રાષ્ટ્રીયતા વિષે કેટલાંક પુસ્તકો લખ્યાં તેમાંનું એક છે The Soul of India—ભારતનો આત્મા. એના પછી કેટલાંક વરસો બાદ કલકત્તા હાઇકોર્ટના એક જસ્ટિસ સર જોન વૂડ્રોફે કાલી-પૂજા, તંત્ર-વિજ્ઞાન વગેરે પર પુસ્તકો લખ્યાં. એમાંનું એક પુસ્તક જે આપણે માટે ઉપયોગી છે તે છે 'Is India Civilized?'—ભારત સુસંસ્કૃત દેશ છે? બીજું એક પુસ્તક એનું છે—'The Seed of Race'—ભારતવર્ષની માનવતાનું, આપણી રાષ્ટ્રીયતાનું બીજ. આમ રાષ્ટ્રોની વિભૂતિના દર્શનની એક પ્રવૃત્તિ સંસારભરમાં ચાલી. પણ અત્યારે આપણે એમાં નહીં જઈએ.

## વિશેષતાનો વિકાસ

અહીં આપણે મનુષ્યના કેવળ પૃથક્ અસ્તિત્વની નહીં પણ વ્યક્તિત્વના સંરક્ષણની વાત વિચારતા હતા. દરેક માણસ માટે મકાન, કપડાં અને ભોજનની વ્યવસ્થા સમાન હશે, પરંતુ દરેક આદમીની વિશેષતા છે એનું વ્યક્તિમત્વ. દરેક મનુષ્યમાં કશુંક એવું હોય છે જે બીજામાં નથી હોતું. આમ બીજાથી એને અલગ પાડનારી ચીજ છે તે એનો વિશેષ ગુણધર્મ છે. આ વિશેષ ગુણધર્મને વ્યક્તિમત્વ કહે છે.

દરેક મનુષ્યની સામાન્યતાનો અનુભવ થાય તેની સાથે એની વિશેષતાનો પણ વિકાસ થવો જોઈએ. આપણે સામ્યીકરણ (standardisation) અને વિશિષ્ટીકરણ (specialisation)નો સમન્વય કરવો છે. ભૌતિક, પ્રાથમિક આવશ્યકતાની પૂર્તિ સુધી સમાનતા રહે. આમાં, વિશેષજ્ઞનું નહીં પણ સામાન્ય વ્યક્તિનું વિશિષ્ટીકરણ થાય. વિશેષજ્ઞનું વિશિષ્ટીકરણ જુદી વસ્તુ છે અને સાધારણ વ્યક્તિનું જુદી વસ્તુ છે. વિશેષજ્ઞની જરૂરત તો રહેશે, પણ સાથે સાથે સામાન્ય વ્યક્તિની વિશેષતાનો વિકાસ થવો જરૂરી છે.

### ઉપકરણોની વ્યવસ્થા

ઉપકરણોની વ્યવસ્થામાં વિવેક રહેવો જોઈએ. મનુષ્યની પ્રાથમિક ભૌતિક આવશ્યકતાની પૂર્તિ માટે સંયોજન થવું જોઈએ. જેમ તેમ કરીને પૂર્તિ કરી દીધી એવું સમાધાન નહીં ચાલે. કારણ, દુર્ભિક્ષમાં જીવનનું કોઈ મૂલ્ય ખીલી શકતું નથી. દુર્ભિક્ષમાં મૂલ્ય મૂળિયાં નાખી શકતુ જ નથી, એ ચીમળાઈ જાય છે, બળી જાય છે. એટલે દુર્ભિક્ષ અંગે કોઈ સમાધાન નહીં. એના નિવારણમાં બધાનો સહકાર મળવો જોઈએ. ભૂખ ભાંગવી છે, પણ બધા પોતપોતાની હિકમત લઈને બેઠા છે. દરેકનો આગ્રહ છે કે ભૂખ મારી જ હિકમતથી ભાંગે, નહીં તો ભલે ન ભાંગતી. આગ ઠારવી છે, પણ મારી યુક્તિ મંજૂર હોય તો જ ઠારવી છે. યુક્તિની ખેંચાતાણીમાં મકાનની રાખ થઈ જાય છે. એટલે દુઃખનિવારણ માટે ઉત્કટતા હોવી જોઈએ. છોકરાનો તાવ ઉતારવો છે, પછી એ હોમિયોપથી હો, એલોપથી હો, કે પછી ગમે તે પથી-પદ્ધતિ હોય, તાવ ઊતરવો જોઈએ. એ બધી 'પથી'ઓમાં 'સિમ્પથી'—સહાનુભૂતિ ન હોય તો બધી 'પથી'ઓ— પદ્ધતિઓ બેકાર છે.

તો રોગ-નિવારણની જેમ જ સંકટ-નિવારણમાં પણ સૌનો સમાન ભૂમિકા પરથી સહકાર હોવો જોઈએ. સામાન્ય સંકટનું નિવારણ સામુદાયિક પુરુષાર્થ વડે થવું જોઈએ. એમાં આપણે કોઈ પદ્ધતિનો આગ્રહ નથી રાખતા. આપણું તો એટલું જ કહેવું છે કે જેનું સંકટ દૂર કરો છો તેને આખો રહેવા દેજો. દાદાના મકાનમાં આગ લાગી, તમે મકાનને તો બચાવી લીધું પણ દાદાને બળવા દીધા. પછી કહેશો કે અમારું કામ તો મકાન બચાવવાનું હતું,

દાદાને બચાવવાનું નહોતું. તેથી કહું છું, વિવેક રાખજો કે જે માણસનું સંકટ ટાળવાનું છે તે માણસ આખો રહે.

આ જે સાચવવાની, જાળવવાની વસ્તુ છે તે માણસનું વ્યક્તિમત્વ છે, માનવીય વિશેષતા છે. દરેક માનવીય વિશેષતા સમાજ-જીવનની પોષક હોવી જોઈએ. આપણે માનવ-કેન્દ્રિત વ્યવસ્થા પર વિચાર કરીએ છીએ. માનવકેન્દ્રિતનો અર્થ છે માનવતા કેન્દ્રિત.

કેટલાક કહે છે કે સાહિત્ય તો પોતાના આનંદ માટે હોય છે. માન્યું; પણ તો પછી એને છાપો છો શા સારું? ચીતરો છો તે પોતાના આનંદ માટે એમ કહો છો તો પછી ચીતરીને તમારા જ ઘરમાં રાખોને! તો પછી તમારા સાહિત્યનો અમારા ચિત્ત સાથે અને તમારા ચિત્રનો અમારી આંખો સાથે શા સારુ સંબંધ થાય છે?

મનુષ્યનો કોઈ પણ ગુણ અસામાજિક હોઈ ન શકે. ગુણ યા ચારિત્ર્યનો આરંભ સમાજથી જ થાય છે. મનુષ્યમાં એકેય એવી વિશેષતા નથી કે જે અસામાજિક હોય. મનુષ્યમાં જે વિશેષતા પ્રગટ થશે તે સમાજમાંથી જ પ્રગટ થશે અને સમાજને આગળ લઈ જશે. જે વિશેષતા સમાજમાંથી નહીં પ્રગટે તેનું તમને જ્ઞાન પણ નહીં થાય.

ગ્રે કહે છે કે ગામડાંના લોકોમાં કોણ જાણે કેવા મોટા મોટા માણસો પાકયા હશે. એમાં કોઈ ક્રોમવેલ તો કોઈ મિલ્ટન પણ હશે. પણ આપણને એની ખબર સુધ્ધાં નથી. જંગલમાં અનેક ફૂલો ખીલતાં હશે જેને વિષે આપણે કશું જાણતા નથી. જેમને વિષે કશું જાણવા પામીએ છીએ તે સમાજમાં પ્રગટ થયા હોય છે માટે જ જાણવા પામીએ છીએ. એટલે વ્યક્તિત્વનો પરિપોષ થવાનો હશે તો તે સમાજમાં જ થશે.

સાધના કેન્દ્રની સ્થાપના થઈ ત્યારે શંકરરાવજીએ કહેલું કે, "ભૌતિક જીવનમાં તો સહકાર્ય થઈ શકશે, પરંતુ વ્યક્તિગત જીવનમાં વ્યક્તિ સ્વતંત્ર અને અલગ અલગ રહેશે." આને 'સ્વતંત્રતાની સમસ્યા' કહે છે.

યંત્રવિદ્યા પાસેથી આપણે શું ઇચ્છીએ છીએ? ઉપકરણો એવાં હોવાં જોઈએ કે જેથી માનવની સામાજિક જરૂરિયાતોની પૂર્તિ થઈ શકે. આપણી બીજી માગણી એ છે કે ઉપકરણ એવાં હોવાં જોઈએ જેથી વ્યક્તિની કારીગરી, કલાત્મકતા અને અભિરુચિનો વિકાસ થાય. એકને આપણે ગુણાત્મક કહીશું જ્યારે બીજાને આકારાત્મક. સમાજવાદ અને સામ્યવાદે આપણને શું શીખવ્યું? ક્રાંતિ પહેલાં પરિમાણાત્મક થાય છે અને ત્યાર બાદ ગુણાત્મક. આ એમનો બહુ મોટો સિદ્ધાંત છે. બીજો મોટો સિદ્ધાંત એ છે કે પરિમાણ મોટું થતાં થતાં એ ગુણમાં ફેરવાઈ જાય છે. એમણે આ સિદ્ધાંતોને પોતાના Dogma—હઠધર્મી સિદ્ધાંત બનાવી મેલ્યા છે. ડોગ્મા—હઠધર્મી સિદ્ધાંત એટલે એવો સિદ્ધાંત કે જેને વિષે માણસ ફરીથી વિચાર કરતો નથી, પૂછડું ઝાલ્યું એ ઝાલ્યું. આ બરાબર નથી. માર્કસનું વિજ્ઞાન અદ્યતન નથી, કારણ, વિજ્ઞાનમાં રોજેરોજ પ્રગતિ થઈ રહી છે. આમાં બહુ ચર્ચા કરવાની જરૂર નથી.

જે પરિમાણાત્મક છે તેને ગુણાત્મકમાં બદલવું હોય તો મનુષ્યના વ્યક્તિત્વનું સંરક્ષણ થવું જોઈએ, અને ઉપકરણો એને અનુરૂપ હોવાં જોઈએ. દરેક વ્યક્તિને એની વિશેષતાને અનુરૂપ ઉપકરણ મળવું જોઈએ. ટંકશાળી પ્રક્રિયા આપણે એક હદ સુધી મંજૂર કરી. આપણે એની મર્યાદા પણ બતાવી. સેનામાં તૈયાર ગણવેશ મળે છે કારણ કે બધાનાં શરીર લગભગ એક આકારનાં હોય છે. જોડા પણ એક માપના હોય છે. કારણ કે પગ પણ બધાના લગભગ સરખા હોય છે. તમારા પગના માપના જોડા બનાવ્યા હોય તો જ એ આરામદાયક હોય છે. તમારે માટે જ જે ચીજ બને તે તમારે અનુરૂપ હોવી જોઈએ. આ વાત તો ઉપભોગની વસ્તુ અંગે થઈ. હવે આપણે ઉપકરણની વાત લઈએ. ફાઉન્ટન પેન અને સીતારના દાખલા અગાઉ આવી ગયા. તમે ચરખો કાંતો છો અને ભાઈજી આમ તેમ આંટા મારે છે. તમે પૂછો છો કે "કેમ આંટા મારો છો?" એ કહે છે, "મારો ચરખો શોધું છું." તમે કહો છો, "એવું હોય તો મારો ચરખો લો." ભાઈજી કહે છે કે "ના, મારા ચરખા પર મારો હાથ બેસી ગયો છે. બીજાના ચરખા પર નહીં

ફાવે." ઓજાર અને ઇન્સાન વચ્ચે, મનુષ્ય અને ઉપકરણ વચ્ચે અંગઅંગી સંબંધ હોવો જોઈએ. એ આપણા શરીરનો એક ભાગ બની જવું જોઈએ. શરીરનો હિસ્સો બને તો જ સહજ કુશળતા પ્રાપ્ત થાય છે.

પહાડ ચઢતાં જોડા ઉતારવા પડે કે દોડતી વખતે ઉતારવા પડે તો જરાય બરાબર નથી. વિનોબાને પૂછશો કે તમારી પાસે સૌથી સારી વસ્તુ કઈ છે તો કહેશે કે "મારા જોડા. કારણ, એ પહેરીને હું કશી જ તકલીફ વગર દસ માઈલ ચાલી શકું છું. એ મારા પગની શક્તિ વધારે છે." અહીં પગની શક્તિમાં વધારો થયો. આ થયું ઉપકરણનું બીજું પાસું. ઉપકરણ આપણા શરીરનું અંગ બને એટલું જ પૂરતું નથી; બલ્કે એનાથી એ અંગની શક્તિ વધે તે પણ જરૂરી છે. ઉપકરણની વિશેષતા કેવળ કલાના ક્ષેત્ર સુધી જ સીમિત હતી. આપણું કહેવું છે કે ઉત્પાદનના ક્ષેત્રમાં પણ કલાત્મકતા આવવી જોઈએ. નહીં તો મોટામાં મોટો પંડિત પણ અસંસ્કૃત રહી જશે. ડૉ. જોન્સન પોતાના જમાનાના બહુ મોટા વિદ્વાન માણસ હતા, વિદ્વદ્ શિરોમણી હતા. એક વાર એમને સંગીતની એક બેઠકમાં લઈ ગયા. બેઠક પૂરી થઈ ને એ જવા નીકળ્યા ત્યારે કોઈકે પૂછ્યું, "કેમ, કેવું લાગ્યું?" એમણે જવાબ આપ્યો, "It is the least disagreeable of all noises—બીજા બધા ઘોંઘાટ કરતાં આ સૌથી ઓછું માથું ખાય તેવો લાગ્યો." ડૉ. જોન્સન જેવાના આ હાલ હતા! શિક્ષણશાસ્ત્રીઓનું કહેવું છે કે જેને સંગીતમાં રુચિ નથી તે અસંસ્કૃત છે.

એનો અર્થ એ કે સાધારણ મનુષ્યમાં કળાની અભિરુચિ પેદા થવી જોઈએ અને એ એના ઉદ્યોગમાં પ્રગટ થવી જોઈએ. ધારો કે તમે મને અને એક છોકરીને એક એક સફરજનની છાલ ઉતારવા બેસાડયાં. હું કટકે કટકે છાલ ઉતારતો ગયો, જ્યારે છોકરીએ એક છેડેથી શરૂ કર્યું તે આખી છાલ એક કકડે ઊતરી ત્યારે ચપ્પુ ઉપાડયું. આને 'સિફત'–કળા કહે છે. એમાં શોભનીયતા અને કળા બન્ને છે. ટેકનોલૉજી—તકિનકીમાં શોભનીયતા અને કળા એ બન્નેનું સંરક્ષણ થવું જોઈએ. નહીં તો એક મૂળભૂત સંઘર્ષ હમેશા રહી જવાનો. ઉત્પાદનની ભૂમિકા પર મનુષ્ય કેવળ ઉત્પાદનનું જ ચિંતન કરશે.

અને એમાંથી છૂટયા બાદ કેવળ સંસ્કૃતિનું ચિંતન કરશે. આમ ન થવું જોઈએ. આપણે બન્નેમાં સામંજસ્ય આણવું છે.

### વૈભવ-લોલુપતા અને આરામ-પ્રિયતા

આધુનિક યંત્ર-વ્યવસ્થામાં બે પ્રકારના માણસો છે. એક તો એ લોકો જે આજ સુધી ગુલામ, પશુ અને સ્ત્રી પાસે કામ કરાવતા હતા અને હવે યંત્ર પાસે કરાવવા માગે છે. એમને તો પોતાનું માથું પણ વાપરવું નથી ગમતું. મનુષ્ય પોતાના વ્યવસાયને ટાળવા મથે છે. એ ઇચ્છે છે કેટલુંક કામ યંત્રને સોંપી દો અને કેટલુંક વિશેષજ્ઞોને. યંત્રને ભૌતિક કામ સોંપ્યું અને વિશેષજ્ઞોને દિમાગી કામ સોંપ્યું. આમ કરીને પોતે સાવ પ્રયોજન-વિહીન બની ગયો. પણ આ મનુષ્યનો સ્વભાવ નથી, કુસંસ્કાર છે. એ મૂડીવાદને કારણે આવેલો કુસંસ્કાર છે. જેમ અંગ્રેજી રાજ્યને પરિણામે એક કુસંસ્કાર એ આવ્યો કે કેટલાક બાબુ લોકોને લાગવા માંડયું કે એ હવે શુદ્ધ હિંદી ભાષામાં અથવા શુદ્ધ માતૃભાષામાં બોલી શકતા નથી. સવારે છ વાગે નોકર આવીને ચા આપી જાય તો પથારીમાં જ ચા પીવાની કુટેવ પડી જાય છે. પરિસ્થિતિમાંથી જે કુસંસ્કાર પડ્યા તેમાંથી વૈભવ-લોલુપતા અને વિશ્રામપ્રિયતા આવી. પણ ખરી રીતે જોવા જાવ તો વૈભવલોલુપતા અને વિશ્રામ-પ્રિયતા એ મનુષ્યનો સ્વભાવ નથી.

આપણે જોયું કે બે ઠેકાણે બે સંઘર્ષ આવ્યા. પાશ્ચમના દેશોમાં માનસિક–દિમાગી સંઘર્ષ આવ્યો, જ્યારે અહીં ઉત્પાદનની પદ્ધતિના સ્તર પર આવ્યો. આમ અલગ અલગ સ્તર પર સંઘર્ષ પેદા થયો. પરંતુ એ મનુષ્યનો સ્વભાવ નથી.

તમે શિબિરમાં આવ્યા છો. હવે અહીંથી વ્યવસ્થાપકે તમને લખ્યું હોત કે અહીં આવતી વખતે થાળી વાડકો લોટો ને પ્યાલો તો લાવજો જ, સાથે સાથે રાંધવાનાં વાસણ અને સફાઈ માટે ઝાડુ પણ લેતા આવજો. વળી ઠંડીના દિવસો છે એટલે ખાસો બિસ્તરો પણ લેતા આવવા કહ્યું હોત તો કંઈ બહુ ખોટી વાત કરી એમ ન કહેવાત. છતાં તમે કહેત, આ તો ખરો શિબિર, પોતે જ ગધેડા પણ બનો ને પોતે જ સવાર પણ બનો.

ખાદી ભંડારમાં શિબિર છે, અને વ્યવસ્થાપક તમને લખે છે કે બિસ્તરો લાવવાની જરૂર નથી, હજારો કાંબળા છે; ખાવા પીવા ને

ચા પાણી માટે પણ વાસણ લાવવાની જરૂર નથી, અહીં જોઈએ તેટલાં મળી રહેશે. પલંગ, પાટ ને ગાદી પણ જોઈએ તેટલાં છે. બસ પછી તમારે શું કરવાનું રહ્યું? ખાવ ને આરામ કરો. આ બીજી ગોઠવણમાં વધારે આરામ રહેશે, ખરું ને?

### સંગ્રહ માનવનો સ્વભાવ નથી

અમીર આટઆટલો સામાન લઈને ફરે છે, તે શું એ એનો સ્વભાવ છે? સામાન લઈને ફરવું, સંગ્રહ કરવો એ મનુષ્યના કુસંસ્કાર છે. સંગ્રહ એ મનુષ્યનો સ્વભાવ નથી. Acquisition for Possession– એક્વિઝિશનનો અર્થ છે મેળવવું. અહીં એ કમાવાના અર્થમાં નથી, મેળવવાના અર્થમાં છે. મરાઠી અને ગુજરાતીમાં આને માટે સારો શબ્દ છે– "સંપાદન કરવું." વસ્તુ સંપાદન કરવાને યોગ કહે છે. 'પઝેઝન'નો અર્થ છે ક્ષેમ. આમ એક્વિઝિશન ફોર પઝેઝનનો અર્થ થયો યોગક્ષેમ. વસ્તુ મેળવવી ને રાખવી. આ બન્ને મનુષ્યનો સ્વભાવ નથી. મનુષ્યને સંભાળવાનો શોખ નથી. વસ્તુનો બોજ વહેવો, એને સંભાળવી એ મનુષ્યનો સ્વભાવ નથી.

ટોનીએ અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે—'એક્વિઝિટિવ સોસાયટી'—એવો સમાજ જેમાં વસ્તુ ઉપાર્જન કરવાનો ને સંઘરવાનો શોખ હોય. મનુષ્યને ઉપાર્જનનો શોખ નથી. મનુષ્યની પ્રેરણા નિર્માણ કરવાની હોય છે, ઉપાર્જનની નથી હોતી. ઉપાર્જનનો તો સંસ્કાર છે, એ એનો મૂળ સ્વભાવ નથી. હિંદીમાં એને ઉપાદાન પણ કહે છે. ઉપાદાન કરવું એટલે ચીજો ભેગી કરવી, સંઘરવી. એની સાથે સાથે પરિગ્રહ પણ આવે છે. પરિગ્રહ એ મનુષ્યનો સ્વભાવ નથી. મનુષ્ય ઉપભોગ કરવા ઇચ્છે છે પણ પરિગ્રહ કરવા નથી ઇચ્છતો. એને ચા પીવી છે, પણ ચાનો સામાન ઉપાડીને ફરવાનું મન નથી.

ગોવિંદરાવ ને એનો દોસ્ત સિંહગઢ ચઢવા ઊપડ્યા. ગોવિંદરાવ સાથીને કહે છે કે "ઓઢવા-પાથરવાનો સામાન તું ઉપાડ, હું ખાવા-પીવાનો સામાન ઉપાડું છું." સાથી પૂછે છે કે "એવી પસંદગી કેમ કરી?" ગોવિંદરાવ કહે છે કે, "મારો બોજો ધીરે ધીરે ઘટતો જશે, જ્યારે તારો ઠેઠ સુધી એટલાનો એટલો રહેશે."

ઉપભોગની સાથે સાથે જે બોજો ઘટતો જાય તે માણસને ગમે

છે, પણ ઉપભોગની સાથે સાથે જેનો બોજ વધતો જાય તે એને નથી ગમતો. એટલે પરિગ્રહ એ મનુષ્યનો સ્વભાવ નથી.

લોકો કહે છે કે માલિકીની પ્રેરણા નહીં હોય તો લોકો કામ શા માટે કરશે? પ્રેરણા ક્યાંથી આવશે? આપણું કહેવું છે કે કામની પ્રેરણા મનુષ્યની સ્વાભાવિક પ્રેરણા છે. એ દબાઈ ને ઢંકાઈ ગઈ છે. કામ માટે પ્રેરણા શોધવાની જરૂર નથી, ફક્ત એના જે કુસંસ્કાર છે તે જ કાઢવાના છે. બાળકને "કૂદો કૂદો" એમ કહેવું પડતું નથી, ઊલટું એને તો 'છાનુંમાનું બેસ' એમ જ કહેવું પડતું હોય છે.

આપણે જોયું કે આરામ અથવા નવરા બેસવું એ મનુષ્યનો સ્વભાવ નથી. તો પછી યંત્ર-વ્યવસ્થાનું આકર્ષણ શેમાં છે? એક તો એનું આકર્ષણ પ્રચુરતાને લીધે છે; અને બીજું આકર્ષણ આરામનું. આરામનું આકર્ષણ એ પણ એક જાતની પ્રતિક્રિયા છે. આપણે ત્યાં ગરીબી, લાચારી અને બેકારીને લઈને યંત્રોનું આકર્ષણ છે તેમ પશ્ચિમમાં પણ હજી સુધી યંત્રોનું આકર્ષણ પ્રતિક્રિયાત્મક જ છે. જે વર્ગને ગદ્ધાવૈતરું કરવું પડયું હતું તેમનું સપનું શું હતું? એ કે અમે આરામ કરશું. નોકરીથી નિવૃત્ત થયા પછી શું કરશો? તો કહે કે પચ્ચીસ સાલ સુધી નોકરી બજાવી, હવે આરામ કરશું.

શું આરામના દિવસો એટલે ઠાઠડી પર ચઢી સૂઈ જવાના દિવસો છે? આરામ મનુષ્યનો સ્વભાવ કે એની મૂળ પ્રેરણા નથી. મનુષ્યના સ્વભાવમાં મૂળ પ્રેરણા કામની છે. ચાલવાની, દોડવાની પ્રેરણાની જેમ એ પણ એના શરીરની મૂળભૂત પ્રેરણા છે. પણ એને એ પ્રેરણાનો ઉપયોગ પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે કરવો પડે છે, પોતાના વિકાસ માટે એનો ઉપયોગ એ કરવા પામતો નથી. તેવી જ રીતે સાર્વજનિક ઉત્પાદનની પ્રેરણા છે. એ પ્રેરણા ક્યાંથી આવે છે. એ ક્યાંયથી નથી આવતી. એ માણસમાં પડેલી જ છે. ક્યાંકથી આવતી હોત તો ચાલી પણ જાત. પણ એમ નથી. એ તો એનું સ્વરૂપ જ છે.

### મૂડીવાદના બે આધાર

હવે બીજી બાજુ જોઈએ. ગરીબ ગરીબીની તકલીફ શા માટે વેઠે છે? એનો શો જવાબ છે? એનો જવાબ એ છે કે રાત ગમે તેટલી કાળી હો, એનો અંત આવવાનો જ છે. દરેક ગરીબને આશા છે



૫

કે એ ક્યારેક તો અમીર બની શકશે. આજે જે અમીર છે તે પણ અમીર બન્યા છે. અમીર જનમતા નથી. એ જેમની કૂખે જનમ્યા એ પણ ક્યારેક અમીર બન્યા હતા. હરીશ અમીર બની શકે છે તો ભટ્ટાચાર્ય કહે છે કે હું કેમ ન બની શકું? એક મનુષ્ય જે કરી શકે છે તે બીજો પણ કરી શકે, આ આશા છે. અમીર માણસ અમીરીનો બોજો શા માટે વહે છે? એટલા માટે કે એને ગરીબ બની જવાશે તેનો ડર લાગે છે. દરેક અમીરના મનમાં એ ડર રહેલો હોય છે કે રખે ને કાલે ગરીબ થઈ જવાય! કારણ, એણે અમીરોને ગરીબ બનતા જોયા છે, બીજી બાજુ ગરીબને આશા છે કે એ અમીર બની શકે છે. આમ એકને ડર છે, બીજાને આશા છે. મૂડી-વાદના આ આધાર છે. આ બે થાંભલા પર મૂડીવાદ ટક્યો છે. એક થાંભલો છે અમીરનો ડર અને બીજો થાંભલો છે ગરીબની આશા.

જેમ શસ્ત્રનું માનસ, યુદ્ધનું માનસ, યંત્રનું માનસ હોય છે તેમ ગરીબ અમીરનું પણ પોતપોતાનું માનસ હોય છે. મનોનિયંત્રણ અને મસ્તિષ્ક પ્રક્ષાલન ( Regimentation and Brain washing ) ની વાત કરતી વખતે આ વાત આવી હતી. પશ્ચિમમાં ગાંધીના સત્યાગ્રહ અંગે ઘણાં પુસ્તકો લખાયાં છે. એમનું કહેવું છે, સમાજ પરિવર્તનની પ્રક્રિયા એ કેવળ રાજકીય આર્થિક અને સામાજિક પ્રક્રિયા જ નથી એ માનસિક પણ છે. માનસશાસ્ત્રના સ્તર પર પણ એનો મુકાબલો કરવો પડશે.

એક ગરીબનું મન છે, તેવી જ રીતે એક અમીરનું મન છે. એને ફેરવવું હોય તો પરિસ્થિતિ ફેરવવાની જરૂર છે. જે પરિસ્થિતિને કારણે કુસંસ્કાર પડે છે તે પરિસ્થિતિને બદલવાની જરૂર છે. ધારો કે કોઈને તાવ આવ્યો. તાવ કેમ આવ્યો? તો કહે છે કે અહીંનું પાણી ને ધૂળ એ બધાંને લઈ ને. તો સલાહ મળશે કે એમને બીજી સારી જગ્યાએ લઈ જાવ. આમ આપણે પરિસ્થિતિને બદલીએ છીએ.

પરિસ્થિતિને લીધે બીમારી આવી તો પરિસ્થિતિ જ બદલી નાખી. પણ પરિસ્થિતિથી જ બધું થાય છે એમ નથી. મેં ૧૯૨૦–૨૧ માં કૉલેજ છોડી. કૉલેજ તો છોડી, પણ હવે શું કરવું? ચાલો અધ્યયન કરીએ, એમ વિચારીને રાજ્યશાસ્ત્રનું એક પુસ્તક ખરીદવા

ઊપડ્યો. ટૉમસ બકલનું પુસ્તક "History of Civilisation— સંસ્કૃતિનો ઇતિહાસ" લીધું. એમાં લખ્યું હતું કે આબોહવા અનુસાર માણસ ઘડાય છે. ઈટલીમાં આબોહવા કેવી છે? તો કે' "દસ સૈનિક બનશે તો દસેય કપ્તાન બનશે". ત્યાં દરેક સૈનિક કપ્તાન હતો. જેની સાથે મારે ઊઠબેસ હતી તેમને મેં પૂછ્યું કે હિંદુસ્તાનની આબો-હવા કેવી છે? એમણે જવાબ દીધો, "અહીં દસ સૈનિક હશે તો અગિયાર કપ્તાન હશે." મેં બીજો સવાલ પૂછ્યો, "સ્વરાજ્ય ક્યારે આવશે?" એમણે જવાબ દીધો, "આબોહવા નહીં બદલાય ત્યાં સુધી નહીં આવે."

ભગવાનનો પાડ કે પરિસ્થિતિના પ્રભાવની એક મર્યાદા છે. એ મર્યાદા ન હોત તો ક્રાંતિ થવી સંભવ જ ન હોત. પ્રતિક્રિયામાંથી ક્રાંતિ નથી થતી. આપણે ત્યાં લોકો નાગા, ભૂખા અને બેકાર છે. એટલે એમ કહે છે કે પહેલાં તો આપણે અમેરિકા જેવા ધનવાન બનવું છે, પછી જોયું જશે. અધ્યાત્મ ત્યાર બાદ આવશે.

હું કૉલેજ છોડવાનો હતો ત્યારે મારી ફોઈ સાથે ચર્ચા થઈ. એમણે પૂછ્યું, "કૉલેજ શા માટે છોડવી છે?" મેં કહ્યું, "ગાંધીની પાછળ જવું છે તેથી." એ બહુ હોશિયાર હતાં, મને કહે, "ગાંધી તો પહેલાં બૅરિસ્ટર બન્યા, પછી મહાત્મા બન્યા. તું પહેલાં તારું ભણતર પૂરું કર, પછી મહાત્માની પાછળ નીકળજે."

અહીંનો માણસ કેવી રીતે વિચારે છે? કે પહેલાં તો ધનવાન બનું, પછી અધ્યાત્મ આવશે. આ એનું માનસ છે. પહેલાં તો અમેરિકા અને રશિયાની ટક્કરનાં શસ્ત્રો બનશે, પછી અહિંસા આવશે. પહેલાં એમના જેટલો વૈભવ આવશે, પછી સંયમ આવશે. આ બન્ને પ્રતિક્રિયાઓ જ છે.

પરિસ્થિતિ બદલવાથી પ્રતિક્રિયાઓનું નિવારણ એક હદ સુધી થઈ શકે છે. તેથી પરિસ્થિતિ બદલવી જરૂરી છે. પરંતુ એને બદલવા જતાં એવી પ્રક્રિયા ન વાપરવી કે જેથી બીજી પ્રતિક્રિયા ઊભી થઈ જાય. નહીં તો પ્રતિક્રિયાઓની પરંપરા જ ચાલવા માંડશે. અનંત પ્રતિક્રિયા ચાલશે જેનો પાર નહીં આવે. પરિસ્થિતિ છે, એને બદલવી છે એ કબૂલ; પણ પરિસ્થિતિને બદલવાથી બીજી પ્રતિક્રિયા પેદા થશે તેનું શું? પછી તો એ જ દુષ્ટચક્ર ચાલતું રહેશે. આપણે

આવું ચક્ર ચાલવા દેવું નથી. આપણું લક્ષ્ય શું છે? સમાજ પરિવર્તનની પ્રક્રિયા એવી હોવી જોઈએ કે એમાંથી બીજી પ્રતિક્રિયા ફૂટી ન નીકળે. ક્રાંતિની ભાષામાં કહેવું હોય તો એવી પ્રક્રિયા જોઈએ કે જેથી પ્રતિક્રાંતિ પેદા ન થાય. સામ્યવાદીઓને પ્રતિક્રાંતિનો જ ડર છે.

બે પ્રતિક્રિયા છે. એક અમીરની અને બીજી ગરીબની. એક પશ્ચિમની અને બીજી પૂર્વની. પશ્ચિમનો માણસ આરામ-તલબ, વિશ્રામપ્રિય બની ગયો છે. વિશ્રામપ્રિયનો અર્થ પથારીમાં પડ્યા રહેવું એવો નથી. એમ તો ત્યાંનો માણસ ફૂટબોલ રમશે, ઇંગ્લિશ ચેનલ પાર કરશે, પહાડ પર ચઢશે. પણ એને અનિચ્છાએ કામ કરવું પડે તે મંજૂર નથી.

હું નાનો હતો ત્યારે એક ટૂર્નામેન્ટ—ખેલકૂદની હરીફાઈ જોવા ગયો હતો. મારા બે કાકાઓ વ્યવસ્થામાં હતા. એમાંના એક ડૉક્ટર હતા અને બીજા વકીલ હતા. ડૉક્ટરે કોટ-પાટલૂન પહેર્યાં હતાં, જ્યારે વકીલે મરાઠી પોશાક પહેર્યો હતો. કંઈ કામ પડ્યું તો ડૉક્ટર દોડતા પહોંચી ગયા. બીજી વાર કંઈ કામ પડ્યું તો વકીલ દોડ્યા. એ જોઈને બધા હસવા માંડ્યા. અહીંનો માણસ દોડે છે તો લોકો હસે છે, અને ત્યાંનો બુઢ્ઢો ચર્ચીલ દોડે તો પણ કોઈ નહીં હસે. અહીં કોઈ છોકરી સાઈકલ પર બેસે તો લોકો કહેશે મડમ બની ગઈ; છોકરીથી તે સાયકલ પર બેસાય! આમ બંનેના વલણમાં ફેર છે.

એટલે આરામતલબ શબ્દનો અર્થ એ છે કે માણસને બીજા સારુ થઈને જે મહેનત કરવી પડે છે તેનાથી એ બચવા માગે છે. એને કામ નથી જોઈતું, રમત જોઈએ છે. બીજા સારુ કરવા પડતા કામ તરફ એના મનમાં ધિક્કાર પેદા થયો છે. આ એક પ્રતિક્રિયા છે.

અમારી સાથે નિશાળમાં બ્રાહ્મણેતર છોકરાઓ પણ હતા. એ લોકોના આંદોલનોમાં હું સામેલ થતો. હું ભાષણમાં કહેતો કે બ્રાહ્મણેતર આંદોલન જરૂરી છે. એ સાંભળી એ લોકો ખુશ થતા. પણ મારા એક સાથીએ ઊભા થઈને કહ્યું, “આ મારો દોસ્ત છે. એણે જે ભાષણ કર્યું એની હું કદર બૂજું છું. પણ શું થાય? મારા મનમાં જે આગ ઊઠે છે તે એના મનમાં નહીં ઊઠે. મારી

માને એની માનાં એઠાં વાસણ માંજવા પડચાં છે. આ જો કે મારાં વાસણ માંજે છે, પણ એ તો શોખ સારુ માંજે છે. અને હું એનાં વાસણ કચારેય નહીં માંજું, કારણ કે મારી માને એની માનાં વાસણ માંજવા પડચાં હતાં." આ પ્રતિક્રિયા છે.

આવી જ પ્રતિક્રિયા ગરીબ-અમીરના મનમાં પણ હોય છે. એ એક માનસ છે, આ માનસ પર આક્રમણ કરવું હોય તો કરો; શિક્ષણથી, વિચારથી, પ્રચારથી આ માનસને બદલવું છે.

મનુષ્ય સ્વભાવથી શ્રમનિષ્ઠ છે, એને માટે બાહ્ય પ્રેરણાની જરૂર નથી. શિક્ષણ અને વિચાર-પ્રચારની જરૂર તો એટલા માટે છે કે પ્રતિક્રિયામાંથી ઉત્પન્ન થયેલ કુસંસ્કારોને મિટાવવા છે. ત્યાર બાદ પ્રેરણા શોધવાપણું નહીં રહે, પ્રેરણા તો સ્વાભાવિક જ છે.

●

૭

# કર્મ સ્વાતંત્ર્યની વિકૃતિ

આ દેશના સામાન્ય મનુષ્ય અને વિશિષ્ટ મનુષ્યોના વ્યક્તિત્વમાં એક વિરોધ છે તેનો આપણે વિચાર કર્યો. આકાંક્ષા વૈભવની છે અને તત્ત્વજ્ઞાન આખું અધ્યાત્મનું છે. પરિણામ એ થયું છે કે વહેવાર અને ધર્મ બન્ને અધ્યાત્મથી કંઈક અળગા પડી ગયા છે.

હવે આપણે તપાસીએ કે વહેવાર અને ધર્મ વચ્ચે કેવી રીતે વિરોધ આવે છે. તમામ ધર્મોમાં સારાં કામોનું ફળ શું બતાવાયું છે? કહે છે કે કેવો રોકડાનો સોદો છે! આ હાથે દો ને પેલે હાથે લો! આ તો કળજુગ નથી કરજુગ છે! સારાં કામ કરશો તો શાંતિ, સ્વાસ્થ્ય અને સંપત્તિ મળશે. આશીર્વાદ આપતાં કહેશે: શાંતિઃ પુષ્ટિઃ તુષ્ટિસ્ચાસ્તુ!— શાંતિ સુખ ને સ્વાસ્થ્ય મળો!

### ધર્મનાં તમામ ફળો ભૌતિક

આ બધાં ફળો ભૌતિક છે કે આધ્યાત્મિક? બધાં જ ભૌતિક છે, શારીરિક છે. સદાચાર અને ધર્માચરણનાં જેટલાં ફળ કહેવામાં આવ્યાં છે તે બધાં જ ભૌતિક છે. આરોગ્ય અને સ્વાસ્થ્યની કામના કરીએ છીએ. અને શરીરનું એ સ્વાસ્થ્ય તથા આરોગ્ય શા માટે ઇચ્છીએ છીએ? તો કે દીર્ઘાયુ માટે. આપણે કોઈને માટે શુભેચ્છા સેવીએ છીએ ત્યારે શું ઇચ્છીએ છીએ? એ જ કે એને આરોગ્ય અને દીર્ઘાયુ મળો. આરોગ્ય શરીર સાથે જોડાયેલું છે. जीवेम शरदः शतम्—ઋષિઓએ પ્રાર્થના કરી—સો સો શરદ ઋતુઓ આપણા જીવનમાં આવો. છેવટે કહ્યું, अदीनाः स्याम् शरदः शतम्—એટલે કે દીનતા યા દરિદ્રતા વગરનું સો વર્ષનું જીવન હો. जिजीविषेत् शतम् शमाः—સો વર્ષનું અમારું જીવન ઇષ્ટ હજો. સો વર્ષ જીવો; આરોગ્યનું પાલન કરતાં કરતાં જીવો જેથી શરીર વધુ દિવસ ટકી રહે. ધર્મનાં જેટલાં ફળો છે—સારાં હો યા ખોટાં, બધાં જ શરીર સાથે સંબંધ રાખે છે.

બીમાર કેમ પડ્યો ? તો કહેશે, કંઈ પાપ, કોઈ અપરાધ કર્યો હશે એટલે. લોકેન્દ્ર કહે છે કે હું ગાડીના ડબ્બામાં ચઢતો હતો ત્યારે એક ભિખારીએ રોટી માંગી; મેં ન આપી એટલે ડબ્બામાં ચઢતાં પગ લપસ્યો. રોટી તો ગઈ જ, ભેગી ચોટ પણ આવી. હવે આ ફળ કોને મળ્યું ? આત્માને મળ્યું કહેવાય ખરું ? આમ સદાચરણ અને ધર્મ-પાલનનું ફળ શારીરિક સુખ યા દુઃખ તરીકે વર્ણવાયું છે. અને તેથી જ મનુષ્યને ઘડપણ, વ્યાધિ અને મૃત્યુનો ડર લાગે છે. હવે આ ત્રણેનો સંબંધ તો શરીર સાથે જ છે.

### દુઃખમાંથી શિક્ષણ

આપણે કહીએ છીએ કે દુઃખ આપણને શિક્ષણ આપવા આવ્યું છે. ભગવાને એટલા માટે દુઃખ મોકલ્યું છે કે એમાંથી આપણે શીખીએ, પાઠ લઈએ. આ ઈસા મસીહની ચાબૂક છે. ભગવાને આપેલી સજા આપણને જગાડવા માટે છે. "તેં અપરાધ કર્યો એટલે તું માંદો પડ્યો. અપરાધ ન કરત તો માંદો ન પડત." ગાંધીજી માંદા પડતા ત્યારે કહેતા કે આચરણમાં કશીક અશુદ્ધિ રહી ગઈ હશે તેથી માંદો પડ્યો. વિનોબા પણ એમ જ કહે છે. એમનો વળી એક બીજો પણ સિદ્ધાંત છે. ઘડપણમાં શક્તિઓ શિથિલ નહીં પણ પરિપક્વ થવી જોઈએ. ઘડપણ એ ફળના સુકાવાનો સમય નથી, એ તો ફળ પાકવાની વેળા છે. યુવાની પુષ્ટ થવાનો કાળ છે, અને ઘડપણ એનો પાકવાનો કાળ છે. આપણી તમામ પ્રાકૃતિક શક્તિઓનો પરિપાક થવો જોઈએ. પણ ઘડપણમાં તો એને બદલે અપક્ષય જ થાય છે. શક્તિઓ ધીરે ધીરે ક્ષીણ થવા માંડે છે. હવે એનો શો જવાબ? તો કહે છે કે એ તો બાલ્યાવસ્થા અને યુવાનીનો દુરુપયોગ કર્યો તેથી ઘડપણમાં ક્ષીણ થયા. દુરુપયોગ ન કર્યો હોત તો ઘડપણમાં ક્ષીણ ન થાત. ઘડપણમાં શકિતઓ પાકવી જોઈએ, એમાં પરિપક્વતા અને સૌમ્યતા આવવી જોઈએ. પરંતુ શકિત કોઈ પણ રીતે ક્ષીણ ન થવી જોઈએ. આનો અર્થ એ થયો કે સદાચરણનો અને ધર્માચરણનો સંબંધ શરીર સાથે છે. સારા કામ માટે ઈનામ અને બૂરા કામ માટે દંડ ! આમ દંડ અને ઈનામનો સંબંધ પણ શરીર સાથે જ.

### ભય અને લોભની પ્રેરણા

નરકનાં ચિત્રો દેખાડે છે. એમાં કયાંક કોઈકને તળે છે, તો

વળી કોઈકને કરવતથી વહેરે છે. પણ વહેરે છે તે શેને વહેરે છે? શરીરને. આત્માને નથી વહેરતા. ત્યાં તળાવા ને વહેરાવા સારુ એને બીજું શરીર ધારણ કરવું પડે છે. પરલોકમાં શું થશે તે એમાં દર્શાવે છે. ઈહલોકનું પણ એવી જ રીતે બતાવે છે. ચોરના ચિત્રની સામે જેલનું ચિત્ર બતાવે છે અને દાનના ચિત્રની સામે સભામાં હારતોરા ને માનપાન પામતા માણસનું ચિત્ર દેખાડે છે.

આ એક પાયાની બાબત છે. વ્યવહાર અને ધર્મના ક્ષેત્રમાં ભય અને લોભની પ્રેરણાઓ કામ કરે છે. આ બંને પ્રેરણાનો સંબંધ શરીર સાથે છે. તેથી મનુષ્યને મૃત્યુ અને દુઃખ માટે તૈયાર રહેવાનું કહેવામાં આવે છે. દુઃખ માટે તૈયાર શા સારુ રહેવાનું? તો કે દુઃખ તો તારા કલ્યાણ માટે ભગવાન મોકલે છે, એમાંથી પાઠ મળે છે. વૃદ્ધાવસ્થાને જીવનનો પરિપાક કહે છે, એ વખતે જીવન સુકાતું નથી, પકવ બને છે.

મોત આવે છે તો કહે છે કે આ તો તારો મિત્ર છે, જીવન-સંગીત છે, કાવ્ય છે, આપણો સૌથી મોટો ઉપકારક અને ઉદ્ધારક છે. તો શું શરીરથી જુદા થવું એ ઉદ્ધાર છે? શું શરીર પડવામાં ઉદ્ધાર છે? આ બધામાં દ્વન્દ્વ ક્યાં આવે છે? ધર્મ એક તરફથી આપણને શારીરિક સુખનો લોભ અને શારીરિક દુઃખનો ભય દેખાડે છે, અને બીજી બાજુ શરીર-દ્રોહનું શિક્ષણ આપે છે. પરિણામે આપણે જીવનભર શરીરને આપણું દુશ્મન માનીએ છીએ. વિનોબા જેવા સંત કહેશે કે શરીર તો ગધેડો છે, એને ખવડાવવું પડે છે. સાધુ સંતો કહે છે કે એ તો લાશ છે, એમાં શું ભર્યું છે? કોઈ વળી કહેશે કે એ તો અમંગળ છે, મળ-મૂત્રથી ભરેલું છે, વગેરે.

આમ એક બાજુ તો શરીર પ્રત્યે એક પ્રકારની સૂગ, શરીર-દ્રોહ પેદા કરવામાં આવે છે. આ આધ્યાત્મિકતા નથી. લોકો કહે છે કે પથ્થર પૂજવામાં આધ્યાત્મિકતા નથી, તો પછી ફોડવામાં પણ નથી. આજે શું થાય છે? જે પથ્થર ફોડે છે તે પૂજતો નથી, અને જે પથ્થરને પૂજે છે તે ફોડતો નથી. આમ શરીર-દ્રોહ એ અવળી શારીરિકતા, વિપરીત શારીરિકતા જ છે. શારીરિકતાને ઊલટી કરી દીધી, શરીર-દ્રોહ પેદા કર્યો અને એને નામ આપી દીધું

આધ્યાત્મિકતા. આમ શરીર તરફ ઘૃણા, તુચ્છતા, હેયતાનો ભાવ રાખવો એ ધાર્મિકતાની ફેશન બની ગઈ છે.

શરીર આટલું અપવિત્ર, અમંગળ અને અભદ્ર જ હોય તો પછી એની આટલી દેખભાળ શા સારુ કરવી? અને શરીર-દ્રોહની ભાવના હોય ત્યાં અહિંસા શી રીતે સંભવે? પછી તમે લોકોને શું શીખવશો? એ કે પોતાના શરીરને તો અધમ લેખો અને બીજાના શરીરને શ્રેષ્ઠ લેખો? એમ કરવા જતાં પણ શારીરિકતા જ આવવાની. આપણે અહિંસાની વાત કરીએ છીએ. એમાં આધ્યાત્મિકતાની શક્તિ ભલે હોય, પણ એનો પ્રત્યક્ષ સંબંધ તો શરીર-સંરક્ષણની સાથે આવે જ છે. સામાવાળાના શરીરને મંગલાયતન માનવું પડશે, એને માંગલ્યનું, ભદ્રતાનું, ભગવાનનું નિવાસ-સ્થાન માનવું પડશે. પહેલાં પારકાના શરીરને એ રીતે માનો, પછી પોતાના શરીરને માનો....ટૂંકામાં, શરીરને ભગવાનનું અને માંગલ્યનું ધામ માનો.

આપણું શરીર ભદ્ર છે, પવિત્ર છે, તેવી જ રીતે બીજાનું શરીર પણ તેવું જ છે. આ સજીવ શરીરને આપણે માંગલ્યનું નિવાસ સ્થાન સમજીશું ત્યારે જ આલ્બર્ટ સ્વીટ્ઝરના શબ્દોમાં Reverence for Life— જીવમાત્ર માટે આદરનો ભાવ પેદા થશે.

### શરીર માટે આદર

આલ્બર્ટ સ્વીટ્ઝર આ યુગની મહાન વિભૂતિ ગણાય છે. એ છ સાત ગુણોથી સંપન્ન છે. બહુ મોટા સંગીતજ્ઞ છે, મોટા ડૉક્ટર છે. બહુ મોટા ધર્મજ્ઞ, સાહિત્યકાર, મિકેનિક અને કારીગર છે. સબ બંદરકા બેપારી! અગાઉ આવો જ એક માણસ થઈ ગયો. એનું નામ હતું લિઓનાર્ડો ડી વિન્સી. સન ૧૪૫૨ થી ૧૫૧૯ સુધી એ હતા. એ પણ તે કાળના અપૂર્વ વિભૂતિ હતા. કળાકાર, ચિત્રકાર, શિલ્પી, વૈજ્ઞાનિક, ઈજનેર, સંગીતજ્ઞ, કવિ, તત્ત્વજ્ઞાની અને રહસ્યવાદી હતા. એમને માટે કહેવાય છે કે એમનું મન ગણિતજ્ઞનું હતું, એમની આંગળીઓ કુશળ યંત્રજ્ઞની હતી અને આત્મા કળાકારનો હતો.

આલ્બર્ટ સ્વીટ્ઝર સૌથી મોટા માનવ-સેવક ગણાય છે. આખી દુનિયા પર ગાંધી પછી એમની જ પકડ છે. દુનિયાના કેટલાક ભાગો પર ગાંધી કરતાં પણ એમની પકડ વધારે છે. આફ્રિકાનાં જંગલોમાં

રહીને સેવાનું કામ કરે છે. એમને એકવાર નોબેલ પુરસ્કાર અને એક-વાર શાંતિ-પુરસ્કાર મળ્યો છે. એમણે Indian Thought–ભારતીય વિચાર પર એક પુસ્તક લખ્યું છે, એમાં ગાંધીજીની ટીકા પણ છે.

આલ્બર્ટ સ્વિટ્ઝરનો મંત્ર છે Reverence for Life–જીવમાત્ર માટે આદર. જીવમાત્ર માટે આદર એટલે શું? એનો અર્થ એ છે કે મનુષ્ય માત્રના શરીરને અને એના વિગ્રહને આપણે પવિત્ર માનીશું. આને આપણે માનવતાની "સગુણ ઉપાસના" કહી શકીએ. પછી એ કેવળ સિદ્ધાંત નથી રહેતો. માનવમાત્ર સમાન છે એ ભાવના નથી, કલ્પના છે. ભાવના તો ત્યારે કહેવાય જ્યારે પ્રત્યય-સ્પર્શ થાય. તમે કહો છો કે અમે તમામ માનવીઓને સરખા ગણીએ છીએ. બૌદ્ધિક સ્તર પર તમે એ માન્યું. પણ પ્રેમ એ કેવળ વિચારની હદ સુધી જઈને અટકતો નથી. તમામ મનુષ્યો સરખા છે એ તો એક વિચાર જ થયો ને! બુદ્ધિથી સ્વીકાર્યું ભલે, પણ હૃદયમાં એનો પ્રત્યય નથી થતો.

Reverence for Life—જીવનિષ્ઠાનો અર્થ એ થાય છે કે માનવમાત્રનું શરીર પવિત્ર છે. કાયદાએ પણ એ સ્વીકારેલું છે કે માણસની હત્યા ન થઈ શકે. પાપી, અપરાધી, દુષ્ટ યા નષ્ટ— કદી પણ સુધરી ન શકે. એવા માણસને પણ મારી ન શકાય. ટૂંકામાં, કાયદાએ પણ મનુષ્ય માત્રના શરીરને પવિત્ર ગણ્યું છે.

### મૃત્યુનું કાવ્ય

હવે ધર્મ શું કહે છે? ધર્મ શીખવે છે કે આ શરીર અપવિત્ર છે અને એનાથી મુક્ત થવામાં કલ્યાણ છે. તેથી માણસ મૃત્યુને કાવ્ય લેખે છે, વૃદ્ધાવસ્થા અને દુઃખનાં ગીત ગાય છે. આ એક રીતે ઠીક છે, કારણ, એમાં બૂરાઈમાં પણ સારાપણાનું દર્શન છે.

એક નર્સ હતી. એને દુઃખ એ વાતનું હતું કે એને ઠંડી લાગતી હતી છતાં એની પાસે મોજાં નહોતાં. એ મનમાં ને મનમાં બળતરા કરતી હતી. એટલામાં કોઈ બીમાર સ્ત્રી આવી એટલે એને જોવા ગઈ. જુએ તો એ બાઈને ઘૂંટણ નીચેથી પગ જ નહોતા. નર્સને થયું, આના કરતાં મારી હાલત સારી છે, મોજાં ભલે ન રહ્યાં, પગ તો છે! આ બિચારીને તો એ પણ નથી.

મનુષ્ય પોતાનાથી વધારે દુઃખીને જોઈને પોતાના દુઃખમાં સંતોષ માને છે. વળી બીજાને, વધારે સુખીને જોઈને ઈર્ષ્યા કરે છે. આપણું કહેવું છે કે આપણાથી વધારે દુઃખીની તરફ જુઓ, સુખી તરફ ન જોશો. પણ બન્નેમાં પ્રતિક્રિયા પેદા થવા સંભવ છે. પોતાનાથી વધારે દુઃખીને જોઈને સંતોષ માનવા માંડશે અને વધારે સુખીને જોઈને ઈર્ષ્યા કરશે. બેઉમાંથી મુક્ત થઈ શકે તો જ તટસ્થ થઈ શકે.

પોતાના મનને વાળવા માટે અને પોતાનું દુઃખ સુસહ્ય બનાવવા માટે માણસ પોતાનાથી વધારે દુઃખી માણસને જુએ છે. એ કહે છે, ઠંડીથી બચવા મારી પાસે એક કાંબળો તો છે, પેલો બિચારો તો સાવ ઉઘાડો થથરે છે. આમ પોતાને સમજાવે છે. પણ વધારે સુખીને જોઈને થતી ઈર્ષ્યા અને વધારે દુઃખીને જોઈને અનુભવાતું સમાધાન બન્ને પ્રતિક્રિયા જ છે. મનુષ્યની આ સહજ અવસ્થા નથી, સંસ્કાર છે. ચારે બાજુ દુઃખ છે તે જોઈને એક સંસ્કાર જન્મ્યો, એને લઈને તેણે પોતાનું દુઃખ સુસહ્ય માન્યું. એવી જ રીતે મૃત્યુને પણ સુસહ્ય બનાવ્યું. મનુષ્ય મૃત્યુના વિષયમાં પોતાની વિવશતાને જાણે છે. એટલે એણે મૃત્યુને પોતાના હાથમાં લેવા, મૃત્યુને સ્વાયત્ત, મનોવાંછિત બનાવવા પ્રયત્ન કર્યો.

કોઈએ કવિતા કરી, અમે તો માથે કફન બાંધીને નીકળ્યા છીએ. જેને માથે કફન છે તેને માટે આ દુનિયા સ્મશાનભૂમિ છે, અને આ જીવનયાત્રા સ્મશાનયાત્રા છે. મૃત્યુ અંગેની જે પરવશતા છે તેમાંથી એ એને સ્વાયત્ત બનાવવા મથે છે. એ કહે છે, "હું મારી મરજીથી મરીશ. 'મજબૂરી' — લાચારીની જગ્યાએ એણે 'મરજી' ગોઠવી દીધી. એ કહે છે, "હું મૃત્યુને જીતીશ. શહીદ થઈશ." શરીર બચાવી ન શકયો તો ઉત્સર્ગ કરી દીધું. પછી એનાં કાવ્યો રચાશે: "એમણે તો પોતાના શરીરની આહુતિ આપી દીધી, હુતાત્મા થઈ ગયા!"

આમ જોવા જઈએ તો શરીરની આહુતિનું એક મહત્ત્વ છે. એ કેમ છે? કારણ, એમાં બીજાના શરીરને બચાવવાની ભાવના છે. માણસ પોતાની આહુતિ આપે છે, એટલા માટે કે સંસારમાં જીવનની પ્રતિષ્ઠા વધે અને અંતે જતાં જીવધારીઓની પણ પ્રતિષ્ઠા વધે.

આ ભૌતિકતા નથી, પારલૌકિકતા પણ નથી, આ માનવતા છે. આને આધ્યાત્મિકતા કહેવાય કે નહીં તે હું નથી જાણતો. પરંતુ આપણે બધાનાં શરીરને પવિત્ર માનીએ એ માનવતા છે. આપણને આત્મ-જ્ઞાન છે કે નહીં, બીજાઓને છે કે નહીં તે તો નથી જાણતો; પરંતુ કોઈ સ્થિતપ્રજ્ઞ હો, મહાન સાધુ હો યા દુષ્ટ અપરાધી હો, સૌના શરીરને અમે પવિત્ર માનીએ છીએ. આ માનવતા છે.

આપણું તમામ સંયોજન માનવકેન્દ્રી હશે. દ્વન્દ્વથી આપણે શરૂ કર્યું હતું અને સમન્વય સુધી આપણે પહોંચી ગયા. સમન્વય માનવતાના અને જીવનના સંરક્ષણ માટે. છેવટે જતાં જીવનની પ્રતિષ્ઠા વધારવા પોતાનો જાન પણ આપી દે છે. જીવનની પ્રતિષ્ઠા એટલે શરીર માત્રની, જીવમાત્રની પ્રતિષ્ઠા. માનવતાની સગુણ ઉપાસના થશે કેવળ નિર્ગુણ ઉપાસનાથી નહીં ચાલે. માનવતાનું બૌદ્ધિક દર્શન પાંડિત્યમાં ખોવાઈ જશે. તેથી આપણે કહીએ છીએ કે માનવતાની સગુણ ઉપાસના થવી જોઈએ, નહીં તો અહિંસા અને સેવા માટે કોઈ ગુંજાઈશ જ નહીં રહે.

ટ્રેનની બારી સામે આવી ભિખારી ધા નાખે છે, “એક પૈસો આપો! તમારો દીકરો જીવશે, વેપારમાં બરકત આવશે, નોકરીમાં પગાર વધશે, પાયરી વધશે.” બીજો ભિખારી આવે છે, ટાઢમાં થથરે છે. ઓવરકોટ ઓઢી તમે બેઠા છો. પૂછો છો, “ઊની કપડાં કેમ નથી પહેરતો?” પેલો કહે છે, “અમારા ભાગ્યમાં ઊની કપડાં ક્યાંથી? તમે ભાગ્યશાળી છો તે તમારી પાસે કપડાં છે; અમે પૂર્વ-જન્મમાં પાપ કર્યાં હશે, એટલે અમારી પાસે કપડાં નથી. અમે અભાગિયા છીએ.”

ગરીબ એટલા માટે ગરીબ છે કે ગયા ભવમાં એણે પાપ કર્યાં હશે, અમીર એટલા માટે અમીર છે કે પરભવમાં એણે પુણ્ય કર્યાં હશે. હવે ગરીબ કહે છે કે તમે પુણ્ય નહીં કરો, અમને દાન નહીં આપો તો આવતા ભવમાં ગરીબ થઈ જશો. આપશો તો અમીર થશો.

આ થઈ કહેવાતી ધાર્મિક પ્રેરણા—અમીર થઈ જશો, ગરીબ થઈ જશો. આ પ્રેરણા આપણને માનવ-વિમુખ બનાવે છે.

ખરી રીતે કર્મનો સિદ્ધાંત માણસને જવાબદાર બનાવવા માટે હતો. પણ એનો ઉપયોગ એવો થયો કે માણસ માનવ-વિમુખ બની ગયો.

ધારો કે હું કોઈ સંસ્થાના દસ હજાર રૂપિયા ખાઈ ગયો, અને કોઈ સ્ત્રી સાથે મારો અનૈતિક સંબંધ પણ થયો. હવે એની સજારૂપે મને ફટકા મારવામાં આવે છે. જોનારો કહે છે, "ખોટું કામ કર્યું તેનાં ફળ તો ભોગવવાં જ રહ્યાં. હાથનાં કર્યાં ભોગવે છે!"

આમાંથી હૃદય-હીનતા પેદા થાય છે. તેથી ગાંધીને કહેવું પડ્યું કે મારો ધર્મ ન્યાય નથી, કરુણા છે. શેક્સપીયરે પોતાના નાટક "મર્ચન્ટ ઓફ વેનિસ"માં પોર્શિયાને મોઢે કહેવરાવ્યું છે કે કરુણાની ભાવના અટકતી નથી કે ખંચકાતી નથી. ખંચકાય તો તે કરુણા નથી.

ન્યાય છે તે સારાસારનો વિવેક કરવામાં, ખરા ખોટાનો વિચાર કરવામાં ખંચકાય છે, પણ કરુણા જરાય ખંચકાતી કે રોકાતી નથી. એટલે પોર્શિયા કહે છે, "It droppeth like the gentle rain—હળવા વરસાદની જેમ, ભગવાનની કૃપાની જેમ કરુણા વરસે છે. એ ભીંજવે છે, પણ એના સ્પર્શમાં કઠોરતા નથી, એનાથી પ્રહાર નથી થતો.

એટલે ગાંધી કહે છે કે મારો ધર્મ ન્યાય નથી, કરુણા છે. ન્યાય વિવેક કરે છે, કરુણા વિવેક નથી કરતી. ન્યાય ગુનેગારની હાલત, ગુનો થવાનું કારણ વગેરેનો વિચાર નહીં કરે; એ તો ગુનાની સજા કરશે. આમ ન્યાય હૃદયહીન હોય છે, એને કરુણાના અનુ-પાનની જરૂર હોય છે.

### કર્મ-સિદ્ધાંતનો ઉદ્દેશ

આમાં અંતર્વિરોધ ક્યાં આવે છે? ગરીબ કહે છે કે અમારાં ખોટાં કામોને લઈને અમે ગરીબ થયા, તમે સારાં કામો કર્યાં હશે તે અમીર થયા વગેરે.

કર્મ-સિદ્ધાંતનો હેતુ એ છે કે મનુષ્ય પોતાનાં સારાં ખોટાં કામો માટે જવાબદાર બને. એક તરફ સજા છે, બીજી તરફ ઈનામ છે. આમ તો સજા કે ઈનામનું પોતાનું આગવું કોઈ મહત્ત્વ નથી.

એટલે આપણે કહીએ છીએ કે માણસ પોતાને પોતાના કામ માટે જવાબદાર માને. પશુ પોતાના કામ માટે જવાબદાર નથી. બાળક અથવા પાગલ માણસ પણ પોતાના કામ માટે જવાબદાર નથી હોતા. પશુના સ્તર પર જે માણસ છે તે પોતાના કામ માટે જવાબદાર નથી હોતા. તો જે બેજવાબદાર છે તે પછી માનવતાના પણ અધિકારી નથી રહેતા.

માનવતા એ મનુષ્યની જવાબદારી છે. આપણો સમાજ માનવતા-કેન્દ્રિત હશે. મનુષ્ય બીજા મનુષ્યના સુખદુઃખથી પ્રભાવિત થાય છે એનો અર્થ એ થયો કે મનુષ્યમાત્રના શરીરને એ પવિત્ર માને છે. આમ બીજાના સુખદુઃખનો પ્રભાવ થવો અને સૌના શરીરને પવિત્ર માનવું એ માનવતાનું લક્ષણ છે.

આપણે કહ્યું કે મનુષ્યમાત્ર અવધ્ય છે. પણ એ તો એક નિયમ થયો. એટલા માત્રથી મનુષ્યમાત્રનું શરીર પવિત્ર છે એ ધારણા બનતી નથી. મનુષ્ય અવધ્ય છે એ એક સામાજિક વ્યવસ્થા થઈ. મનુષ્યની હત્યા કરવામાં નથી આવતી એ એક બૌદ્ધિક વિવેક, ન્યાય થશે. પરંતુ મનુષ્યનો વધ કરવાની પ્રેરણા મનમાં જ નથી એ થઈ કરુણા. મા બાપની હત્યા કરવાનો ભાવ દીકરાના મનમાં જાગતો જ નથી, તેવી જ રીતે એક મનુષ્યને બીજા મનુષ્યની હત્યા કરવાની ભાવના જ થતી નથી, આ થઈ કરુણા. આપણે એને માનવની સગુણ ઉપાસનાનું નામ આપ્યું. નિર્ગુણ ઉપાસના વિચાર સુધી પહોંચે છે. પણ એટલાથી સમાજ-વ્યવસ્થામાં માનવતા ચરિતાર્થ થઈ શકતી નથી. સગુણ ઉપાસક પથ્થર ફોડે છે, પણ મૂર્તિ નથી ફોડતો. સોનીને ત્યાં કસોટીના જેવો પથ્થર પડ્યો છે. હું એને ભોંય પર પાડી નાખું છું, એના ટુકડે ટુકડા થઈ જાય છે. ભાઈજી કહે છે, “અરેરે, એ તો શાલીગ્રામ હતો.” विष्णवे नमः विष्णवे नमः । હું હાથ જોડું છું, કહું છું કે મને ખબર નહોતી, નહીં તો પટકત નહીં.

આ રીતે હું મનુષ્યમાત્રના શરીરને પવિત્ર સ્વીકારી લઉં છું ત્યારે હું માનવતાનો સગુણ ઉપાસક બની જાઉં છું.

### શરીર-દ્રોહનું કુપરિણામ

શરીરદ્રોહ એ અધ્યાત્મ નથી. મનુષ્યમાત્રનું શરીર પવિત્ર છે, ભગવાનનું આયતન છે, માંગલ્યનું નિકેતન છે. શરીર-દ્રોહ એ ધર્મ

નથી, કેમ ? શરીર-દ્રોહ, શરીર માટે સૂગ, શરીરની નિંદા એ જો ધર્મ હોત તો બીજાના શરીરને બચાવવાને કર્તવ્ય ન ગણ્યું હોત. શારીરિકતા અધર્મ છે, પણ શરીરની પવિત્રતા અધર્મ નથી. એ ભૌતિકતા નથી, અને શારીરિકતા પણ નથી. એ માનવતાની સગુણ ઉપાસના છે. મનુષ્યની પોતાના કામ માટેની જવાબદારી એ એની માનવતા છે, એ સદ્‌ગુણ છે.

કૃષ્ણમૂર્તિ કહે છે કે જેનો વિકાસ કરવો પડે તે સદ્‌ગુણ નથી. તો સદ્‌ગુણ કોને કહેવા ? પોતાના જીવનની જવાબદારી એ છે સદ્‌ગુણ. પોતાનાં ખરાં ખોટાં કામો માટેની જવાબદારી એ છે સદ્‌ગુણ. ત્યારે કોણ જવાબદાર નથી ? પશુ, બાળક, અપંગ, અતિ વૃદ્ધ અને પાગલ. એ લોકો પોતાનાં કાર્યો માટે જવાબદાર નથી. પુરાણોમાં સ્ત્રીને પણ જવાબદાર નથી ગણી. આનું શું પરિણામ આવ્યું ? સમાજ-રચના અને સંસ્કૃતિ પર એનો શો પ્રભાવ પડ્યો ? જે જવાબદાર નથી તે રક્ષણીય બની જાય છે.

ટ્રેનમાં તમે કૂતરાને લઈને બેઠા છો.

" કૂતરાની સાંકળ શા માટે ઝાલી રાખી છે ? " એમ કોઈ પૂછે તો કહો છો કે, " રખેને ચાલતી ગાડીએ કૂદી પડે ! "

" તે એને એના જીવની ફિકર નહીં હોય ? "

" ફિકર તો છે, પણ સમજદારી નથી, જવાબદારી નથી. "

મા બાળકને લઈને ટ્રેનમાં બેસે છે તો એને બરાબર સંભાળે છે. કારણ, એ જવાબદારી સમજતું થયું નથી. વૃદ્ધ પિતા ટ્રેનમાંથી ઊતરે છે તો દીકરો હાથ ઝાલી ઉતારે છે. કેમ ? પોતાના શરીરને સંભાળી શકે તેમ નથી.

એટલે જે જવાબદાર નથી, તેમને સંભાળવા પડે છે. તેથી આ દેશમાં પશુના રક્ષણને જેટલું મહત્ત્વ અપાયું છે તેટલું મનુષ્યના રક્ષણને નથી અપાયું. પરિણામે અહીં ભૂત-દયા છે, પશુ-દયા છે પણ માનવતાનું ઠેકાણું નથી. બીજા દેશોના ધર્મમાં માનવતા અધિક છે, અહીં નથી. કારણ, અહીં માણસને જવાબદાર લેખ્યો છે.

ઈસુએ શું માન્યું ? ઈસુએ બધાંનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યું. ઈસુ બલિદાનનો એવો બકરો છે જેના બલિદાનથી બીજા બધા

બકરા બચી ગયા. બાઈબલમાં એને માટે લખ્યું છે, "એણે બીજા-ઓને બચાવ્યા, પણ એ પોતાને બચાવી ન શકયા." છાપરું આપણું તો રક્ષણ કરે છે, પણ પોતાનું રક્ષણ નથી કરી શકતું. ઈસુએ બધાની જવાબદારી પોતાના પર ઓઢી લીધી. આ માનવની શાનની વિરુદ્ધની વસ્તુ છે. એમાં માનવની પ્રતિષ્ઠા નથી.

તો મનુષ્યની પ્રતિષ્ઠા કઈ વસ્તુમાં છે? મારા કામ માટે ભગવાન પણ જવાબદાર નહીં. આ દેશનું તત્ત્વજ્ઞાન એ છે કે મારા કામ માટે હું જવાબદાર છું. હું જે કામ કરું છું, ભગવાન તેનું કેવળ ફળ આપે છે. એટલે કે ઈશ્વરનું ઈશ્વરત્વ પણ મર્યાદિત કરી નાખ્યું. કર્મમાં મનુષ્યની સ્વતંત્રતા છે.

જે એમ કહે કે તમારાં ખરાં ખોટાં કામોની જવાબદારી હું લઉં છું તે તો ઈશ્વરથીયે મોટો સમ્રાટ બની ગયો. આ જવાબ-દારી ટાળવાની વાત થઈ. એમાં આપણે આપણા સ્વત્વને, આપણી ભૂમિકાને છોડીએ છીએ. થોડુંક કામ યંત્રને ભળાવ્યું, થોડું વિશેષજ્ઞને ભળાવ્યું, થોડું ધર્મને ભળાવ્યું ને થોડું રાજ્યને ભળાવ્યું—થોડું ઈશ્વરને સોંપ્યું, થોડું સીઝરને સોંપ્યું.

### કર્મ-સ્વાતંત્ર્યની વિકૃતિ

અહીં આપણે ત્યાં કરુણા અને ભૂત-દયામાં સામંજસ્ય નથી. અહીં ગાયની પૂજા થાય છે અને એને મારવામાં પણ આવે છે. પશુ સાથે જેટલી ક્રૂરતા આપણે ત્યાં થાય છે એટલી પશ્ચિમમાં નથી થતી. માણસને જવાબદાર ગણવામાં આવ્યો છે ખરો, પણ માણસ માણસ સાથેના વહેવારમાં ક્રૂરતા કરતો હોય છે.

કર્મનો સિદ્ધાંત મનુષ્યની જવાબદારીનો સિદ્ધાંત છે, એટલે એને માટે પશુ રક્ષણીય છે. જે રક્ષણીય હોય તેને માટે અનુકંપા હોય છે. અહીં પશુ માટે તો અનુકંપા છે, પણ મનુષ્ય માટે અનુ-કંપા નથી. ન્યાયની ભાવના કરુણાની ભાવનાને ખાઈ ગઈ, એટલે જ્યારે અહિંસાની વાત નીકળે છે ત્યારે બૌદ્ધ, જૈન અને ખ્રિસ્તી ધર્મો નજર સામે આવે છે. ઈસ્લામ અને હિંદુ ધર્મનાં નામ નથી આવતાં.

હિંદુ અને મુસલમાનોની અહિંસા નથી ગણાઈ. ખ્રિસ્તીઓ, જૈનો અને બૌદ્ધોની ગણાઈ છે. બન્નેની એ ભૂમિકા છે. ખ્રિસ્તી ધર્મમાં

મનુષ્ય માટે કરુણા છે અને જૈન તથા બૌદ્ધ ધર્મમાં પશુ માટે કરુણા છે.

'ગીત ગોવિન્દ' માં બુદ્ધનું વર્ણન છે: "सदय-हृदय-दर्शित-पशु-घातम् केशव-धृत-बुद्धशरीर, जय जगदीश हरे" — પશુનો ઘાત જોઈને હે બુદ્ધ, તારું હૃદય સદય થઈ ગયું. કેશવે બુદ્ધનું શરીર ધારણ કર્યું, એટલા માટે કે પશુની હત્યા જોઈને દ્રવિત થયા. પણ મનુષ્યની હત્યા જોઈને નથી થતા, આ અન્તર્વિરોધ છે.

સર્વધર્મ સમભાવમાં માનવતાનો પ્રત્યય આવવો જોઈએ. ખ્રિસ્તી ધર્મમાં માનવ માટે કરુણા છે. દુઃખીઓનાં દુઃખ દૂર કરવાં એ એનો મુખ્ય ઉદ્દેશ છે, એટલે જ ખ્રિસ્તી પાદરીઓનાં દવાખાનાં સૌથી સારાં હોય છે. જૈનોમાં માંદાને દવા આપવી એ ધર્મ નથી ગણાયો. કહે છે કે દવા આપવાથી એને એના કર્મને ભોગવવા આડે અંતરાય આવે છે. દવા આપવાથી એનાં કર્મો ક્ષીણ થતાં અટકે છે. કર્મ-સ્વાતંત્ર્યની આ વિકૃતિ છે.

આપણે કયા પરિણામ પર પહોંચવાનું હતું? અર્થ–વ્યવસ્થા, રાજ્ય-વ્યવસ્થા, સમાજ-વ્યવસ્થા એવી હોય કે મનુષ્યનું કર્મ-સ્વાતંત્ર્ય જળવાય; સંસ્થા કે રાજ્ય માણસની જવાબદારી ઓઢી ન લે; મનુષ્ય આત્મ-નિર્ભર રહેવો જોઈએ. આત્મ-નિર્ભરતાનો અર્થ છે—પરસ્પરની નિર્ભરતા. મનુષ્યો એકબીજા પર નિર્ભર રહે, કોઈ સંસ્થા, રાજ્ય કે અવાંતર શક્તિઓ પર નહીં. આ મૂળભૂત સ્વતંત્રતા છે.

તમારું આર્થિક સંયોજન, તમારી રાજ્ય-વ્યવસ્થા એવી હોવી જોઈએ કે મનુષ્યની જવાબદારી કોઈ અવાંતર શક્તિ પર ન જવી જોઈએ, ખુદ ભગવાન પર પણ નહીં. મારા કામ માટે ઈશ્વર જવાબદાર ન હોવો જોઈએ. તુકારામ કહે છે, "અમે ખોટાં કામ કર્યાં છે, તેથી અમારાં કર્મોનાં ફળ ભોગવીએ છીએ." આ ઈશ્વરની તટસ્થતા છે. ઈશ્વર તટસ્થ ન હોય તો એનું ઈશ્વરત્વ જ સમાપ્ત થઈ જાય. ભગવાન તટસ્થ છે તેવી જ રીતે આપણે પણ તટસ્થ રહેવું જોઈએ. પરંતુ એ તટસ્થતા સહૃદયતાપૂર્ણ અને કરુણાયુક્ત હોવી જોઈએ.

પોર્શિયા કહે છે: Justice tempered with mercy– ન્યાયની સાથે કરુણાનું અનુપાન હોવું જોઈએ. તેથી ગાંધીએ અનાસક્તિ

યોગમાં લખ્યું કે મારો ધર્મ કરુણા છે, ન્યાય નથી. ન્યાય ભગવાન જાણે, હું તો કરુણાને ઓળખું. કરુણા વિવેક કરવા રોકાતી નથી, ખંચકાતી નથી, એ તો ઊલટભેર આગળ ધપી જાય છે.

### સદ્ગુણોમાં સામંજસ્ય

બે સદ્ગુણો વચ્ચે લડાઈ થઈ ન શકે. સદ્ગુણો એકબીજા સાથે સંકળાયેલા હોય છે. એક સદ્ગુણના આચરણમાંથી બીજા સદ્ગુણ પેદા થવા જોઈએ. વિષયો જેમ એકબીજા સાથે સંકળાયેલા હોય છે તેમ સદ્ગુણો પણ એકમેકની સાથે સંકળાયેલા હોય છે.

વિષયો એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલા છે? લોકેન્દ્રને જલેબી જોઈને મોઢામાં પાણી છૂટયું. આંખથી જોવાનાને જીભ સાથે કોઈ સંબંધ તો હતો નહીં, પછી પાણી શી રીતે છૂટયું? આંખમાં તો પાણી ન આવ્યું! વળી, એકનાથ કહે છે, "અલ્યા, ગરમ ગરમ છે હો!" અડ્યા વગર શી રીતે ખબર પડી? એક જ ઇંદ્રિય જુએ છે, પણ એમાં બધી ઇંદ્રિયોનો સહકાર છે. નાક કહે છે ગરમ ગરમ સોડાય છે. જેટલી જ્ઞાનેન્દ્રિયો છે તે બધી જ ભોગમાં ભળે છે. તેવી જ રીતે એક ગુણ જ્યાં જાય છે ત્યાં બધા જ ગુણો જાય છે. ગુણોમાં વિરોધ હોઈ ન શકે. તેથી એ બધા પ્રેમમાં એકરૂપ થઈ જાય છે. એમનામાં વિરોધ કલ્પવો એ ભૂલ છે. એ કોરો બુદ્ધિવાદ છે. એવા બુદ્ધિવાદની ઝંઝટમાં આપણે ન પડવું.

●

## ૮

# માનવસંસ્કાર અને વ્યવસાય

આપણે અંતર્વિરોધો વિષે વિચારતા હતા. મેં કહ્યું કે માણસ પોતે થઈને આળસુ નથી. આળસ મનુષ્યનો સ્વભાવ નથી. મનુષ્યનાં કામો અંગે વિચારીએ છીએ ત્યારે દેખાઈ આવે છે કે કેટલાંક કામ માટે એને સંસ્કાર-જનિત અરુચિ છે. આ કેવળ સંસ્કારજન્ય અરુચિ છે અને એનું કારણ એ છે કે એ કામો સમાજમાં અપ્રતિષ્ઠિત છે. પણ બીજાં કેટલાંક કામો એવાં છે જે પોતે જ અરુચિકર છે. દા. ત. કસાઈનું કામ, ભંગીનું કામ વગેરે. આ કામો પોતે જ અરુચિકર છે, છતાં જરૂરી પણ છે. કારીગરોનાં કામો, રમકડાં બનાવવાનું કામ એ પણ સમાજમાં અપ્રતિષ્ઠિત છે. કારકૂની-બાબુ-ગીરીની તુલનામાં કારીગરી અને યંત્ર-કુશળતાનાં કામોનું મહત્ત્વ નથી. તમામ જાતના ઉત્પાદક પરિશ્રમ અપ્રતિષ્ઠિત છે. એને અંગે બીજી રીતે વિચારવું પડશે.

### ત્રણ પ્રકારનાં કામો

આમ કેટલાંક જરૂરી છતાં અરુચિકર અને કેટલાંક બિનજરૂરી અને અરુચિકર કામો છે. ત્રીજા પ્રકારનાં કામ છે તે અણઘડ છે, એમાં કૌશલ ઓછું ને કષ્ટ વધારે હોય છે. મનુષ્યના મનમાં કૌશલની પ્રતિષ્ઠા વધારે છે અને કષ્ટની પ્રતિષ્ઠા ઓછી છે. તો સમાજમાં કષ્ટનું મહત્ત્વ ક્યાંય છે ખરું ? હા, જ્યાં કષ્ટમાં કંઈક અદ્‌ભુતતા હોય છે. અદ્‌ભુતતા એટલે માણસને ચકિત કરી દે એવું. દા. ત. હનુમાને પહાડ ઉઠાવી લીધો, સમુદ્રને કૂદીને પાર કર્યો, ભીમે હાથીને ઊંચકી લીધો, સેંડોએ ૩૦૦ રતલ વજન ઉપાડી લીધું વગેરે. આવી જાતનાં કષ્ટનાં કામ જેમને આપણે Feat—ચા હેરત-ભર્યા પ્રયોગ કહીએ છીએ તેની પ્રતિષ્ઠા છે. પણ જેમાં કૌશલ પણ નથી અને અદ્‌ભુતતા પણ નથી એવા કામની પ્રતિષ્ઠા નથી.

આથી માણસ આર્થિક અને ઔદ્યોગિક સંયોજનમાં એવી ગોઠવણ ઇચ્છે છે કે જેમાં કષ્ટ ઓછું થતું જાય અને કૌશલ વધતું જાય. આને પ્રગતિ જરૂર કહી શકાય, પરંતુ એટલું યાદ રાખજો કે શરીર–ધારણા માટે માણસને થોડા કષ્ટની જરૂર રહે છે. જે પરિશ્રમ રુચિ વગરનો છે તેને કષ્ટ કહે છે, જેમાં રુચિ હોય છે તેને કષ્ટ નથી કહેતા. કષ્ટમાં થોડી ઘણી તકલીફ રહેલી છે. માણસને ન ગમતા પરિશ્રમની પણ શરીર-ધારણા માટે જરૂરત છે.

ભોજનમાં માત્ર મલાઈ જ મલાઈ હોય તે નથી ચાલતું સાથે રફેજ (કૂચો) વગેરે જોઈએ. રફેજ એટલે એવો ખોરાક જે પ્રમાણમાં તો વધારે છે, પરંતુ જેમાં સત્ત્વ ઓછું છે. શાકભાજીની પણ જરૂર છે, શાકનો પણ રસ જ પી લો તો તે નહીં ચાલે, સાથે રફેજ જોઈએ. તેવી જ રીતે મનુષ્યના ઉદ્યોગમાં પણ રફેજની જરૂર છે જેને આપણે કષ્ટદાયક પરિશ્રમ કહીએ છીએ. હવાપાણીની જેમ રફેજની પણ જરૂરત છે. આવી જાતનો રફેજ આપણા કામમાં નહીં હોય તો પછી એ વ્યાયામમાં લાવવો પડશે. અને તો પછી એને માટે અવાંતર પ્રેરણાઓ શોધવી પડશે.

પછી તો તમને કહેશે કે બેઠક કરો. હવે એમાં કળા પણ નથી અને અદ્દભુતતા પણ નથી. હા, કોઈ એક લાખ બેઠક કરી પાડે તો ચમત્કાર જરૂર કહેવાશે. રમતમાં મજા છે, વ્યાયામમાં નથી. કુસ્તીને છોડી દો તો બાકીના વ્યાયામમાં છે શું? કોઈને કહો કે તારે રોજ બે ફર્લાંગ દોડવાનું છે તો એને એમાં શી મજા પડવાની હતી? છતાં એને દોડવું પડશે. પણ તમે એને ઓલિમ્પિક યા ટુર્નામેન્ટ સાથે જોડી આપીને કહેશો કે દોડવામાં જે સૌથી ઝડપી હશે અને પહેલો આવશે તેને ઈનામ મળશે. આમ તમારે જુદી જુદી પ્રેરણાઓ શોધવી પડશે. આ પ્રેરણાઓ મનુષ્યની સ્વાભાવિક પ્રેરણાને અનુરૂપ હોવી જોઈશે.

મનુષ્યને સામાજિક પ્રશંસાની ઝંખના હોય છે, એટલે આવી પ્રેરણા એને અનુરૂપ છે. વ્યાયામને સામાજિક પ્રેરણા સાથે ભેળવી દીધો, એટલે જેને સામાજિક પ્રશંસાની ભૂખ હશે તે જ વ્યાયામ કરશે. તેવી જ રીતે દંડ બેઠક કુસ્તી વગેરેનું પણ થશે. ઉદ્યોગમાં

રફેજ નહીં હોય તો પછી વ્યાયામમાં એ લાવવો પડશે. પરંતુ બધાને વ્યાયામ સરખો જરૂરી લાગે એવું નથી.

### પરિશ્રમ અને સંયોજન

આમ ઉદ્યોગમાં જેટલો જરૂરી પરિશ્રમ હોય તેને સંયોજન સાથે જોડવો જોઈએ. અણઘડ ઢસરડો સમાપ્ત કરવાનો એક જ ઉપાય છે, અને તે છે યંત્રોનો ઉપયોગ. દા. ત. પશ્ચિમમાં કસાઈનું કામ યંત્ર કરે છે. પરિણામે હવે કસાઈની જરૂરત ઓછી પડતી જઈ રહી છે. ભંગીનું પણ ઘણુંખરું કામ યંત્રો કરી લે છે. વ્યવસ્થાની દૃષ્ટિએ આમાં કોઈ દોષ નથી. અને એ રીતે ગોઠવાઈ જાય તો આપણને કશો વાંધો ન હોવો જોઈએ. પરંતુ આમાં બીજો એક દોષ છે. યંત્ર મનુષ્યમાં સ્વચ્છતાની ભાવનાનો વિકાસ કરી શકતું નથી. સ્વચ્છતા પવિત્રતા છે—Cleanliness is Godliness. માનવમાં આ ભાવનાનો વિકાસ યંત્ર કરી શકે નહીં. તેવી જ રીતે યંત્ર કસાઈનું કામ કરે તો મનુષ્યમાં સહૃદયતાનો વિકાસ થઈ ન શકે.

આપણે ત્યાં સજન કસાઈ ધર્મવ્યાધ હતો. જ્યારે આજે તો હું કેટલીક વખત છોકરાઓને મરઘાને ઊલટો લટકાવી ઘસડાતો લઈ જતાં જોઉં છું. મારશે ત્યારે મારશે, પણ તે પહેલાં ક્રૂરતાપૂર્વક એને ઘસડે છે. પશ્ચિમનો મનુષ્ય આવું નથી કરતો. આપણે ત્યાં ભૂત-દયાનો ખૂબ વિકાસ થયો છે, પણ આપણે બળદ અને ઘોડાને સતાવીએ છીએ તેટલા પશ્ચિમનો માણસ સતાવતો નથી. જે પશુને એ કાપી ખાય છે તેના માટે પણ એના મનમાં ઘૃણા નથી હોતી.

કસાઈનું કામ કરનારા મશીનથી મનમાં નિર્ઘૃણતાનો ભાવ આવે છે; એનાથી સંવેદનાનો અભાવ આવે છે. ક્રૂર ઉદ્યોગમાં પણ એક પ્રકારની હૃદયહીનતા પેદા થાય છે. ઇન્સાનનું દિલ પથ્થર બની જાય છે.

### ક્રૂર ઉદ્યોગમાં પણ સહૃદયતા

જે ઉદ્યોગો ક્રૂર ગણાયા છે તેમાં પણ એક સહૃદયતા હોય છે. દા. ત. કસાઈનો ઉદ્યોગ. એમાં પણ કેટલીક મર્યાદા ઠરાવવામાં આવી છે. જે પશુને કાપવાનું હોય તેને તરત જ કાપી નાખવાનું હોય છે. શીખ અને મુસલમાન ઝટકા અને હલાલમાં માને છે. મુસલમાનો મરેલા પ્રાણીનું માંસ નથી ખાતા, તેથી હલાલ કરે છે. પશુને થોડું જીવતું રહેવા દે છે. એ લોકો સ્વચ્છતા અને પવિત્રતાની ભાવના

માટે બલિદાન આપે છે. એ લોકો કહે છે કે જે જાનવરમાં થોડો ઘણો જીવ બચ્યો હોય તેવાનું જ માંસ ખાઈશું.

એક જ જેલમાં શીખ અને મુસલમાન ભેગા હશે તો ઝઘડો થશે. એક કહેશે કે અમારે ઝટકાનું માંસ જોઈએ, બીજો હલાલનું માંસ માગશે. મુસલમાન કસાઈ જાનવર પ્રત્યે ક્રૂરતાનો વહેવાર નહીં કરે. બન્નેમાં એક દૃષ્ટિ રહે છે કે જેને જબહ અથવા હલાલ કરવું છે તેની સાથે ક્રૂરતાનો વહેવાર ન થવો જોઈએ. આ માનસની અસર માણસ-માણસ વચ્ચેના વહેવારમાં પણ દેખાઈ આવે છે.

પીડવું અને મારી નાખવું એ જુદી જુદી વસ્તુ છે. પીડવામાં જે ક્રૂરતા રહેલી છે તેટલી મારી નાખવામાં નથી. દસ જ સેકંડમાં ફાંસી થઈ જવી જોઈએ. આમ એમાં ઓછી ક્રૂરતાની વાત આવે છે. હલાલ કરવાની મર્યાદા એ છે કે એક એક અંગ નહીં કાપે. આમ તમામ ધર્મોમાં જુદી જુદી જાતની મર્યાદાઓ મૂકી પશુ પ્રત્યે દુર્વ્યવહાર કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

### કસાઈનો ઉદ્યોગ

માંસાહારીની પણ એક મર્યાદા હોય છે. માંસાહારી થયો એટલે ક્રૂર જ હોય એવું નથી. મનુષ્ય આજ સુધી જે ક્રૂર ઉદ્યોગ કરતો આવ્યો છે તેમાં હાથના વપરાશને કારણે ક્રૂરતાની એક મર્યાદા રહી છે. પણ એ જ કામ યંત્ર કરે તો ? તો માનવીય સંવેદના ઓછી થશે. તો શું, એ કામ યંત્ર પાસે ન લેવું ? લેવું, પરંતુ સાથે સાથે શિક્ષણ અને સંયોજનમાં એવી વ્યવસ્થા કરવી રહેશે કે જેથી માંસાહારીમાં પણ નિર્ઘૃણતાનો ભાવ ન જન્મે; કારણ, એ પોતે મારતો નથી.

કોઈ ન્યાયાધીશ ફાંસીની સજા જોઈ શકતો નથી અને પોતે ફાંસી દઈ શકતો પણ નથી. એ પોતે ફાંસી થતી નજરે જોશે ત્યારે એ સજા ખતમ થશે. એ સજામાં જે હૃદયહીનતા છે તેમાંથી સમાજે છૂટવાનું છે.

યાંત્રિકતા મનુષ્યની હૃદયહીનતામાં ન પરિણમે એ જરૂરી છે. કસાઈનો રોજગાર પણ અમુક એક જ જાતિ પૂરતો ન હોવો જોઈએ. મનુષ્ય આવું કામ કરે એ અમે જરાય ઇચ્છતા નથી. પરંતુ મારે જાતે કાપવું પડતું નથી એને કારણે જે નિર્ઘૃણતાનો ભાવ જન્મે છે

તે ન જનમવો જોઈએ. આજે કસાઈ પશુને કાપે છે, ક્રૂરતાનું કામ આપણે એક વિશેષ જાતિને ભેળાવી દીધું છે તેથી એની વેદના આપણા ચિત્તને નથી થતી.

હવે એક વિશેષ જાતિને ઠેકાણે તમે યંત્રને લાવો છો. યંત્ર લાવો તેની સામે વાંધો નથી, પણ પહેલાં કસાઈ કાપતો હતો અને આપણને આપણી જવાબદારી લાગતી નહોતી તેમ યંત્ર આવ્યાથી પણ ન થાય તે જોવું પડશે.

પશુને છેક અન્ન ન લેખો. આજકાલ Pig-farming—સૂવર-પાલન ચાલ્યું છે. મેસોપોટેમિયાના સૈનિકો ઘોડાનું માંસ ખાતા હતા. એમ તો આપણા સૈનિકો—બ્રાહ્મણ સુધ્ધાં—ઘોડાનું માંસ ખાઈ આવ્યા છે. ઘોડાનું માંસ ખાવું એ એક વાત છે અને ઘોડાને ખાદ્ય સમજવો એ જુદી વસ્તુ છે. આપણા સૈનિકો ઘોડાનું માંસ ખાઈને આવ્યા ખરા, પણ એ ઘોડાને ખાદ્ય નથી માનતા. પશુ-માત્ર મારું ખાદ્ય છે એમ કોઈ પણ ધર્મ નથી માનતો. માંસાહારી પણ નથી માનતો કે પશુ-માત્ર ખાદ્ય છે. શાકાહારી પણ વૃક્ષ-માત્રને ખાદ્ય નથી માનતા.

દુનિયાની મોટા ભાગની વસ્તી માંસાહારી છે, પરંતુ એમના દિલોમાં દયાભાવ પણ છે. ઈસુખ્રિસ્તના મનમાં જે આત્યંતિક દયા-ભાવ હતો તેવો તો કોઈ શાકાહારીના દિલમાં પણ નહીં હોય. આમ છતાં, ઈસુ શાકાહારી નહોતા. ૯૫ ટકા લોકો માંસાહારી છે, છતાં એ લોકો નિર્દય નથી. કોઈ છોડવો સુકાઈ જતો જુઓ છો તો દયા ઊપજે છે, કોઈ છોકરો ઝાડ નકામું કાપી નાખતો હોય તો પણ ઝાડ પ્રત્યે દયા ઊપજે છે, પણ મૂળો ખાતી વખતે દયા નથી ઊપજતી. આ સંસ્કાર છે. તેમ માંસાહારી લોકો પશુને પોતાનું ખાદ્ય નથી સમજતા, ઊલટું એને રક્ષણીય માને છે. મોટર નીચે કૂતરું આવી જતું હોય તો એને બચાવી લેવા પ્રયત્ન કરે છે. ખાવા માટે નાછૂટકે કરવી પડે તેટલી જ હિંસા કરે છે. એનામાં પણ દયાભાવ હોઈ શકે છે. રામ શિકાર ખેલતા હતા, છતાં એ પરમ દયાળુ હતા.

અમુક હિંસા મનુષ્યનો સંસ્કાર બની ગઈ છે, એટલો એનો સ્વભાવ બની ગયો છે. એટલી હિંસાથી એ ક્રૂર નથી બનતો. પરંતુ

બીજી એક હિંસા છે જે એને ક્રૂર બનાવે છે. મનુષ્યનો સામાન્ય સ્વભાવ જીવ-રક્ષણનો છે. ભોજન માટે નાછૂટકે કરવી પડે તેટલી હિંસા એ કરે છે. હવે એમાં એ યાંત્રીકરણ કરવા મંડ્યો છે, પણ એનાથી હૃદયહીનતા આવવી નહીં જોઈએ. આજે મનુષ્યના આહારમાં બે પ્રાણી સૌથી વધારે ચાલે છે—માછલી અને સૂવર. માણસ એનો ઉપયોગ કશી મુશ્કેલી વગર કરી શકે છે. તેથી પશ્ચિમમાં તો હવે સૂવરપાલનનો ધંધો વધી રહ્યો છે.

મનુષ્યના આહારમાં વિવેક રહેવો જોઈએ. આપણે જીવનની પ્રતિષ્ઠા વધારવી છે. માંસાહારી બધાં જ પ્રાણીઓને નથી ખાતા, તેમાંય પોતાનાં પાળેલાં જાનવરોને મુદ્દલ નથી ખાતા. જે નર-માંસ ખાય છે તે પણ પોતાના બાપનું કે બેટાનું માંસ તો નથી જ ખાતો. બાપ મરી ગયા પછી ભલે એનું માંસ ખાતો હોય, જીવતો મારીને નથી ખાતો. આનો અર્થ શું થયો? એ એક ભાવના છે. એટલે જે લોકો દલીલ કરે છે કે શાકાહારી પણ જીવહત્યા કરે છે તે મિથ્યા તર્ક છે. કારણ, ભાવના મનુષ્યની જીવન-પ્રતિષ્ઠાનો આધાર છે. એની પાછળ ભૌતિક આધાર પણ હોઈ શકે. યુવાન સ્ત્રીનાં લગ્ન થાય છે, પણ ભાઈબહેનનાં લગ્ન નથી થતાં. હવે આને માટે શું દલીલ હોઇ શકે? આ નિયમો શા માટે બન્યા છે? જીવનની પ્રતિષ્ઠા ટકી રહે તે માટે માનવ આત્મીયતાના વિસ્તારનો વિકાસ કરતો જાય છે. માણસની આત્મીયતાના વિસ્તારમાં જેની કૂખે પેદા થયા તે માનું પહેલું સ્થાન આવે છે, ત્યાર બાદ બાપનું, ત્યાર બાદ સહોદર—સાથે પેદા થનારનું અને ત્યાર બાદ જેની સાથે તમારાં લગ્ન થાય છે તેનું સ્થાન. આમ વિસ્તાર વધારતા જાવ છો. આ આત્મીયતાનો વિસ્તાર છે. એ વિસ્તાર મનુષ્યથી આગળ વધી પ્રાણીઓ સુધી જવો જોઈએ.

માછલીનું માંસ છે માટે ખાઈ શકાય, બકરાનું માંસ છે માટે ખાઈ શકાય, પણ ગાયનું માંસ ન ખાઈ શકાય. આમ આપણે પ્રાણી પ્રાણી વચ્ચે વિવેક કરીએ છીએ. માછલી પ્રાથમિક અવસ્થાનું પ્રાણી ગણાય છે. ઉત્ક્રાંતિમાં એ પ્રાથમિક મનાઈ છે. એ પ્રાથમિક અવસ્થાનો જીવ છે. પરંતુ, માછલી ખાઓ છો તો મનુષ્યને પણ ખાવ એવું કોઈ નહીં કહે. તો એ તર્ક ખરો નથી.

માંસ ખાનાર પણ પશુ પ્રત્યે પ્રેમ રાખે છે. એક કસાઈએ એક ઘેટાનું બચ્ચું પાળ્યું. ઘરનાં બધાંને એના પર વહાલ હતું. કુટુંબની કમાણીમાંથી બધાં ખાતાં તેમ બચ્ચાને પણ ખવરાવતા. એક દિવસ કંઈ ન મળ્યું. કસાઈએ પોતાના ભાગનું ખાવાનું બચ્ચાને આપી દીધું. બીજે દિવસે પણ એમ જ થયું, એટલે માએ પોતાનો ભાગ બચ્ચાને આપ્યો. છોકરાંઓએ પણ પોતપોતાના ભાગનું ખવરાવ્યું, પણ બચ્ચું વેચી નાખવાનો વિચાર કોઈને ન આવ્યો. સૌ પોતાના ભાગનું આપી ચલાવતાં હતાં. પણ છેવટે એવો દિવસ આવ્યો જયારે બચ્ચું વેચવું જ પડયું.

ખરીદનાર કસાઈ એને ઘેર બચ્ચું લેવા ગયો. પહેલા કસાઈએ પૂછયું, "શું આપશો ?" બીજાએ કહ્યું, "ભાવ તો અઢી રૂપિયા ચાલે છે, પણ હું પાંચ રૂપિયા આપીશ." વેચનારે કહ્યું, "પાંચ રૂપિયા પણ ઓછા જ કહેવાય, કારણ કે એ અમારું સૌથી વહાલું બચ્ચું છે. આવા દહાડા ન આવ્યા હોત તો અમે તો એને વેચત પણ નહીં." ખરીદનાર પૈસા ચૂકવી બચ્ચું લઈ ચાલવા માંડયો. છોકરાંઓ બચ્ચાને ગળે વળગી પડી ધ્રૂસકે ધ્રૂસકે રડવા મંડયાં. બાપને કહે, જોઈએ તો અમે ભૂખ્યાં રહીને પણ બચ્ચાને ખવરાવશું, પણ એને વેચશો નહીં. દૃશ્ય જોઈને પેલા ખરીદનારની આંખમાં આંસુ આવી ગયાં. લૂછતાં લૂછતાં કહે, "પૈસા પણ રાખો ને આ બચ્ચું પણ રાખો, મારે કશું નથી જોતું." બાળકો હર્ષથી નાચી ઊઠ્યાં, પેલો પણ ખુશ થતો થતો ગયો.

આ આપણા દેશની વાત નથી. જે દેશના લોકો માંસાહાર કરે છે તે દેશની વાત છે. આ મનુષ્યનો સ્વભાવ છે. મનુષ્ય માંસ ખાય છે છતાં પશુ પર એને વહાલ છે.

માટે મનુષ્યની જરૂરિયાતોનું સંયોજન એવું હોવું જોઈએ કે જેનાથી જીવનની પ્રતિષ્ઠા વધે. જરૂરિયાતો પૂરી પાડવા માટેના સંયોજનમાં જીવનની પ્રતિષ્ઠા વધતી જાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

મનુષ્ય ખેતી કરી વનસ્પતિ ખાય છે અને બીજી બાજુ ફૂલોના બગીચા પણ લગાવે છે જયાં ફૂલ તોડવાની મનાઈ કરે છે. આવી

પરસ્પર વિરોધી ભાવના મનુષ્યમાં છે. સવાલ એ છે કે આમાંથી કઈ વૃત્તિનો આપણે વિકાસ કરવો છે.

આપણે સંયોજન એવું કરીએ કે દુકાળમાં પણ માણસ માણસને ન ખાય. દુકાળમાં એવું બની શકે ખરું, પરંતુ એ ન બને તેવી ગોઠવણ થવી જોઈએ. આનું નામ છે સંયોજન. જીવનની પ્રતિષ્ઠા વધુમાં વધુ થાય તે દૃષ્ટિએ મેં કસાઈનો દાખલો આપ્યો.

મનુષ્યની અન્ન-વ્યવસ્થા અને સ્વચ્છતા-વ્યવસ્થા એ પ્રગતિનાં લક્ષણ છે. રેડિયો અને મોટર પ્રગતિનાં લક્ષણ છે તેટલો જ મનુષ્યનો બાથરૂમ પણ પ્રગતિનું લક્ષણ છે. ગાંધીની પદ્ધતિના જાજરૂને ક્રાંતિના રચનાત્મક કાર્યક્રમનું એક અંગ માન્યું. કેમ ? એમાં એવું શું છે ?

### ભંગી-કાર્ય અને આત્મીયતા

એક ભંગી છે અને હું છું. અહીંનું જાજરૂ હું સાફ કરું છું તો ભંગીનું કામ કરું છું. એનાથી ભંગી સાથે મારો હાર્દિક સંબંધ સ્થપાય છે. પણ ધારો કે એક દિવસ એવો આવે છે કે જ્યારે હું જાજરૂ સાફ નથી કરતો, અને એવી વ્યવસ્થા ઊભી કરું છું જેથી પાંચ દસ વર્ષ પછી કોઈએ પણ જાજરૂ સાફ કરવું ન પડે— ભંગીએ પણ નહીં, અને મારે પણ નહીં. તો પછી ભંગી સાથે મારો કોઈ સંબંધ રહેશે ખરો ? આ ક્રાંતિની પ્રક્રિયામાં ભંગીકામ કરનાર અને મારી વચ્ચે સંબંધ સ્થાપિત થશે ખરો ? એટલે વિચારવાની વાત એ છે કે ભંગી કામ ખતમ કરવાની જે પ્રક્રિયા છે તેમાં ભંગી સાથેની તમારી આત્મીયતા શી રીતે ટકી રહે.

યંત્રો આવશે તો કોઈએ જ કામ કરવાપણું નહીં રહે. આજે જે ભંગી છે તેની સાથે તમારો હાર્દિક સંબંધ શી રીતે આવે છે ? કેવળ ટ્રેડ યુનિયનિઝમથી તો સંબંધ બંધાતો નથી. સંબંધ તો ત્યારે બંધાય જયારે એનો પરિશ્રમ તમે ખુદ કરો. એમ કરવાથી અસ્પૃશ્યો નહીં રહે અને અસ્પૃશ્યતા-નિવારણ પણ થશે. પણ ધારો કે એક ભંગી અને એક બ્રાહ્મણ બાટા કંપનીમાં નોકરી કરે છે. પેલો બ્રાહ્મણ ભંગીનું સફાઈકામ નહીં કરે. તેવા સંજોગોમાં આત્મીયતા નહીં સ્થપાય. કામનું યાંત્રીકરણ કરો તો પણ હાર્દિક સંબંધ સ્થપાતો નથી. બીજા મનુષ્યની લાચારી—અક્ષમતામાં હું ભાગ ન

લઉં તો મારો—એનો સંબંધ સ્થપાતો નથી. એને માટે હું કામ કરી આપું ત્યારે એનો—મારો સંબંધ સ્થપાય છે.

ધારો કે એક ઓરડામાં ટેબલ પર ટ્રે પડી છે, એમાં બધા માટે ચા તૈયાર પડી છે. જવાહરલાલ બેઠા છે ને ક્રુશ્ચેવ પણ બેઠા છે. ક્રુશ્ચેવ પોતાનો પ્યાલો ઉપાડીને જવાહરલાલને ધરે છે અને જવાહરલાલ પોતાનો પ્યાલો ઉપાડીને ક્રુશ્ચેવને ધરે છે. હવે આ આપવાનું કામ યંત્રથી પણ થઈ શકયું હોત, એમાં એકબીજાને સામસામા પ્યાલા ધરવાની જરૂર શી હતી ? પરંતુ હાર્દિક સંબંધ સ્થાપવા માટે એમ કરવું જરૂરી છે. સંયોજનમાં આવી હાર્દિકતાની સ્થાપના માટે અવસર રાખવો જોઈએ.

ટેકિનક—પ્રક્રિયા કેવી હોવી જોઈએ ? એવી કે જેમાં પ્રક્રિયાના આગ્રહને બદલે મનુષ્ય સાથે સંબંધ જોડવાનો આગ્રહ હોય. નહીં તો હાથમાં પ્રક્રિયા રહી જશે અને માણસ સાથે સંબંધ નહીં જોડાય. તો મનુષ્ય સાથે સંબંધ રહે તે માટે શું કરવું જોઈએ ? અહિંસક પ્રક્રિયામાં મનુષ્ય સાથે સીધો સંબંધ હોય છે. એમ નહીં હોય તો હાથમાં માળખું રહી જશે, અને મનુષ્ય સાથે સંબંધ નહીં રહે.

### સહ-પુરુષાર્થ

વિનોબાએ મૈસુરમાં કહ્યું કે તમે સત્યને સંભાળો અને આગ્રહ છોડો. સત્ય પોતાનો આગ્રહ કરી લેશે. તેવી જ રીતે આપણો ભાર પ્રક્રિયા પર નથી, મનુષ્ય પર છે. પ્રક્રિયા પર ભાર દેવાશે તો એ ચુસ્ત, સખત બની જશે અને માણસને ભીંસશે. એ આગ્રહથી બચવા માટે હું કહું છું કે સહ-પુરુષાર્થ હોવો જરૂરી છે.

હું ભંગીને કહું છું કે તારું કામ ગંદું છે, અને તેથી અપ્રતિષ્ઠાને પામ્યું છે. માટે, તારું કામ હું કરીશ. આ કામના સંબંધથી હું એની હીનતા ઘટાડું છું. આ વસ્તુ યાંત્રીકરણથી નથી આવતી. યંત્ર આવશે તો હરિજન હરિજન રહી જશે અને યંત્ર આવી જશે. બીજા દેશોમાં એવી પરિસ્થિતિ નથી કારણ કે ત્યાં જાતિ-ભેદ નહોતો. આ ક્રાંતિની પ્રક્રિયામાં આપણે ધ્યાન રાખવાનું છે કે ક્રાંતિ તો થાય પણ એ કરુણા અને સહાનુભૂતિની હોય.

ભંગીનું કામ યંત્ર બજાવે એમ તો ભંગી પણ ઇચ્છે છે. પરંતુ એવી પરિસ્થિાત કોણ લાવી શકે ? જેમને ભંગી પ્રત્યે સહાનુભૂતિ

છે તે એવી પરિસ્થિતિ લાવી શકે. સહાનુભૂતિની નિશાની શું ? એ જ કે એનું કામ હું કરું. અસ્પૃશ્યતા કાઢવી હશે તો ભંગી સાથે હાર્દિકતાનો સંબંધ જોડવો પડશે. તેથી જ્યાં સુધી સાર્વત્રિક યાંત્રીકરણ ન થાય ત્યાં સુધી કામ અંદરોઅંદર વહેંચી લેવું જોઈએ.

## સંસ્કાર અને વ્યવસાય

મનુષ્યના સંસ્કાર વ્યવસાયની સાથે જોડાય તે જરૂરી છે. આપણે વ્યવસાયને જાતિ સાથે જોડચો છે, બીજા વ્યવસાયો છોડી મેં બે આત્યંતિક વ્યવસાયોની વાત કરી. એક કસાઈનો ને બીજો ભંગીનો. આમાંથી એક બીજી વાત પણ ઊભી થશે. જાતે જાજરાં સાફ કરવાં પડશે એટલે પાચનતંત્રનો વિચાર આવવા માંડશે. જેટલું ઓછું જવું પડે તેટલું સારું એવું પણ સૂઝવા માંડશે. ઠૂંસી ઠૂંસીને ખાવાની વૃત્તિમાં ફેર પડશે. આ જુદું જ મૂલ્ય છે. એમાં આરોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિ છે. તમારે માંજવા પડતાં વાસણ તમે ગંદાં નહીં રહેવા દો, સાફ રાખવાની કોશિશ કરશો. આમ મનુષ્યની સ્વચ્છતાની ભાવનાનો વિકાસ થાય છે. તમારે સાફ કરવાનું હશે તો તમે ગંદું ઓછું કરશો. જે ઓરડો તમારે સાફ કરવો પડતો હશે તેમાં તમે ઓછામાં ઓછી ગંદકી કરશો. હાથે કપડાં ધોવાં પડતાં હશે તો ભોંય પર બેસતી વખતે ખ્યાલ રાખશો. આમ મનુષ્યને સ્વચ્છતાના સંસ્કાર પડે છે.

મનુષ્યના સંસ્કાર એના વ્યવસાય સાથે જોડાવા જોઈએ. બધું જ માનવતા–કેન્દ્રિત હોવું જોઈએ. આ દૃષ્ટિએ મેં ભંગી અને કસાઈનાં ઉદાહરણ આપ્યાં. આ પણ ક્યાં સુધી કરવાનું છે ? સાર્વત્રિક યાંત્રીકરણ ન થાય ત્યાં સુધી. સાર્વત્રિક યાંત્રીકરણ થઈ જશે ત્યારે ભંગી પણ સમજશે કે આ લોકો અમારી સાથે છે. એટલે યાંત્રીકરણ આવશે ત્યારે આપણે એક ડગલું આગળ હોઈશું. એમાં મનુષ્યનો પ્રેમ પ્રકટ થાય છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં મનુષ્યનો મનુષ્ય માટેનો સ્નેહ પ્રગટ થવો જોઈએ. કેવળ શ્રમ-વિભાજન અને વસ્તુ-વિતરણ એ જુદી વસ્તુ છે, અને સ્નેહમૂલક વ્યવસ્થા અલગ ચીજ છે.

સૌને બધી વસ્તુઓ મળી રહેતી હોય તો પણ અરસપરસ આપવા લેવાનું થઈ શકે. વસ્તુ ભેટ આપી શકાય તેમ કળા અને શ્રમનું

પણ થઈ શકે. મારો રૂમાલ પડી ગયો. હવે હું એવો નબળો નથી કે રૂમાલ ઉપાડી ન શકું, પરંતુ તમે દોડતા આવીને મને રૂમાલ આપો છો. તમારા મનમાં મારે માટે આદર છે એ વાત આમાંથી વ્યક્ત થાય છે. આમ મનુષ્યને મનુષ્ય માટે આદર છે, એને માનવની 'પ્રતિષ્ઠા' કહે છે. આ પ્રતિષ્ઠા આપની ક્રાંતિની પ્રક્રિયામાંથી વ્યક્ત થવી જોઈએ. આપણે કસાઈના તથા ભંગીના કામને પૂરેપૂરું ખતમ કરવું છે. પરંતુ એ કાઢવાની પ્રક્રિયામાં મનુષ્ય સાથેનો હાર્દિક સંબંધ ટકી રહે એ બાબત જરૂરી છે.

●

૯

# યાંત્રીકરણ અને જીવનસ્પર્શ

યંત્રને લઈને જે અંતર્વિરોધ ઊભા થાય છે તેનો વિચાર કરતાં આપણે એ તારણ પર પહોંચ્યા કે આપણા જીવનમાં કેટલોક શ્રમ એવો છે જે અનિચ્છનીય છે છતાં જરૂરી છે. કેટલોક શ્રમ અરુચિકર છે, પણ આવશ્યક છે. બીજો શ્રમ એવો છે જે જીવનની જરૂરિયાતોની પૂર્તિ માટે તો જરૂરી નથી, પરંતુ જીવન-નિર્વાહ એટલે સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આમ ત્રણ પ્રકારના શ્રમ થયા. ત્રીજા પ્રકારના શ્રમ વિષે આપણે પહેલાં વિચાર્યું. અરુચિકર શ્રમ એવા છે કે જે આપણે મશીન પાસે કરાવી શકીએ, પરંતુ માણસને થોડા રફેજની જરૂરત છે, માટે શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ એવા અરુચિકર જ ભલે, શ્રમની જરૂરત રહેશે. વ્યાયામ રાખી શકાય, પરંતુ એ માટે પ્રેરણા નહીં આવે. તેથી ઉત્પાદનની સાથે જ અરુચિકર પરિશ્રમ જોડી દેવો જોઈએ. બધો જ અરુચિકર શ્રમ કાઢી નાખશું તો પછી વ્યાયામનું અલગથી સંયોજન કરવું પડશે, અને કૃત્રિમ પ્રેરણા શોધવી પડશે, અને બને ત્યાં સુધી એને જરૂરિયાતો સાથે જોડવો પડશે. આવશ્યક શ્રમ અમુક તો રહેવાનો, પરંતુ મનુષ્ય ધીરે ધીરે એને યંત્રને ભળાવી દેવા માગે છે. એનું પરિણામ એ આવશે કે પરિશ્રમ અને ઉત્પાદન અલગ પડી જશે. પરિશ્રમમાંથી સાંસ્કૃતિક અંશ નીકળી જશે. યંત્રને જેટલો પરિશ્રમ ભળાવતાં જશું તેમ જ પોતા માટે જેટલો રાખતાં જશું તેમાં કોઈ સામાજિક આશય નહીં બચવા પામે.

### ઉત્પાદનનો સામાજિક આશય

ઉત્પાદન એ કેવળ શારીરિક કામ નથી, એનો સામાજિક આશય પણ હોય છે. સાવ મામૂલી ઉત્પાદનનો જ દાખલો લો. રસોઈ બનાવવાનો પ્રત્યક્ષ ઉદ્દેશ તો ખાવાનો ગણાય છે. ખાવા માટે તમે તમારી રુચિનું ભોજન બનાવશો, પરંતુ જ્યારે એનો સંબંધ

કોઈને ખવડાવવાની સાથે આવે છે ત્યારે એમાં એવી બીજી નવી વાત તે શી પેદા થઈ જાય છે? પોતાના માટે રસોઈ કરવાની હોય તો પોતાની રુચિ પ્રમાણે બનાવો છો, પણ એમાં ઝાઝી કળાની જરૂર નથી પડતી.

કપડાંની વાત લો. તમે કહેશો કે હું વસ્ત્રસ્વાવલંબી છું. તમે ગામડામાં કે જંગલમાં રહો છો. ત્યાં કપડાં સીવવાની જરૂરત નથી લાગતી. ઓઢણેથી ચાલી જાય છે. બીજો જોશે એવો ખ્યાલ ન હોય ત્યાં સુધી કપડાંમાં કળાની જરૂરત નથી પડતી. પરંતુ બીજો જોશે એવો ખ્યાલ હોય ત્યારે કળાની જરૂરત પડે છે. ત્યારે પછી સારો કટ અને સારી સિલાઈની વાત ઊભી થાય છે.

માનવના જીવનમાં સંસ્કૃતિનો આરંભ થાય છે ત્યાં હમેશાં બીજા સાથે સંબંધ આવે છે. પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે ઉત્પાદન કરીએ તે સાંસ્કૃતિક નથી. એ સાંસ્કૃતિક ક્યારે બને છે? જ્યારે બધાઓની જરૂરિયાતોની પૂર્તિ માટે કરીએ છીએ ત્યારે એ કામ સાંસ્કૃતિક બને છે. તેથી શ્રમને ઉત્પાદનથી અલગ કરવો એ બરાબર નથી. આજકાલ એને જુદો પાડવાની ઇચ્છા પેદા થઈ છે તે કુસંસ્કાર છે. એ કુસંસ્કાર મૂડીવાદમાંથી આવ્યો છે. નહીં તો એવું શા માટે કે જે માણસને રમતનું સાધન તો સાફ કરવામાં આનંદ આવે છે, તેને ભોજનનાં વાસણ સાફ કરવામાં આનંદ નથી આવતો? એકમાં આનંદ આવે છે ને બીજામાં નથી આવતો એનું કારણ શું? બ્રાસો કે બીજી કોઈ વસ્તુથી એ સાઈકલને ચકચકાટ બનાવે છે, એમાં એને આનંદ આવે છે, પણ ભોજનનાં પિત્તળનાં વાસણ ચળકાવવામાં આનંદ નથી આવતો! આ કુસંસ્કાર છે, એ સિવાય બીજું કશું નથી.

માટે જે અકુશળ શ્રમ જરૂરી છે તેને ઉત્પાદન સાથે ભેળવો. આ પછી પણ વ્યાયામ અને રમતગમત તો રહેવાનાં. પણ એમનું સ્થાન શું રહેશે તે જરા ઊંડાણથી વિચારો.

### મોટાનું કામ ને નાનાંઓની રમત

નાનાં બાળકો કઈ રમત રમે છે? મોટાંઓનું જે કામ છે તે નાનાંઓ માટે રમત છે. એક છોકરો ચૂલો બનાવે છે. બીજો વાસણ લાવે છે, ત્રીજો લાકડાં લાવે છે. આમ એ કામને જ રમત ગણે છે.

એનું કારણ એ છે કે તમારે તો ગમે ન ગમે તો પણ એ કરવાનું છે, એને માટે એમ નથી. માટે કામમાં જબરદસ્તી ઓછામાં ઓછી હોવી જોઈએ. જબરદસ્તીની જગ્યા પર મરજી આવવી જોઈએ. આટલા સંસ્કાર પછી પણ બાળકો તો એ જ રમત રમે છે જે તમારે માટે કામ છે. તમામ શિક્ષણશાસ્ત્રીઓની કોશિશ છે કે આ વસ્તુ શિક્ષણ-માં આવવી જોઈએ, શિક્ષણ વહેવારુ થવું જોઈએ.

શિક્ષણ બે પ્રકારનું છે : એક રોજગારી અને બીજું તકિનકી. તકિનકી એટલે જેમાં ખાસ સાધનોની જરૂર પડે છે. સાધન એવું હોવું જોઈએ કે જેથી માણસ એમાંથી કંઈક શીખે. મનુષ્ય ઉદ્યોગ-ની સાથે સાધન — ઉપકરણ-કુશળતા પણ શીખે છે ત્યારે શિક્ષણ યથાર્થ થાય છે. ઉત્પાદનમાં ઉદ્યોગની સાથે જે અકુશળ શ્રમ જોડાયેલો છે તે રુચિકર બનવો જોઈએ. અને આ અસ્વાભાવિક નથી. દરેક બાળકને કંઈક પરિશ્રમ કરવાનું ગમે છે. ઊપડે નહીં તેવો પથરો હશે તો પણ એ ઉપાડવા મથશે. વહેવારુ શિક્ષણનું કામ શક્તિ વધારવાનું છે. ઉદ્યોગથી મનુષ્યની શારીરિક શક્તિનો પણ વિકાસ થવો જોઈએ. શારીરિક શક્તિમાં બે ચીજ આવે છે. એક તો શરીર-બળ અને બીજી સહન-શક્તિ. એક છે તાકાત અને બીજી છે કષ્ટ સહન કરવાની શક્તિ—સહનશીલતા. એટલા માટે કવાયત શીખવે છે. કવાયત જરૂરી છે, પણ ખરી રીતે કામ જ એવું હોવું જોઈએ કે જેમાંથી સહનશીલતા પેદા થાય. આ રીતે વિચારશો તો રફેજનો ખ્યાલ આવશે.

### જીવનમાંથી કળાનો ઉદ્‌ભવ

મનુષ્ય સ્વભાવથી આળસ-પ્રિય નથી એટલું કહી દેવાથી નહીં ચાલે. બધું કામ યંત્રો કરી લે તો શું થશે? તો માણસને ફુરસદ મળશે. એ ફુરસદમાં એ પ્રાર્થના કરશે, નાચશે, દોડશે, મનને ગમે તે કરશે.

આમાં મુસીબત ક્યાં આવે છે? મુસીબત એ છે કે નાચશે તો કયો નાચ નાચશે? નાચને માટે વિષય—theme જોઈએ. આસામ-વાળા બિહુ નાચે છે અને ગુજરાતવાળા ગરબા–રાસ લે છે. તો એ માટેનો વિષય ક્યાંથી આવશે? શૂન્યમાંથી આવશે કે સમાજમાંથી? નાચ માટેનો વિષય જીવનમાંથી આવે છે.

બે નૃત્યો વચ્ચેનો તફાવત જુઓ. ખેડૂતનો નાચ ખેતી, પાક વગેરે સાથે સંબંધ રાખે છે. જ્યારે ગરબામાં ગોપીનો ઘડો ફોડવો, ચીરહરણ કરવું, અથવા વિશ્વામિત્ર-મેનકા અથવા શિવ-ભીલડી અથવા સીતા-સુવર્ણમૃગનો વિષય હશે. તમારું સાંસ્કૃતિક જીવન જે હશે તેમાંથી વિષય આવશે. જીવનમાંથી નૃત્યનો વિષય પેદા થાય છે. માટે, કળા ઉત્પાદનથી જુદી નથી હોતી. કળા અને ઉત્પાદનનો સંબંધ-વિચ્છેદ થશે તો કળા અમાનવીય અને અસાંસ્કૃતિક બની જશે.

આપણે જેને સાંસ્કૃતિક કાર્યક્રમ કહીએ છીએ તેનો વિષય ક્યાંથી આવે છે? ચિત્રનો જ દાખલો લો. એનો વિષય ક્યાંથી આવશે? એનો વિષય અને સંકેત શું હશે? એક ચિત્રકારે ચિત્રમાં વાઘ પર માણસને બેઠેલો ચીતર્યો. પણ વાઘ જો એ ચિત્ર બનાવત તો શું ચીતરત? વાઘ માણસને ખાતો હોય તેવું ચિત્ર બનાવત. આમ વિષય આપણા જીવનમાંથી આવે છે. કળાનો સંબંધ જીવન સાથે છે એ ભૂલી જઈએ છીએ તેથી વિરોધ પેદા થાય છે. માટે કળા જીવન-અભિમુખ હોવી જોઈએ.

સંગીતની વાત લો. શ્રીકૃષ્ણના ચરિત્ર પર ભાગવત, સૂરસાગર અને ગીત-ગોવિન્દ લખાયાં. ત્રણેના આશયમાં કેટલો તફાવત છે? કવિતામાં પણ ફરક પડી ગયો. ભાગવતમાં અધ્યાત્મ આવી ગયું. ગીત-ગોવિન્દમાં 'લલીત–લવંગ–લતા–પરિશીલન' છે. આ ચીજ સંગીતનો, કાવ્યનો વિષય છે. સાહિત્ય, સંગીત, કળામાં વિષયની જરૂરત રહે છે, અને એ વિષય જીવનમાંથી આવે છે. એટલે કહેવા એ માગતો હતો કે યંત્ર પાસે કામ કરાવશો તો ફુરસદના સમયમાં શું કરશો? આત્મચિંતન? બધાં જ કામ યંત્રને ભળાવશો તો પછી ચિંતન શું ધૂળ કરવાના હતા? પછી તો યંત્ર જ ભગવાન બની જવાનું. માટે જરૂરી પરિશ્રમ યા કષ્ટદાયક પરિશ્રમ ઉત્પાદનની સાથે જોડવો જોઈએ, અને બિનજરૂરી હોય તે નીકળી જવો જોઈએ. એમાં વિવેક કરવાનો રહેશે. આ એક ગતિશીલ કલ્પના છે. આજે જે જરૂરી છે તે કાલે ન પણ હોઈ શકે, અને કાલે જે જરૂરી હશે તે પરમ દિવસે ન હોઈ શકે. ટૂંકામાં, જરૂરી પરિશ્રમ ઉત્પાદનની સાથે જોડવો જોઈએ.

### કસાઈનું કામ

હવે આપણે બીજા પ્રકારના કામ અંગે વિચાર કરીશું.

અનિચ્છનીય, છતાં જરૂરી પરિશ્રમ. આમાં એક વિરોધ આવે છે. કસાઈનું કામ લો. આમાં એક સામાજિક માન્યતા લપાયેલી છે કે સભ્ય માણસ કસાઈનું કામ નહીં કરે. જે માંસ ખાય છે તે પણ કસાઈનું કામ નહીં કરે. શિકાર કરે છે તે પણ કસાઈનું કામ નહીં કરે. લડાઈમાં જનાર જલ્લાદનું કામ નહીં કરે. આમ તો બન્નેની ભૂમિકા હત્યાની છે, એક લડાઈમાં માણસની હત્યા કરે છે, બીજો એને ફાંસીના માંચડા પર લટકાવે છે. હત્યા બન્નેમાં છે, પણ બન્નેમાં તફાવત છે. એ તફાવત એ છે કે યુદ્ધમાં પોતાનો જાન જવાનું જોખમ છે જ્યારે કસાઈના કામમાં વાછરડું, બકરું કે મરઘો તમને મારી નાખી શકે તેમ નથી. તેથી યુદ્ધમાં બહાદુરી છે, જ્યારે હત્યામાં નથી. હત્યા તો બન્ને છે. સૈનિક અને જલ્લાદ બન્ને હત્યા કરે છે, પણ જલ્લાદ અને સૈનિકના કામ વચ્ચે તફાવત છે. તેવી જ રીતે શિકારી અને કસાઈ વચ્ચે તફાવત છે. વાઘનો શિકારી મોટો શિકારી કહેવાય છે, કારણ કે એમાં જાનનું જોખમ છે, પરંતુ હરણ સસલાં મારનારા પરચૂરણિયો શિકારી કે પારધી કહેવાય છે. આમ કસાઈ અને શિકારી વચ્ચે પણ તફાવત છે.

'અનિચ્છનીયતા'માં એક સામાજિક માન્યતા છે, અને તે એ કે જે હિંસામાં ક્રૂરતાનો અંશ અધિક છે તેને સમાજે હલકી લેખી છે. એટલે માંસ ખાનારો પોતે પશુને કાપતો નથી, પણ કસાઈ પાસે એ કામ કરાવે છે. તો આ સામાજિક માન્યતા જે કહે છે કે નિર્દોષ પશુને મારનારનો રોજગાર હલકો છે તેનું ભાવરૂપ પાસું કયું છે? એનું ભાવરૂપ પાસું એ છે કે પશુઓના જીવન માટે આદર હોવો જોઈએ. પશુને મારવું એ ક્રૂર કર્મ મનાયું છે એટલે મારનારના રોજગારને આપણે હીન માનીએ છીએ. અને આ માન્યતા કેવળ શાકાહારીઓની જ છે એમ નથી, માંસાહારીઓ પણ એમ જ માને છે. આમાં પશુમાત્ર માટે આદરની ભાવના રહેલી છે.

અહીં અંતર્વિરોધ આવે છે. માણસ માંસ તો ખાય છે, પણ પશુને મારવું ખરાબ માને છે. આજે ઇંગ્લંડના એક સમાજ તરફથી પત્ર આવ્યો છે, તેમાં એમણે લખ્યું છે કે અમારું સમૂહ-ભોજન શાકાહારી જ હોય છે. આપણા દેશમાં પણ આમ છે.

આપણે ત્યાં પણ સમૂહ-ભોજન શાકાહારી હોય છે. તો, કસાઈના કામને હીન અને અપ્રતિષ્ઠિત લેખ્યું, છતાં માંસ ખાનારા છે. આમ વ્યક્તિગત માંસ ખાવું અપ્રતિષ્ઠિત મનાયું નહીં છતાં સમૂહ-ભોજનમાં ત્યાજ્ય માનવાની વૃત્તિ રહી. આમ બીજો અંતર્વિરોધ પેદા થાય છે.

### અરુચિકર શ્રમ અને ઉત્પાદન

અહીં આપણે સામાજિક જીવનનાં કામોનો વિચાર કરી રહ્યા છીએ. એક બીજો અંતર્વિરોધ છે. પહેલા અંતર્વિરોધમાં જોયું કે અરુચિકર, કષ્ટદાયક પરિશ્રમ શરીર માટે જરૂરી છે. એ આપણે યંત્રોને ભળાવીએ છીએ. પણ એમ થશે તો શ્રમ માટે કૃત્રિમ પ્રેરણાઓ શોધવી પડશે, અને જબરદસ્તી પ્રેરણા ઊભી કરવી પડશે. જબરદસ્તી નહીં કરો તો પ્રલોભન, લાલચ યા ડર દેખાડવો પડશે. સમાજવાદી અને સામ્યવાદીઓ આ બન્ને પ્રેરણાઓને મનુષ્યની શાનની વિરુદ્ધ ગણે છે. રફેજની માણસને જરૂર છે જ, માટે અરુચિકર પરિશ્રમને ઉત્પાદક પરિશ્રમની સાથે જોડી દેવો જોઈએ.

કસાઈનું કામ અનિચ્છનીય ગણાયું. સૈનિક પણ હત્યા કરે છે ને જલ્લાદ પણ કરે છે. એકમાં વીરતા છે ને બીજામાં ક્રૂરતા છે. કસાઈ અને શિકારી વચ્ચેનો તફાવત પણ જોયો. શિકારીના કામમાં થોડો ઘણો પણ ખતરો છે, કંઈ નહીં તો એમાં આવડત જરૂરી છે. જ્યારે કસાઈની હત્યામાં કેવળ ક્રૂરતા છે. પરિણામે આપણે શું કર્યું ? માંસ ખાવાનું કામ તો આપણે રાખ્યું અને કાપવાનું એને ભળાવ્યું. ઉપરથી એને હીન પણ કહ્યું. વાતમાં પણ આપણે બોલતા હોઈએ છીએ કે એની સાથે શું વાત કરવી, એ તો કસાઈ છે !

માંસ ખાનારો પણ એમ નહીં કહે કે હું ક્રૂર છું. પણ કસાઈના કામને સૌએ નિંદાને પાત્ર ગણ્યું. જ્યાં જીવ-હત્યામાં વધારે ક્રૂરતા વપરાય છે ત્યાં અસામાજિકતા આવે છે. પશુ-જીવન પ્રત્યેનો આદર શાકાહારીઓમાં હોય છે તેવો જ માંસાહારીઓમાં પણ હોય છે. શાકાહારીમાં જેટલી દયા કરુણા હોય છે તેટલી જ માંસાહારીમાં પણ હોય છે.

એક તરફ જલ્લાદ છે ને બીજી તરફ કસાઈ. જલ્લાદની સંસ્થા તો ખતમ કરી શકાય, પણ કસાઈની સંસ્થાનો અંત શી રીતે આવે ? એ કામ યંત્રને સોંપાયું. પણ એ તો અપ્રત્યક્ષ ઉકેલ થયો.

યંત્રથી થતું કામ અપ્રત્યક્ષ થશે. આજે ક્રૂરતા કસાઈને સોંપી આપણે આપણી કોમળ ભાવના બચાવી લઈએ છીએ તેમ પછી યંત્રને સોંપી આપણી કોમળ ભાવના બચાવી લઈશું. જે ક્રાંતિકારી વિચાર ચાલે છે તે બધો સ્થૂળ ભૂમિકા પર ચાલે છે. યંત્રથી કામ કરનારા કહેશે કે સારાં ઓજાર આપો, સ્વચ્છ જગ્યા આપો. આપણે કહીશું, કબૂલ. પગાર વધારે આપો, તો તે પણ કબૂલ. પણ આ બધું કર્યા પછી પણ હત્યાના કામની નિંદ્યતા તો છૂટતી નથી. સામાજિક નિષેધનો અંત નથી આવતો. પગાર ઓછો હોય એવા શિક્ષકને વધારે પગાર આપો તોય કસાઈનું કામ નહીં સ્વીકારે.

તો હવે આની અહિંસક પ્રક્રિયા શું હોઈ શકે? એનો મુખ્ય આધાર મનુષ્યોનો પારસ્પરિક સંબંધ હશે. સમાજમાં જે કામ અપ્રતિષ્ઠિત અથવા અરુચિકર ગણાય છે તે કરનારાઓ સાથે આત્મીયતાનો સંબંધ સ્થાપવો પડશે. આ પહેલું અને જરૂરી પગલું છે. કાલ ઊઠીને કસાઈ અને ભંગીના મનમાં આત્મ-સન્માનની ભાવના પેદા થઈ તો એ કહી શકે કે હવે અમે આ ઘૃણિત અને ગંદું કામ નહીં કરીએ. મહારાષ્ટ્રના નવ-જાગ્રત હરિજનોએ મરેલાં જાનવર તાણવાનું કામ બંધ કરી દીધું છે. કેટલાક ચમારોએ મરેલાં ઢોરોનાં ચામડાં ઉતારવાનું બંધ કર્યું છે. એટલે ગોપાળરાવ વાળુંજકર અને આપ્પાસાહેબ પટવર્ધને સ્વેચ્છાપૂર્વક એ કામ ઉપાડી લીધાં. આમ આ બે મહાન ક્રાંતિકારીઓનો એક નવો સંબંધ પેલા અસ્પૃશ્યો સાથે જોડાયો. આવી રીતે માનવીય સંબંધોનું શુદ્ધિકરણ કરતાં કરતાં આપણે યાંત્રીકરણ દાખલ કરી શકીએ. આનું એક સારું પરિણામ એ આવશે કે મનુષ્યોમાં પોતપોતાની અને પરસ્પરની જવાબદારીની ભાવના વિકસિત થશે. આને આપણે અહિંસક પ્રક્રિયા કહી શકીએ.

યાંત્રીકરણ કઈ ભૂમિકા પરથી થાય છે તેનું સમાજ-પરિવર્તનની દૃષ્ટિએ મોટું મહત્ત્વ છે. એક જમાનામાં માકર્સે યાંત્રીકરણના વિસ્તારનો વિરોધ કર્યો હતો. આજે આપણા દેશમાં યંત્રના આધુનીકરણ ( rationalization )નો વિરોધ સામ્યવાદી પક્ષ કરે છે. માકર્સ અને માકર્સવાદી તો યંત્રની પ્રગતિના સમર્થક છે, પછી વિરોધ શા માટે કરે છે? કારણ સાફ છે. જ્યાં યંત્ર મનુષ્યને નુક-

સાન પહોંચાડે છે ત્યાં એ લોકો એનો વિરોધ કરે છે. સાર એટલો કે યંત્રનો ઉપયોગ બન્ને પક્ષોના હિતમાં થવો જોઈએ. કસાઈ પણ કહેશે કે પશુઓની કતલનું કામ યંત્ર કરે, માંસાહારી પણ એમ જ કહેશે, અને બન્નેનું સમર્થન શાકાહારી કરશે. ત્રણે મળીને એક વાત કરશે ત્યારે યંત્ર સાંસ્કૃતિક ભૂમિકા પર આરૂઢ થઈને આવશે.

અહીં આપણે સમાજ-પરિવર્તનની પ્રક્રિયાનો વિચાર કરીએ છીએ. પરિવર્તિત સમાજમાં શું થશે તેની વાત હું નથી કરતો. કસાઈનું કામ સમાજમાં અનિચ્છનીય ગણાયું છે કારણ કે એમાં ક્રૂરતાનો અંશ અધિક છે. સાંસ્કૃતિક ભૂમિકા પર એ અનિચ્છનીય ગણાયું છે. આપણું નિવેદન એટલું જ છે કે સમાજ-પરિવર્તન એવું થાય કે જેમાંથી નવો સંઘર્ષ ઊભો ન થાય. માટે પદ્ધતિનો આગ્રહ રાખશો તો પ્રતિક્રિયા ઊભી થશે. જે પ્રક્રિયામાંથી સંઘર્ષ પેદા થાય તે અવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. એનો અર્થ એટલો જ થશે કે માણસની બુદ્ધિ બરાબર કામ આપતી નથી. એ રીતે તો જવાબ જ સવાલ બની જશે અને સમાધાન પોતે જ સમસ્યા બની જશે. દરેક 'વાદ'-માંથી પ્રતિવાદ પેદા થશે.

હવે પૂછે છે કે વર્ગ નહીં હોય તો પછી સંઘર્ષ કોની વચ્ચે થશે? જે લોક નિરંતર સંઘર્ષવાદી છે તે કહે છે કે મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સંઘર્ષ થશે. પ્રકૃતિ જડ છે અને મનુષ્ય ચેતન છે. વર્ગ નહીં તો વર્ગ-સંઘર્ષ નહીં અને રાષ્ટ્ર નહીં, તો રાષ્ટ્રવાદ નહીં અને રાષ્ટ્રવાદ નહીં તો યુદ્ધ નહીં. ત્યાર પછી સંઘર્ષ પ્રકૃતિ અને મનુષ્યની વચ્ચે રહી જશે—એવી દલીલ એ લોકો કરે છે. આપણે એ બધા ચક્કરમાં નથી પડવું. એટલે આપણે તો એવો આદર્શ રાખીએ છીએ કે સમાજ-પરિવર્તન એવું હોય જેમાંથી કોઈ બીજો સંઘર્ષ ન જન્મે. આ આગળ વધેલો વિચાર છે, વૈજ્ઞાનિક વિચાર છે. ક્રાંતિ સહયોગાત્મક હોવી જોઈએ, સંઘર્ષાત્મક નહીં. સંઘર્ષ થશે તો તે આપણી વિવશતાને કારણે થશે. પરંતુ સંઘર્ષનો સિદ્ધાંત નહીં હોય. સંઘર્ષ વધારવાની નહીં, સંઘર્ષ ઘટાડવાની કોશિશ થશે. જે લોકો સંઘર્ષને જ ક્રાંતિનું સાધન માને છે તેમણે સંઘર્ષ વધારવો પડશે, ઉત્કટ બનાવવો પડશે, તીવ્ર બનાવવો પડશે. સંઘર્ષને નભાવવો પડશે અને એની તીવ્રતાને વધારવી પડશે. પણ આપણે તો કહીએ છીએ કે

વિરોધો સમાપ્ત કરવા છે. તો એની પ્રક્રિયા શું હશે? જ્યાં વિરોધ અનિવાર્ય હશે ત્યાં રહેશે. આપણું નહીં ચાલે ત્યાં સુધી સંઘર્ષ ચાલશે. આપણું ચાલશે તો આપણે સંઘર્ષ નહીં થવા દઈએ. અહિંસા સહયોગાત્મક હોવી જોઈએ. સહયોગ ક્યાં થશે? યાંત્રીકરણની પ્રક્રિયામાં, જે કસાઈ હશે તે તો સહયોગ કરશે જ, પણ જે કસાઈ નથી તે પણ સહયોગ કરશે. આમ આપણો પૂરો પ્રયત્ન માનવ-કેન્દ્રિત હશે.

ક્રાંતિની પ્રક્રિયા માનવ-કેન્દ્રિત હોવી જોઈએ. દા. ત. લડાઈ બે પ્રકારની હોય છે. એક પ્રત્યક્ષ અને બીજી અપ્રત્યક્ષ. પ્રત્યક્ષ લડાઈનો અર્થ છે—એક બાજુ એક વીર, બીજી બાજુ બીજો વીર. બન્નેના હાથમાં તલવાર છે, એકબીજા સાથે હાથ મેળવે છે. આ લડાઈ માનવતાના સ્તર પર થાય છે. પણ ધારો કે હું સૂતો છું ને કોઈએ વીજળીનો આંચકો આપ્યો. દસ જ સેકંડમાં ખતમ. આમાં સંહાર છે, યુદ્ધ નથી. એમાં કશું સાંસ્કૃતિક મૂલ્ય નથી, કેવળ હત્યા છે. એનાથી સામાવાળાને લાભ થયો હશે, પણ એમાં કોઈ સાંસ્કૃતિક મૂલ્ય નથી. એ પેલા વીરોના સામસામા યુદ્ધમાં હતું.

### બે આંખની શરમ

બિહારની એક ચૂંટણીની વાત એક ભાઈએ કહી. એણે કહ્યું કે હાથ ઊંચો કરીને મત અપાયા એટલે એ જીતી ગયો, ગુપ્ત મતદાન થાત તો એ ન જીતત. હાથ ઊંચો કરવામાં બે આંખની શરમ નડે છે અથવા તો બીક લાગે છે. હાથ ઊંચો કરવામાં જેમ શરમ નડે છે તેમ સામસામા યુદ્ધમાં પણ આંખની શરમ આડે આવે છે. પણ અપ્રત્યક્ષ લડાઈમાં એમ નથી થતું. અપ્રત્યક્ષ લડાઈમાં મનુષ્ય પ્રત્યક્ષ ક્રૂરતાથી બચવાની મિથ્યા ચેષ્ટામાં મનુષ્યતાથી વિમુખ થઈ જાય છે. સામસામા લડવામાં એક માનવીય સ્પર્શ રહે છે. શિકારી શિકાર કરવા જાય છે. વાઘની છટા જોઈને એને થાય છે કે આને શી રીતે મરાય? ગયો તો હતો શિકાર કરવા, પણ શાન જોઈને વિમાસણમાં પડ્યો. પરંતુ જે ઉપર આકાશમાંથી બોંબ ફેંકે છે એને ખબરેય નથી પડતી કે કોણ મર્યો ને કોણ જીવ્યો! પ્રત્યક્ષ ક્રૂરતાથી બચવાનો ભ્રમ થાય છે પણ બીજી બાજુ જીવનના સ્પર્શથી વંચિત રહી જાય છે.

મારો ચાનો કપ એની મેળે ટેબલ પર આવી જાય અને મારી દીકરી લઈને આવે તેમાં ફરક છે. બેટી લાવે તો એમાં જીવનનો સ્પર્શ છે. એક વખત એક મંત્રી મહોદયે મને કહ્યું કે આજ તો રાજીનામું આપી જ દેવું છે. જઈને પાછા આવ્યા ત્યારે મેં પૂછયું, 'શું થયું?' તો કહે, "વાતો કરીને પાછો આવ્યો. રૂબરૂ હિંમત ન ચાલી. હવે ટેલિફોનથી કહી દઈશ. અથવા લેખિત મોકલાવી દઈશ" શરમ નડે છે એટલે માણસ લખી મોકલે છે. ગાંધીએ પણ પિતાજીને લખીને આપ્યું હતું. રૂબરૂ વાતમાં મનુષ્ય સાથે સ્પર્શ થાય છે. આ જીવનનો સ્પર્શ છે. માનવતા-કેન્દ્રિત ઉત્પાદનમાં જીવનનો સ્પર્શ છે. જીવનનો એ સ્પર્શ થવો જોઈએ. ધંધાદારી નર્સ છે, એ ઘા સાફ કરી મલમ-પટ્ટી કરી આપે છે. તમે પણ 'આભાર' કહીને છૂટી જાવ છો કારણ કે એ જે કંઈ કામ કરે છે તે પૈસા માટે કરે છે. પત્ની યા પુત્રી કશું કરતી નથી, પણ ફક્ત હાથ ફેરવે છે તો પણ સારું લાગે છે. આ જીવનનો સ્પર્શ છે, ઉત્પાદનમાં એનું સ્થાન હોવું જોઈએ.

### જીવન-સ્પર્શની જરૂરત

આવો જીવન-સ્પર્શ ક્યાં આવે છે? યાંત્રીકરણ પહેલાં કસાઈ અને મારું દિલ એકબીજાની નજીક આવે છે. તું કાપે છે ને હું ખાઉં છું, પરંતુ મારા કરતાં તું અધમ નથી. હું એને પાપી નહીં કહું. કસાઈનું કામ હલકું ગણાયું, એ એક સંકેત છે. ઇંગ્લંડની જે સોસાયટીએ સમૂહ-ભોજન શાકાહારી હોવાનું લખ્યું તેમાં પણ એક સંકેત છે. આપણા દેશમાં આ બે સંકેત ઘણા જૂના જમાનાથી ચાલ્યા આવે છે. બીજી બાજુ બીજા બે સંકેત આપણે મૂક્યા. માંસાહારીને આપણે હૃદયહીન ન માન્યા. ઈસુ અને બુદ્ધને આપણે સહૃદયી ગણ્યા. સેંટ ફ્રાન્સિસને આપણે દયાળુ ગણ્યા. કૃપાલાની અને જવાહરલાલ માંસાહારી છે, પણ એ આપણાથી વધારે હૃદયવાન છે. શાકાહારી જૈન અને કસાઈ બન્ને નજીક આવવા જોઈએ. જૈન મુનિ અને કસાઈ નિકટ આવશે ત્યારે ક્રાંતિની પ્રક્રિયા ધન્ય બનશે. એનું પણ હૃદય-પરિવર્તન થવું જોઈએ. ક્રાંતિની પ્રક્રિયામાં અન્યાય કરનારનું પણ પરિવર્તન થવું જોઈએ. જે કસાઈ નથી તેનું પરિવર્તન થવું જોઈએ. કસાઈ તો ના છૂટકે એ કામ કરે છે. જે દિવસે એ જાગી જશે તે દિવસે એ કામ છોડી દેશે. એવું કામ એ કરશે જ શા સારુ?

હવે ત્રીજા પ્રકારનું કામ આવે છે. શરીર-ધારણા માટે અને સામાન્ય સ્વાસ્થ્ય માટે એક ખાસ પ્રકારના પરિશ્રમની જરૂરત છે. પણ એ પરિશ્રમ કંઈક ગંદો અને તેથી અરુચિકર છે — ભંગીનું કામ. આનો અર્થ એવો નથી કે કોઈ ભંગી સ્વચ્છ નહીં હોય. ઘણા ભંગી સ્વચ્છ, દયાળુ અને ધર્મશીલ હોય છે. પરંતુ ભંગીના કામમાં હરીફાઈ નથી થતી, પાંચસો રૂપિયા પગાર મળે તો પણ હરીફાઈ નથી થતી કારણ કે એ કામ અસ્વચ્છ અને અભદ્ર ગણાયું છે. તો જે કામ અભદ્ર લાગે છે તેનું પણ યાંત્રીકરણ કરવામાં આવે. કામ કરવું જ પડે તો બધા જ કરે, અને નહીં તો કોઈ ન કરે. પણ કોઈ ન કરે એનું પહેલું પગલું શું હશે? બધા એ કામ કરે. આ જીવનનો સ્પર્શ છે. ગાંધી ભંગીને કહેશે કે તારું કામ હું કરું છું, મંદિરનો પૂજારી કહેશે કે હું કરું છું, પંડિત અને રાજા કહેશે કે હું કરું છું, ત્યારે સ્પર્શ-ભાવનાનો વિકાસ થશે. ભંગીકામ સમાપ્ત થાય એટલું પૂરતું નથી. યાંત્રીકરણથી ભંગીકામ ખતમ તો થશે પણ ભંગી અને બિન-ભંગી એકબીજાની નજીક નહીં આવે. પ્રક્રિયામાં એક એવો અવસર આવવો જોઈએ જ્યારે દરેક જણ સામાવાળાને કહે કે અમે તારા છીએ, તું અમારો છે. બન્નેનું હૃદય-પરિવર્તન થવું જોઈએ. આમ નહીં થાય તો માનવ-કેન્દ્રિત યાંત્રીકરણ નહીં થાય. કેવળ સામાન્ય સંયોજન થશે; એકલું સામાન્ય સંયોજન પૂરતું નથી, એમાં જીવનનો સ્પર્શ થવો જોઈએ. જવાહરલાલ મૈસુર જાય છે તો ત્યાંના ગવર્નર એમને કહે છે કે તમે મારી મોટરમાં આવો, અને ડ્રાઈવરને કહે છે કે મોટર હું ચલાવીશ, તું બીજી મોટરમાં આવ. આમાં સ્નેહનો સ્પર્શ છે. કેવળ યાંત્રીકરણથી શું સાધો છો? એનાથી તમે કામને ટાળો છો અને મનુષ્યને નિષ્ક્રિય તથા હૃદયહીન બનાવો છો. આમાં મારો યંત્રનો વિરોધ નથી, જીવનનો પક્ષપાત છે. જીવનનો સ્પર્શ દરેક સ્તર પર થવો જોઈએ અને ક્રાંતિની પ્રક્રિયામાં થવો જોઈએ.

●

## ૧૦
# સાંસ્કૃતિક સંસ્પર્શ

આજે આપણે એક નવા અંતર્વિરોધ પર વિચાર કરશું.

આપણે જેને રાષ્ટ્રોની સીમા કહીએ છીએ તેમાં એક રાષ્ટ્રની સીમામાંથી બીજા રાષ્ટ્રની સીમામાં સંસ્કૃતિ ઝરે છે. એક ઉપર એક રાખેલા માટલામાં એકમાંથી બીજામાં પાણી ઝરે છે તેમ. સવાલ એ છે કે મનુષ્યની આ જે સંસ્કૃતિઓ છે એમને અલગ અલગ રાખવાની શી જરૂર છે? ખરી રીતે મનુષ્યમાં એકબીજાની નિકટ આવવાની આકાંક્ષા છે તે સ્વાભાવિક છે. આ આકાંક્ષા ક્યાંય બહારથી નથી આવી. જેમની રીતભાત, ખાણીપીણી અને રહેણીકરણી આપણા જેવી નથી તેવાઓની સાથે પણ સંબંધ રાખવાની ઇચ્છા થાય છે. થોડો સંકોચ રહે છે, છતાં બીજાની રીતભાત, ખાણીપીણી અને રહેણીકરણી સમજવા અને એની સાથે સંબંધ બાંધવા ઇચ્છા થાય છે. મનુષ્યની આ એક સ્વાભાવિક ઇચ્છા છે.

એક તરફ તો આ સ્વાભાવિક ઇચ્છા છે, અને બીજી બાજુ આપણા પોતાના જીવનની એક ખાસ પદ્ધતિ હોય છે. આપણી એ પદ્ધતિ બીજા સમજે, એમાં સામેલ થાય, અને એની પ્રશંસા કરે એમ આપણે ઇચ્છીએ છીએ. આ બે પ્રકારની ભાવના છે. આપણે ત્યાં વિદેશથી કોઈ યાત્રી આવે અને કહે કે 'ભારતવાસીઓની રહેણીકરણી ઉચ્ચ પ્રકારની છે અને એમાં સ્વચ્છતા અને સુઘડતા છે' તો આપણને સારું લાગે છે. પણ જો કોઈ એમ કહે કે અહીંના લોકોની રહેણીકરણી ઠીક નથી, એમાં કશું સૌન્દર્ય નથી, પવિત્રતા નથી, સ્વચ્છતા નથી તો આપણને ખોટું લાગશે. કોઈ આપણી ટીકાટિપ્પણી કરે તો આપણે કહીશું કે 'તું કોણ છે અમને કહેવાવાળો?' પાંત્રીસેક વર્ષ પહેલાં મિસ મેયો નામની એક મહિલા આપણા દેશમાં આવી હતી. એણે અમેરિકા જઈને આપણા જીવનમાં જે દોષો છે તે અંગે એક પુસ્તક લખ્યું. એનું નામ રાખ્યું 'મધર ઇન્ડિયા.'

એમાં આપણે ત્યાંના તમામ કુરિવાજોનું ખુલ્લંખુલ્લા અને જરા વધારીને વર્ણન કર્યું હતું. એમાં ઠેકઠેકાણે જરા વધારે પડતો રંગ ભરી દીધો હતો. અહીંના તમામ દેશભક્તોએ મેયોની ટીકા કરી. ગાંધીએ કહ્યું કે કોઈ ગટર-ઇન્સ્પેક્ટર પોતાનો રિપોર્ટ આપે તેવી એ ચોપડી છે. સફાઈ-દરોગો કોઈ ગામમાં જશે તો ત્યાંનાં જાજરૂ ગટર વગેરે જોશે અને એનો હેવાલ આપશે. ગાંધીએ એમ પણ કહ્યું કે મિસ મેયોએ આવું પુસ્તક લખવું નહોતું જોઈતું. હિન્દુસ્તાનના જ કોઈ કે લખવું જોઈતું હતું અને હિન્દુસ્તાનના લોકોએ એ વાંચવું જોઈતું હતું.

આ જ દેશનો માણુસ લખે અને આ જ દેશનો માણસ એ વાંચે એમ કહેવામાં ગાંધીનો શો સંકેત હશે? એમાં ગાંધીનો સંકેત એ છે કે પોતાની ટીકા પોતે કરો. આત્મપરીક્ષણ કરવું એ સંસ્કૃતિનું, સભ્યતાનું લક્ષણ છે. ઘમંડ, ગર્વ, અભિમાન એ અસંસ્કૃતિનું લક્ષણ છે, અસભ્યતાનું લક્ષણ છે. ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાં આસુરી સંપત્તિનું વર્ણન છે. આસુરી સંપત્તિ એટલે રાક્ષસો જેવી દુષ્ટ સંસ્કૃતિ, દૂષિત સભ્યતા. એવી સભ્યતા સાચી નથી, ખોટી છે. એમાં રીત, સભ્યતા અથવા વિવેક નથી. એવા આદમીની શી ઓળખ છે? ભગવદ્ગીતામાં કહ્યું છે आढ्यः अभिजनवान् अस्मि। અભિજનવાન એટલે કુલીન, ઊંચા કુળનો. આઢ્ય એટલે ઘમંડી. હું ખાનદાન કુલીન છું. कः अन्यः अस्ति सदृशः मया? મારા બરોબરીનો દુનિયામાં કોણ છે? મારી સામે ઊભો રહી શકે તેવો કોઈ નથી. વ્યક્તિ માટે આ બધા દોષ મનાયા, પણ રાષ્ટ્ર માટે ગુણ મનાયા. અહીંથી નૈતિકતાના બે ગજ, બે માપ, બે કાટલાં થયાં. સંસ્કૃતિના બે ગજ થઈ ગયા. વ્યક્તિ માટે અભિમાન, ગર્વ, આત્મશ્લાઘા આ બધા દુર્ગુણ મનાયા; પરંતુ સમૂહ માટે, કુળ માટે, રાષ્ટ્ર માટે કે ગામ માટે એ બધા ગુણ ગણાયા. પરિણામ શું આવ્યું? એક વ્યક્તિગત નીતિ અને બીજી સામુદાયિક નીતિ. આ સામુદાયિક નીતિનું નામ આગળ જઈને રાજનીતિ થઈ ગયું. એને માટે અંગ્રેજીમાં અરસ્તુનો શબ્દ છે પોલિટી (Polity).

### જુદી જુદી જાતનાં અભિમાન

આપણું રાષ્ટ્રગીત છે તેમાં કહ્યું છે બધા કરતાં અમારો દેશ

શ્રેષ્ઠ છે. આસામવાળા, મહારાષ્ટ્રવાળા, ગુજરાતવાળા પોતપોતાના પ્રદેશનાં ગૌરવગાન કરશે. કોઈ કહેશે, 'ઝંડા ઊંચા રહે હમારા', તો કોઈ કહેશે, 'જય જય ગરવી ગુજરાત.' આમ સૌ પોતપોતાના કુળનું અભિમાન ગાશે. માણસ પોતાની નિંદા સહન કરી લેશે, પણ કુટુંબની નિંદા સાંખી નહીં શકે. કહે છે કે પોતાના કુળનું અભિમાન રાખવું જોઈએ. જે રાખે છે તે 'કુલ-દીપક' કહેવાય છે, અને જેને એવું અભિમાન નથી તેને 'કુલાંગાર' કહે છે. કહેશે કે નાહક અમારા ઘરમાં જન્મ્યો; જનમતાં જ મરી કેમ ન ગયો? આમ રક્ત, કુળ અને રાષ્ટ્રનું અભિમાન રાખે છે. એવું અભિમાન ન હોય તેવાને 'મૃતક-સમાન' કહે છે. ભારત-ભારતીમાં આવે છે:

> जिसको न निज धर्मका तथा निज देशका अभिमान है।
> वह नर नहीं, नर-पशु निरा है, और मृतक समान है।

મૈથિલીશરણે તો આટલે સુધી કહી દીધું:

> केवल पुरुष ही थे न वे जिन पर निज देशको कुछ गर्व था।
> नारियाँ भी थीं हमारी देवियाँ ही सर्वथा॥

આ કુલીનતા આખરે છે શું વસ્તુ? કુલીનતાનો અર્થ છે—બીજાનાં કુળ કરતાં અમારું કુળ શ્રેષ્ઠ છે. રક્તના અભિમાનને કુળનું અભિમાન કહે છે. લોકેન્દ્રને એકનાથ વચ્ચે લડાઈ થઈ જાય તો લોકેન્દ્ર કહેશે, 'મેં પણ મારી માનું દૂધ પીધું છે.' એટલે કે મારી માના દૂધની તાસીર તારી માના દૂધ કરતાં સારી છે. વળી આપણે કહીએ છીએ—'આ નસોમાં રામ અને કૃષ્ણનું લોહી વહે છે.' આ બધાં અભિમાનોએ આપણી ભાવના અને જીવનને જકડી લઈને સંકુચિત બનાવી દીધાં છે. આમ કુલાભિમાન રક્તાભિમાન થઈ ગયું, અને રક્તાભિમાન વર્ણાભિમાન સાથે જોડાયેલું છે. વર્ણનો એક અર્થ 'રંગ' પણ છે.

### ગોરા માણસની જવાબદારી

આજકાલ આફ્રિકામાં એક શબ્દ ચાલ્યો છે 'Apartheid'—એપારથીડ. એનો અર્થ છે કાળા અને ગોરા વચ્ચેની ટક્કર. પ્રારંભમાં ગોરાઓએ એક ભ્રામક શબ્દ ચલાવ્યો: White Man's burden—ગોરાની જવાબદારી. ગોલ્ડસ્મિથે ટ્રાવેલર નામની એક ટચૂકડી કવિતા લખી છે. એમાં અંગ્રેજોનું વર્ણન કરતાં લખે છે કે એ સમસ્ત

મહામાનવતાના માલિક છે. ઇન્સાનોના માલિક છે. અસભ્ય પ્રજાઓ સુધી ઈશ્વરનો સંદેશ, વિજ્ઞાનની શોધ, અને ઉચ્ચ શિક્ષણ પહોંચતું કરવું એ ગોરા માણસનું કામ છે. જીવનની સગવડો પહોંચાડવી એ એમની જવાબદારી છે. એમનું સામ્રાજ્ય હતું એ ખરું, પરંતુ પહેલાં એ શું કરતા હતા ? પહેલાં તો એ લોકો બજારની શોધમાં આવ્યા હતા, રાજ્ય કરવા નહીં. પણ એટલા માત્રથી એમની પકડ ટકે તેમ નહોતી. તેથી પહેલાં તો ઈશ્વરના સંદેશની વાતો માંડી, પછી વિજ્ઞાનની શોધો સામે ધરી, ત્રીજે ઉચ્ચ શિક્ષણ સામું ધર્યું ને છેલ્લે સગવડો. આ ચોથી વસ્તુ એવી હતી જેને માટે સૌને આકર્ષણ હતું. આમ ત્રાજવાની પાછળ તખ્ત આવ્યું. એ ચાર ચીજોએ એ તખ્તના ચાર પાયાની ગરજ સારી.

સામુદાયિક અભિમાનમાંથી મનુષ્ય-મનુષ્ય વચ્ચે મૂળભૂત ભેદ ઊભો થઈ જાય છે. એક હીન અને એક શ્રેષ્ઠ, એક ઊંચ અને એક નીચ. જેના લોહીમાં સેળભેળ થઈ હોય, જેનું લોહી સંમિશ્ર હોય તેને 'અસલી' નથી કહેતા. એવાને કહે છે "તું અસલી ક્યાં છે? તારા લોહીમાં સેળભેળ છે— વર્ણસંકર છે." હીટલરે કહ્યું હતું ને કે અમારું લોહી શુદ્ધ છે. જેટલા નાઝી છે તે બધાનું લોહી શુદ્ધ છે. પવિત્ર બ્રાહ્મણ પણ દાવો કરે છે કે મારું લોહી શુદ્ધ છે. આમ રક્ત અને વર્ણનું અભિમાન જાગે છે; એને કુળનું અભિમાન પણ કહે છે. ક્રાંતિકારીના મનમાં માબાપ માટે પ્રેમ હોવો જોઈએ, પણ પોતાના કુળનું અભિમાન ન હોવું જોઈએ. કુલાભિમાન નામની કોઈ વસ્તુ જ નથી. એ જ રીતે દેશાભિમાન પણ નથી અને આંતર-રાષ્ટ્રિયતા પણ નથી. જે છે તે શુદ્ધ ઇન્સાનિયત, શુદ્ધ માનવતા છે. રાષ્ટ્ર અને વ્યક્તિ એવા બે ગજ થવા નહીં જોઈએ. વ્યક્તિમાં કુલીનતાનું લક્ષણ વિનયશીલતા અને નમ્રતા હોવી જોઈએ. કુલીન તે કહેવાય જે વિનયશીલ હોય. વ્યક્તિ માટે એ સદ્ગુણ ગણાતો હોય, તો રાષ્ટ્ર માટે અને સમૂહ માટે પણ એ સદ્ગુણ ગણાવો જોઈએ. માટે સાંસ્કૃતિક સંસ્પર્શમાંથી આપણે સાંસ્કૃતિક આક્રમણ કાઢી નાખીએ. એમાં સાંસ્કૃતિક આક્રમણને સ્થાન નથી.

### સંસ્કૃતિનું લક્ષણ વિનયશીલતા

એકબીજાને મળવાની આકાંક્ષા સ્વાભાવિક છે, પરંતુ અડચણ

આવે છે તે અતિક્રમણમાં. મનુષ્ય જુદી જુદી સંસ્કૃતિવાળાની પાસે જવા ઈચ્છે એ બિલકુલ સ્વાભાવિક આકાંક્ષા છે. પણ શંકા એ થાય છે ક્યાંક એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિ પર આક્રમણ ન કરી બેસે. તેથી સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ વિનયશીલતા હોવું જોઈએ. રાષ્ટ્રપ્રેમ અને સામુદાયિક સ્વતંત્રતાની ભાવના એક અલગ વસ્તુ છે. એ તો વ્યક્તિમાં અને સમૂહમાં પણ હોય—એ સદ્ગુણ છે. પરંતુ રાષ્ટ્રવાદમાં વિનયશીલતા નથી. આપણે જેને રાષ્ટ્રવાદ કહીએ છીએ તે રાષ્ટ્રનું અભિમાન છે. અભિમાનમાંથી આક્રમણ આવે છે. આપણને આક્રમણ નથી ખપતું, આપણને કેવળ સ્વરાજ્ય જોઈએ છે. પરંતુ જેણે આપણી સ્વતંત્રતાનું અપહરણ કર્યું તે આક્રમણકારી રાષ્ટ્રવાદી દેશ હતો. ધર્મથી ઉન્માદ પેદા થાય છે તેમ આક્રમક રાષ્ટ્રવાદથી પણ ઉન્માદ પેદા થાય છે. રવીન્દ્રનાથ યુરોપ ગયા, તો ત્યાં એમણે રાષ્ટ્રવાદ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. અહીંના લોકો માટે એમણે સ્વદેશીનું સમર્થન કર્યું, પરંતુ યુરોપ જઈને રાષ્ટ્રવાદને ધિક્કાર્યો.

માણસ માણસને મળવામાં રાષ્ટ્રવાદ આડે આવે છે. જે રાષ્ટ્ર ગુલામ થઈ જાય છે તેની રાષ્ટ્રીયતા ક્ષીણ થઈ જાય છે, પરંતુ જે રાષ્ટ્રવાદી હોય તેમનામાં ઉન્માદ હોય છે. આમ ઠેકઠેકાણે બે પ્રકારના પ્રવાહો ચાલે છે, આમ છતાં મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિ એકબીજાને મળવાની જ રહી છે. ગુજરાતનો માણસ મહારાષ્ટ્રમાં જઈને રહે છે અને મહારાષ્ટ્રનો માણસ ગુજરાતમાં જઈને રહે છે. પણ બન્ને પ્રદેશો વચ્ચે ઝઘડો ઊભો થાય છે ત્યારે બન્ને જુદા પડે છે. જયપુર અને જોધપુરના લોકો એકબીજાને ઘેર ઊતરે છે, પણ હાઈકોર્ટનો ઝઘડો આવ્યો કે બન્ને વહેંચાઈ જાય છે.

### વ્યક્તિત્વના બે ટુકડા

આમ બે સ્તર થયા — સાર્વજનિક જીવન અને વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન અને વ્યક્તિગત જીવન. એ બે માટે આપણે જુદા જુદા ગજ માની લીધા છે. એનું પરિણામ એ આવ્યું કે મનુષ્યનું વ્યક્તિત્વ અખંડ ન રહ્યું, વ્યક્તિત્વના બે ટુકડા થઈ ગયા. વ્યક્તિત્વ વિચ્છિન્ન થઈ ગયું. બે અલગ અલગ સત્તા મનાઈ, એક સાર્વજનિક જીવનના ક્ષેત્રની અને બીજી વ્યક્તિગત જીવનના ક્ષેત્રની. સાર્વજનિક જીવનમાં અસત્ય આચરી શકાય, હિંસા કરી શકાય, ચોરી કરી શકાય, ભીખ માગી શકાય, વ્યાજખોરી કરી શકાય ને મુકદમાબાજી

પણ કરી શકાય. સાર્વજનિક જીવનમાં આ બાબતો શિષ્ટ—માન્ય છે. પરંતુ વ્યક્તિગત જીવનમાં આ બધા દુર્ગુણ છે. આમ આપણે જીવનના બે ભાગ પાડી દીધા અને એનાં બે માપ થઈ ગયાં.

## સાંસ્કૃતિક વિશેષતા

આમ છતાં વિજ્ઞાનની ગતિ એવી છે કે સાંસ્કૃતિક સંસ્પર્શ શરૂ થઈ ગયો છે. આ યુગ જ cultural osmosis—સાંસ્કૃતિક પરિસરણનો છે. સંસ્કૃતિ એકબીજામાં ઝરે છે. મનુષ્યના સંપર્કને વિજ્ઞાન રોકી ન શક્યો, બલ્કે એણે એને વધારી દીધો. આથી એક દેશના સાંસ્કૃતિક રિવાજ બીજા દેશોમાં પહોંચે છે. એક દેશની રીતભાત બીજા દેશમાં પહોંચે છે. સડક, મકાન, પોશાક એક સરખાં થઈ ગયાં છે. પરમ દિવસે છાપામાં રશિયાના પ્રમુખનો ફોટો આવ્યો હતો, આજે જર્મનીના રાજદૂતનો ફોટો આવ્યો છે. જર્મનીનો રાજદૂત અને રશિયાનો પ્રમુખ બન્ને પોશાકથી જુદા પાડી ઓળખી શકાતા નથી. અહીં દલાઈ લામા આવ્યા હતા. એમનો પોષાક અલગ હતો, પરંતુ એમનો જે દુભાષિયો હતો તેના પોષાકમાં અને અહીંના જે ઓફિસરો હતા તેમના પોષાકમાં કશો ફેર નહોતો. આવી રીતે વિજ્ઞાનને લઈને એક જાગતિક મનોવૃત્તિ આવી રહી છે. આનો વિરોધ કરવાની જરૂર નથી. આપણે આપણો રાષ્ટ્રીય પોષાક પહેરીએ કે કોટ પાટલૂન પહેરીએ એમાં શું થઈ ગયું? મારા એક મિત્ર દિલ્હીના સેક્રેટેરીયેટમાં છે. એ ટેબલ-ખુરશીના વિરોધી છે. પોતાના ઓરડામાં શેતરંજી પર બેસી એક નાના ઢાળિયા પર લખે છે. અંગ્રેજોની જીવન પદ્ધતિના આક્રમણની આ પ્રતિક્રિયા છે. ખરી રીતે, ધોતિયું ને સાડી છોડી દો તો તે સિવાય આ દેશનો બીજો પોષાક કયો હતો તે કહેવું અઘરું છે. શિવાજી મહારાજ ઘરમાં ધોતિયું પહેરતા હશે, પરંતુ એમના અને ઔરંગઝેબના દરબારી પોષાકમાં ઝાઝો ફેર નહીં હોય. આખા દેશનો એક જ પોષાક હતો એમ કહેવું સંભવ નથી. નાટકમાં બંગાળનો હરિશ્ચંદ્ર બંગાળી હોય છે. જ્યારે પંજાબમાં તારામતી સલવાર પહેરીને આવે છે. પરંતુ કેટલાંક અભિમાન પ્રતિક્રિયામાંથી આવે છે. એ કોઈ સંસ્કૃતિ નથી. આપણે કેટલીક ખોટી વસ્તુઓને સંસ્કૃતિ માની લીધી છે. સાંસ્કૃતિક સંસ્પર્શમાં થોડું

ઘણું સામ્યીકરણ આવશે. સવાલ એ છે કે રીતભાત, રહેણીકરણી અને મકાનોમાં સામ્યીકરણ આવે તો શું સંસ્કૃતિ નાશ પામશે ? નહીં, નાશ નહીં પામે. છતાં દરેક સંસ્કૃતિની વિશેષતાનું રક્ષણ થવું જોઈએ.

આ વિશેષતા શું વસ્તુ છે ? વિશેષતા તેને કહેવાય જે કોઈ પણ દૃષ્ટિથી અને સર્વમાન્ય સાંસ્કૃતિક દૃષ્ટિથી દોષપૂર્ણ ન ગણાય. આ આ એક વિચારવા જેવો વિષય છે. એક દાખલો લઈએ. મુહમ્મદ-અલી પાકિસ્તાનના વડા પ્રધાન છે અને જવાહરલાલ અહીંના. જવાહરલાલે એક જ વાર લગ્ન કર્યાં, મુહંમદઅલીએ ચાર વાર. બન્ને પોતપોતાના રાષ્ટ્રના વડા પ્રધાન છે. તમે કહેશો કે એમના ધર્મમાં ચાર સ્ત્રી કરે છે, એટલે એ ઠીક છે. જવાહરલાલ ફરી પરણી શક્યા હોત, પરંતુ એક સાથે એકથી વધારે પત્ની રાખી ન શકે. આમ બે માપ થયાં. એક પુરુષ ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરે એ સાંસ્કૃતિક દૃષ્ટિએ ખોટું છે એ વાતનો પાકિસ્તાન અથવા બીજા દેશનો મુસલમાન સ્વીકાર કરે યા ન કરે, આપણે એ વાતને ત્યાંની વિશેષતા તરીકે સ્વીકારવા તૈયાર નથી. એ કોઈ વિશેષતા નથી. આપણા દેશમાં વાંકડો યા પૈઠણ લેવામાં આવે છે. હવે સ્ત્રી અને પુરુષ મનુષ્ય તરીકે સરખાં છે એ દૃષ્ટિએ આ રિવાજ સંસ્કૃતિ-વિરોધી છે. એને આપણી વિશેષતા નહીં કહેવાય. એ રિવાજ કાઢવો જોઈએ.

### સાંસ્કૃતિક સંદેશ

સંસ્કૃતિની આપ-લેમાં દરેક સંસ્કૃતિની વિશેષતાનું સંરક્ષણ કરવામાં આવશે. આ રીતે આખી દુનિયામાં સાંસ્કૃતિક સમાનતા થશે. સાર્વભૌમ સાંસ્કૃતિક દૃષ્ટિથી જે બાબત દોષપૂર્ણ હશે એવી બાબતનું સંરક્ષણ કે આપ-લે નહીં થાય. એવી બાબત ન તો લેશું, ન દેશું. જાતિભેદ આપણે બીજાને નહીં આપીએ, અને આપણે ત્યાં પણ નહીં રાખીએ, માંસ અને મદિરાની પ્રતિષ્ઠા પશ્ચિમમાંથી આપણા દેશમાં આવી. આપણા દેશમાં ૯૫ ટકા લોકો માંસ ખાતા હતા, આજ પણ ખાય છે. હજારો લોકો દારૂ પીતા હતા, અરે, કેટલીક તો દેવીઓ દારૂ પીતી હતી. બ્રાહ્મણોની સંધ્યામાં "માંસ શોણિત भक्षणे"—માંસ ખાનારી ને લોહી પીનારી દેવીનું વર્ણન આવે છે. આ બધું છતાં, દારૂ અને માંસની પ્રતિષ્ઠા સામાજિક જીવનમાં નથી.

બંગાળમાં દરેક સૌભાગ્યવતી માછલી ખાય છે. ખાવા ના પાડે તો કહેશે, "વિધવા થઈ છે શું?" ત્યાં વિધવા માછલી નથી ખાતી. ઠાકુરમાનો ચોક પવિત્ર ગણાય છે; એની શી નિશાની? તો કે એમાં માછલી જઈ શકતી નથી. પવિત્ર બંગાળી બ્રાહ્મણ રવિવારે માછલી નથી ખાતો. ચમાર છત્તીસગઢ જઈને માળા પહેરે છે; પછી એ માંસને અડતો નથી, કહે છે, હવે હું 'સતનામી' થઈ ગયો છું. મહારાષ્ટ્રમાં નિયમિત પંઢરપુર જનાર વારકરી માંસ છોડી દે છે. દારૂ અને માંસના ત્યાગને આ દેશમાં સદાચાર ગણ્યો. આ સાંસ્કૃતિક સંકેત છે.

### આઠ કનોજિયા, નવ ચૂલા

ઉન્નાવના આઠ બ્રાહ્મણ આવ્યા. કહે, "અમે ભોજન કરીશું, અમારે માટે નવ ચૂલા તૈયાર કરાવી આપો." "નવ ચૂલા શા માટે?" તો કહે, "આ મારા કરતાં ચડિયાતો છે ને હું એના કરતાં ચડિયાતો છું. બન્ને એકબીજાથી શ્રેષ્ઠ છીએ. એટલે એક-બીજાના ચૂલામાંથી આગ લઈ શકીએ નહીં. નવમા અલગ ચૂલામાંથી આગ લઈ શકીશું. તેથી કહેવત પડી "આઠ કનૌજિયા, નવ ચૂલા." એક બાજુ તો જીવનની પ્રતિષ્ઠા વધારવા માંસ-ભોજન છોડવાનો સંકેત છે, તો બીજી બાજુ મનુષ્યમાં છેટાપણું આવી ગયું છે. એક સાંસ્કૃતિક ગુણ સાથે મહાન સાંસ્કૃતિક દોષ આવી ગયો છે જેને લઈને તમે બીજા મનુષ્યના સંસ્પર્શથી વંચિત થયા. તેથી સામાજિક ક્રાંતિમાં હવે એક તરફ તો શાકાહારનો વિકાસ કરવામાં આવે અને બીજી તરફ સહભોજનનો વિકાસ કરવામાં આવે. પંક્તિભેદ કાઢીને આપણે સહભોજન સ્થાપવું છે. નહીં તો જે સાંસ્કૃતિક સંસ્પર્શ વધારવો છે તે નહીં વધે. આજે વિજ્ઞાને એવી પરિસ્થિતિ ઊભી કરી છે કે એમાં મનુષ્યનો વિવેક અને સ્નેહ પ્રવૃત્ત થઈ શકે તેમ છે. આપણે કોઈ પણ સંસ્કૃતિના દોષોનું સંવર્ધન નથી કરવું.

### પશુના રક્ષણ માટે મનુષ્યની હત્યા

પંજાબની વાત છે. ત્યાંનો એક નેતા કહે, "ગમે તેમ કરીને અમારું હરિયાણા અલગ કાઢી આપો." "કેમ?" તો કહે, "જલંધરવાળા માંસાહારી છે, એમનાં શરીર ગંધાય છે." અર્થ શું થયો? પશુ-દયામાંથી માનવ તરફ જુગુપ્સા પેદા થઈ. ઘણાં વર્ષ

પહેલાં બર્ટ્રાન્ડ રસેલે એક પુસ્તક લખ્યું : Which Way Peace—શાંતિ કયે રસ્તે મળે ? એમાં એક દાખલો આપ્યો છે. જોડાજોડ બે ટાપુ. એક ટાપુવાળા માંસાહારી અને બીજા ટાપુવાળા શાકાહારી. શાકાહારીને માંસાહારીની ગંધ આવે. કહે, "કેવા ક્રૂર છે આ લોકો ?" એક દિવસ ઠરાવ કર્યો કે આ માંસાહારીઓને સુધારવા. મનાવ્યા કે માંસાહાર છોડી દો. ન જ માન્યા ત્યારે શાકાહારીઓએ આક્રમણ કર્યું. માંસાહારીઓને હરાવીને કાપી નાખ્યા. પૂછ્યું કે, "અમને શા માટે કાપી નાખો છો ?" પેલાઓએ જવાબ દીધો, "તમે લોકો જાનવરોને મારો છો તો અમે તમને મારીએ છીએ ! પશુને બચાવવા માનવને મારવો પડે તો મારીશું. પશુ રક્ષણીય છે." ગાંધીની સામે આ જ સવાલ હતો, ગાયને બચાવવા માણસને મારવો ? પેલા ટાપુવાળાઓએ તો પશુને બચાવવા માટે મનુષ્યોને મારી નાખ્યા. ટાપુ પર અસંખ્ય લાશો ભેગી થઈ. પેલા લોકોએ વિચાર્યું, આટલું બધું માંસ નકામું જશે ? નકામું ન જાય એ માટે ખાઈ જવું જોઈએ !

### અવિવેકનો ત્યાગ કરવો જરૂરી

માણસમાં આ રીતે અવિવેક આવી જાય છે. શાકાહારના અભિમાની કહેતા કે માંસાહારીઓમાં માનવતાની ખોટ છે. એમ નથી, બલ્કે એમ થઈ શકે કે કોઈ માંસાહારી વ્યક્તિ ગાંધીથી વધુ દયાવાન હોઈ શકે. દીનબંધુ એન્ડ્રુઝ નાનપણથી માંસાહારી હશે, છતાં એ દયાળુ હતા. કોઈ જૈન સરમુખત્યાર બની જાય તો શું હુકમ બહાર પાડશે ? કહેશે કે કોઈ માંસ નહીં ખાઈ શકે, પશુને કાપી નહીં શકે. અંબરીષ, રુકમાંગદ અને શ્રિયાલ એકનિષ્ઠ એકાદશીનું વ્રત પાળનારા હતા. એકાદશીને દહાડે ઢંઢેરો પીટાવતા : न भोक्तव्यं न भोक्तव्यं न भोक्तव्यं हरेर्दिनम् । આજે કોઈ ભોજન નહીં કરે. એક મારા સગા ચોથનું વ્રત રાખતા. એ દિવસે એ ઘોડાને પણ દાણા નહોતા આપતા. સનાતનીઓનું રાજ્ય થઈ જાય તો હુકમ બહાર પાડી શકે કે કોઈ પણ હરિજન વિશ્વનાથના મંદિરમાં નહીં જાય. એકાદશીને દિવસે બજારો બંધ રહેશે. આમ આપણે એક ચોકઠું તૈયાર કરીએ છીએ, અને પછી બધાને એમાં બંધબેસતા કરવા ઇચ્છીએ છીએ.

આપણે માનીએ છીએ કે સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ વિનય હોવો જોઈએ. તમે જો એમ માનો કે માંસાહારી આપણા કરતાં ઊતરતા છે, અને આપણે શ્રેષ્ઠ છીએ તો થશે એવું કે માંસ-નિવૃત્તિથી આપણે જીવનની પ્રતિષ્ઠા કરવા માગીએ છીએ તેને બદલે મનુષ્યની અપ્રતિષ્ઠા કર્યાનો દોષ થશે. પશુ-જીવનની પ્રતિષ્ઠા અને માનવ જીવનની અપ્રતિષ્ઠા, આમ થશે તો સાંસ્કૃતિક હાનિ થશે. આજના સાંસ્કૃતિક પરાસરણના જમાનામાં આ ઊંડાણથી સમજવા વિચારવા-ની વાત છે. આપણી એવી કઈ વિશેષતા છે જેનું સંરક્ષણ કરવાનું છે, અને એવા કયા દોષ છે જેનું સંરક્ષણ નથી કરવાનું. આનો વિવેક કરવો જોઈશે. દોષોનું સંરક્ષણ તો ન જ કરવું, એટલું જ નહીં, જ્યાં હોય ત્યાંથી એ કાઢવા માટે બીજાની મદદ લેવી જોઈએ.

એક બીજો દાખલો લઈએ. આપણે ત્યાં સતીની પ્રથા હતી. રાજા રામમોહન રોયે સતીની પ્રથા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. અંગ્રેજી શિક્ષણ માટે મેકોલે જવાબદાર છે, પરંતુ એના કરતાં કેટલાય વધારે જવાબદાર રાજા રામમોહન રોય હતા. ૧૮૩૨માં એ રાણી વિક્ટોરિયા પાસે ગયા અને કહ્યું કે અમારા દેશના લોકોને અંગ્રેજી શીખવવું જોઈએ. એમણે વેદ અને કુરાનનો અભ્યાસ કર્યો. પછી બાઈબલ પણ વાંચ્યું. શ્રીરામપુરના મિશનરીઓની મદદથી એમણે પહેલું દેશી બંગાળી છાપું કાઢ્યું. એ સતી પ્રથાની વિરુદ્ધ હતા. એ વખતે મુખ્ય પ્રશ્ન બે હતા : સતી પ્રથા અને વિધવા વિવાહ. બંગાળમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા-વિવાહનું આંદોલન ઉપાડ્યું, અને મહારાષ્ટ્રમાં મહાદેવ ગોવિંદ રાનડેએ ઉપાડ્યું. રાજા રામમોહન રોયે સતી પ્રથા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. તે વખતે સનાતનીઓ અને દેશભક્તોએ એનો વિરોધ કર્યો. એમણે કહ્યું કે પરદેશી સરકારને અમારા ધર્મના મામલામાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી.

તેવી જ રીતે પાછળથી મુંબઈની ધારાસભામાં Age of Consent — સંમતિની ઉમ્મરનું બિલ આવ્યું ત્યારે લોકમાન્ય તિલકે એનો વિરોધ કર્યો. બિલનો અર્થ એ હતો કે લગ્ન પછી છોકરીનો એના પતિ સાથે સંબંધ કેટલી ઉમ્મરે થવો જોઈએ? એવી કઈ ઉમ્મર ગણાય કે જેમાં એ સંબંધ માટે છોકરીની સંમતિ બરાબર હતી એમ ગણી શકાય? રાનડે વગેરેનું કહેવું હતું કે છોકરીની

ઉમ્મર ચૌદ વર્ષની હોવી જોઈએ. લોકમાન્ય તિલકે વિરોધ કર્યો, એમણે એમ કહ્યું કે પરદેશી સરકારે અમારા ઘરની બાબતમાં દખલ કરવી નહીં જોઈએ.

આમ ક્યારેક પ્રતિક્રિયાને લઈને આપણે સાંસ્કૃતિક દોષોનું સમર્થન કરી બેસીએ છીએ. અજમેરના હરવિલાસ સારડાએ એક પુસ્તક લખ્યું : 'Hindu Superiority'—હિંદુઓની શ્રેષ્ઠતા. એમાં અસ્પૃશ્યતા, જાતિભેદ, બાલ-વિવાહનું સમર્થન કર્યું. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં 'हिंदु-धर्म आणि सुधारणा' નામના પુસ્તકમાં લખ્યું કે હિંદુ ધર્મમાં સુધારો કરવાની જરૂર નથી. એમાં વિધવાના વપનથી માંડી બ્રાહ્મણોનું ગોમય ખાવા સુધ્ધાંનું સમર્થન હતું. આમ રાષ્ટ્રીય દુરાભિમાનમાંથી Chauvinism—સંકુચિતતા પેદા થાય છે. Chauvinism નો અર્થ છે — અમારું છે તે બધું ખરું છે, અને તમારું બધું ખોટું છે. ખરી રીતે સાંસ્કૃતિક પરિસરણ માટે તો આપણા દોષો દૂર કરવા સારુ બીજાનો સહકાર લેવો જોઈએ. એનાથી આપણી તાકાત ઘટતી નથી, વધે છે. એનાથી તાકાત ઘટવાનો ડર રાખવો ન જોઈએ. જે સાંસ્કૃતિક રિવાજો સર્વમાન્ય સાંસ્કૃતિક સિદ્ધાંતની કસોટી પર ખરા ઊતરે એમ હોય તેનું સંરક્ષણ કરવું. આપણી વિશેષતા હોય તેનું પ્રદાન કરીએ અને બીજાઓની વિશેષતાઓનું આદાન કરીએ.

### સાંસ્કૃતિક ભૂમિકા પર એકતા

સાંસ્કૃતિક પરિસણની ભૂમિકા પર મનુષ્ય એક થશે. એમાંથી જાગતિક, માનવીય સંસ્કૃતિનો વિકાસ થાય છે. આ સાંસ્કૃતિક ભૂમિકા પર માનવો એક થશે તો રાજ્યોની સીમા ઝાઝા દિવસ નહીં ટકે. અનેક વ્યક્તિઓ પોતાના જીવનમાં આ સીમાઓ ઓળંગી ચૂકી છે. આ પરંપરા બરાબર ચાલુ રહેવી જોઈએ. આપણા પડોશમાં એક મિસીસ બી. શિવરાવ રહે છે. એ મૂળ યુરોપનાં છે. હવે રાષ્ટ્રના ઝઘડાને લઈને આપણે કહેતા હોઈએ છીએ કે પૂર્વ અને પશ્ચિમ એક નથી, પણ શિવરાવના ઘરમાં તો પૂર્વ-પશ્ચિમ એક છે. સુભાષબાબુનાં પત્ની પણ જર્મનીનાં હતાં. આમ જેને તમે રાજકીય સીમા કહો છો તેને સાંસ્કૃતિક સંસ્પર્શ છેદે છે. રાજકીય સીમાઓને મનુષ્યનું હૃદય લાંઘી જાય છે. સ્વાભાવિક પ્રેરણાઓ તમામ સાંસ્કૃતિક સીમાઓને છેદતી જાય છે. એ પ્રેરણાને આગળ વધારવાની જરૂર છે.

૧૧

# સમાજરચનાનું બન્યું બનાવ્યું ચોકઠું

અત્યાર સુધી આપણે વ્યક્તિ વિશે વિચાર કર્યો. હવે સમાજ-રચનાની બાબતમાં થોડું વિચારીશું. કાપડ છાપવા માટે બીબાં બનાવાય છે. બીબાંથી છાપેલું બધું કાપડ એક પ્રકારનું દેખાય છે. જે લોકો એક જ બીબાંની ચીજો બનાવવા માગે છે તેમને સાંસ્કૃતિક ક્ષેત્રમાં બીબાં છાપનાર—ઠપ્પેબાજ કહે છે. પણ આજે તો જોઈએ છીએ કે આખી દુનિયાનું જ એક સાંસ્કૃતિક બીબું—ચોકઠું બની રહ્યું છે.

એસ્પેરેન્ટો આર્કિટેકચર—જાગતિક વાસ્તુ વિદ્યા આજે બધે ચાલી છે. દુનિયા આખીમાં જેટલી સારી ઇમારતો બને છે તે ફેરો-કોંક્રિટની બને છે. આપણે ત્યાં તો હજી નથી શરૂ થયું, પરંતુ બીજે તો છત બનાવવી હોય તો ફેરોકોંક્રિટના તૈયાર ટુકડા મળે છે તે લાવીને ગોઠવી દે છે. આમ આખી દુનિયામાં એક સરખી ઇમારતો બની રહી છે. પરિણામે એક શહેર અને બીજા શહેર વચ્ચે ઝાઝો ફરક નથી રહેતો. ટ્રાફિક-યાતાયાત નિયંત્રણ માટે નિત નવી તરકીબો કાઢે છે અને નિત નવા સવાલો પણ ઊભા થાય છે. આને લીધે મોટાં શહેરો વિસ્તરતાં જાય છે. આનાથી બે પ્રકારની સંસ્કૃતિ ઊભી થાય છે. મોટાં શહેરની અડખે પડખે એક્સ્ટેન્શન—ઉપનગરો ઊભાં થાય છે. મોટાં શહેરોને 'રિબન આઉટ' કરે છે, ફેલાવે છે, તો ક્યાંક ઉપનગરો ઊભાં કરે છે. આ પરાંઓમાં રહેનારાઓ નાગરિક નથી ગણાતા, સબર્બન–ઉપનાગરિક ગણાય છે. ઉપનગરમાં રહેનારાઓ શહેરમાં કામે જાય છે. આવાં ઉપનગરો મોટાં ન હોય તો એને મ્યુનિસિપાલિટી નથી હોતી. મુખ્ય શહેરમાં મ્યુનિસિપાલિટી, કચેરી-ઓ અને બજાર હોય છે, જ્યારે પરાં કેવળ વસવાટ માટે હોય છે. શહેરની નાગરિકતા સાથે એમનો સીધો સંબંધ નથી હોતો. આમ

પરામાં રહેનારની નાગરિકતાનો હ્રાસ થાય છે. આમ એ નથી અહીંના હોતા, નથી ત્યાંના હોતા. ભટકતા માણસ જેવા હોય છે. દરેક મોટા શહેરની સાથે એની આજુબાજુના, આવા વસવાટો યા તો પોતાનામાં પૂર્ણ હોય છે અથવા શહેરનો જ વિસ્તાર હોય છે. પણ બેમાંથી એકે ઠેકાણે એનો પૂરો સંબંધ નથી રહેતો. એવા લોકો કહે છે કે બાર કલાક મુંબઈમાં રહીએ છીએ અને બાર કલાક ગોરેગાંવમાં. આવા નાગરિકોમાં નાગરિક ભાવનાનો વિકાસ નથી થતો.

આધુનિક શહેરી જીવનમાં ત્રણ ચીજો અનિવાર્ય બની ગઈ છે. —મોટર, બાથરૂમ અને રેડિયો. હવે સવાલ એ છે કે બધા જ પાસે મોટરો થઈ ગઈ તો એ બધી ઊભી રાખવી ક્યાં? એમાંથી જ પાર્કિંગ અને ટ્રાફિકના સવાલો ઊભા થાય છે. કહે છે કે અમેરિકામાં દર ત્રીજા માણસે એક મોટર છે. બધા પોતપોતાની મોટરમાં બેસીને આવે છે, અને એકની પાછળ એક એમ ઊભી કરે છે. ધારો કે મારી મોટર તો મારી દુકાનની સામે મેં ઊભી કરી, પણ જેની દુકાન નથી એણે તો આખી હારને છેડે એક માઈલ છેટે ઊભી કરવી રહી. ત્યાંથી એણે ચાલતું આવવાનું. તો મોટર રાખી લાભ શું?

રેડિયો તો એક જાતના ખીચડા જેવો હોય છે. ખીચડામાં જે હોય તે ઓરે છે. એ બધું આપણે સાંભળવાનું. બધા માટે એક સરખો કાર્યક્રમ. હા, સ્ટેશન જુદાં જુદાં લગાડી શકો, પણ સૌને માટે સરખો કાર્યક્રમ. એમાં રજૂઆત કરનાર પર બધો આધાર રહેવાનો. તમે જાણો છો કે એમાં કેટલાક લોકો પાછળ રહીને કાર્યક્રમ બનાવે છે. આ બધા કોઈ વિનોબા કે જવાહરલાલ જેવા વિશેષ બુદ્ધિવાળા નથી હોતા, સરેરાશ બુદ્ધિના હોય છે. એ સરેરાશ બુદ્ધિવાળા તમને રેડિયો પર સંસ્કૃતિ પીરસે છે. વિનોબા કહે છે કે જ્યારે સરેરાશ બુદ્ધિવાળાના હાથમાં સૂત્ર આવે છે ત્યારે જાડી બુદ્ધિવાળી મામૂલી ફિલસૂફી ચાલે છે. અને એ રીતે એવા માણસે પીરસેલી સંસ્કૃતિ સાર્વદેશિક સંસ્કૃતિ બને છે.

કળાનો પણ વધુમાં વધુ ઉપયોગ સરકારી ને વેપારી જાહેરખબરો માટે થવાનો. કળા જાહેરખબરના ક્ષેત્રમાં જાય એટલે બજારુ બની જવાની. જતાં જતાં હાલત એ થાય છે કે સાચાં સાંસ્કૃતિક કામો માટે કોઈને ફુરસદ નથી હોતી. પુસ્તક પણ વાંચવાની ફુરસદ કે

જંપ નથી. "કેટલાં પાનાંની ચોપડી છે?" "પાંચસો." "એવી ચોપડી કોણ વાંચે?" "તો પછી કેવી ચોપડી જોઈએ." તો કે' "નાની ને રોચક!" "કેમ એવી?" તો કે' "ટ્રેનમાં મુસાફરી કરતાં કરતાં જરા Light reading–હળવું વાચન જોઈએ. ભારેખમ વસ્તુ નથી જોઈતી." કોઈ પણ ભૌતિક, નૈતિક કે આધ્યાત્મિક પ્રશ્ન હો, માણસને તૈયાર કરી મૂકેલા જવાબ જોઈએ. કેટલાકનો જવાબ યંત્ર આપે છે, કેટલાકનો યંત્રવિદ્ વિશેષજ્ઞ અને કેટલાકનો વૈરાગી સાધુ. ઉત્તર ચટ્ લઈને મળવો જોઈએ. પ્રશ્નને સમજવાનો સમય નથી. વિશ્વનાથના મંદિરમાં જશે ને પંડાને કહેશે, "રુદ્રનો અભિષેક કરવો છે." પંડો કહેશે, "થઈ જશે, અગિયાર રૂપિયા આપી દો." અગિયાર રૂપિયા આપી દીધા, બે પાંચ મિનિટમાં કામ પતી ગયું. નામ પણ આજકાલ પૂરું ક્યાં બોલે છે? લાંબું લચક નામ બોલવાની તકલીફ શી લેવી? યુનો, યુનેસ્કો વગેરે. માણસનાં નામ પણ ટૂંકાં જ બોલે છે—સી. આર., જે. પી.

### તૈયાર કરી મૂકેલો જવાબ જોઈએ

આપણે દરેક કામ બીજાને ભળાવી દીધું છે. દરેક વસ્તુનો તૈયાર જવાબ જોઈએ. જોઈએ તો યંત્ર આપે ને જોઈએ તો વિશેષજ્ઞ. પૂછ્યું એટલે ચટ્ લઈને જવાબ તૈયાર મળવો જોઈએ. પછી પૂછનાર એને સમજે જ એ પણ જરૂરી નહીં. આજકાલ general knowledge—સામાન્ય જ્ઞાનની ચોપડીઓ મળે છે. સાર્વજનિક સેવા આયોગ—public service commission ને ઇન્ટરવ્યુ આપવા બે છોકરા અમદાવાદથી આવ્યા. એક બીજાને પૂછે છે—આ સંજીવ રેડ્ડી ને ગોપાલ રેડ્ડીમાં શો ફેર છે? સામાન્ય જ્ઞાનની ચોપડી જુઓ, એમાં બધું જ લખી મેલ્યું છે. આમ, પહેલેથી તૈયાર કરેલાં ચોકઠાંવાળાં મકાન હોય છે તેમ જવાબ પણ હોય છે. આપણને બસ, તૈયાર જવાબ જોઈએ. અમુક સવાલ આવ્યો તો અમુક ખાનામાંથી એનો જવાબ કાઢી લો!

ખાદી ભંડાર અને કાપડની મોટી મોટી દુકાનોમાં પ્લાસ્ટરનાં બનેલાં સ્ત્રી અને પુરુષનાં પૂતળાં ઊભાં છે. એમને કપડાં પહેરાવ્યાં છે. એના પરથી બતાવે છે કે સાડી આવી જોઈએ, બ્લાઉઝ આવું જોઈએ વગેરે. આવાં પૂતળાંને 'મેનિકિન' કહે છે. આજ કાલ ઘણાં

લોકો આવા 'મેનિકિન'—એક સરખા ઢળેલા પૂતળા જેવા બની જાય છે.

સામ્યીકરણની ચર્ચા કરતી વખતે આપણે કહ્યું હતું કે પોષાકમાં સામ્યીકરણ ભલે આવતું. પણ હવે રેડિયોમાં એક સરખાં ગીત આવે છે. આમ પૃષ્ઠભૂમિમાં તૈયાર થયેલી બીબાં-ઢાળ સંસ્કૃતિ મળે છે. એ બનાવનાર પડદા પાછળના લોક કોણ છે ? એક તો છે સત્તાવાળા અને બીજા છે વેપારવાળા. સામ્યવાદી દેશોમાં સત્તાવાળા હોય છે અને બિનસામ્યવાદી દેશોમાં વેપારવાળા હોય છે. સામ્યવાદી દેશમાં સિનેમાવાળો કહે છે કે માણસ કેવો હોવો જોઈએ તે સિનેમામાં દેખાડીશું. આ propaganda–પ્રચાર છે. આપણા મનમાં એક pattern—નમૂનો છે. એ નમૂનો આપણે લોકો સામે રજૂ કરવા ઇચ્છીએ છીએ.

### પ્રચાર અને જાહેરખબર

વેપારવાળો કહે છે કે જે જાતની કળાપૂર્વક વાત રજૂ કરવાથી અમને વધુમાં વધુ ગ્રાહક મળે તેવી કળાપૂર્વક અમે વાત રજૂ કરશું. મેં બે શબ્દ કહ્યા. એક છે સત્તાનો propaganda–પ્રચાર, અને બીજો છે advertisement—જાહેરખબર. એ બેએ મળીને સંસ્કૃતિની પૃષ્ઠભૂમિકાનો ભાર ઉપાડી લીધો છે. 'બિનાકા ટૂથ પેસ્ટ' નાં ગીતો ચાલે છે ત્યારે સાંભળનારાની ઠઠ જામે છે. મેં મારી ત્રણ વર્ષની પૌત્રીને પૂછ્યું, "શું સાંભળે છે ?" કહે, "બિનાકા." હવે મને ખબર નહોતી કે બિનાકા શી બલા છે ! પૌત્રીએ સમજાવ્યું, "એમાં ગીત આવે છે, પછી 'બિનાકા ખરીદો' એવું કહે છે." જાહેરખબરમાં એક વ્યક્તિનું ચિત્ર દેખાડવામાં આવે છે. કારખાનામાં ખૂબ કામ કરી એ નહાવા જાય છે. પછી એ જે સાબુથી નહાય છે તે દેખાડી કહે છે લકસ સાબુ ખરીદો. વેપાર અને સત્તાવાળા આ રીતે રેડિયોનો ઉપયોગ કરે છે. તમામ સાંસ્કૃતિક સાધનોને એ પોતાના વિચારો વેચવાનાં કે ઠોકી બેસાડવાનાં સાધનો બનાવી દે છે. આમ ન થવું જોઈએ. પણ હવે લોકોને પણ આદત થઈ ગઈ છે કે તરત જવાબ જોઈએ. બધી જ વસ્તુ ઊભા ઊભા તૈયાર જોઈએ.

### વિશેષતાનો વિકાસ વાંછનીય

આપણે કહીએ છીએ કે થોડું ઘણું સામ્યીકરણ ભલે થતું.

આમ છતાં મકાન બાંધવાનું હોય તો એની આજુબાજુની પરિસ્થિતિ સાથે એનો અનુબંધ હોવો જોઈએ. એ મકાન આજુબાજુની સૃષ્ટિના એક ભાગ જેવું લાગવું જોઈએ. દા. ત. પહાડોમાં મકાનનો પ્રકાર જુદો હોય છે, અને દરિયા કિનારા પરના મકાનનો પ્રકાર જુદો હોય છે. ઠંડી અને ગરમીવાળા પ્રદેશોમાં અલગ અલગ પ્રકારનાં મકાન હોય છે. મકાનના બાંધકામમાં પણ આજુબાજુમાં મળી રહેતી વસ્તુઓનો ઉપયોગ થવો જોઈએ. દા.ત. રાજસ્થાનમાં રેતીનો ઉપયોગ વધારે થવો જોઈએ અને પહાડમાં પથ્થરનો. ત્યાંની કુદરતને અનુરૂપ મકાન હોવું જોઈએ. જેસલમીરમાં પીળા પથ્થરનાં મકાન છે, જોધપુરમાં લાલ પથ્થરનાં અને જયપુરમાં વળી જુદાં. જે તે સ્થળના વાતાવરણ અને કુદરત સાથે એનો સંબંધ છે.

પણ આજે શું થઈ રહ્યું છે? સિમેન્ટ કોંક્રિટનું ચાલ્યું છે તો જેસલમીરમાં પણ સિમેન્ટ કોંક્રિટ આવશે. ખરી રીતે સામ્યીકરણ અને વિશેષતા એ બેનો સંયોગ થવો જોઈએ. બહારનો દેખાવ ત્યાંની પરિસ્થિતિ અને પરંપરાને અનુકૂળ હોવો જોઈએ. જોતાં જ એ કળાવું જોઈએ. જગદીશ બસુની પ્રયોગશાળા જોવા જશો તો અંદરથી ઓરડાઓ બધે હોય છે તેવા જ છે, પણ પ્રવેશદ્વાર સાંચીના જેવું રાખ્યું છે. એ કળામાં વિશેષતા છે. એમ પણ નથી કરવું કે પહેલાં આપણાં ગામડાંઓમાં ઘરોને દરવાજા નહોતા માટે આપણા મકાનને દરવાજા ન રાખવા. પહેલાં ગામડાંનાં ઘરો અંદરથી અંધારિયાં હતાં માટે આપણાં મકાનોમાં પણ અંધારું હોવું જોઈએ, આમ ન થવું જોઈએ. આમ છતાં આપણે જોઈએ છીએ કે આપણી લોકસભાનું મકાન એવું બનાવ્યું છે કે દિવસે પણ એમાં દીવા કરવા પડે. કારણ શું? તો કે ઈંગ્લંડની પાર્લામેન્ટમાં પણ દિવસે દીવા કરે છે. મંદિરમાં પણ ગભારામાં અંધારું રાખે છે. પછી દર્શન કરવા આવનાર પાસે ચાર આના લઈને દેવનાં દર્શન કરાવે છે. એ ખરું કે અંધારામાં એક ગાંભીર્ય હોય છે, પરંતુ એની જરૂર હોય ત્યાં રખાય. બધે રાખવામાં વિવેક કરવો જોઈએ.

### આંતર્રાષ્ટ્રીયતાની વૃદ્ધિ

આથી આગળ સાર્વદેશિક ભાવના આવી. એમાં આંતર્-રાષ્ટ્રીયતાની ભાવનાનો વિકાસ થયો. દુનિયામાં આ પહેલાં આટલી

આંતરરાષ્ટ્રીયતા ક્યારેય નહોતી. આખી દુનિયાનું પર્યટન કરવાની એક ઇચ્છા હતી. વિક્રમ રાજાએ આખી પૃથ્વીનું પર્યટન કર્યું હતું. હ્યુ એન સાંગ ચીનથી આવ્યો હતો. પ્રવાસી વેપારીઓ આવતા ને જતા. તેવી જ રીતે પ્રવાસી તીર્થયાત્રીઓ પણ હતા. આમ છતાં આપણે જેને આંતરરાષ્ટ્રીય ભાવના કહીએ છીએ તે આટલી માત્રામાં ક્યારેય નહોતી. આ પણ એક અંતર્વિરોધ છે. એક તરફ તો આટલી આંતરરાષ્ટ્રીયતા ક્યારેય નહોતી, જ્યારે બીજી તરફ એક-બીજાનો આટલો ડર અને આટલો અવિશ્વાસ પણ ક્યારેય નહોતો. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે અવિશ્વાસ અને ભય છે, અને આંતરરાષ્ટ્રીયતા-વાદનો જોશ અને ઉમંગ છે. કેવળ વિનોબા જ નહીં, હવે તો કેટલાય રાજપુરુષો કહેવા લાગ્યા છે કે એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે પાસપોર્ટ કે વિસાની જરૂર ન હોવી જોઈએ. એક ચાલાક અંગ્રેજે પૂછ્યું, "પાકિસ્તાન અને ભારત વચ્ચે પાસપોર્ટ અને વિસા નહીં હોવા જોઈએ ને ?" મેં કહ્યું, "ના, એ તો હોવા જોઈએ, નહીં તો મુસલમાનો ઘૂસી જશે." પેલાએ વળતાં કહ્યું, "ત્યારે અમે બીજું શું કહીએ છીએ? એ જ ને કે રશિયાના લોકો અમારે ત્યાં ઘૂસી જશે તો ઠીક નહીં થાય." આમ એક તરફ તો આંતર-રાષ્ટ્રીયતાની આકાંક્ષા છે તો બીજી તરફ આ રુકાવટ છે.

આ રુકાવટ ક્યાંથી આવે છે? એ આદર્શોના વાદ અને પદ્ધતિના વિવાદમાંથી ઊભી થાય છે. આ આદર્શો વચ્ચે ખરેખર બહુ ભેદ છે ખરો ? એ બેમાં વિચારને અમલમાં મૂકવાની પદ્ધતિમાં ફેર છે, બાકી બન્નેની પ્રતિજ્ઞામાં ભેદ નથી. અમેરિકા, ઈંગ્લંડ, પશ્ચિમ જર્મની, ફ્રાન્સ, સ્કેન્ડીનેવિયા વગેરે જે પશ્ચિમી રાષ્ટ્રો કહેવાય છે તેમનું કહેવું છે કે એમને સ્વતંત્રતા ને સમાનતા જોઈએ છે. સામ્ય-વાદી દેશો કહે છે કે અમારે પણ એ જ જોઈએ છે. પરંતુ તમારે ત્યાં જે સ્વતંત્રતા ને સમાનતા છે તે નકલી છે, અસલી નથી. અસલી સ્વતંત્રતા અને અસલી સમાનતા હોવી જોઈએ. તમારે ત્યાં તો ઔપચારિક છે. તમે કહી દીધું કે કાયદાની સામે સૌ સરખાં, પણ વાસ્તવમાં તેમ નથી. જ્યારે અમારે ત્યાં એ પ્રત્યક્ષ છે. એ બન્ને પોતપોતાની પદ્ધતિથી કામ કરે છે એમ કહેવાય છે. પણ અંતે શું થાય છે? રશિયાવાળાને બીક લાગે છે કે મૂડીવાદી વિચાર ઘૂસી

જશે, માટે રશિયાને મૂડીવાદથી બચાવવું જોઈએ. અમેરિકા વિચારે છે કે રખેને ક્યાંકથી સામ્યવાદીઓ અમારા દેશમાં ઘૂસી જાય, માટે સામ્યવાદથી અમેરિકાને બચાવવાનું છે. આમ ત્રણ પડદા આવ્યા. એક રશિયાનો લોખંડી પડદો જેની આરપાર કશું જ ન દેખાય; બીજો ચીનનો વાંસનો પડદો જેમાંથી થોડું ઘણું ડોકિયું કરી શકાય. અને અમેરિકાનો પ્લાસ્ટિકનો પડદો, જોઈ શકો ખરા, પણ કશું લઈ ન શકો.

## આદર્શોનું યુદ્ધ

લોકશાહી દેશો આજે લોકશાહીના રક્ષણ માટે જે ઉપાયો યોજી રહ્યા છે તેમાં અને સામ્યવાદી દેશોના ઉપાયોમાં કેવળ આકાર ભેદ છે, પ્રકારનો ભેદ નથી. સરમુખત્યારી દેશો જે ઉપાયો કામે લગાડે છે તે જ ઉપાય લોકશાહી દેશો પણ કામે લગાડે છે. તેથી આ બે ટોળીઓ વચ્ચે......યુદ્ધ થઈ રહ્યું છે. બન્નેની પદ્ધતિઓ એટલી નજીક આવી ગઈ છે કે બે વચ્ચે અંતર બહુ ઓછું રહ્યું છે. અમેરિકામાં ખાનગી છાપું ચલાવી શકાય, સામ્યવાદી દેશમાં ન ચલાવી શકો. પરંતુ અમેરિકાનાં છાપાંઓ પર ધનવાનોની સત્તા છે અને આફતના પ્રસંગોએ રાજ્યનો પણ બહુ કડક અંકુશ રહેતો હોય છે. આપણે ત્યાં સાર્વજનિક સભા કરવા માટેની સ્વતંત્રતા છે, પરંતુ ૧૪૪ મી કલમ અઠવાડિયામાં ત્રણ વાર લગાડાય છે. એમ કેમ કરો છો ? તો જવાબ મળશે "લોકશાહી બચાવવા !" આમ છતાં એ બે વચ્ચે તફાવત નથી એમ ન કહી શકાય. અહીંના વડાપ્રધાનને લોકસભામાં તમે મૂર્ખ કહી શકો, પરંતુ સરમુખત્યારીમાં એમ કરવું સંભવ નથી. છતાં, અહીં પણ મૂળભૂત સ્વતંત્રતાની પણ કાપકૂપ કરવાની જોગવાઈ રખાઈ જ છે.

માર્ક્સના જમાનાના કેટલાક વિચાર અને પરિસ્થિતિને આપણે જાળવી રાખ્યાં છે. ઓગણીસમી સદીમાં જેવી હાલત હતી તેવી અમુક અંશે આજે પણ છે. આપણે માનીએ છીએ કે બે ક્ષેત્રોમાં બે વર્ગ સામસામા ઊભા છે. આર્થિક ક્ષેત્રમાં 'પ્રોલેતેરિયત' અને 'બુર્જવા' — માલિક અને મજૂર. રાજનીતિના ક્ષેત્રમાં લેફ્ટિસ્ટ અને રાઈટિસ્ટ — વામપંથી અને દક્ષિણપંથી. ૧૭૮૯માં ફ્રાન્સમાં જે રાજ્યક્રાંતિ થઈ તે વખતે આ લેફ્ટિસ્ટ અને રાઈટિસ્ટ શબ્દો

આવ્યા હતા. ત્યારના એ ચાલે છે. બન્ને વર્ગ પોતપોતાના પેંતરામાં ઊભા છે. તે વખતે પણ ઊભા હતા, અને આજ પણ ઊભા છે. ઓગણીસમી સદીમાં યુરોપમાં મનુષ્યો અને સમુદાયો વચ્ચે જે ભેદ હતા, તે વખતે એમની જે સંસ્કૃતિ હતી તે આજે આપણે આયાત કરીએ છીએ. બે જણા બે જાતની વાત કરે છે. કૃષ્ણમૂર્તિ કહે છે કે સ્મૃતિ ન રાખો. વિનોબા કહે છે, ઇતિહાસનો ભાર ન વેંઢારો. 'પ્રિલગ્રિમ્સ પ્રોગ્રેસ'ની વાર્તામાં લખ્યું છે કે માણસ સ્વર્ગ તરફ ચડવા માંડે છે તેમ તેમ તમામ સંપત્તિનો બોજ નીચે પટકતો જાય છે. ઇતિહાસ મનુષ્યોને બાંધે છે અને એમનામાં ફૂટ પડાવે છે એ વાત સાચી હોય તો પછી જે ભૂતકાલીન પરિસ્થિતિ વહી ગઈ છે તે આપણને શા માટે બાંધે? આમ ઇતિહાસનો પણ એક બોજ હોય છે. યુરોપનો એ ભાર આજે આપણે વેંઢારી રહ્યા છીએ. ખરી રીતે મૂડીવાદી રાષ્ટ્રોનું વલણ આજે સમાજવાદ તરફ છે. એ લોકો કલ્યાણવાદ તરફ આવી ગયાં છે. દવા, મકાન, કપડાં, શિક્ષણ સૌને મળવું જોઈએ. મ્યુનિસિપલ સમાજવાદ સુધી તો બધા આવી જ ગયાં છે, અને નાગરિક સમાજવાદ તરફ પણ બધાં આવી ચૂક્યાં છે. બધાનું વલણ સમાજવાદની દિશામાં છે. આમ, વલણ પણ સમાજવાદ તરફનું છે અને જે સાધનોનો ઉપયોગ કરે છે તે અને સામ્યવાદીઓ ઉપયોગ કરે છે તે બે વચ્ચે ઝાઝું અંતર નથી. માત્રાનો થોડો ભેદ છે, પણ કોઈ ગુણાત્મક અંતર હવે રહ્યું નથી, એટલે હવે બન્ને વચ્ચે...લડાઈ ચાલી રહી છે. પરંતુ આજે વીસમી સદીમાં પરિસ્થિતિઓ પહેલાં કરતાં બહુ વધારે ગતિશીલ થઈ ગઈ છે. પહેલાં જે પચાસ વર્ષમાં બની શકતું તે આજે પાંચ વર્ષમાં બને છે. માનવીય વહેવાર પર એની અસર પડે છે. પહેલાં પરિસ્થિતિ નક્કર હતી, આજે એ પ્રવાહી બની ગઈ છે. એવી હાલતમાંય, તે કાળની પરિસ્થિતિના ઝઘડા જેમના તેમ આજે આપણે આયાત કરીએ છીએ. મૂડીવાદી અને સામ્યવાદી બન્ને પ્રકારનાં રાષ્ટ્રો એક જ વાત કહે છે કે અમારે સ્વતંત્રતા અને સમાનતા જોઈએ છે, પણ બંને ચોકઠાં જુદાં જુદાં ઘડે છે. એક કહે છે કે મારા ચોકઠા પ્રમાણે થશે, બીજો કહે છે મારા ચોકઠા પ્રમાણે થશે. આ બે ચોકઠાંઓના યુદ્ધના વચ્ચે માનવી પીસાય છે. બન્ને એકબીજાના

પ્રબળ શત્રુ છે. આવા લોકોની પૃષ્ઠભૂમિમાં માનવીની આખી સંસ્કૃતિનું નિર્માણ થાય તેમ અમે નથી ઇચ્છતા.

### આસ્થાઓ અને રુચિઓમાં ફેરફાર

આજ માનવની આસ્થાઓ અને રુચિઓ ફેરવાઈ રહી છે. એ સંકટમોચન હનુમાન પાસે જઈને માગશે કે મારો બીમાર દીકરો સાજો થઈ જાય. ભાઈની પરીક્ષા હોય તો માગશે કે ભાઈ પાસ થઈ જાય. પણ હવે સ્વર્ગ પામવા માટે કોઈ મંદિરમાં નથી જતું. પહેલાં લોકોને પરલોકમાં રસ હતો, પુનર્જન્મમાં પણ રસ હતો. પહેલાં, માલિકે મજૂરને ઝાઝો સતાવ્યો હોય તો મજૂર કહેતો કે એને આવતે ભવ જોઈ લઈશ. હવે એ શું કહે છે યા કરે છે? 'ટ્રેડ યુનિયન–કામદાર સંઘ' રચે છે ને કહે છે, 'ઠીક છે, એને સીધો કરીશ.' પણ હવે આવતા ભવની વાત કરતો નથી. આમ મનુષ્ય પરલોકમાંથી ઇહલોકમાં આવી ગયો. દુનિયા આખીમાં આ વલણ ફેરવાઈ રહ્યું છે. વિદ્યાર્થીને પણ જૂની વાતોમાં શ્રદ્ધા નથી રહી. સાધારણ કારકૂનને પણ જીવનના કોઈ મૂલ્યમાં શ્રદ્ધા નથી. પહેલેનો ધર્મ પારલૌકિક હતો અને પુનર્જન્મ સાથે એને સંબંધ હતો. આજે બધાનું વલણ બદલાઈ ગયું છે. આનું કારણ વિજ્ઞાન છે. વિજ્ઞાન કહે છે કે જે વસ્તુઓ માટે પહેલાં મરીને સ્વર્ગે જવું પડતું હતું તે વસ્તુઓ આજે હવે અહીં જ મળી રહે છે.

### રાજ્યથી લોકની તરફ

આજે બીજી જે ચીજ બની રહી છે તે એ કે મનુષ્ય હવે રાજ્ય તરફથી ફરી જઈ લોક તરફ જઈ રહ્યો છે. ઉપર ઉપરથી જોતાં વાત અસંગત લાગશે. રાજ્ય અને રાષ્ટ્ર તરફથી મનુષ્ય જનતા તરફ વળી રહ્યો છે. પહેલાં એ રાજ્ય અને રાષ્ટ્રને જ સર્વેસર્વા સમજતો હતો, પણ હવે એમ નથી. આઈઝનહોવરે ઇંગ્લંડમાં કહ્યું કે આમ જનતા લડાઈ નથી ઇચ્છતી. લડાઈ તો સરકારો કરાવે છે. કોઈ પણ દેશના સામાન્ય માણસને પૂછશો તો કહેશે કે અમને લડાઈ નથી જોઈતી. એને કોઈ સાથે દુશ્મની કરવી નથી. આ છે સાધારણ માણસની મનોવૃત્તિ. હવે એ લોકાભિમુખ બની રહ્યો છે. એકબીજાને અભિમુખ થઈ રહ્યો છે. જેમનો કોઈ રાજ્ય કે રાષ્ટ્રનો આદર્શ છે અથવા જેની કોઈ વિચારની દુકાનદારી છે એવા માણસની

વાત નથી કરતો. સાધારણ મનુષ્ય જે કોઈ પદ્ધતિ કે વિચારધારાની દુકાન માંડીને બેઠો નથી તેનું વલણ બદલાઈ રહ્યું છે. જે દુકાનદારો છે તેમને વાંસના ને લોઢાના પડદા શા માટે ઊભા કરવા પડે છે? એટલા માટે કે સાધારણ માણસ રખે ને ફેરવાઈ જાય.

માઓએ કહ્યું, 'દુનિયાના આ બાગમાં ભલે સો સો ફૂલ ખીલતાં.' આથી ઉત્સાહિત થઈ કેટલાક તરુણ ચીની સાહિત્યકારોએ બીજાં મૂલ્યોની વાત કરવા માંડી. એટલે માઓએ ટોકતાં કહ્યું, "સો જાતનાં ફૂલો ખીલે એમ મેં કહ્યું હતું ખરું, પણ એ બધાં જ આપણી ક્યારીમાં ખીલે, બીજાની ક્યારીનાં એ ફૂલ પણ કાંટા છે." એવું જ રશિયામાં પણ થયું. ક્રુશ્ચેવ સત્તા પર આવતાં જ ડૉ. ઝિવાગોનો લેખક પાસ્તરનાક નીકળ્યો. ટૂંકામાં, આ વિચારોના વેપારીઓ લોઢું, વાંસ, રેશમ અને જાતજાતના પડદા ઊભા કરી રહ્યા છે. પરંતુ મનુષ્યમાં એક સાર્વદેશિક ફેર પડી રહ્યો છે. એ આખી દુનિયાને પોતાની માનવા લાગ્યો છે. એ કહે છે કે તારા દેશમાં જગ્યા છે તો પછી મને ત્યાં કેમ રહેવા દેતો નથી? તમારા દેશમાં આટઆટલું અનાજ પાકે છે તો પછી જે ભૂખ્યા છે તેમને કેમ નથી આપતા? આવું કહેવું એ એનો અધિકાર માનવા મંડ્યો છે. આ પહેલાં આવું નહોતું.

### લોકરાજ કે પોલીસરાજ?

રશિયા અને ચીનમાં 'પીપલ્સ રિપબ્લિક'— લોકોનું રાજ્ય છે. કહેવા માટે લોકોનું રાજ્ય છે, પણ ત્યાં શાસન કોણ કરે છે? શાસન તો પોલીસનું ચાલે છે. એમ કહી શકો કે ત્યાં પોલીસનું જ રાજ્ય છે. ત્યાં જે કંઈ કામ ચાલે છે તે છૂપી પોલીસ મારફતે ચાલે છે. હિટલરના જર્મનીમાં, માઓના ચીનમાં, સ્ટાલિનના રશિયા ને ટીટોના યુગોસ્લાવિયામાં સૌથી ભયાનક કોઈ સંસ્થા હોય તો તે છૂપી પોલીસની. એનો એટલે સુધી વિકાસ થયો હતો કે બેટો પણ બાપની વિરુદ્ધ માહિતી પૂરી પાડતો. કેમ એમ? વિચારવાદનો એ ઉન્માદ હતો. સામ્યવાદ આખી દુનિયામાં ફેલાવો જોઈએ એવો એક ઉન્માદ હતો. આમાં અંતર્વિરોધ છે તે એ કે રાજ્ય વાસ્તવમાં છે પોલીસનું પણ નામ ચાલે છે લોકતંત્રનું. લોકોનું જ રાજ્ય છે તો પછી આટલી બળજબરીની શી જરૂર? પ્રત્યક્ષ પોલીસ રાજ્ય છે

અને કહેવાય છે સાર્વજનિક લોક-રાજ્ય. આને લીધે થાય છે એવું કે State Socialism અને State Capitalism—રાજકીય-સમાજવાદ અને રાજકીય-મૂડીવાદ એ બે વચ્ચે ફરક નથી દેખાતો.

રાજકીય સમાજવાદનો અર્થ એ છે કે ઉત્પાદનનાં સાધન વ્યક્તિના નહીં, રાજ્યના હાથમાં હોવાં જોઈએ. એક હદ સુધી રાજ્યનું સ્વામિત્વ તો મૂડીવાદી દેશોમાં પણ છે. સમાજવાદી દેશોમાં મજૂર પહેલાં માલિકનો નોકર હતો, હવે એ રાજ્યનો નોકર થઈ ગયો. ગઈ કાલ સુધી એ કારખાનેદારનો નોકર હતો, હવે એને રાજ્યનો નોકર બનાવી દેવામાં આવ્યો. પણ રહ્યો એ નોકરનો નોકર. સત્તાનો ઉપયોગ કરવા માટે સમાજ એક યંત્ર બનાવે છે, એ રાજ્ય કહેવાય છે. આપણે સત્તાના ઉપયોગ માટે જે યંત્ર બનાવીએ તેનો ઉપયોગ આપણા હિતમાં થવો જોઈએ ન કે આપણા અહિતમાં. હેગલે કહ્યું કે "ઈહલોકમાં રાજા હોવો જોઈએ. રાજા જ ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે." આ absolute theory–એકાન્તિક રાજ્યવાદ કહેવાય છે. સંસદીય પદ્ધતિને સંસદની નિરંકુશ સત્તામાં ફેરવી નાખો તો તેમાં parliamentary absolutism—સંસદીય સર્વસત્તાવાદ આવે છે. પ્રાતિનિધિક સંસ્થા માલિક બની બેસે છે. તમારો જે પ્રતિનિધિ છે તે પ્રતિનિધિ જ રહેવો જોઈએ, માલિક બની બેસવો ન જોઈએ. પ્રતિનિધિ તમારો જમાદાર બની બેસે તે ન ચાલે. પણ આજે શું થાય છે? રાજ્ય-નિષ્ઠ સમાજવાદ અને રાજ્ય-નિષ્ઠ મૂડીવાદ વચ્ચે ઝાઝો ફરક દેખાતો નથી.

### નિયંત્રિત અર્થરચના

કહે છે કે કલ્યાણકારી રાજ્યમાં તમારા અભિક્રમ માટે, તમારા ઉદ્યોગ માટે ઘણો અવકાશ રહે છે. પણ ક્યાં? તો કહે, નિયંત્રિત અર્થરચનામાં. આ બાજુ નિયંત્રિત અર્થરચના, અને પેલી બાજુ સ્વતંત્ર અભિક્રમ. આ બહુ મોટો અંતર્વિરોધ છે. સ્વતંત્ર અભિક્રમ હોય ત્યાં નિયંત્રણ હોઈ ન શકે, અને નિયંત્રણ હોય ત્યાં સ્વતંત્ર અભિક્રમ ન હોઈ શકે. એ લોકો શું કરે છે? અભિક્રમની સ્વતંત્રતા સીમિત કરે છે. આને લઈને મૂડી રોકનારો ડરે છે. એ કહે છે કે નફો અને ઉત્પાદન પર નિયંત્રણ હોય તો સ્વતંત્રતા શી રહી?

ખાદીવાળા કહે છે કે ખાદી ચલાવવી હશે તો મિલ પર નિયંત્રણ મૂકવું પડશે. બીજી બાજુ, નિયંત્રણ હોવાથી મિલવાળો મિલ નથી ચલાવતો, મૂડીને ગભરામણ થાય છે. એટલે ત્યારે મિલવાળાને મનાવો. આ અંતર્વિરોધ છે. એક તરફ સ્વતંત્ર અભિક્રમ છે અને બીજી તરફ managerial society—વ્યવસ્થાપકીય સમાજ અને ખાનગી માલિકી છે. આ મિલ ડાલમિયાની છે. આ બીરલાની છે, આ તમારી છે. તમે મિલ માલિકને પૂછો છો કે તમારી મિલમાં અમુક વસ્તુ બનાવશો ? તો માલિક કહે છે કે એ તો મેનેજરને પૂછો, મેં તો બધા એને અધિકાર સોંપી દીધા છે. મેનેજર કહેશે, અમારા હાથમાં કશું નથી, શેર-હોલ્ડરોને પૂછો. શેરહોલ્ડરો કહેશે, અમે માલિક થોડા જ છીએ, મેનેજિંગ ડાયરેક્ટરને પૂછો. તો એક તરફ વ્યક્તિગત માલિકી છે અને બીજી તરફ વ્યવસ્થાવાદ છે.

### સામુદાયિક સોદાબાજી

સામુદાયિક સોદાબાજી એ ટ્રેડ યુનિયનિઝમ—કામદાર સંઘ છે. ઉત્પાદનની માલિકી એ જુદી વસ્તુ છે અને કામદાર સંઘવાદ જુદી વસ્તુ છે. ભાવનું નિયંત્રણ-સોદાબાજી તમારા હાથમાં રાખવા માટે તમે ટ્રેડ યુનિયન બનાવો છે. કાશીના સ્ટેશન પર કોઈ જાન ઊતરી કે રિક્ષાવાળા એક થઈ જાય છે. જેને પૂછો તે એક રૂપિયાથી ઓછામાં જવા તૈયાર નથી. છેવટે લાચાર થઈને એક રૂપિયો આપવો પડે છે. બધા રિક્ષાવાળાઓ એક થઈ ગયા ને તમારી વિરુદ્ધ સોદા માટે ભૂમિકા બનાવી લીધી. આ છે ટ્રેડ યુનિયનિઝમ. સામુદાયિક સોદાની શક્તિ વધારવી એ એક સ્થિર સ્વાર્થ બની જાય છે. આમ ટ્રેડ યુનિયન એ દબાણ અજમાવનારો સમૂહ. એને સમાજની કે રાજ્યની પડી હોતી નથી. તેથી જ સામ્યવાદી દેશોમાં હડતાલ ગેરકાયદે ઠરાવાઈ છે. ત્યાં સામુદાયિક સોદાબાજી ચાલતી નથી. નિયંત્રિત અર્થરચનામાં અને વ્યવસ્થાપકીય અર્થરચનામાં સ્વતંત્ર અભિક્રમ અને વ્યક્તિગત માલિકી એ બન્ને નિષ્પ્રાણ થઈ જાય છે બન્ને પક્ષો security—સલામતીની માગણી કરે છે.

આ વિરોધોમાંથી તમારે રસ્તો કાઢવાનો છે. રસ્તો બન્યો બનાવેલો તૈયાર હશે તો બનાવનારો જ વેરો ઉઘરાવવાનો અધિકારી બનશે. ટૂંકામાં, એકનો બનાવેલો રસ્તો બીજાને કામ નથી આવતો.

૧૨

# કારખાનાંનો સમુદાય

સમાજ-રચનાનું કોઈ તૈયાર ચિત્ર આપણે લોકો સામે રજૂ નથી કરવું. મુખ્ય સવાલ એ છે કે આપણી દિશા શું છે ? આખા વિશ્વની એક વિરાટ સામુદાયિક સંસ્થા બનાવવાની આપણી ગણતરી નથી. આખા વિશ્વને માનવ-કુટુંબ બનાવવું છે. સંસ્થામાં જે સંબંધ હોય છે તે સભ્યપદનો–સદસ્યતાનો હોય છે, કુટુંબમાં જે સંબંધ હોય છે તે આત્મીયતાનો હોય છે. સ્નેહના આધારની વાત જુદી છે. કુટુંબમાં જે સ્નેહ હોય છે તેનો આધાર રક્ત-સંબંધ યા વિવાહ સંબંધ યા યૌન સંબંધ હોય છે. કુટુંબમાં સભ્યપદનો સંબંધ નથી રહેતો. સભ્યપદમાં દરેકને કર્તવ્ય હોય છે અને દરેકને અધિકાર હોય છે. કુટુંબમાં કર્તવ્ય અને અધિકારની ભાષા નથી ચાલતી. આવી ભાષા જ્યાં આવી ત્યાં કૌટુંબિકતાનો હ્રાસ થાય છે. જ્યાં કૌટુંબિકતા અધિક હોય છે ત્યાં કર્તવ્ય અને અધિકારનો પ્રવેશ નથી થતો.

### આપણી દિશા કઈ હોવી જોઈએ ?

હવે આપણે નક્કી કરવાનું એ છે કે આપણી દિશા કઈ હોવી જોઈએ. આપણે વિશ્વકુટુંબની વાત કરીએ છીએ. વિશ્વરાજ્યની વાત કરીએ છીએ. એક રાજ્ય બનતાં પહેલાં આજે વિશ્વસંસ્થા—UNO છે તેવું આંતર્રાષ્ટ્રીય રાજ્ય બને. જો કે યુનો પૂરેપૂરી તો એ પ્રમાણે નથી બની શકી, છતાં એનો પ્રકાર એ જ છે. આ બહુ જૂની કલ્પના છે. જર્મન તત્ત્વજ્ઞાની ઇમેન્યુઅલ કેન્ટ કહેતો કે તમામ રાષ્ટ્રોએ પોતાની સત્તાઓ છોડી દેવી જોઈએ. આપણે જંગલી જાનવરોની નિંદા કરીએ છીએ. એમને પોતાની સ્વતંત્રતા રાખવી હોય છે તેથી એમનો કોઈ સમાજ નથી બનતો. કેન્ટ કહે છે જંગલી જાનવરોની તો નિંદા કરો છો, પણ આ બધાં રાષ્ટ્રો પોતપોતાની National Sovereignty—સાર્વભૌમ રાષ્ટ્રીય સત્તા જાળવવા માગે છે તે શું

ઓછું જંગલીપણું છે ? Super-national—અતિરાષ્ટ્રીય સરકાર હોવી જોઈએ. વિશ્વ-સરકારમાં રાષ્ટ્રીયતા નહીં રહે. એમાં રાષ્ટ્રોના સીમાડા ભુંસાઈ જશે.

સમાજવાદ અને સામ્યવાદમાં રાષ્ટ્રીય સીમાઓને સ્થાન નથી. એમના કહેવા પ્રમાણે એમનો સમાજ બનશે ત્યારે આટલી ચીજો નહીં રહે : વ્યક્તિગત માલિકી, રાષ્ટ્રોની સીમા અને યુદ્ધ. એમનું સૂત્ર છે, "દુનિયાભરના મજૂરો એક થાઓ !" રાષ્ટ્રોની સીમાઓ નહીં રહે, અને સત્તા ઉત્પાદકોના હાથમાં હશે ત્યારે રાજસત્તા સૂકા પાંદડાની જેમ ખરી પડશે. એ લોકો એમ પણ કહે છે કે આ બધું અમારા કહેવાથી નહીં થાય, પરિસ્થિતિ જ એવી પેદા થશે. શોષણ નહીં રહે, વ્યક્તિગત સંપત્તિ, વ્યક્તિગત માલિકી નહીં રહે. શોષણ નહીં રહે એટલે અલગ અલગ રાજ્યોની આવશ્યકતા નહીં રહે. અને તેથી રાષ્ટ્રીય સીમાઓ પણ નહીં રહે.

### વિશ્વ સરકાર

વિશ્વ-સરકાર એટલે શું ? શું એવું રાજ્ય બનશે જે આખું દુનિયાનું રાજ્ય હશે ? અને બાકીનાં રાષ્ટ્રો નહીં રહે ? વિનોબા કહે છે કે એક છેડે ગામડું હશે અને બીજે છેડે જગત. આખા જગતનો અર્થ છે માનવતા; વિશ્વનો નાગરિક નહીં, વિશ્વનો માનવ.

નાગરિક અને માનવ વચ્ચે ભેદ છે. નાગરિક સમાજનો સભ્ય છે. અગાઉ ઇંગ્લંડ અમેરિકામાં સ્રી નાગરિક નહોતી અને આજે સ્વિટ્ઝરલેંડ અને યુગોસ્લાવિયામાં સ્રી નાગરિક નથી. તો શું સ્રી મનુષ્ય પણ નથી ? મનુષ્ય તો છે; પરંતુ સ્વિટ્ઝરલેંડ કે જ્યાંની લોકશાહી સૌથી સારી ગણાય છે ત્યાં તથા યુગોસ્લાવિયામાં સ્રી આજે પણ નાગરિક નથી. એને મતદાનનો અધિકાર નથી. આ વાત એટલા માટે સમજવી જરૂરી છે કે આજકાલ એક એવી વાત ચાલી છે કે વ્યક્તિને મતાધિકાર ન હોય, કુટુંબને મતાધિકાર હોવો જોઈએ. પશ્ચિમમાં જે લોકો ત્યાંની લોકશાહીમાં સુધારો કરવા માગે છે તે લોકો પણ આવી વાત કહે છે.

### નાગરિકતા અને મનુષ્યતા

આમ નાગરિકતા અને મનુષ્યતા એક નથી. મનુષ્યની તમામ ભૂમિકાઓ કરતાં એની ઇન્સાનિયત મોટી છે, વ્યાપક છે. વેદમાં

પુરુષસૂક્તમાં એક વાક્ય આવે છે. एतावान् अस्य महिमा। વિરાટ પુરુષનું વર્ણન છે. એમાં કહ્યું છે કે આ પુરુષનો આટલો મહિમા છે, પરંતુ કહ્યું છે, अतः ज्यायान् च पुरुषः –મહિમાથી પુરુષ મોટો છે. હું મારા ભાઈનો ભાઈ છું, પત્નીનો પતિ છું, બેટાનો બાપ છું—આ બધા મારા સંબંધો છે. પરંતુ આ બધાથી મારી માનવતા વ્યાપક છે. મનુષ્યની અનેક હેસિયતો હશે, પરંતુ માનવતા એ બધીથી મોટી છે. માનવતા હેસિયતોને પાર કરે છે, એને વીંધીને પાર નીકળે છે. આપણી ઔપાધિક ભૂમિકાઓમાં એક છે સદસ્યતા–સભ્યપદ અને બીજી છે નાગરિકતા. સભ્યપદ સંસ્થા-આશ્રિત છે, નાગરિકતા રાષ્ટ્રીયતા પર નિર્ભર છે.

### નાગરિકતાનો સોગંદ-વિધિ

આ કારણને લીધે નાગરિકતાનો સોગંદ-વિધિ હોય છે. પ્રાચીન યૂનાનમાં નાગરિકતાનો સોગંદ-વિધિ થતો. પ્રતિજ્ઞા લીધા વિના નાગરિકતા પ્રાપ્ત નહોતી થતી. એમના સોગંદ ઘણા મજેના હતા: 'મારા શહેરને નીચું જોવું પડે એવું કાયરતાનું, બેઈમાનીનું કોઈ કામ હું નહીં કરું. આપણા શહેરના આદર્શો માટે અને પવિત્ર સ્થાનો માટે જરૂર પડ્યે એકલે હાથે અથવા બીજા નાગરિકો સાથે મળીને હું લડીશ. શહેરના કાયદાઓની અદબ જાળવીશ અને એમનું પાલન કરીશ." ( કાયદા-ભંગ માટે આ બહુ જરૂરી શરત છે. જેમના મનમાં કાયદા માટે આદર ન હોય તેમનો કાયદા-ભંગ એ સવિનય ભંગ નથી. આપણા સત્યાગ્રહોમાં કેટલાક અન્યાયી કાયદાઓનો ભંગ થતો હતો, પરંતુ કાયદા માટે આદર હતો. ) "નાગરિક કર્તવ્યોની ભાવના નાગરિકોના મનમાં પેદા કરીશ, એને માટે લગાતાર કોશિશ કરતો રહીશ. હું પ્રાર્થના કરું છું કે મારું શહેર અધિક શ્રેષ્ઠ, મહત્ત્વપૂર્ણ અને માંગલ્યમય બનો. મારા નગરની નાગરિકતાનાં કર્તવ્યોમાં હું પૂરો ભાગ લઈશ." આવી યૂનાની નાગરિકની પ્રતિજ્ઞા હતી.

આવી નાગરિકતાની પ્રાપ્તિને naturalisation કહે છે. એનો અર્થ છે એવી ઉમ્મર જ્યારે નાગરિકતા પ્રાપ્ત થાય છે. એને નાગરિકતા મળી નહોતી ત્યારે પણ એ મનુષ્ય તો હતો જ. સાર એ કે નાગરિકતા એ એક ઔપાધિક ભૂમિકાની વસ્તુ છે.

આમ તો નાગરિકતા, સભ્યપદ અને માનવતા એ ત્રણે અલગ અલગ બાબત છે. આમાં સૌથી વ્યાપક માનવતા છે. વિશ્વ-નાગરિકતાનો અર્થ શું છે? આખી દુનિયાનું રાજ્ય બનશે ત્યારે તેમાં મારો મતદાનનો અધિકાર—પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ હશે.

### આંતર્રાષ્ટ્રીય રાજ્ય

બીજો એક પર્યાય છે, આંતર્રાષ્ટ્રીય રાજ્ય. એમાં સહ-અવસ્થાન (co-existence)ની વાત આવે છે. એક તરફ રશિયાની જીવન-પદ્ધતિ છે, બીજી તરફ અમેરિકાની જીવન-પદ્ધતિ છે. બન્નેનું સહ-અવસ્થાન થશે. એક જ દુનિયામાં બન્ને પદ્ધતિઓ ચાલશે. એ માટે આંતર્રાષ્ટ્રીય સંસ્થાએ વ્યવસ્થા કરવી પડશે. આંતર્રાષ્ટ્રીય રાજ્ય એ આ બધાં રાજ્યોનું અધિરાજ્ય હશે. એમાં સીમાઓ નહીં હોય. આ લોઢા ને વાંસના પડદા કેટલા દિવસ ચલાવવા છે? એનાથી સહ-અવસ્થાન નહીં થાય. સહ-અવસ્થાન માટે સંપર્ક જરૂરી છે. આજે તો સૌના હવાબંધ ઓરડાઓ છે, અને એક ઓરડામાંથી બીજામાં જવાનો રસ્તો નથી. દરેક પોતાનો ઓરડો બંધ કરી શકે છે. પરસ્પર-સંપર્ક માટેની આ અનુકૂળ વ્યવસ્થા ન કહેવાય. આમ આંતર્રાષ્ટ્રીય નાગરિકતા ન બની શકે. લોઢા ને વાંસના પડદા હટી જશે ને બધા કિલ્લાઓના ફાટક ખૂલી જશે ત્યારે આંતર્રાષ્ટ્રીયતાની ભાવના પેદા થશે.

### સમુદાય અને પરિવાર

સમુદાય અને કુટુંબ વચ્ચે એક ફરક છે. Collective—સામુદાયિકનો અર્થ છે એક વિશેષ કામ માટે માણસ ભેગા થાય તે. કુટુંબમાં વિશેષ કામ માટે ભેગા નથી થતા. આમ છતાં ત્યાં સામૂહિક ખેતી, સામૂહિક ઉપભોગ અને સામૂહિક વેચાણ પણ થાય છે.

એક છોકરો કહે છે, "ઘરબાર છોડી સંન્યાસી થઈ જવું છે." બાપ નારાજ થઈ કહે છે, "આજથી હું તારો બાપ નહીં ને તું મારો દીકરો નહીં." છોકરો કહે છે, "તમે આ શું કહો છો, હું પુત્રત્વનું રાજીનામું આપું છું." લોક સાંભળીને હસે છે—પુત્રત્વનું રાજીનામું તે ક્યાંય સાંભળ્યું છે? સભ્યપદનો સ્વીકાર ને ત્યાગ બન્ને થઈ શકે, કારણ કે એ ઐચ્છિક છે. મનુષ્ય પોતે વિશિષ્ટ પ્રયોજન માટે સમુદાય બનાવે છે. પ્રયોજન પૂરું થયું ને સમુદાય પણ સમાપ્ત.

કુટુંબ પ્રયોજનમૂલક છતાં સ્નેહ-પ્રધાન સંસ્થા છે. કુટુંબમાં જેટલી વિવશતા છે તે કાઢી નાખવી છે. એમાં કઈ વિવશતા છે? એ જ કે કોઈ રાજીનામું આપી શકતું નથી. દીકરો કહે છે, "શું થાય? તમારી કૂખે જન્મ્યો છું?" બાપ કહે છે, "ભગવાને અમારી મરજી શું છે તે પૂછ્યું હોત તો તારા જેવો દીકરો ન માગત." આમ બંને એકબીજાને દૂણે છે. આ છે વિવશતા. કુટુંબની આ વિવશતા કાઢી નાખવી છે. પછી જે કુટુંબ બનશે તેને આપણે વિશ્વ-કુટુંબ કહીશું. વિશ્વ-કુટુંબ ઐચ્છિક છે. ઐચ્છિકમાં એક શક્તિ પણ હોય છે. તેવી રીતે જે સમુદાય સ્વયં-પ્રેરણાથી બને છે તેમાં પણ એક શક્તિ હોય છે — સ્વેચ્છા અને સ્વયં-પ્રેરણાની.

મારે એક મિત્ર છે અને એક ભાઈ છે. બેમાંથી ગાઢ સંબંધ મારે મિત્ર સાથે છે. ભાઈનો તો હું વિરોધ કરતો હોઉં છું, પણ મિત્ર માટે જરૂર પડે તો ઘર પણ વેચી દઉં. આમ ભાઈ અને મિત્ર વચ્ચે તફાવત છે. મિત્ર સાથેનો મારો સંબંધ ઐચ્છિક છે અને ભાઈ સાથેનો પ્રાકૃતિક.

### સ્વેચ્છા અને સ્નેહનો આધાર

કુટુંબમાં પ્રાકૃતિક સંબંધ છે, રક્ત સંબંધ છે અને વિવાહનો સંબંધ છે. એનાથી આપણે ઉપર ઊઠવું છે. વિશ્વ-કુટુંબમાં જન્મ અને વિવાહના આધારે સંબંધ નહીં હોય. એ નહીં હોય તો એ સામુદાયિક કુટુંબ બની જશે. વૈશ્વિક કુટુંબ ઐચ્છિક રીતે, આપણી ઇચ્છાથી બન્યું હોવું જોઈએ. સભ્યપદનો ગુણ છે—સ્વેચ્છા. કૌટુંબિકતાનો ગુણ છે સ્નેહ. આપણે સ્વેચ્છા અને સ્નેહ એ બન્નેના આધાર પર વિશ્વ-કુટુંબ બનાવવા માગીએ છીએ. એના રસ્તામાં આડે જે રુકાવટો હોય તે દૂર કરવી છે. આ રુકાવટો ન હોય તો મનુષ્ય સ્વભાવથી એકબીજાને મળવા ઇચ્છે છે.

એક માણસ ઘસડાઈને દરિયામાં એક ખડક પર પહોંચી ગયો. ત્રણ દિવસ સુધી એ ત્યાં રહ્યો. એના મનમાં શું આકાંક્ષા હશે? કોઈ માણસ આવી ચડે. માણસ જ્યાં એકલો પડી ગયો હોય ત્યાં સ્વાભાવિક જ એને ઇચ્છા થવાની કે બીજો કોઈ મનુષ્ય ત્યાં પહોંચે. મનુષ્યની મનુષ્ય સાથે સંબંધ સ્થાપિત કરવાની આ પ્રેરણા સ્વાભાવિક છે. એને માટે વિશેષ પ્રેરણાની જરૂર નથી. આટલી વાત

ધ્યાનમાં આવી જાય તો પછી કોઈ ને કોઈ પદ્ધતિનો આગ્રહ નહીં રહે.

### પ્રતીક્ષા-પ્રધાન પુરુષ

ડિકન્સની એક નવલકથા છે—'ડેવિડ કોપરફીલ્ડ.' એમાં મિકોબર નામનો એક માણસ છે. એ હમેશાં ખર્ચ કરતો રહે છે, અને કહે છે કે ભગવાન ચમત્કાર કરશે, કંઈક એવું બનશે કે મને પૈસા મળી જશે. મોટે ભાગે સમાજમાં સામાન્ય લોકો એવી આશામાં રહેતા હોય છે કે ભગવાન કોઈ ને ને કોઈ ને મોકલશે. વસ્તી ખૂબ વધી પડી છે, તો કહેશે કે વિશ્વયુદ્ધ થશે એટલે વસ્તી એની મેળે ઘટી જશે. એટલે કે એને પોતાને કશું નથી કરવું. એ ખાલી રાહ જુએ છે.

આમ માણસ દરેક વાતમાં બીજાનો આધાર શોધતો હોય છે. આ મનોવૃત્તિ એને બીજા સાથે સંબંધ બાંધવા દેતી નથી. આ બીજાની રાહ જોયા કરવાની વૃત્તિ એક કુસંસ્કાર છે. આ વૃત્તિને કારણે મનુષ્યતાનું આ પ્રકારનું એક વિચિત્ર સંસ્કરણ થઈ ગયું છે. મજૂર સામ્યવાદીના મોઢા સામું શા માટે તાકી રહે છે? એટલા માટે કે એ ઉદ્ધાર કરશે. ભગવાનનો એ નવો અવતાર એમનો ઉદ્ધાર કરી નાખશે એવી એમને આશા છે.

દુકાનદાર પ્રતીક્ષા કરતો બેઠો છે કે કોઈ ઘરાક આવશે, વકીલ પ્રતીક્ષામાં છે કે કોઈ અસીલ મળશે, અને ભિખારી પ્રતીક્ષા કરે છે કે કોઈ દાતા અહીંથી નીકળશે. આમ અનેક લોકો પ્રતીક્ષા કરે છે. પુસ્તકોની જેમ આજકાલ દરેક પરિસ્થિતિમાં મનુષ્યોનું એક વિશેષ સંસ્કરણ નીકળે છે. એ બધાનો એક એવો સમુદાય બને છે જે બસ રાહ જોયા કરે છે. વેપારમાં એ લોકો સટોડિયા બનશે. હવે સટ્ટાનું એવું છે કે એમાં પુરુષાર્થનું નથી ચાલતું. એટલે એ લોકો જ્યોતિષીની શોધમાં નીકળી પડશે. માણસ ટાળી ન શકે એવો ભય આવે ત્યારે માણસ સટ્ટો કરે છે, ને જુગાર રમે છે. આ જુગાર પ્રતીક્ષા-પ્રધાન વૃત્તિમાંથી આવે છે, એમાંથી જ મનુષ્યનું શોષકના રૂપમાં સંસ્કરણ થાય છે. એ બીજાની મુસીબતમાંથી લાભ ઉઠાવે છે. બીજો ક્યારે આફતમાં આવી પડે તેની એ રાહ જોતો રહે છે.

કાલે શું થવાનું છે તે તમે નથી જાણતા. તમારો પોતાનો કોઈ

સંકલ્પ નથી. તમે જ્યોતિષી પાસે પૂછવા જાવ છો. એ કહે છે કે કાલે તમે ખૂબ કમાઈ પડવાના છો. માટે આજે પહેલાં એક રૂપિયો દક્ષિણા આપતા જાવ. કાલે કમાણી ન થઈ તો રૂપિયો પાછો, ને થઈ તો બીજો એક રૂપિયો પહોંચાડી જજો. આમ એ ક્યારેક તો બીજાની મૂર્ખતાનો, તો ક્યારેક વિશ્વાસપરાયણતાનો, ક્યારેક ભોળપણનો તો ક્યારેક મુસીબતનો લાભ લે છે. આવા શોષણખોર માણસો ચાલબાજ હોય છે. બીજાઓની મુસીબતનો લાભ ઉઠાવતા હોય છે તેથી હમેશાં એમના મનમાં અંદેશો રહે છે કે કાલે શું થશે? આમ એમનામાં મળ્યું તેટલું ભેગું કરવાની—સંઘરાખોરીની વૃત્તિ પેદા થાય છે.

## પ્રચંડતાનું આકર્ષણ

આજકાલ મનુષ્યને પ્રચંડતાનો મોહ થયો છે. કોઈ પણ પ્રચંડ આકાર જોતાં જ અભિભૂત થઈ જાય છે. વિશાળ કારખાનું જોયું તો કહેશે, અરે બાપરે, આવું તો ક્યારેય નહોતું જોયું. પચાસ માળનું મકાન જોયું તો ચકિત થઈ ગયો. આને વિરાટ આકારની પૂજા કહે છે.

આજે માણસને દરેક વસ્તુમાં પ્રચંડતા જોઈએ છે. નાનું મનમાં વસતું નથી. પરંતુ કોઈ વસ્તુ જ્યારે વિકરાળ આકાર ધારણ કરે છે ત્યારે એ રાક્ષસી બની જાય છે. પુરાણોમાં કહ્યું છે કે રાક્ષસોનો આકાર અજસ્ર હોય છે. મનુષ્યને નાની વસ્તુનું પણ આકર્ષણ તો હોય છે જ. એની પ્રકૃતિમાં બન્ને વસ્તુ પડી છે. પરંતુ આજે રચનાની બાબતમાં એ સૂક્ષ્મ તરફ નથી જઈ રહ્યો; હા, વિજ્ઞાન સૂક્ષ્મ તરફ ધપી રહ્યું છે. પરંતુ માનવ તો રચનામાં અજસ્રતા તરફ જ વધી રહ્યો છે. એને જે આ અજસ્રતાનું આકર્ષણ છે તેથી એની રચનામાં વિશાળ સામૂહિક સંસ્થાઓનું નિર્માણ થતું ચાલ્યું છે. આવી જ બીજી વિશાળ રચના છે કારખાનાંઓની.

કારખાનાંમાં મનુષ્ય શું છે? કારખાનાંમાં મનુષ્ય એક function—વિશિષ્ટ ક્રિયા છે. એટલે કે એનો જે વ્યવસાય છે એ જ એ મનુષ્ય છે. એનું એ જ રૂપ છે. Function — ફંક્શન એટલે વિશિષ્ટ ક્રિયા. એ કરનારને બીજા કોઈ ગુણની જરૂર નથી રહેતી. જે કામ સોંપવામાં આવ્યું તે જ કરવાનું, બીજું આમતેમ જોવા કરવાનું જ

નહીં. પરિણામ એ આવે છે કે આવા માણસમાં માનવીય ગુણો માટે કોઈ દૃષ્ટિ નથી રહેતી.

આપણે જે ગ્રામ-રચના ઇચ્છીએ છીએ તેમાં ફંકશન પ્રધાન હશે કે નહીં તે તમારે વિચારવાનું છે. પછી એ પણ વિચારવાનું છે કે ગ્રામ-પંચાયતમાં માણસ પોતાના કામને હિસાબે બેસશે કે મનુષ્ય તરીકે? એમાં વ્યવસાયાત્મક પ્રતિનિધિત્વ હશે કે માનવીય પ્રતિનિધિત્વ? ફંકશન (વિશિષ્ટ ક્રિયા)માં એક હદ સુધી જ પ્રતિનિધિત્વ થઈ શકે છે. એ કેવળ કારખાનાંમાં જ કામ કરશે તો મનુષ્ય તરીકે એનું વ્યક્તિત્વ લોપ પામી જશે. એ પોતાના વ્યવસાયમાં જ વિલીન થઈ જશે. આમ મનુષ્યનું એક વ્યાવસાયિક સંસ્કરણ બનતું હોય છે.

### કારખાનાંનો જન્મ

મનુષ્યનું એક સંસ્કરણ પ્રતીક્ષાનું થયું. બીજું અપહરણ, સંગ્રહ અને શોષણનું થયું. આ બેમાંથી કારખાનું આવે છે. અમને કામ દેનાર કોઈ માઈનો લાલ આવશે, અમારી મહેનત ખરીદનાર કોઈ સમર્થ પુરુષ આવશે — આવી પ્રતીક્ષામાં બેઠેલાઓને એક જગ્યા પર કામ આપનાર નીકળી આવે છે એટલે ત્યાં કારખાનું ઊભું થઈ જાય છે. આમાંથી વ્યવસાયવાદ આવે છે. મારકેટ (બજાર), પાર્ટી (પક્ષ) અને સ્ટેટ (રાજ્ય)ના સમુદાયો વિષે આપણે આગળ ઉપર વિચારીશું.

●

૧૩

## બજારનો સમુદાય

મૂડીવાદી સમાજમાં 'બજાર' એ સૌથી પ્રભાવશાળી સંસ્થા છે. જીવનનાં તમામ અંગો પર એનો સૌથી વધુ પ્રભાવ પડે છે. મનુષ્યના દૈનિક વહેવાર પર, એની મનોવૃત્તિ પર દરેક ઠેકાણે બજારનો બહુ મોટો પ્રભાવ પડે છે. પરિણામે આપણાં જીવનનાં તમામ ક્ષેત્રોની ઠેઠ અંદર સુધી એ ઘૂસી ગયું છે. જીવનનું એકેય ક્ષેત્ર એવું નથી બચ્યું કે જેના પર બજારનો પ્રભાવ નહીં હોય. અર્થશાસ્ત્રના બે શબ્દ છે. એક છે 'વિક્રય' (વેચાણ) અને બીજો છે 'વિનિમય' (સાટું). આ બે શબ્દોનું ઘણું મહત્ત્વ છે. ચીજને સાટે ચીજ મળે એ સોદાનું એક સ્વરૂપ છે. એને આપણે વિનિમય—barter કહીએ છીએ. કિંમત લઈને ચીજનો સોદો કરવો એને વિક્રય કહે છે. ટૂંકમાં, વસ્તુનો વિનિમય થાય કે વિક્રય થાય, એ બજાર થયું.

આજે બે વસ્તુ ગૌણ થઈ ગઈ છે—એક કામ ને બીજી વસ્તુની ઉપયોગિતા. બજારના પ્રભાવનું સૌથી મુખ્ય સ્વરૂપ એ છે કે આપણા જીવનમાંથી કામ અને શ્રમનું મહત્ત્વ ઘટી જાય છે. પછી સમાજોપયોગી કામ કરવાની જરૂરત જણાતી નથી. બજારમાં જેની ખપત હોય તે જ કરવું જોઈએ એમ લોક વિચારવા માંડે છે. આમ માણસનું વલણ જ બદલાઈ જાય છે. એ વિચારવા માંડે છે કે એવું કામ કરવું જેની માગણી હોય.

### બજારમાં વેચાણનું શાસ્ત્ર

આમ બજારમાં વેચાણનું શાસ્ત્ર આવે છે. ધારો કે બજારનો કોઈ વેદ છે તો તે 'વિક્રય-કલા-વેદ' જ હશે. જે વસ્તુનું વેચાણ થઈ શકે તેનું જ મહત્ત્વ છે. બધે જ બજાર મનુષ્યના વલણને બદલી નાખે છે.

વિક્રય અને વિનિમયનું દર્શન—તત્ત્વજ્ઞાન એ બજારની મુખ્ય ચીજ છે. આ વૃત્તિને લીધે મનુષ્યનું એક બજારુ સંસ્કરણ, એક

પણ્ય-સંસ્કરણ પેદા થાય છે. તમે બજારમાં નીકળ્યા છો. હવે બજારનો તમારી મનોવૃત્તિ પર કેવો પ્રભાવ પડે છે તેનો વિચાર કરો. ધારો કે શહેરનો કોઈ માણસ ખરીદી કરવા ગયો છે. દુકાનદાર એની સામે એક એકથી ચઢિયાતી ચીજ ખડકતો ચાલ્યો જાય છે. પેલાને સસ્તી વસ્તુ ખરીદતાં સંકોચ થાય છે. એને થાય છે, હું સસ્તી વસ્તુ લઈશ તો આ દુકાનદાર મારે માટે કેવું ધારશે, સસ્તી વસ્તુ ખરીદવી એ આપણા વટની વિરુદ્ધ છે. એણે બે ચાર વસ્તુઓ દેખાડી નાખી, એટલે હવે ન ખરીદવામાં પણ સંકોચ થાય છે. પાંચ-દસ વસ્તુઓ જોઈ એટલે પછી ન જોઈતી એકાદ ચીજ એ ખરીદી બેસે છે. પછી ઘેરે આવીને વિમાસણમાં પડે છે કે મને આ શું થઈ ગયું? આને salesmanship—વિક્રય-કળા કહે છે. હવે તો વિક્રય-કળા અને વિજ્ઞાપન ( જાહેરખબર ) કળા આપણા જીવનની કળા બનતી જઈ રહી છે. એવી સ્થિતિમાં તમે મનુષ્યના બજાર-ભાવનો વિચાર કરવા માંડો છો. પછી દરેક માણસને બજારમાં શું મળી શકે, એનો બજાર-ભાવ કેટલો એ રીતે તમે માણસને મૂલવવા માંડો છો.

### દરેક ચીજનું પૈસામાં મૂલ્ય

વિચારવાની વાત એ છે કે શું ગુણની કોઈ કિંમત હોઈ શકે ખરી? એ તો અમૂલ્ય છે ને! સુખદુઃખની કોઈ કિંમત હોય છે? મનુષ્યની બુદ્ધિની કોઈ કિંમત હોય છે? ખરું પુછાવો તો, મનુષ્યનો પરિશ્રમ, મનુષ્યની બુદ્ધિ, મનુષ્યની કળા, મનુષ્યનો ગુણ—આમાંથી કોઈની પણ કશી કિંમત હોઈ ન શકે. તો પછી એની શી કિંમત? એક મનુષ્યના ગુણનો બીજા મનુષ્યના મન પર જે પ્રભાવ પડે છે તે જ એની કિંમત છે. એક મનુષ્યની બુદ્ધિનો આખા સમાજ પર જે પ્રભાવ પડે છે તે જ એની કિંમત છે. પરંતુ આપણને તો દરેક વસ્તુની કિંમત પૈસામાં આંકવાની ટેવ પડી છે.

વિશ્વનાથજીનું મંદિર જુઓ. એનો ઘુમ્મટ સોને મઢ્યો છે, હવે મંદિરનો ઘુમ્મટ સોને મઢ્યો હોય એ શું કોઈ પવિત્રતાનું લક્ષણ છે? નહીં તો પછી એ શેનું લક્ષણ છે? એને કોઈએ પણ પવિત્રતાનું લક્ષણ તો નથી માન્યું, છતાં જોઈને દંગ થઈ જાય છે! વળી હીરા મોતીની કોતરણી–ભરતકામ હોય તો ઓર પણ દંગ થઈ જશે: “વાહ ભાઈ વાહ, શું મંદિર છે! હીરા-મોતી ભરેલી કોતરણી

છે !" સોનું ધાતુ તરીકે સારી વસ્તુ છે એ વાત ધ્યાનમાં નથી આવતી. મનમાં તો એટલું જ આવે છે કે આ મંદિર તો કરોડો રૂપિયાનું છે. આમ આપણે મનમાં ને મનમાં રૂપિયા આના પાઈમાં એની મૂલવણી કરવા મંડીએ છીએ. આપણું મૂલ્યાંકન દ્રવ્યમાં થાય છે. બજારને કારણે આદત પડી ગઈ—દરેક વસ્તુની સુવર્ણ-તુલા કરવાની. એક પલડામાં આગાખાન અને બીજા પલડામાં સોનું. એક પલડામાં જવાહરલાલ અને બીજા પલડામાં સુવર્ણ મહોર. ભગવાનનું મૂલ્યાંકન કરવું હશે તો પણ સોનામાં જ થવાનું. આ મૂર્તિ તો સોનાની છે, આ મૂર્તિ ચાંદીની છે, આ મૂર્તિ નીલમની છે. નીલમ પોતે સારી વસ્તુ છે, પણ બતાવનારો વસ્તુના ગુણને લીધે નથી બતાવતો, એ તો એની રૂપિયામાં જે કિંમત છે તેને કારણે બતાવે છે.

### કુટુંબમાં બજારનો પ્રવેશ નથી

કેવળ એક ક્ષેત્રમાં બજારનો પ્રવેશ નથી થયો, તે છે કુટુંબ. કુટુંબમાં બજારનો પ્રવેશ મંદિર કરતાં પણ ઓછો છે. એ કેવી રીતે? કૌટુંબિક કામનાં દામ નથી હોતાં, આપણે વિશ્વ-કુટુંબની સ્થાપના કરવા માગીએ છીએ. દરેક નાનું કુટુંબ એક વિશ્વ-કુટુંબ બની શકે. જે કુટુંબમાં રક્ત અને વિવાહનો આધાર નહીં હોય, સ્નેહનો આધાર હોય તે કુટુંબ વિશ્વ-કુટુંબ. આને કેટલાક Human Community—મનુષ્યનો વસવાટ કહે છે. આપણે એથી આગળ જઈએ છીએ, એને કૉમ્યુનિટીને બદલે કુટુંબ યા પરિવાર કહીએ છીએ. કુટુંબમાં કામ થાય છે તેનાં દામ નથી હોતાં. એનો અર્થ એ નથી કે ત્યાં દરજ્જાઓ નથી. આ કામ ઊતરતા દરજ્જાનું છે, આ ઊંચા દરજ્જાનું છે એવા ભેદ કુટુંબમાં પણ હોય છે. છતાં એક વાત બધાને લાગુ પડે છે, તે એ કે કુટુંબમાં જે કંઈ કામ થાય છે તેનાં દામ નથી હોતાં.

કુટુંબની બહાર પુરુષ કામ કરે છે તેનાં દામ હોય છે. પુરુષ ૧૧ થી ૫ કે ૮ થી ૧૨ અને ૨ થી ૫ કોઈ મિલમાં કે દુકાનમાં કે સડક પર કામ કરે છે. એનાં દામ હોય છે, પણ ઘેરે આવીને કુટુંબનું જે કંઈ કામ કરે છે તેનાં દામ નથી હોતાં. આમ આ એક એવું ક્ષેત્ર છે જ્યાં બજારનો પ્રવેશ બહુ ઓછો થવા પામ્યો છે; છતાં એમાં બજારનો પ્રભાવ છે તો ખરો જ.

કુટુંબમાં બજારનો પ્રભાવ એ છે કે જે વ્યક્તિ બહાર કામ કરે છે તે ‘કમાનારો’ કહેવાય છે. ઘરમાં કામ કરનાર ‘કમાનાર’ નથી કહેવાતો. ઘરમાં કમાનારનું મહત્ત્વ હોય છે. મા કમાય છે તો એનું મહત્ત્વ છે, પિતા કમાય છે તો એનું મહત્ત્વ છે, અને પત્ની કમાય છે તો એનું મહત્ત્વ છે. મા વકીલ, ડૉકટર યા કૉલેજમાં કામ કરનારી હશે અને જવાનો વખત થઈ ગયો હશે તો કહેશે, “ક્યાં સુધી આ ઘરના કામમાં ગૂંચવાઈશ? મારે તો કામ પર જવાનું મોડું થઈ રહ્યું છે.”

## વ્યક્તિત્વ પર કિંમતની કાપલી

એનો અર્થ એ થયો કે તમારા વ્યક્તિત્વ પર બજારની કિંમતની કાપલી લાગી ગઈ છે. તત્ત્વજ્ઞાનીઓએ પહેલાં કહ્યું હતું: I am what I feel—હું જે કંઈ વિચારું છું, મને જે કંઈ લાગણી થાય છે તે હું છું. मननात मनुष्यः। ત્યાર બાદ બીજા આવ્યા. એમણે કહ્યું: I am what I do—મારું કામ મારી ઓળખ છે. વિચારું છું તે હું નથી, મારું જે આચરણ છે તે હું છું. ત્યાર બાદ ત્રીજું પરિવર્તન આવ્યું: I am what I possess—મારી પાસે જે કાંઈ છે તે હું છું. મારી પાસે આલેશાન બંગલો છે, અપટુડેટ મોટર ગાડી છે, શોફર છે, રેડિયો છે, ટાઈપરાઈટર છે—મારી પાસે જે સંગ્રહ છે તે હું છું. પહેલું હતું તે મનુષ્યનું દાર્શનિક–તાત્ત્વિક સંસ્કરણ હતું, બીજું નૈતિક સંસ્કરણ હતું અને ત્રીજું મૂડીવાદી સંસ્કરણ છે. सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते—જેની પાસે જેટલું સોનું એટલો એ ગુણવાન! છેક ગરીબ મજૂરો વચ્ચે પણ ઝઘડો થાય છે તો એકબીજાને સંભળાવે છે — “તારા જેવા નાગા ભિખારી નથી, અમે પણ કંઈક રાખીએ છીએ.” તો આ જે ‘રાખીએ છીએ’—what I possess—એના પરથી તમારી પરીક્ષા થાય છે. પણ બજારમાં આ ત્રણે નથી હોતાં. બજાર પ્રવેશ્યું કે ત્રણેમાં ફેર પડી જાય છે.

## વિક્રયકલા અને વિજ્ઞાપન

બજારમાં શું છે? I am what you want me to be—તમારે જે ને જેવું જોઈએ છે તે હું છું. આમ થવાનું કારણ એ છે કે એમાં ગ્રાહકની મરજી ઉપર આધાર રાખે છે, વિક્રેતા ગ્રાહકને

સંમોહિત કરવા પ્રયત્ન કરે છે. વિક્રય-કલા અને વિજ્ઞાપનબાજીથી એ ગ્રાહકને મોહિત તો કરી જ નાખશે. ગ્રાહકને કહેશે, અમે તો ગરીબ લોકો છીએ. તમારા જેવા મહેરબાનો આવે છે તેથી તો અમારી આ દુકાનદારી ચાલે છે, નહીં તો શી રીતે ચાલે? સ્ટેશન પરનો મજૂર કહેશે, "તમે તો રાજા લોક છો, તમારે ભરોસે અમારું જીવન ચાલે છે." આ વિક્રય-કલા અને વિજ્ઞાપનબાજીથી દુકાનદાર તમને સંમોહિત કરે છે. આમ છતાં બજારમાં મુખ્ય બાબત છે—વસ્તુની માંગ. બજારમાં તમારી માગણી નહીં હોય તો તમારા ગુણ, ચારિત્ર્ય, કળા અને પ્રતિભા બધું જ વ્યર્થ છે.

બજાર મનુષ્યના ગુણને કેવો બદલી નાખે છે? દરેક વસ્તુ પર કિંમતની કાપલી લાગી જાય છે. એક જ જાતની ચા પેક કરીને મૂકી છે, પણ ડબ્બા એક એકથી ચઢિયાતા રૂપ રંગના છે. તમે પૂછો છો કે આ ચા શું ભાવ આપી? તો કહેશે, "બે રૂપિયા." "અને આ?" "પાંચ રૂપિયા." પાંચ રૂપિયા સાંભળી તમને થાય છે કે આના પર મોટી કિંમતની કાપલી છે. બજારમાં જે વસ્તુની જેટલી વધારે કિંમત તેટલી એ વસ્તુ વધારે સારી—આ એક બીજો ભ્રમ છે. સારામાં સારી વસ્તુ કોઈ સસ્તે વેચતો હોય તો તમને શંકા પડશે. ચાર દહાડાના વાસી મટર કોઈ અઢી રૂપિયે કિલો વેચતો હોય અને બીજો સારાં-તાજાં મટર સવા રૂપિયે કિલો વેચતો હોય તો તમને થશે કે આમાં જરૂર કંઈક ગોટાળો છે. આ મટર ખરાબ હશે અથવા તો ચોરીનો માલ હશે. માનો કે કોઈ દુકાનદાર તદ્દન પડતર કિંમતે સાડી વેચે છે, તો તમને તરત શંકા થશે કે "તો પછી દુકાન શું દાન ધરમાદા કરવા ખોલી હશે?"

## જીવનમાં અજાણતામાં પરિવર્તન

આમ બજાર મનુષ્યના મનમાં અને એના જીવનમાં અજાણતામાં પરિવર્તન લાવે છે. તેથી સમાજ-પરિવર્તનની જેટલી યોજનાઓ છે તે બધીમાં બજારનું સ્થાન ઓછામાં ઓછું છે. કારણ, બજાર મનુષ્યને મનુષ્ય રહેવા દેતું નથી. એ માણસને પણ 'વસ્તુ' બનાવી મૂકે છે. એની પાસે જે કંઈ હોય—બુદ્ધિ હોય તો બુદ્ધિ, કળા હોય તો કળા, પરિશ્રમ હોય તો પરિશ્રમ, માનવતાનો જે કંઈ સજીવ અંશ હોય તે લઈને બજારમાં આવે છે. આનું પરિણામ

એ આવ્યું છે કે મૂડીવાદના ઉત્કર્ષની સાથે વ્યક્તિત્વ પણ વેચાઉ વસ્તુ બની ગઈ છે. તમારું વ્યક્તિત્વ જેટલું સારું, જેટલું પ્રભાવશાળી તેટલી વધારે કિંમત. 'પબ્લિક સર્વિસ'—જાહેર સેવા આયોગવાળા મુલાકાત માટે બોલાવતા હોય છે. તમારી સાથે સવાલ જવાબ થશે. પછી પસંદગી માટે બેઠેલાઓ અંદર અંદર વાત કરશે, "બીજું બધું તો ઠીક છે. જવાબ પણ સારા આપ્યા. પણ 'વ્યક્તિત્વ' નથી." આમ વ્યક્તિત્વ પણ એક બજારુ વસ્તુ બની ગઈ. એના પર પણ કિંમતની કાપલી લાગી ગઈ છે.

આની આપણા જીવન પર શી અસર પડે છે? આપણા જીવન પર આની સૌથી ઊંડી અને મોટી અસર પડી તે એ કે આપણા મનમાં એ સવાલ ચાલુ થઈ ગયો કે 'વ્યક્તિત્વ'ની ખપત શી રીતે થાય? આ વિચાર યા ચિંતન તમારા વ્યક્તિત્વને બજારને અનુકૂળ ઘડવા માંડે છે. આમ બજારમાં વસ્તુની માંગનું મહત્ત્વ છે.

માણસ કહે છે, 'અમે શાસ્ત્રીય સંગીતવાળા છીએ, અભિજાત સંગીત જાણીએ છીએ. પરંતુ સમાજમાં અમારી કોઈ માગણી નથી. અમે વેદ જાણીએ છીએ પણ વેદ-વિદ્યાની માંગ નથી.' માંગ નથી એનો અર્થ એ કે બજારમાં એના બદલામાં કશું મળતું નથી. જરૂરત જુદી વસ્તુ છે અને માંગ જુદી વસ્તુ છે. બજાર જરૂરત ઊભી નથી કરી શકતું, પરંતુ એનામાં માંગ પેદા કરવાની કળા ને કૌશલ છે.

### માંગ અને આવશ્યકતા

ધારો કે એક જાકીટની જરૂરત છે. પણ જાકીટમાં ત્રણ જાતની ફેશન ચાલી છે. ત્રણેના કટ જુદી જુદી જાતના છે. ઠંડીના દિવસો આવ્યા. તમે દુકાન પર જાવ છો ને કહો છો કે એક પુલ-ઓવર આપો. દુકાનદાર કહે છે, એ તો લો જ, પણ સાથે એક જર્સી પણ લેવી ઠીક રહેશે. ઉપરાંત જર્સીથી શરીર પૂરું ઢંકાતું નથી, માટે એક કાર્ડિગન પણ ખરીદી લો. વારાફરતી પહેરજો, સારું લાગશે. તમે ત્રણે ખરીદી લાવો છો. આમ બજાર માંગ ઊભી કરી શકે છે, વાસ્તવમાં એટલી જરૂરત નથી હોતી.

આ 'માંગ' નામની જે વસ્તુ છે તે બજારની પેદાશ છે. પરિણામે બજારનો પ્રભાવ મનુષ્યના વ્યક્તિત્વને દબાવી દે છે, અને સ્વતંત્ર રીતે વિકાસ કરવા દેતો નથી. મનુષ્ય પોતે બજારની વેચાઉ

વસ્તુ બની જાય છે. એટલે પછી એને પોતાની જાતને બજારને અનુકૂળ બનાવવી પડે છે. આ એક એવી સંસ્થા છે જેમાં કોઈ નૈતિક બંધન નથી. પરંતુ પહેરવા ઓઢવા ને રહેણીકરણીની રીતભાત આપણે ત્યાંથી શીખીએ છીએ. કોઈ પૂછશે, બજાર શા માટે જાવ છો ? તો શું જવાબ દેશો—ચારિત્ર્ય ઘડતર માટે ? સાંજે બજારમાં ટહેલવા નીકળો છો. શા સારુ ? એટલા માટે કે બજારમાં કોઈ કોઈને ઓળખતું નથી. જેને જે કરવું હોય તે કરે. બધા જ ગુમનામ છે. ત્યાં મનુષ્યને મનુષ્યનો સ્પર્શ નથી રહેતો. બધા મનુષ્યો એક સ્તર પર, દુકાનદારીના સ્તર પર આવી જાય છે. તેથી સાંજે બજારમાં લટાર મારવા નીકળી પડીએ છીએ. જે દિવસે હાટ ભરાય છે તે દિવસ ગામડાંવાળાઓ માટે ઉત્સવના દિવસ જેવો હોય છે. સ્ત્રીઓ સારામાં સારી સાડીઓ પહેરી બજારમાં જાય છે. ગામડાના પુરુષો પેટીમાં સાચવીને ગડી કરીને રાખી મૂકેલાં કફની-ધોતી ચઢાવીને નીકળી પડે છે. આઠ આઠ દહાડા સુધી ન નહાનારી રમણી તે દહાડે નાહી ધોઈ, ઘરમાં હોય એટલાં ઘરેણાં ચઢાવી બજારમાં જાય છે. બજારમાં સખીઓને મળી ગોઠડી માંડે છે. સુખદુઃખની વાતો કરે છે, કૂથલીઓ કરે છે. કોઈ કહેશે, મારો ધણી આવો છે ને કોઈ કહેશે, મારો દીકરો આવો છે. એમને મન બજાર એ ‘ કલબ ’ છે. આઠ દિવસ સુધી મનમાં વાત ગોઠવતી રહે છે. કેમ ? બજારને દિવસે સખીને વાત કરીશ, કેવળ વસ્તુ વેચવા-ખરીદવા માટે જ બજાર નથી જતી, ત્યાં થોડું ‘ કલબ જીવન ’ જીવી લેવા જાય છે. કોઈ સરસ નવો બુશકોટ ને પેન્ટ બનાવડાવે છે તે અહીં આશ્રમમાં દેખાડવા સારુ થોડો જ આવવાનો હતો ? એ તો બજારમાં જશે. આવો છે બજારનો પ્રભાવ.

### સોદાબાજીનો વિરોધ

ક્રાંતિમાં બુનિયાદો બદલવી પડતી હોય છે. તેથી જ ક્રાંતિકારીઓનો નિર્ણય છે કે અમારા સમાજમાં દુકાનદારી નહીં રહે. કોઈ એકાદ ક્રાંતિકારીએ આમ કહ્યું છે એમ નથી તમામ ક્રાંતિકારીઓએ એ જ વાત કહી છે. પહેલી વાત એમણે એ કહી કે બને ત્યાં સુધી દુકાનમાં સોદાબાજી નહીં થાય. આજે દુકાનદાર એક વસ્તુનો ભાવ ચાર રૂપિયા કહેશે તો તમે તરત જ કહેશો, ‘ બે રૂપિયા. ’ આવું

નહીં ચાલે. દા. ત. પોસ્ટ ઓફિસ, ખાદી ભંડાર, પુસ્તકની દુકાન. દુકાનદારે એક રૂપિયો કહ્યો તો એક રૂપિયો આપીને ચાલતા થયા.

બજારમાં વલણ સુધારવા માટે એ લોકોએ પહેલું કામ તો ભાવો નક્કી કરી નાખવાનું કર્યું. બીજું કામ દુકાનોને એક અર્થમાં સાર્વજનિક બનાવી નાખી. પોસ્ટ ઓફિસમાં મળે છે તે જ રીતે દુકાનમાં મળશે. માપ-તોલનું નિયંત્રણ, વસ્તુના પ્રકારનું નિયંત્રણ વગેરે. દા. ત. ઘી શુદ્ધ હોવું જોઈએ—આવી જાતનાં નિયંત્રણો શરૂ કર્યાં. આનો અંતિમ ઉદ્દેશ એ છે કે બજાર ન રહે. છેક છેવટે જે સમાજ ઘડાશે તે કેવો હશે તે તો આપણે નથી જાણતા, પણ એમાં શું શું હશે તે જાણીએ છીએ. એમાં વ્યક્તિત્વનું ખરીદ-વેચાણ નહીં હોય, જાહેર ખબર અને વિક્રય-કલાનો ઉપયોગ નહીં થાય, અને એમાં વસ્તુઓની ખોટી માંગ ઊભી કરવા કોશિશ નહીં થાય.

મનુષ્યની જરૂરિયાત વધવાની હશે તો ભલે વધતી, એમાં બજારે વચ્ચે આવવાની જરૂર નથી. ગ્લિસરીનના ત્રણ જાતના સાબુ આવે છે. આને આપણી જરૂરિયાત સાથે કોઈ સંબંધ નથી. ત્રણ જાત તો દુકાનદારી માટે બનાવવામાં આવે છે.

હવે સાબુવાળા શું કરશે ? મૈસૂરનો ચંદન સાબુવાળો પોતાના સાબુની ખપત વધારવા સારુ તમને કહેશે કે બીજા સાબુમાં ચરબી હોય છે, અમારો સાબુ ચરબી વિનાનો છે. બીજાના સાબુની નિંદા અને પોતાના સાબુનાં વખાણ કરીને પોતાના સાબુની માગ ઊભી કરશે. પણ આટલેથી નહીં પતે, એ કહેશે કે મારા સાબુમાં અમુક વિશેષ વિટામિન યા તત્ત્વ નાખ્યું છે જે તમારા વિસ્તારની આબો-હવામાં ચામડીના રક્ષણ માટે અનિવાર્ય છે. તમને થશે કે આ તો જરૂરી વસ્તુ છે. માણસની જરૂરિયાત વધવી એક વસ્તુ છે, અને આમ ખોટી વિજ્ઞાપનબાજીથી બજારમાં માંગ ઊભી કરવી એ બીજી વસ્તુ છે.

ભાવિ સમાજમાં આ જાતની બનાવટી માંગ નહીં હોય. મનુષ્ય-ના જીવનનું ધોરણ ઊંચું જાય, એની જરૂરિયાતો વધે એ બીજી વાત થઈ. આપણે રેડિયો, સાઈકલ, ટાઈપરાઈટર, ઘડિયાળ વગેરે રાખવા ચાહીએ તે જુદી વાત છે. પરંતુ અમેરિકાવાળો એની ઘડિ-યાળની, સ્વિટઝરલેંડવાળો એની ઘડિયાળની માંગ ઊભી કરવા પ્રયત્ન

કરે તે જુદી વાત છે. કાંબળી લુધિયાણાની કે ધારીવાલની હોવી જોઈએ એ એક બાબત છે. પણ એનાં રૂપ રંગ વગેરેનાં મોહક વર્ણન કરી એવી વસ્તુ તો તમારા જેવા ઉચ્ચ પરિવારમાં હોવી જ જોઈએ એમ ઠસાવી એની માંગ ઊભી કરવી એ બનાવટી વસ્તુ થશે. આપણે જે જાતના સમાજનો વિચાર કરવા બેઠા છીએ તે સમાજમાં આ જાતની માંગ ઊભી કરવામાં નહીં આવે.

### જાતિભેદ અને ગિલ્ડ

મનુષ્યના વ્યક્તિત્વને સમુદાય ચૂસી નાખે છે. શેરડી જેમ ચૂસીએ છીએ તેમ આવી જાતની સામુદાયિક સંસ્થાઓ મનુષ્યના વ્યક્તિત્વને ચૂસી નાખે છે; શેરડી ચૂસી લીધા પછી એનો કૂચો બચે છે તેવી રીતે માણસનો પણ કૂચો બાકી રહે છે. કારખાનાંના સમુદાયનો વિચાર કરતી વખતે જોયું કે એમાં માણસને એક પ્રક્રિયા—function સાથે બાંધી દે છે. એને પરિણામે આપણે ત્યાં જાતિ-ભેદ ઊભો થયો.

મનુષ્યનું વ્યક્તિત્વ એક જ કામમાં બંધાઈ જાય છે ત્યારે એ કામમાં પારંગતતા શી રીતે આવે તેનો વિચાર ચાલે છે. એ શી રીતે આવે ?

જન્મ અને વિવાહ કુટુંબ સાથે જોડાયેલા હોય તો એમાં કૌટુંબિક અને આનુવંશિક સંસ્કારો ઊતરે. હવે તમારે સારામાં સારી કમાણી કરવી હોય તો શું કરવું જોઈએ ? જેની સાથે લગ્ન થાય તેના ઘરમાં પણ એ જ રોજગાર હોવો જોઈએ. તો બાળકોમાં એ જાતના સંસ્કાર આવશે. હવે આનો શો જવાબ ? જે કુટુંબમાં જન્મશે તેનો એ જ રોજગાર હોવો જોઈએ. જેને પરણે તેના કુટુંબમાં પણ એ જ રોજગાર હોવો જોઈએ. અને એક જ પ્રકારના રોજગારવાળાઓનાં ઘરો પણ પાસે પાસે હોવાં જોઈએ. એમ થાય તો જ એકબીજા પર અસર પડે, અને સામસામા એકબીજા પાસે શીખી શકે. માટે એમના મહોલ્લા પણ જુદા હોવા જોઈએ. આવી રીતે આપણે ત્યાં જાતિભેદ ઊભો થયો.

પછી તો એની ખાણી-પીણી પણ એના વ્યવસાયને અનુરૂપ હોવી જોઈએ. આમ આખા વ્યક્તિત્વ પર વ્યવસાયની અસર થવાની. કારખાનાં આવ્યાં તે પહેલાં નાના નાના રોજગારોના ગિલ્ડ—વસવાટો

વસતા. ઈંગ્લેંડ અને યુરોપના કેટલાક દેશોમાં એને Guild–ગિલ્ડ નામ અપાયું. એના પરથી guild socialism—વ્યાવસાયિક સંઘોનો સમાજવાદ આવ્યો. ઇંગ્લેંડની એ વિશેષતા હતી. એક જ જાતના કામવાળા લોકો પોતપોતાનાં ગિલ્ડ બનાવીને રહેતા, આપણે ત્યાં જેમ જ્ઞાતિઓના મહોલ્લાઓ હતા તેમ. આપણે ત્યાંની જાતિ અને એ ગિલ્ડ વચ્ચે ફરક એ હતો કે એ ગિલ્ડોમાં એક ગિલ્ડને બીજા ગિલ્ડ સાથે રોટી બેટીનો વહેવાર હતો. સુથાર સુથારની દીકરીને જ પરણે એવું નહોતું. સુથાર લુહારની દીકરીને પરણી શકતો અને સુથાર લુહારનો રોટી વહેવાર પણ હતો. આપણે ત્યાં તો સુથારનો દીકરો સુથારની દીકરીને જ પરણી શકે અને સુથાર સુથારમાં જ ભોજન-વહેવાર થઈ શકે છે. આમાં વિચારવાનો પ્રશ્ન એ છે કે કાર્યની કુશળતા માટે મનુષ્યતાનો ભોગ આપવો કે મનુષ્યતા માટે કાર્ય-કુશળતાનો ભોગ આપવો? આ જાતિ-ભેદ પર પ્રહાર કરવો જોઈશે. કારણ, Functional—વ્યાવસાયિક મનુષ્ય સામાન્ય માનવતાના મૂલ્યની બાબત માટે વિચાર-વિહોણો બની જતો હોય છે.

### ગુણ સાર્વત્રિક હોવો જોઈએ

સાહિત્ય, સંગીત, કળા અને મનુષ્યનું બીજું બધું જ શિક્ષણ સાર્વત્રિક હોવું જોઈએ. તબલચીનો દીકરો તબલચી જ થાય, સિતારીનો દીકરો સિતારી, વકીલનો દીકરો વકીલ અને ડૉક્ટરનો દીકરો ડૉક્ટર જ થાય આ બરાબર નથી, આમ ન થવું જોઈએ. પરંતુ આપણે ત્યાં વર્ણવ્યવસ્થામાં જે શ્રમ-વિભાગ કરવામાં આવ્યા તે સાંખ્ય તત્ત્વજ્ઞાનના આધારે કરવામાં આવ્યા. એ તત્ત્વજ્ઞાન પ્રમાણે આ આખું જગત સત્ત્વ, રજ અને તમ વાળું—ત્રિગુણાત્મક છે. આ માન્યતાને આપણે હજી સુધી છોડી નથી. વિનોબા સાથે વાત કરશો તો એ કહેશે, "આનાથી સત્ત્વગુણનો વિકાસ નહીં થાય, આ તો રજોગુણ છે" વગેરે. આવી ભાષા નીકળશે કારણ કે વિચાર પર સાંખ્યોની પકડ છે. આ માન્યતા અનુસાર દુનિયામાં કેટલાક લોકો સત્ત્વગુણ-પ્રધાન છે, કેટલાક રજોગુણ-પ્રધાન છે અને કેટલાક તમોગુણ પ્રધાન. સત્ત્વગુણીની કૂખે સત્ત્વગુણી, રજોગુણીની કૂખે રજોગુણી અને તમોગુણીની કૂખેથી તમોગુણી સંતાન પાકશે. મા અને બાપ બંનેનાં નાક સારાં હોય તો દીકરો ચપટા નાકવાળો નહીં જન્મે.

તેમ મા પણ સત્ત્વગુણી હોય અને બાપ પણ સત્ત્વગુણી હોય તો બેટો પણ સત્ત્વગુણી જ થવાનો. આથી વ્યવસાય-વિભાજનમાં આ ગુણોને પ્રધાનતા આપી વિચારાતું.

સત્ત્વગુણવાળાને અધ્યયન-અધ્યાપનનું કામ સોંપાતું. સત્ત્વગુણ-પ્રધાનતાની કસોટી શું ? એની કસોટી એ કે એવા માણસને ન તો ધનમાં શ્રદ્ધા હશે અને ન તો શસ્ત્રમાં. જેને ધન પર શ્રદ્ધા હશે અને જેને શસ્ત્ર પર શ્રદ્ધા હશે તેવા માણસને સત્ત્વગુણ પર શ્રદ્ધા નહીં હોય. સત્ત્વગુણનું લક્ષણ એ મનાયું છે કે એ ધનને પણ ગૌણ માને છે અને શસ્ત્રને પણ ગૌણ માને છે. સમાજમાં એવા માણસને પ્રતિષ્ઠિત ગણવા કોઈ ના નહીં પાડે.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः —જે સત્ત્વગુણવાળો છે તે ઉપર ચઢે છે. એમને માટે એમ કહેવાતું કે એવા લોક શસ્ત્રનિષ્ઠ નહીં હોય અને દ્રવ્યનિષ્ઠ પણ નહીં હોય. વિશ્વામિત્ર પ્રતિ-સૃષ્ટિ રચી શકે, પરંતુ પોતાના આશ્રમના રક્ષણ માટે રામ અને લક્ષ્મણને માગવા ગયા. એ જમાનામાં ઋષિઓના આશ્રમનું રક્ષણ ક્ષત્રિયો કરતા, અને ક્ષત્રિયોને શસ્ત્રકળાના અધ્યયન માટે શિકાર કરવો પડતો. મોટે ભાગે હરણ અને વાઘનો શિકાર થતો. તેથી ઋષિઓના આશ્રમોમાં મૃગચર્મ અને વ્યાઘ્રચર્મ પવિત્ર મનાતાં. ક્ષત્રિયો અમારા સંરક્ષક છે, એમને શિકાર કરવાની જરૂર છે, એટલે આ શિકારમાંથી જે ચામડું આવે છે તે પવિત્ર છે — એમ એમણે પોતાને માટે કેટલીક મર્યાદાઓ બનાવી લીધી હતી. આમાં દોષ એ હતો કે શ્રમ-વિભાગ માટે એમણે મનુષ્યોના સત્ત્વ, રજ, તમ ગુણોના આધારે ભાગ પાડ્યા હતા. આમ મનુષ્યોના ભાગ પાડવાથી એમનામાં ઉચ્ચતા અને નીચતાની ભાવના પેદા થઈ. સત્ત્વગુણી સૌથી શ્રેષ્ઠ, રજોગુણી એના પછી, અને તમોગુણી સૌની પછી.

આમ આપણે ત્યાં જે જાતિભેદ થયો તેનો મુખ્ય દોષ એ છે કે શ્રમ-વિભાગની યોજના ગુણ-વિભાગ પર કરવામાં આવી. તેથી એ લોકોએ કહ્યું કે જેનો જેવો ગુણ તેવો તેનો ધર્મ હોવો જોઈએ અને એ જ એનો સ્વધર્મ છે. આ જ ગુણોને આધારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વગેરે ભેદો પાડવામાં આવ્યા.

### ગુણાશ્રિત વર્ગીકરણ ખોટું

કાર્યકર્તાઓ સામે હરીફરીને એ વાત આવશે કે તમે લોકો માલિકી હક નાબૂદ કરવા માગો છો ત્યાં સુધી તો ઠીક, પણ તમે જાતિ-ભેદ પણ નાબૂદ કરવા માગતા હો તો આ ગામમાં તમે રહી નહીં શકો. આપણું કહેવું એ છે કે મનુષ્યોનું વર્ગીકરણ ગુણના આધારે ન થવું જોઈએ. ગુણનું મૂલ્ય સમાજમાં વધારવું એ એક જુદી બાબત છે. ગુણનું મૂલ્ય ભલે સમાજમાં સ્થપાતું, પણ ગુણને આધારે માણસોનું વર્ગીકરણ કરવું એ ભયાનક બાબત છે. કારણ, તો તો એમ થયું કે દુર્જન સજ્જન ન થઈ શકે અને સજ્જન દુર્જન ન થઈ શકે. તો પછી કોઈનું પણ પરિવર્તન ન થઈ શકે. સજ્જન છે તેના હૃદય પરિવર્તનની જરૂર નથી. પણ દુષ્ટનું પરિવર્તન થવું જરૂરી છે. પરંતુ સમાજના તમે બે જડબેસલાક ભાગ—સુષ્ટ અને દુષ્ટ એવા પાડી નાખો તો અહિંસક પ્રક્રિયા અસંભવ થઈ જશે.

આપણે સમજી લેવું જોઈએ કે આ જે વર્ણ-વ્યવસ્થા છે તે ગુણાશ્રિત વર્ગીકરણ છે. ગુણાશ્રિત વર્ગીકરણ ન થવું જોઈએ. સમાજમાં આપણને ધનાશ્રિત વર્ગીકરણ નથી જોઈતું તેમ ગુણાશ્રિત વર્ગીકરણ પણ નથી જોઈતું. ગુણની પ્રતિષ્ઠા થાય, ગુણને સાર્વત્રિક કરવાની કોશિશ કરવામાં આવે. સમાજના તમામ સ્તરોમાં એનો વિકાસ થાય, પણ એના આધારે જડબેસલાક વર્ગીકરણ ન થાય.

આપણે ત્યાંના જાતિભેદ અને યુરોપના ગિલ્ડમાં આટલો ફરક હતો. ગિલ્ડ-સમાજવાદ આપણા જાતિભેદના સ્તરનો ન ગણાય. એ લોકોએ મનુષ્યના ગુણને એના જન્મ અને વિવાહ સાથે નથી જોડ્યો. એને આનુવંશિક સંસ્કાર અને કૌટુંબિક સંસ્કાર સાથે નથી જોડચો એનું એક બીજું કારણ પણ છે. એમને ત્યાં ખોરાકમાં બહુ ફરક નહોતો. ગરીબ અને અમીરના આહારમાં ભેદ હતો, પરંતુ એક વર્ગ અને બીજા વર્ગના આહારમાં ભેદ નહોતો. આને લીધે ગિલ્ડ-સમાજવાદમાં જાતિ-ભેદ આવી શકચો નહીં.

### જીવનની સાર્વત્રિક પ્રતિષ્ઠા

મહારાષ્ટ્રમાં એક ઋગ્વેદી અથવા યજુર્વેદી બ્રાહ્મણ છે અને બીજો સારસ્વત બ્રાહ્મણ છે. ઋગ્વેદી બ્રાહ્મણ સારસ્વતની દીકરીને

પરણતાં અચકાય છે. કેમ ? તો કે "એ છોકરી માછલી ખાય છે, હું નથી ખાતો. એ મારે ઘેર આવશે તો મારે માછલી ખાવી પડશે અથવા એણે માછલી ખાવાનું છોડવું પડશે. નહીં તો મારા ખાઈ પરવાર્યા બાદ એ પોતાને માટે માછલી રાંધશે. કંઈ ને કંઈ તો કરવું જ પડશે." આ રીતે એક રુકાવટ ઊભી થાય છે. આમાંથી રસ્તો કેવી રીતે કાઢવો ? એનો ઉપાય એ છે કે આપણે જેમ ગુણની પ્રતિષ્ઠા સાર્વત્રિક કરવા ઇચ્છીએ છીએ તેમ જીવનની પણ પ્રતિષ્ઠા સાર્વત્રિક કરવી જોઈએ.

સમાજમાંથી શરાબની પ્રતિષ્ઠા ખતમ કરવી છે એ વાત ગાંધી જ નહીં, ક્રુશ્ચેવ પણ કહે છે. સામ્યવાદી દેશોમાં શરાબખોરીની પ્રતિષ્ઠા નથી. આમ ખાણી-પીણીમાં એક ક્રમ શરૂ થશે. માંસાહારી શાકાહારીને ઘેર જશે તો બધાનું ભેગું શાકાહારી ભોજન રંધાશે. આપણે ત્યાંનો આ સંકેત છે, અને એમાં બુદ્ધિમાની પણ છે. જે માંસ ખાય છે તે શાક તો ખાય છે જ, પણ જે શાકાહારી છે તે માંસ નથી ખાતો. હવે જે માંસ નથી ખાતો તે માંસાહારીનું માન રાખવા માંસ ખાય તો તે સહિષ્ણુતા નહીં કહેવાય. આને સહિષ્ણુતા માનશો તો પછી ગુણની પ્રતિષ્ઠા નહીં રહે.

●

૧૪

# કૌટુંબિક સમુદાય

કારખાનાં ને બજારના સમુદાયો વિષે આપણે વિચાર્યું. કારનાંનો વિચાર કરતી વખતે આપણે રોજગારી-જમાતોનો વિચાર કર્યો, વ્યાવસાયિક સંઘો—guilds નો વિચાર કર્યો, અને એ જ સંદર્ભમાં અહીંના જાતિભેદનો પણ વિચાર કર્યો. એમાં મનુષ્યના ગુણ કરતાં મનુષ્યના જન્મનું મહત્ત્વ વધી જાય છે એ દોષ આપણને દેખાયો. બીજું, એનું આખું વ્યક્તિત્વ એના ધંધામાં જ સમાઈ જાય છે. સમગ્ર માનવ એક રોજગાર બની જાય છે. આમ, જાતિનો દોષ એ છે કે એમાં ગુણ કરતાં જન્મનું મહત્ત્વ વધારે મનાય છે. સાંખ્યના તત્ત્વજ્ઞાન પ્રમાણે વિશ્વ ત્રિગુણાત્મક છે. એમાં સત્ત્વ, રજ, અને તમ એમ ત્રણ પ્રકારના ગુણ છે. એનાથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણ વર્ણ ગણ્યા. આ ત્રણમાંથી એકેમાં દાખલ થવા યોગ્ય ન ગણાયો તેનો ચોથો વર્ણ બન્યો—શૂદ્ર. આપણી વર્ણ-વ્યવસ્થામાં આ દોષ છે. જે લોકો વર્ણવ્યવસ્થાને રાખવા માગે છે તે પણ આ દોષોને રાખવા નથી માગતા.

### વર્ણવ્યવસ્થા શા સારુ ?

આટલું સમજી લેવું જરૂરી છે કે આજના અર્વાચીન મતવાદીઓ પણ વર્ણ-વ્યવસ્થા તો રાખવા માગે છે. પણ એ પાછળ એમનો હેતુ શ્રમ-વિભાગનો છે. મનુષ્ય એના જન્મને કારણે શ્રેષ્ઠ યા કનિષ્ઠ ગણાય એવું એ નથી માનતા. મનુષ્યનું સમગ્ર વ્યક્તિત્વ એના વ્યવસાયમાં સમાઈ જાય એમ પણ એ નથી ઇચ્છતા. શૂદ્ર અને વૈશ્યને પણ વેદ શીખવવા જોઈએ એમ પણ એ કહે છે. એટલે કે, મનુષ્યને માટે જે માનવીય ગુણોનું શિક્ષણ જરૂરી છે તે સૌને મળવું જોઈએ. તેવી જ રીતે મનુષ્યને જે વિષયોનું જ્ઞાન હોવું જરૂરી છે તે પણ સૌને શીખવાય. સાહિત્ય, ગણિત, કવિતા — આ બધું liberal

education—ઉદાર શિક્ષણ કહેવાય છે. આ જાતનું શિક્ષણ સાર્વત્રિક અને સમાન હોવું જોઈએ. અને આટલી આ ત્રણ બાબતો વર્ણમાં નહીં હોવી જોઈએ — રોટીબંધી, બેટીબંધી અને વિષમ ઉદાર શિક્ષણ. આટલું કાઢી નાખ્યા પછી જે બચે તેની સાથે ઝઘડો કરવાનું આપણને કારણ નથી. પણ તો પછી આવી જાતની વર્ણવ્યવસ્થા કદી પણ વાસ્તવિક નહીં હોઈ શકે. કારણ કે એ નિરર્થક હશે.

એ લોકો ઇચ્છે છે કે કર્મમાં, વ્યવસાયમાં હરીફાઈ ન હોય. આજકાલ કોઈનેય સુથાર, લુહાર બનવું પસંદ નથી, એટલે હરીફાઈ એની મેળે સીમિત થઈ ગઈ. મારો વ્યવસાય મારો ધર્મ છે એ માનવાની વાત છે. એમાં નફો ને ખોટની ગણતરી ઓછી હોય છે. મારું પોતાનું કામ છે તે સારી રીતે કરવું એ મારો ધર્મ છે. વેદ વાંચતી વખતે શુદ્ધ ઉચ્ચારણ કરવું એ બ્રાહ્મણનો ધર્મ છે તેવી જ રીતે પોતાનું કામ ઈમાનદારીથી કરવું એ મારો ધર્મ છે.

'દામ માટે કામ'ની પ્રેરણા ઓછી થાય એટલા સારુ થઈને એ લોકો વર્ણ રાખવા ઇચ્છે છે. કામ પોતે જ એક સદ્‌ગુણ ગણાવો જોઈએ. મારું કામ જ મારી ઉપાસના છે. હું કરું છું તે ભગવાનની ઉપાસના કરું છું. કામના પ્રારંભમાં એ સંકલ્પ કરે છે કે મારું આ કામ પ્રભુ પ્રીત્યર્થ છે, અને કામ પૂરું થયે 'કૃષ્ણાર્પણમ્ અસ્તુ' કહે છે.

મનુષ્ય જે કામ ઈશ્વરની ઉપાસના માટે કરે છે તે તે ઉત્તમ રીતે કરે છે. દશેરાને દિવસે સુથાર લુહાર પોતાનાં સાધનોની પૂજા કરે છે. પણ, એમની જે સંશોધિત અને સંકલ્પિત વર્ણવ્યવસ્થા છે, તેમાં આ બધા ઉદ્દેશોની પૂર્તિ થવી અસંભવ છે.

### ઓલાદનો વિચાર

કેવળ પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ મનુષ્યની ઓલાદનો વિચાર થઈ ન શકે. ગાય, બળદ, ઘોડા વગેરે પશુની ઓલાદનો જ એ રીતે વિચાર કરી શકાય. ગાય ૪૦ શેર દૂધ આપે છે, તો એની ઓલાદ ઉત્તમ. બળદ દિવસમાં ૧૦ એકર ખેડી નાખે છે, તો એની ઓલાદ ઉત્તમ. એક કલાકમાં ૨૦ માઈલ દોડે તે ઘોડો ઉત્તમ ઓલાદનો. પણ માણસમાં તમે કોની ઓલાદની વૃદ્ધિ કરશો ? જરા વિચારો. શિવાજી ઠીંગણા છે, પઠાણ ખૂબ ઊંચો છે. ગાંધીનું કાઠું નાનું છે જ્યારે કિંગકોંગ ખૂબ લાંબો પહોળો છે. તો આમાંથી કોનો વંશ વધારવો ?

એટલે મનુષ્યની ઓલાદનો આ સ્તર પરથી વિચાર કરવો નિર્બુદ્ધતા છે. કારણ, મનુષ્યના ગુણ, એના આકાર પર નિર્ભર નથી. ગોરાઓ કહે છે કે સંસારના કાળા લોકો સાથે અમારો બેટી-વ્યવહાર થયો તો અમે તો કાળા થઈ જઈશું. તમારે પણ છોકરા છોકરીની સગાઈ કરવી હોય તો ગોરો રંગ પસંદ કરશો. કાળો રંગ ખામી ગણાય છે.

આનું કારણ એ છે કે મનુષ્યના શરીરનું એક મહત્ત્વ છે. પતિયાં, ક્ષયરોગી અને નિર્બુદ્ધિવાળાનાં સંતાન ન થાય એટલું સંયોજન તો થઈ શકે. છતાં પશુનું સંયોજન જે ભૂમિકા પરથી થાય છે તે ભૂમિકા પરથી મનુષ્યનું ન કરી શકાય પ્રજજન—breeding બે પ્રકારનાં થાય છે. In and in breeding—એટલે કે રક્ત સંબંધવાળાઓમાં વિવાહ. પરંતુ સુપ્રજનન શાસ્ત્ર કહે છે કે એક જ લોહી પૂરતું કુટુંબ સીમિત ન રહેવું જોઈએ. એમ કરવાથી નવું લોહી આવતું નથી. તેથી અસમાન ગોત્રવાળી સ્ત્રી સાથે લગ્ન કરવાની મર્યાદા મૂકવામાં આવી હતી. બીજી મર્યાદા એ હતી કે બાપ તરફ છ પેઢી સુધી અને મા તરફથી ત્રણ પેઢી સુધી સગું ન થતું હોય તેવાની સાથે વિવાહ કરો. એ મર્યાદાની અંદર આવતું હોય તેને સપિંડ—સગોત્ર કહે છે. આ મર્યાદા in and in breeding—સગોત્ર વિવાહ અટકાવવા માટે હતી. બીજી બાજુથી out and out breeding—સાવ વર્ણ બહાર પ્રજનન થાય તો સત્ત્વગુણમાં રજોગુણનું મિશ્રણ થશે એટલે કે સત્ત્વગુણી બ્રાહ્મણમાં રજોગુણી ક્ષત્રિયનું લોહી ભળશે. પણ પાછું વર્ણ-સંકર તો ન જોઈએ! આમ એક તરફ નજીકનો રક્ત સંબંધ નહીં, અને બીજી તરફ વર્ણસંકર નહીં એવી મર્યાદાઓ છે. સાવ નજીક નહીં, અતિ ભિન્ન નહીં, અતિ સમ નહીં, અતિ વિષમ નહીં, એવી મર્યાદા માનવામાં આવી છે. આ અનુભવજન્ય જ્ઞાન છે. ધર્મે મનુષ્યને ઈશ્વર વિષેનું જ્ઞાન આપ્યું. પરંતુ એનું સમાજ-વિજ્ઞાન તો અનુભવ પ્રમાણે વિકસતું જાય છે. જેમ કે શુદ્ધ તર્કથી જોઈએ તો માંસાહારી લોકો ક્રૂર હોવા જોઈએ. પણ એ તર્ક છે, અનુભવ એવો નથી. અનુભવ તો એવો છે કે માંસ ખાનાર જાતિઓમાં પણ ઘણી દયા હોય છે. માંસાહારી ખ્રિસ્તીઓ પણ દયાળુ હોય છે. તેવી જ રીતે માંસ ન ખાનાર જાતિઓ પણ નિર્દય હોય છે. મનુષ્યની

બુદ્ધિ અને મન પશુની જેમ પ્રકૃતિથી બંધાયેલાં નથી. એટલે એ રીતે મનુષ્ય માટે નિયમો ઘડવા અને પછી એ નિયમોને વૈજ્ઞાનિક કહેવા એ ખોટું છે.

આપણે દાખલો લઈએ. ખ્રિસ્તીઓમાં અને મુસલમાનોમાં કાકા કાકાનાં પરણે છે. મસિયાઈ ભાઈબહેનોમાં પણ લગ્ન થાય છે. મહારાષ્ટ્રમાં ક્યાંક ક્યાંક મામાની દીકરીને વરે છે. આંધ્રમાં પોતાની બહેનની દીકરી સાથે પરણે છે. કેટલીક જાતિઓમાં સાવકી બહેન સાથે પણ લગ્ન થાય છે. તો હવે વિચારો કે આપણું લોહી શુદ્ધ ક્યાં રહ્યું ? આ કેટલાંક માની લીધેલાં કામો છે, કેટલીક ચીજો આપણે એમ જ સ્વીકારી લીધી હોય છે. દરેક સમાજમાં એમ થાય છે. કેટલીક વાર એ જરૂરી પણ હોય છે. તેમ છતાં એને પારમાર્થિક સિદ્ધાંત માની લેવો ન જોઈએ. એ વૈજ્ઞાનિક સિદ્ધાંત પણ નથી.

### કુટુંબમાં પ્રેમ અને પવિત્રતા

સ્ત્રી અને પુરુષના જીવનની સંપન્નતા માટે બે વસ્તુઓ મહત્ત્વની છે : પ્રેમ અને પવિત્રતા. સ્ત્રી-પુરુષનો સંબંધ કેવળ વ્યક્તિગત નથી હોતો. જૂના જમાનામાં પતિ-પત્નીનો સંબંધ ધર્મ-પ્રધાન મનાતો, આજકાલ એ સ્નેહ-પ્રધાન ગણાય છે. પરંતુ કામ-પ્રધાન તો એ ક્યારેય નથી ગણાયો. કામ-પ્રધાન સંબંધ હશે તો કુટુંબમાં પવિત્રતા નહીં રહે, અને કુટુંબ બનાવવાની જરૂર પણ નહીં રહે. કુટુંબ બનાવશો તો સ્ત્રી-પુરુષનો સંબંધ શુદ્ધ અને પવિત્ર હોવો જોઈશે. સ્ત્રી-પુરુષથી ન ડરે, અને પુરુષ સ્ત્રીમાં કામ-લોલુપ ન હોય, પછી ભલેને એ તરુણ જ હોય. આ મારી બહેન છે, આ ભાણી છે, આ કાકી છે. અમે એક જ કુટુંબનાં છીએ. એક જ ઓરડામાં બન્ને સલામત રહી શકીએ છીએ. બન્નેને એકબીજાનો ડર નથી. આમ જ્યાં હશે ત્યાં વાસના નહીં આવે. પણ એમાં જો વાસના પ્રવેશી તો બન્ને ભ્રષ્ટ થઈ જશે, કુટુંબ પણ ભ્રષ્ટ થઈ જશે.

કુટુંબ સ્વાયત્ત હોવું જોઈએ અને પોતાની ઇચ્છાથી બનેલું હોવું જોઈએ. દા. ત. આપણો શિબિર. આમાં કોઈ છોકરીને કોઈ છોકરાની બીક નથી, અને કોઈ છોકરાને કોઈ છોકરી પ્રત્યે મોહ નથી. બન્નેને એકબીજા પ્રત્યે શંકા થઈ તો આ પોલીસ-થાણું થઈ જશે. કૌટુંબિકતા ખતમ થઈ જશે. પછી અહીં ચોકીદારીનું રાજ્ય

થશે. આવું કૌટુંબિક વાતાવરણ નિર્માણ થાય તેવી મર્યાદા લાવવાની જરૂર છે. વિજ્ઞાન વધી શકે ત્યાં સુધી ભલે એ વધતું. પણ એ માનવ માનવ વચ્ચેના હાર્દિક સંબંધમાં અધિક પ્રવેશ નહીં કરી શકે. પારસ્પરિક સંબંધ હાર્દિક હોય છે. તેથી મેં પતિપત્નીનો દાખલો લીધો, એમાં કેવળ શારીરિકતાનો જ સંબંધ ગણાયો છે. પણ ખરું જોતાં એ કેવળ શારીરિકતા પર જ આધારિત નથી. સ્ત્રી-પુરુષનો સંબંધ આવે ત્યાં પવિત્રતા અને પ્રેમ હોવાં જોઈશે. આ બે બાબત ન હોય તો માનવું કે એ બન્ને એક ઓરડામાં રહે છે એટલું જ. માટે શુદ્ધ ભાવનાનો વિકાસ થાય તે જરૂરી છે. કુટુંબ સિવાય એકે એવી જગા નથી જ્યાં સ્ત્રી-પુરુષ નિર્ભયતાથી એકબીજા સાથે રહી શકે. મંદિર, મસ્જિદ, આશ્રમ, ગુરુદ્વારા, કમ્યૂન—કોઈ એક પણ એવી સંસ્થા નથી જ્યાં સ્ત્રી-પુરુષ સ્વાભાવિક નિર્ભયતાથી રહેતાં હોય. એ ખરું કે કુટુંબમાં પણ કેટલીક વાર અપરાધ થાય છે. છતાં સમાજે કુટુંબ સંસ્થા તોડી નહીં. કારણ, એનો જે ગુણ છે તે બીજી સંસ્થામાં આવી શકે તેમ નથી જ. આ ગુણને વ્યાપક બનાવવો છે. કુટુંબમાં સ્ત્રી-પુરુષ જીવનની પવિત્રતા અને સ્વતંત્રતા છે તેને સમાજમાં વ્યાપક બનાવવાની જરૂર છે. આ કામ કોઈ કાયદાથી થઈ નહીં શકે. એને માટે પ્રેમ વિના બીજો મારગ નથી. શસ્ત્ર યા કાયદાનું આ કામ નથી.

વખતોવખત સમાજમાં નિયમો ઘડાતા હોય છે. સાવકી બહેન યા સગી ભાણી સાથે લગ્ન થઈ શકે એવો નિયમ પણ થયો. પણ એમાં પણ પવિત્રતા હોય છે. ટૂંકામાં, સ્ત્રી-પુરુષનો સંબંધ કામના પાયા પર નહીં, પ્રેમના પાયા પર હોવો જોઈએ.

### પાપનું ચિંતન અવાંછનીય

પહેલાં અપરાધ છાનામાના વધારે થતા. દરેક મોટો માણસ બે ચાર રખાતો રાખતો. મોટા મોટા ધર્મ-નિષ્ઠ પુરુષો પણ બે કે વધારે પત્નીઓ કરતા. પણ આ બધું વિધિવત્ થતું. અને વિવાહ બહારનો સંબંધ ગુપ્ત ગણાતો—રખાતો. જૂના સમાજમાં અપરાધોની ચર્ચા થતી હતી તેથી વધારે આધુનિક સમાજમાં થાય છે. ગામડાંમાં થતા અપરાધો ઢાંકયા રહે છે, જ્યારે શહેરમાં અપરાધની જાહેરાત વધારે થાય છે. અપરાધની જાહેરાત પશ્ચિમમાં વધારે

થઈ રહી છે કારણ કે એ લોકો અપરાધનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરે છે અને એનાં પુસ્તકો પણ છપાય છે. ભારતમાં એવાં પુસ્તકો નથી છપાતાં. ત્યાં અપરાધ થાય છે તો તેની સાર્વજનિક ચર્ચા થાય છે. એનો અર્થ એ નથી કે ત્યાં અપરાધ વધારે થાય છે. આપણે અપરાધ વાગોળ વાગોળ કરીએ છીએ, અપરાધનું ચિંતન કરીએ છીએ. આમ જે અપરાધનું ચિંતન કરે છે તે એમાં તદ્રૂપ બને છે— ભગવાનનું ચિંતન કરનાર જેમ ભગવન્મય થઈ જાય છે તેમ. પાપનું ચિંતન કરીએ તો પાપમય બનાય છે. માટે પાપનું ચિંતન ન કરવું —પોતાના પાપનું પણ નહીં, બીજાના પાપનું તો હરગિજ નહીં.

### પવિત્રતાનો વિકાસ જરૂરી

આ દેશમાં બીજા દેશો કરતાં પવિત્રતા અધિક છે એ ભ્રમ છે. એ ખરું કે અહીં મર્યાદા કંઈક વધારે છે. મર્યાદા અલગ વસ્તુ છે અને પવિત્રતા અલગ વસ્તુ છે. સહજીવનમાં પવિત્રતા અને પ્રેમ એટલે કે સ્ત્રી-પુરુષ સ્વતંત્રતા એ કુટુંબની દેણગી છે. આ ગુણને આપણે સમાજવ્યાપી બનાવવો છે, ક્રાંતિની પ્રક્રિયામાં સ્ત્રી પુરુષ સંબંધની પવિત્રતાનો વિકાસ થવો જોઈએ. કુટુંબ-સંસ્થામાં આ મૂલ્ય સ્થપાયેલું છે.

વર્ણવ્યવસ્થાની ચર્ચામાં મેં કહ્યું હતું કે એમાં ગુણ કરતાં જન્મનું મહત્ત્વ વધારે છે. વર્ણવ્યવસ્થામાં મનુષ્યનું વ્યક્તિત્વ કેવળ વ્યવસાયાત્મક બની જાય છે. એનું સમગ્ર વ્યક્તિત્વ એક વ્યવસાયની અંદર સમાઈ જાય છે. વળી, વર્ણવ્યવસ્થામાં મનુષ્યનું વર્ગીકરણ સત્ત્વ, રજ અને તમના આધાર પર કર્યું છે. વર્ણવ્યવસ્થાના આ ત્રણ દોષ છે. એને કારણે મનુષ્યના વ્યક્તિત્વનો હ્રાસ થયો છે. એનું વ્યક્તિત્વ પ્રવાહ-હીન રહ્યું. આમ એટલા માટે કરવામાં આવ્યું કે કામમાં હરીફાઈ ન રહે, કામમાં દામની પ્રેરણા ન રહે અને કામમાં ઈમાન પ્રવેશે. પરંતુ એ જ વર્ણવ્યવસ્થાને કારણે મનુષ્યનું નિરપેક્ષ મૂલ્ય ખતમ થઈ ગયું.

આપણે ત્યાં બે ક્રાંતિકારી એવા પાકયા જેમણે જૂની સંજ્ઞામાં નવો અર્થ ભર્યો. એ બે છે ગાંધી અને વિનોબા. એમણે શબ્દોના ખોખાં તો જૂનાં લીધાં પણ એમાં રંગ પોતાનો ભર્યો. જે કપડું એમણે છાપ્યું તે રેશમ નહોતું, ખાદી હતી. એમણે કહ્યું કે વર્ણમાંથી

ત્રણ વાતો કાઢી નાખો તો ઝઘડો નહીં રહે. આ ત્રણ વાત આ પ્રમાણે : ( ૧ ) રોટી-બંધી અને બેટી-બંધી નહીં રહે. ( ૨ ) માનવીય સાર્વત્રિક શિક્ષણ સૌને સરખું મળશે. ( ૩ ) જન્મના આધારે વર્ગીકરણ નહીં થાય.

ગિલ્ડમાં રોટી-બંધી કે બેટી-બંધી નહોતી, વર્ણનો પણ વિચાર નહોતો કરાયો. આહાર પણ સરખો હતો. જન્મની સાથે જે વ્યવસાય સાથે સંબંધ બંધાયો હોય તે જ ચાલે એમ બને, પણ વિવાહ પણ સમાન-વ્યવસાયી સાથે જ થાય એ જરૂરી નહોતું. તેથી ગિલ્ડમાં જાતિ તો ન બની, પણ એક બીજી બૂરાઈ એમાં ઘૂસી—સ્થિર સ્વાર્થ પેદા થયો.

### મનુષ્યનું સંગઠન

વ્યવસાયને આધારે મનુષ્યનું સંગઠન એ બહુ જૂની વાત છે. ભારતમાં પ્રયાસ થયો કે આવું સંગઠન સમાજવિરોધી ન બને. તેથી એ બધાં સંગઠનોને ઈશ્વરાભિમુખ બનાવ્યાં. આ અહીંની વિશેષતા છે. અહીં ક્યારેય એવું નથી થયું કે 'કામ નહીં કરીએ!' મારું કામ એ મારી ઉપાસના છે, એ મારો ધર્મ છે. કામ તો મારે કરવાનું જ છે. ભગવાનને માટે કરવાનું છે. કામ ચાલ્યું, પણ તો પછી એમાં આ દોષ શી રીતે આવ્યા ? એટલા સારુ કે મનુષ્ય સમાજ તરફ કંઈક ઉદાસીન બની ગયો. ગુણ એ આવ્યો કે સમાજના વિરોધમાં સંગઠન ન થયું. વ્યવસાયને ધર્મ સાથે ભેળવી દીધો. આ મારો વ્યવસાય છે, મારો સ્વધર્મ છે. " स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः। ગીતાએ કોલ દીધો છે કે કાર્યમાં પ્રેમથી લાગેલા રહેશો તો મુક્તિ મળશે. તેથી એમણે એક કોશિશ એ કરી કે સમાજમાં વ્યવસાય છે તેટલા સ્વાર્થ ઊભા ન થાય. આ એવી બાબત છે કે જે આપણે ઇચ્છીએ છીએ. જેટલા વ્યવસાય હોય તે બધા સમાજની વિરુદ્ધ થઈ જાય એવું આપણે નથી ઇચ્છતા.

સમાજવાદનું સૂત્ર એ છે કે યોગ્યતા અને આવશ્યકતાને અનુરૂપ લોકો આપશે અને લેશે. બધાને મળવા માંડે તો વિષમતા નહીં રહે. કેટલાકને મળે અને કેટલાકને ન મળે ત્યારે વિષમતા ઊભી થાય છે. રામની બાલટીમાં જોઈએ તેટલી રોટલીઓ પડી છે. પછી એમાંથી લોકેન્દ્ર ચાર ખાય છે ને હું બે ખાઉં છું તો વિષમતા

નથી. વિષમતા તો ત્યારે થઈ ગણાય જ્યારે મને મારી એક રોટલી પણ નથી મળતી અને લોકેન્દ્રને છ મળે છે. ભગવાન જો આવી વ્યવસ્થા કરતો હશે તો એ ભગવાન નહીં રહે. તમે એ તો સ્વીકારો છો કે ભગવાન સૌને માટે સરખો છે. છતાં તમે ઇચ્છો છો એવું કે ભગવાન પક્ષપાત કરે તો તે તમારી તરફ કરે.

મનુષ્યો માટે પણ આ વસ્તુ વાસ્તવિક છે. એક મનુષ્યને બીજા મનુષ્યમાં વિશ્વાસ ન હોય તો સામાજિકતા અસંભવ છે. તો તો એક માણસ બીજા માણસ સાથે નિર્ભયતાપૂર્વક રહી જ ન શકે. નિર્ભયતા વ્યવસ્થાથી નહીં, પ્રેમથી આવે છે, અને જ્યાં વિશ્વાસ છે ત્યાં નિર્ભયતા છે. માટે મનુષ્યની મનુષ્યતામાં વિશ્વાસ હોવો જોઈએ. મનુષ્યમાં સમજવાની અને સમજાવવાની શક્તિ છે. ક્યાંક અડચણ આવે છે તો બન્ને મળીને દૂર કરશે. બીજું, એક મનુષ્ય બીજા મનુષ્ય સાથે વિશ્વાસપૂર્વક રહી શકે છે. વચ્ચે બીજી કોઈ અડચણ નહીં હોય તો એ સ્વભાવથી નિર્ભયતાપૂર્વક રહી શકે છે. આવી જે અડચણો છે તે દૂર કરવી રહી. આ કેટલો મોટો વિરોધ કહેવાય કે ઈશ્વરમાં તો વિશ્વાસ છે, પણ માણસમાં નથી!

આપણા જાતિ-સંગઠનમાં મુખ્ય પ્રેરણા પારલૌકિક છે, આધ્યાત્મિક કે સામાજિક નથી. સામાજિક નિર્ણયને ઠેકાણે પારલૌકિક પ્રેરણા આવી. મુક્તિની પ્રેરણા નથી, માટે એ ધર્મ છે, અધ્યાત્મ નથી. તમે સૌ તમારું કામ કરશો તો સ્વર્ગને પામશો. આ આધ્યાત્મિક પ્રેરણા નથી, પારલૌકિક પ્રેરણા છે. ધર્મ પારલૌકિક હોય છે, અધ્યાત્મ નથી. પારલૌકિકનો અર્થ છે મૃત્યુ બાદનું જીવન. અધ્યાત્મમાં નિરંતર જીવન હોય છે. શરીર છે તો પણ અધ્યાત્મ છે. અધ્યાત્મ માટે શરીર છોડવાની જરૂર નથી. તેથી જે કામની પ્રેરણા આધ્યાત્મિક હશે તે માનવીય-પ્રેમ-મૂલક હશે. એક વ્યક્તિ બીજા તરફના સ્નેહથી પ્રેરિત થઈને કામ કરશે. આ જ વાસ્તવિક સામાજિક પ્રેરણા છે. સમાજ એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી, એક ભાવના છે. વ્યક્તિ સગુણ છે, સમાજ નિર્ગુણ છે. વ્યક્તિઓનો સમૂહ એ સમાજ નથી, પરંતુ વ્યક્તિઓના સમૂહથી જે ભાવના બને છે તેને સમાજ કહે છે. સમાજને 'વસ્તુ' કહેશો તો એ દેવતા બની બેસશે અને વ્યક્તિને કચરી નાખશે.

ઈશ્વરને આપણાં કર્મોનાં ફળ દેનારો ન્યાયાધીશ માનશો તો એને માટે ભક્તિ નહીં રહે. પછી એને માટે પ્રેમ નહીં થાય. મનુષ્ય ઇચ્છતો હોય છે કે એને ન્યાયાધીશની સામે જવું ન પડે તો સારું. ઈશ્વર ન્યાયાધીશ નથી અને પ્રશાસક પણ નથી. જે લોકો એને ન્યાયાધીશ અને પ્રશાસક માને છે તેમણે પોતાની સામાજિક ભાવનાઓ ઈશ્વરમાં આરોપિત કરી છે. પણ ઈશ્વર એવો હોઈ ન શકે. ઈશ્વરને સગુણ માનીએ તો એને કરુણાઘન અને પ્રેમસ્વરૂપ કહેશું કે જે નિર્બળની મદદ કરવા સદા તત્પર રહે છે. એ મારો મિત્ર છે, મારો પ્રિય છે, મારો સખા છે. અર્જુને કૃષ્ણને કહ્યું કે એક મિત્ર બીજા મિત્રને દિલની વાત કરે છે તેમ મારી સાથે વાત કર. તો ઈશ્વર Friend, Philosopher and Guide—મિત્ર, દાર્શનિક, અને માર્ગદર્શક બનશે. મારી બુદ્ધિ કુંઠિત થાય ત્યારે એ દોડતો આવે છે. મારી બુદ્ધિ કામ નથી કરતી ત્યારે એ પ્રકાશ આપે છે, માર્ગદર્શન એનો સ્વભાવ છે—अति कृपालु रघुनायक, सदा दीन पर नेह। એની કૃપા સારુ કારણની જરૂર નથી, એ તો સહજ પ્રવાહિત છે. આ ગુણ મનુષ્યોચિત પણ છે.

### વ્યક્તિ સગુણ, સમાજ નિર્ગુણ

માટે સમાજનું આપણી સામે જે ચિત્ર હશે તે મનુષ્યના સગુણ-રૂપના આધારે બનેલું હશે. સમૂહ અંગે મનમાં જે ભાવના હશે તે મનુષ્યના સગુણરૂપના આધારે બનેલી હશે. સમાજનું સગુણરૂપ મારો પડોશી છે, નિર્ગુણરૂપ છે માનવતા.

### જનતા લોકસંખ્યા કરતાં વ્યાપક

આપણે હમેશાં ‘જનતા’ ‘જનતા’ કહીએ છીએ, પણ જનતા એટલે શું? કેટલાક શબ્દો બહુ પ્રત્યક્ષ લાગતા હોય છે, પરંતુ એમની વ્યાખ્યા થઈ શકતી નથી. જનતા શબ્દમાં આજે જે લોકો છે તે તો સમાય જ છે, આવતી પેઢી પણ સમાય છે. મનુષ્યોનાં શરીરોની ગણના સ્થૂળ છે. એ આજની ‘લોકસંખ્યા’ છે, દુનિયાની ‘જનતા’ નથી. ‘જનતા’ એ એક સામાજિક સંજ્ઞા છે, એક કલ્પના છે. આવી ચીજો આપણને પ્રત્યક્ષ ભલે ન હોય, પણ વાસ્તવિક છે.

‘જનતા’ આજની લોકસંખ્યાથી અધિક વ્યાપક છે. મતદાતા

કરતાં તો વ્યાપક છે જ, પણ આજની ‘ લોકસંખ્યા ’ થી પણ વધારે વ્યાપક છે. છતાં, મારો પાડોશી મારે માટે ‘ જનતા ’ની સગુણ મૂર્તિ છે. જ્યારે આપણાં વસવાટો જાતિનિષ્ઠ યા સંપ્રદાયનિષ્ઠ નહીં રહે ત્યારે મારે માટે એ માનવતાનો યથાર્થ પ્રતિનિધિ હશે. એને માટે મારા મનમાં જે સ્વાભાવિક આત્મીયતા હશે તે જ કામની શુદ્ધ પ્રેરણા હશે. આવી જાતનો સમાજ રક્ત-નિરપેક્ષ અને વિવાહ-નિરપેક્ષ વિશ્વ-કુટુંબ હશે.

●

આ પુસ્તકમાં તમે ચૌદ ભાષણો જોયાં. બાકી રહેલાં તેર ભાષણો અને એક પરિશિષ્ટ માટે જુઓ આગામી પ્રકાશન

## અહિંસક ક્રાંતિ : સંગઠન :

**( પરિસ્થિતિ, વિશ્લેષણ, પરિવર્તનની દિશા અને પ્રક્રિયા )**

નીચે પ્રમાણેના વિષયોને આવરવામાં આવ્યા છે.

**૧. રાજ્યનો સમુદાય :** અરાજ્યવાદી; રાજ્યનો સમુદાય; વ્યવસ્થામાં બે વાત; સામાજિક ઇચ્છા-શક્તિ; મરજી અને અનુમતિમાં ફરક; કમ્યૂન અને કમ્યુનિકેશન; આત્માર્થે પૃથિવિં ત્યજેત્; ઈશ્વર-નિષ્ઠા, માનવ-નિષ્ઠા તથા સત્યનિષ્ઠા; લોકમતનો સવાલ; શાણાઓનો અભિપ્રાય; રાજ્યનું બીજું પાસું; સંરક્ષણ અને સ્વતંત્રતા.

**૨. રાજ્યસંસ્થાનું વિઘટન શી રીતે થાય ? :** રાજ્યસંસ્થાનું વિઘટન; ગોડવિન અને સોરેલનો મત; રાજ્યસંસ્થાનાં ત્રણ કામ; થોરો અને ટોલ્સ્ટોય; ગાંધીનો સત્યાગ્રહ; ઉદાર મતવાદી; સત્યાગ્રહની અહિંસક પ્રક્રિયા; આત્મ—પ્રત્યય; લોકનીતિનો વિકાસ; રાજ્ય-નિરપેક્ષતા શા માટે ? વ્યક્તિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ.

**૩. નિર્વિકાર બનવાની પ્રક્રિયા :** ગુણ અને કુશળતાનો વિકાસ; પ્રભાવ અને દબાવ; સમજવું એ જ મુખ્ય સાધન; સત્યાગ્રહના દૂધમાં કેટલું પાણી હોઈ શકે ? ભૂલનો સ્વીકાર; અહિંસક સંગઠનના ત્રણ ભાગ.

**૪. ટ્રસ્ટીશિપ યાને વાલીપણાનો સિદ્ધાંત :** સમાજને પ્રત્યર્પણ; માલિકી અને મિલકતમાં પ્રતિષ્ઠા; સમાજવાદનું અર્થશાસ્ત્ર; સંપત્તિ અને શોષણ; પરિગ્રહમાં ચોરી; વ્યક્તિગત સંપત્તિ અને સ્વામિત્વ; સંક્રમણ કાળની સ્થિતિ; સંપત્તિ મારી નથી, સમાજની છે; સંપત્તિ વધારવી રોકો.

**૫. ટ્રસ્ટીશિપનો સમગ્ર સિદ્ધાંત :** ક્રાંતિની બુનિયાદ; ટ્રસ્ટીશિપના વિચારમાં ક્રાંતિ; સ્વામિત્વની પ્રેરણાનો પ્રશ્ન; બ્રહ્મચર્યનું વ્રત; કલા, પ્રતિભા અને શ્રમ; શ્રમ પણ પ્રત્યર્પણ કરવાની વસ્તુ; આત્મહત્યા; શરીર અને આત્મા; સગુણ મૂર્તિ; ભૂમિ અને કિસાન; સામાજિક પ્રેરણા; રેશનિંગ પાછળની ભાવના; ત્રણ પ્રકારનાં સ્વામિત્વ; અતિસંગ્રહ કુસંસ્કાર; માનવીય પ્રકૃતિ; દરેક વસ્તુ માટે આદર; સૃષ્ટિ માટે આદરનો અર્થ.

**૬. ટ્રસ્ટીશિપ : પ્રેરણા : કર્મસ્વાતંત્ર્ય :** કૌટુંબિક જીવનમાં ટ્રસ્ટીશિપ; ગામની માલિકીનો અર્થ; માનવીય પ્રેરણા; વિભૂતિઓ અને ગુણ; દોષ અને ચારિત્ર્ય;

'લા મિઝરેબલ'નો નાયક; ઇતિહાસનો વિકાસ-ક્રમ; દરેક વ્યક્તિ એક વિભૂતિ; કર્મ-સ્વાતંત્ર્ય અને કર્મફળ; ભલાં-બૂરાં કર્મ ઈશ્વરાર્પણ; અંતર્યામીનો પોકાર; આધ્યાત્મિક ચંચળતા; ચિત્તનું સંતુલન આવશ્યક.

**૭. સમાજ-વ્યવસ્થામાં વ્રતોનું સ્થાન :** સાર્વજનિક ધર્મના સિદ્ધાંત; કૃષ્ણમૂર્તિ અને ગાંધી; સત્યની શોધ માટે તપસ્યા; મનાવવાનો પ્રયોગ; કાર્યકર્તા અને જનસંપર્ક; 'ભિન્ન' પ્રકારનો સત્યાગ્રહ; સત્યાગ્રહ અને હિંસા; કિસાન-મજૂરોનો સવાલ; નિષ્ફળતાથી નિરાશ ન થઈએ.

**૮. ખેતમજૂર : કાર્યકર્તા : કાળાબજાર :** ખેતમજૂર; કાર્યકર્તાઓનો પ્રશ્ન; સામાજિક અન્યાય; કાળાબજાર.

**૯. ગામોમાં શાંતિકાર્ય : સહકાર :** નાના મોટા ઉદ્યોગ; સામ્યીકરણ, ભીખ માગવાનો પ્રશ્ન; સહકાર સ્વયંસ્ફૂર્ત હોવો જોઈએ.

**૧૦. સત્યાગ્રહ : વ્યક્તિગત અને સાર્વત્રિક** : ગાંધીનો સત્યાગ્રહ, ભંગીઓની હડતાલ; વિધાયક પ્રતીકાર; સદ્‌ભાવનું વાતાવરણ; વિરોધીનો આદર; સત્યાગ્રહની શક્તિ; વ્યક્તિગત અને સાર્વત્રિક સત્યાગ્રહ.

**૧૧. સંગઠનની અહિંસક દૃષ્ટિ :** પરસ્પર વિરોધી શબ્દ; અહિંસક સંગઠન; સંગઠન શા માટે? શાસનની જરૂરત; પરસ્પર સમજવાની કોશિશ; ગાંધી સેવા સંઘ; સંગઠનોની ભયાનકતા; સહયોગનો આધાર; સત્તા-નિરપેક્ષ સંગઠન; સેવા-પ્રધાન સંગઠન.

**૧૨. સંગઠનની પ્રેરણાનું મૂળ : પ્રેમ :** અભિમન્યુનો ચક્રવ્યૂહ; યુદ્ધનો વેપાર; સંગઠનમાં ત્રણ વૃત્તિઓનો અભાવ હોવો જોઇએ; દંડશક્તિ પર શ્રદ્ધા; ચૂંટણી ન જોઈએ; સંગઠન કેવું હોય ?; સ્મશાનનું ઉદ્‌ઘાટન !; માનવ્ય-પ્રધાન સંગઠન.

**૧૩. કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા :** વિતરણની ભાવના શી રીતે ફેલાય ?; સરકાર સાથે સહકારનો પ્રશ્ન; કાર્યકર્તાઓ પાસેથી અપેક્ષા; પરસ્પર વિશ્વાસ; તર્કની પ્રતિષ્ઠા; દંડ-નિરપેક્ષ ક્ષેત્ર; કોઈ ભૂખ્યું ન રહે; પ્રતિમાસ સહભોજન; સાથે જોડનારી અહિંસા.

**૧૪. સમાજવાદનો ઉદ્‌ગમ અને વિકાસ**

(શ્રી. અચ્યુત પટવર્ધન)

*

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

સર્વોદય વિચારના ઓજસ્વી ભાષ્યકાર દાદા ધર્માધિકારી પોતાના જીવનમાં વિચારોના સંશોધન માટે આકરું તપ તપ્યા છે. પોતાના મગજને કોઈ પણ વાદ યા પૂર્વગ્રહ સાથે બાંધ્યા વિના દાદા વિચારોનું અને પરિસ્થિતિનું નિષ્પક્ષ વિશ્લેષણ કરે છે.

દુનિયાભરના પ્રગતિશીલ વિચારોના વ્યાપક વાચન અને ઊંડા મનનને કારણે દાદાની રજૂઆતમાં સચોટતા, અસરકારકતા અને વૈજ્ઞાનિકતા સહજ ચાલી આવે છે. દાદાનું વ્યક્તિત્વ અત્યંત સંવેદનશીલ અને ભાવનાશીલ હોવાથી એમની રજૂઆતમાં તર્ક-પ્રાધાન્ય હોવા છતાં એ હૃદયને ઊંડાણથી સ્પર્શી જાય છે.

આજે દેશ એક ક્રાંતિની ખોજમાં છે. દાદા કહે છે તેમ હિંસા દ્વારા લવાયેલું પરિવર્તન ક્રાંતિ નથી. વિચારના આદાનપ્રદાન દ્વારા ઊભી થતી સમજણ જ ક્રાંતિ લાવી શકે. માટે ક્રાંતિ અહિંસક જ હોઈ શકે. એ અહિંસક ક્રાંતિ કેવી રીતે આવી શકે? એની પ્રક્રિયા શી? આજે એની આડે આવતા અવરોધો કયા કયા છે? એ દૂર શી રીતે થાય? આ બધાનો સચોટ જવાબ તમને આ પુસ્તકમાંથી મળશે.

આવરણ : વિનય ત્રિવેદી
યજ્ઞ પ્રકાશન હુઝરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

૪:વ૮(૩)/ઘમૌંઘ

૨

અહિંસક ક્રાંતિની પ્રક્રિયા